ત્થાન ગ્રંથાવલિ : સંખ્યા ૫

શ્રી વિષ્ણુબાવા બ્રહ્મચારી કૃત

# ભાવાર્થસિન્ધુ

: પ્રકાશક :

સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ જ્ઞાનસાધનઆશ્રમ ટ્રસ્ટ;

પો. મુક્તમૂપુર ( જીલ્લા–ભરૂચ )

આવૃત્તિ ૨જી ઈ. સ. ૧ ૬૪

પ્રત ૧૦૦૦

કીમત : અઢી રૂપિયા

●

પ્રકાશક :

સ્વામી સ્વયંજ્યોતિ તીર્થ

સ્વામી સ્વયંજ્યોતિ તીર્થ જ્ઞાનસાધન આશ્રમ ટ્રસ્ટ;

પો. મુક્તમપુર ( જિ. ભરૂચ )

●

મુદ્રક:

ભાલ મલજી

લિપિની પ્રિન્ટરી

૩૮૦ ગિરગામ રોડ,

મુંબઈ-૨.



*FROM A PHOTO 1856.*

श्रीविष्णुबावा ब्रह्मचारी

જન્મ સં. ૧૮૮૧ સમાધિ સં. ૧૯૨૭

# નિવેદન

આશ્રમ કરીને સ્થાયી થતાં પહેલાં ગુજરાતમાં વિચરતી વખતે આશરે ઇ. સ. ૧૯૨૧–૨૨માં પાલણપુરના એક જિજ્ઞાસુને ત્યાં ગુજરાતી ભાષામાં છાપેલા એક પુસ્તકપરથી લખી લીધેલી પોથી જોઈ, ત્યારે એ પુસ્તક મનન–નિદિધ્યાસન માટે ઉપયોગી લાગેલું. ત્યાર પછી ઘણે વર્ષે ગુજરાતી ભાષામાં શિલાછાપવાળી એક નકલ અનાયાસે પ્રાપ્ત થઇ.

મૂલ ગ્રન્થ મરાઠીમાં છે; એના લેખક છે શ્રી. બ્રહ્મચારી વિષ્ણુબાવા, જેમનાં મરાઠી પુસ્તકોના ગુજરાતી અનુવાદ (૧) ભગવદ્‌ગીતા–ટીકા સાથેની તથા (૨) વેદોક્ત ધર્મપ્રકાશ મેં જોયાં છે. એ ગ્રન્થોની પ્રસ્તાવનામાં "ભાવાર્થસિન્ધુ" નામના ગ્રન્થનો ઉલ્લેખ જોયો અને પછી શિલાછાપમાં છાપેલો ગુજરાતી અનુવાદ મળવાથી આનંદ થયો. પરન્તુ પુષ્કળ તપાસ કરતાં છતાં મૂલ મરાઠી ઓવીબદ્ધ ગ્રન્થ આજસુધી પ્રાપ્ત થઈ શકયો નથી. શિલાછાપ પુસ્તક પ્રાપ્ત થયા પછી ભાવાર્થસિન્ધુ" છાપવાની વૃત્તિ જાગ્રત થઈ; એ પુસ્તકના અનુવાદક છે શ્રી. સીતારામ રાવજી જુન્નરકર; છપાયું છે મુંબઈમાં સં. ૧૯૧૪માં, અને એ પ્રવૃત્તિની પીઠમાં છે મૂલ લેખક શ્રી. વિષ્ણુબાવાના મુંબાઇ-નિવાસી ભકત શ્રી. પેસ્તનજી કામા નામના એક પારસી સજ્જન. ગુજરાતી ભગવદ્‌ગીતાના પણ એ જ સજ્જન પ્રકાશક છે. આટલી છે આ ગુજરાતી પુસ્તક વિષેની આછી અધુરી હકીકત.

મૂલ પુસ્તક ઓવીમાં છે; ઓવીમાં ચાર ચરણ હોય છે; મહારાષ્ટ્રીય સંતોનાં લખાણો વધારે ભાગે તે કાળમાં ઓવીબદ્ધ કાવ્યમાં લખાતાં કે જેથી ભવિષ્યમાં કોઈ વટઘટ ના કરી શકે.

આ પુસ્તકના ગુજરાતી અનુવાદમાં શ્રી. સીતારામ રાવજી

જુન્નરકરે પ્રત્યેક ભાગને અંતે અમુક શ્લોક અમુક ભાગમાં છે એમ લખ્યું છે, તે એવી જ સમજવાની છે.

શિલાછાપવાળા પુસ્તકના છપાવનારા શ્રી. વેસ્તનજી કામા અને અનુવાદક શ્રી. સીતારામ જુન્નરકરે પારસીમિશ્ર મરાઠી-ગુજરાતી, (કોઇ સારા ગુજરાતી લેખકની સહાયતાના અભાવે) ભાષાનો, ઉપયોગ કર્યો છે જેનો નમૂનો નીચે આપું છું :—

ઓવી ૬૧—"તેણે કરી વૃત્તીનું ભૂલવું થઇ તેજબીંદુ તરફ ગન્યાનવૃત્તી દેખતી રહી; એટલામાં જેમ કમલના દાંડા ઉપર કમલ ખીલે છે, તે પરમાણે ગલાનીચેની પેટની ગુહા ખીલી અને વીસ્તીરણ થઈ, ને માથાના તાલુનો ને ગલાનો મધ્યભાગ બન્ને સામસામા થતા જ સમાન સ્થીતી થૈ" (ભાગ પહેલો)

આમાં જોડણી અશુદ્ધ છે; લેખકના મુંબઈગરા પારસી તેમજ મહારાષ્ટ્રી કે બીજા અનુયાયીઓ સમજી શકે એવી રીતે અનુવાદ કરવામાં ઘણા પારિભાષિક શબ્દોના વિચિત્ર અર્થ થયા છે. દા-ત. "વિસ્મૃતિ" ને બદલે "ભૂલવું થયું;" "આકાશ" કે "અવકાશ" ને બદલે 'પોલાણ;" "સ્વરૂપ" કે "અધિષ્ઠાન" ને બદલે "સ્થાનક;" "જ્ઞાન" ને બદલે "જાણવાપણું" "અજ્ઞાન"ને બદલે "ન જાણવાપણું," આવા વેદાંતની પરિભાષાના શબ્દોના અર્થ સમજાવવાનો પ્રયત્ન થયો છે. એ બધું સુધારવાની મુશ્કેલી લાગી. મૂલ મરાઠી ઓવીબદ્ધ પુસ્તકને મેળવીને એની સાથે સરખાવી લેવાની ઇચ્છા પાર ન પડી, એટલે તે વખતની જૂની મુંબઇગરી ગુજરાતી ભાષાને થોડી ઘણી મઠારીને સુવાચ્ય બનાવી લેવાનું જ યોગ્ય લાગ્યું. એ કામ શ્રી. સુરેન્દ્રનાથ રંગનાથ ઘારેખાન (જેઓ

ગયે વર્ષે જ કૈલાસવાસી થયા )ને સોંપ્યું, એમણે પૂરી કાળજીથી કરી આપ્યું અને એ રીતે પ્રથમ આવૃત્તિ ઇ. સ. ૧૯૪૪માં પ્રકટ થઇ. અત્યારે વીસ વર્ષ પછી એની બીજી આવૃત્તિ એ જ સ્વરૂપે પ્રકટ થાય છે. મૂલ પુસ્તકના પ્રકાશક-અનુવાદકે ઓવીઓનો પુષ્કળ વિસ્તાર કરીને આત્મતત્ત્વ, આત્મજ્ઞાનનાં સાધન, સાધના, યોગ અને જ્ઞાન, બંધ અને મોક્ષ, પોતાના સ્વાનુભવને આધારે સમજાવેલો શિવયોગ અને વિષ્ણુયોગ, સાકાર–સગુણ તથા નિર્ગુણ નિરાકાર સ્વરૂપની સમજણ, પંચતત્ત્વ અને એનાં કાર્ય તથા શરીરમાં એનાં સ્થાન, સ્વભાવ અને ધર્મ; સ્થૂલ, સૂક્ષ્મ, કારણ અને મહા-કારણ એ ચાર શરીર; અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય એ પાંચ કોષ; જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ તથા સમાધિ એ ચાર અવસ્થા; સ્વાનુભવના આનંદની ઉત્સાહભરી કરેલી છણાવટ –એ તથા બીજાં કેટલાંએ વિવેચનો સચોટ અને નિરુતર છે.

ધીરે ધીરે શ્રદ્ધા રાખીને જો પુસ્તકનો કોઈ અભ્યાસ કરશે, તો બે ત્રણ વખતના વાચન પછી આપોઆપ એનું રહસ્ય બુદ્ધિમાં વિશેષરૂપે ઊતરશે; હૃદયમાં સાધ્ય, સાધન અને સાધના પ્રતિ ઉત્સાહ વધશે. વેદાન્તને જેઓ નીરસ, તર્ક પ્રતિષ્ઠાનો વિષય ગણીને અરુચિ દર્શાવે છે અને એના અભ્યાસને ડાચાકૂટ–માથાકૂટ માને છે, તેમને આ પુસ્તક લેખકના આત્માનુભવના રસપ્રવાહમાં જ્ઞાનસ્નાન કરાવીને શાંતિ અનુભવવાનો લાભ આપશે, એવી મારી પોતાની વિનમ્ર માન્યતા છે. જિજ્ઞાસુઓ, મુમુક્ષો એનો સદુપયોગ કરી આત્મલાભ મેળવે એવી શુભેચ્છા સાથે હરિ ૐ તત્સત્.

તા. ૨૧–૮–'૬૪<br>
શ્રાવણી પૂર્ણિમા<br>
વિ. સં ૨૦૨૦

સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ

# ગ્રંથ અને ગ્રંથકાર

શ્રી. વિષ્ણુબાવા બ્રહ્મચારીનો જન્મ વિ. સ. ૧૮૮૧ના અધિક શ્રાવણ શુદિ પંચમીને સોમવારે સૂર્યોદય વખતે જીલ્લે થાણા, તાલુકા રાયપુર, મહાલ નિજામપુરમાં આવેલા શિરવલ્લી ગામમાં થયો હતો. સહ્યાદ્રિ પર્વતની નીચે બે નદીઓના મધ્ય ભાગમાં, દેવઘાટની તળેટી વચ્ચેના અરણ્યમાં એ ગામ આવેલું છે. એમના પિતાનું નામ ભીખાજી પંત મહાદજી પંત; જ્ઞાતિએ કોકણસ્થ ચિતપાવન બ્રાહ્મણ, ગોત્ર કશ્યપ, અને અટક ગોખલે હતાં. એમનાં માતા ઉમાબાઇની કુખે છ પુત્ર અને પાંચ કન્યાઓ મળીને અગીઆર સંતાનો હતાં, તેમાં આ વિષ્ણુપંત ગોખલે દસમા હતા. એમની પાંચ વર્ષની ઉંમરે પિતા દેવલોક પામ્યા. સાત વર્ષની વયે યજ્ઞોપવીત સંસ્કાર થયા; એકાદ વર્ષ લખવા વાંચવાનું તથા થોડું વેદશાસ્ત્રનું શિક્ષણ મેળવ્યું. એમના અક્ષરો બહુ સુંદર હતા. નવમે વરસે અંગ્રેજ સરકારના વસુલાતી ખાતાની તાલુકા કચેરીમાં દોઢ વર્ષ ઉમેદવારી કરી. પણ તેમાં ઠીક ન લાગવાથી ઘેર પાછા આવ્યા. ગરીબ અવસ્થાને લીધે ઘરમાં એમણે ખેતીનું, ઢોર ચારવાનું, જંગલમાંથી લાકડાં કાપી લાવવાનું કામ બે વર્ષ સુધી કર્યું. બારમે વર્ષે પોતાના વતન શિરવલ્લીથી બાર ગાઉ દૂર રાયપુર તાલુકાના મહાડ ગામમાં ગાંધીની દુકાને નોકર રહ્યા, ત્યાં તેઓ નામુંઠામું તથા વેપાર વણાજનું કામકાજ શીખ્યા. ત્યારપછી ચૌદમે વર્ષે વેપારીની નોકરી છોડી વહાણમાર્ગે રત્નાગિરિ આવીને સંગમેશ્વર બંદર ઉપર કસ્ટમખાતામાં નોકરીએ રહ્યા. ત્યાં બે મહિના નોકરી કરીને થાણા જીલ્લામાં આવ્યા ને સોળમે વર્ષે સાષ્ટી તાલુકામાં કસ્ટમ ખાતામાં રહ્યા. ત્યાંથી વસઇ, કલ્યાણ, ભીવંડી, તથા ઉરણ વગેરે ઠેકાણે સરકારી નોકરી કરી.

આ વર્ષોમાં એમનાં માતાપિતાએ લગ્નસંબંધે વાતચીત શરૂ

કરી; નોકરી દરમ્યાન ભગવદ્‌ગીતા વગેરે પુસ્તકોનો અભ્યાસ ચાલુ હતો; પૂર્વ સંસ્કારને લીધે એમાંથી પ્રેરણા મળી અને ગૃહસ્થાશ્રમી થવાનો સ્વીકાર ન કરતાં આજીવન બ્રહ્મચારી રહી આત્માનુભવ કરવાનો સંકલ્પ કર્યો. અત્યાર સુધી નોકરી કરતાં કરતાં પણ વૈરાગ્યને પોષણ મળે એવા ગ્રન્થો વાંચતા, રામનામનો જપ કરતા, અવારનવાર સંતસાધુઓને મળતા અને પોતાની વિવેકબુદ્ધિથી સત્સંગ કરતા. ઉરણમાંથી બાવીસમે વર્ષે, ભરજુવાનીમાં સગાંસંબંધીઓની લગ્નની ભાવનાને તિલાંજલિ આપીને પોતાનું ધોતિયું ચીરીને કૌપીનધારી બન્યા અને નોકરી છોડીને એકાન્તસેવન માટે નીકળી પડયા. ત્યાંથી સપ્તશૃંગીના પર્વત પર આવીને તપશ્ચર્યા શરૂ કરી; ત્યાંથી ફરતા ફરતા નાસિક પાસે પંચવટીમાં આવ્યા. થોડો વખત પંઢરપુરમાં નિવાસ કર્યો. ત્યાર પછી એમણે કેવી રીતે યોગસાધના કરી, કયા સદ્‌ગુરુ પાસેથી આત્મસંતોષ પ્રાપ્ત કરવા ભાગ્યશાલી થયા, અને જે અનુભવના આનંદમાંથી આ "ભાવાર્થસિન્ધુ" ગ્રન્થ લખાયો, એનું વર્ણન તો પોતે જ આ ગ્રન્થના દરેક ભાગના અંતમાં આપ્યું છે, તેથી અહીં લખવાની જરૂર રહેતી નથી.

એકાદ અગત્યના મુદ્દાનો અહીં સ્પષ્ટ ઉલ્લેખ કરવો આવશ્યક છે. એમના લખેલા ભગવદ્‌ગીતાની ટીકા તથા વેદોક્ત ધર્મપ્રકાશ ગ્રન્થોમાં એવો ઉલ્લેખ છે કે એમણે આ જ્ઞાન સ્વપુરુષપ્રયત્નથી મેળવ્યું છે, અને કોઈને ગુરુ માન્યા નથી; શ્રી દત્તાત્રયની એમણે ઉપાસના કરી; પંચવટીમાં એમને જગદમ્બા, મહાલક્ષ્મી, મહાસરસ્વતી, મહાકાલી, શ્રી. શંકરપાર્વતી. તથા શ્રી સીતારામનાં પણ દર્શન થયાનું લખે છે. વેદોક્ત ધર્મપ્રકાશમાં આવી હકીકત છે, જેને આધારે અમે અહીં વિગતો આપી છે.

પરંતુ "ભાવાર્થસિન્ધુ" ગ્રન્થમાં પોતે સ્વહસ્તે જ લખ્યું છે કે "ગ્વાલીઅર પાસે ધૂમારણ્યમાં રહેતા શ્રી. ત્રિવિક્રમાચાર્ય ઉપનામ નારાયણબાવાના શિષ્ય સખારામ મહારાજ ઉર્ફે કાલીઆબાવાને પોતે પોતાના ગુરુ માને છે, એમની કૃપાથી જ એમને આ જ્ઞાન મળ્યું છે અને પૂર્ણપણું અનુભવમાં આવ્યું છે."

આ ગ્રન્થ વિ. સં. ૧૯૧૨, માઘ શુદિ ૧૦ અને શુક્રવારને દિવસે શ્રી. પંઢરપુર ક્ષેત્રમાં સમાપ્ત થયો છે અને વીસ દિવસમાં એ રચવામાં આવ્યો છે." *

આ ગ્રન્થમાં એ વિશેષતા છે કે સગુણ નિર્ગુણ,, સાકાર નિરાકાર તથા સવિશેષ નિર્વિશેષ બ્રહ્મનું એમાં વિસ્તૃત રહસ્ય છે; સગુણ મૂર્તિઓની ઉપાસનાની આવશ્યકતા સ્વીકારીને અધિકારી પરત્વેની ભૂમિકાનો સ્વીકાર કરે છે એટલું જ નહિ પણ નિરાકારના અભેદ સાક્ષાત્કાર સુધી પહોંચવાના માર્ગને સરલ અને સહજસાધ્ય રીતે સ્પષ્ટ કરી બતાવે છે. ક્રમોન્નતિના સાધનપંથમાં થતા દુરુપયોગનો કોઈવાર કઠોર શબ્દોથી વિરોધ કરે છે; ઢોંગ કે લાલસાવાળા વેષ-ધારીઓની ખૂબ જ ઝાટકણી કહાડે છે, પરંતુ એ સાથે સાચા સન્ત અને સાચા સાધનમાર્ગની એવી ચોખવટ કરી આપે છે, કે એમાં એમનું નીડર સત્યપ્રિયતાથી ભરેલું હૃદય છલકાઈ આવતું હોય એમ લાગે છે. એ છે એમની સાવચેતીના સૂર ભરેલી સિંહગર્જના. સાધકને પોતાની સાધનાને માર્ગે સાવધાન રાખવા માટેની વેદોક્ત ધર્મની સનાતન ધર્મસાધના માટેનો નિત્ય લહેરાતો વિજયપતાકાનો નિર્દોષ ફડફડાટ માત્ર, બ્રહ્માનંદના શંખધ્વનિસમો.

દેવદેવતા કે અવતારની ઉપાસનાનું પ્રતિપાદન કરે છે; યોગ-માર્ગની સાધનપ્રતિષ્ઠાને અનુમોદન આપે છે; સત્સંગ, સંતસેવા,

*જુઓ–પાંચમો ભાગ શ્લોક ૧૦૮ થી ૧૧૩.

ગુરુભક્તિ, તથા ગુરુદેવને ઇશ્વર સ્વરૂપ માનીને તન-મન-ધન અર્પણ કરવાનું અલૌકિક રહસ્ય સમજાવીને નિર્દોષ જ્ઞાનપ્રણાલિકાનું મંડન કરે છે. આત્મનિવેદન ભક્તિનું સ્પષ્ટીકરણ કરે છે; ધ્યાનવડે ચિત્તની શક્તિઓનો અનાયાસ વિકાસ થતાં એમાંથી ઉદ્ભવ પામતી દૂરદર્શન, દૂરશ્રવણ જેવી સિધ્ધિઓનો ત્યાગ કરતાં કરતાં પરમાત્મદર્શનની સર્વોચ્ચ અનુભવભૂમિકાનાં આરોહણની ઝાંખી કરાવીને સાધનાના ઉર્ધ્વ માર્ગે સંવેગ વધારી આપે છે.

નિષ્કામ કર્મકાંડ કે કર્મયોગ ચિત્તને વાસનામુક્ત બનાવીને શુધ્ધ કરવા માટે છે, કારણ કે એવાં કર્મમાં બ્રહ્માર્પણ, ઇશ્વરાર્પણ, કૃષ્ણાર્પણની ત્યાગભાવનાનો સંકલ્પ હોય છે. ઉપાસના ચિત્તના નિરોધ વડે મનોબલ મેળવીને એ ભક્તિ કેવલ ભગવદ્પ્રાપ્તિ માટે છે; અહેતુકી ભાવવૃધ્ધિ માટે જ છે; સત્સંગ હમેશાં નિરાકાર આત્મ-તત્ત્વના સાક્ષાત્કાર માટે છે; ગુરુસેવાભક્તિ અને તન-મન-ધનનું અર્પણ સર્વવ્યાપક નિરાકાર તત્ત્વનાં દર્શન-સાક્ષાત્કાર માટે છે, અને નિષ્કામતાવડે-અશુભ વાસના ત્યાગ અને મલિન મનોનાશની કર્મ -ઉપાસનાની અપૂર્વ સાધના વિહંગમમાર્ગે મોક્ષદાયક જ્ઞાનસાધ-નામાં સાધકનાં પદારોપણ દૃઢ કરાવે છે. એવી નિર્મળ સાધના વિના બીજી બધી લૌકિક કે પારલૌકિક શક્તિઓ કે સિધ્ધિઓ માટેના મંત્ર, જપ, તપ કેવલ મિથ્યાહંકાર ને વિશેષ દૃઢ-જડ બનાવીને જન્મ-મરણ, સુખદુઃખ, રાગદ્વેષ, હર્ષશોક વગેરે દ્વંદ્વની ઘટમાળ જેવાં સ્વર્ગ-નરકનાં ભવચક્રમાં હેરાફેરા ખાવા માટે જ છે એવું સમજાવવા માટે કડકમાં કડક શબ્દોમાં મિથ્યા જાલ જેવી સિધ્ધિઓનો એ નિષેધ કરે છે,ત્યારે સમજાય છે કે શ્રી. બ્રહ્મચારીબાવા વિશ્વપ્રેમ, વિશ્વહિત અને માનવસમાજની અધ્યાત્મ-ઉન્નતિ માટે પોતાનું હૃદય ઠાલવે છે, જ્ઞાનની ગંગા વહેરાવે છે ને લોકકલ્યાણનો પંથ જ આત્મકલ્યાણનો પંથ છે એવી સહૃદય સાધકને ખાત્રી કરાવે છે.

પોતાની ઉત્તર અવસ્થામાં તેઓ મુંબઇમાં રહેતા હતા અને ચોપાટીના મેદાન ઉપર શ્રોતાવર્ગને વ્યાખ્યાનોની હારમાળા પહેરાવતા. વાક્ચાતુર્ય એમને સ્વાભાવિક હતું. સ્વતંત્ર વિચારશકિતવડે કરાયેલા શાસ્ત્રમનનમાંથી તેમજ ધ્યાનયોગના અનુભવથી એમનો યુકિત-ભંડાર એટલો બધો વિપુલ હતો કે ગમે તેવા વિરોધી અને શંકાશીલને શીઘ્ર ઉત્તરો આપીને સમાધાન કરી આપતા-એ બધા સાચી સમજણ પામીને નિરુત્તર બની જતાં.

'ભાવાર્થસિન્ધુ' લખ્યા પછી થોડા જ દિવસમાં દ્વારકા જવા માટે મુંબઈ આવ્યા, પણ સત્સંગીઓના આગ્રહથી વેદપ્રતિપાદ્ય વિષયોનાં વ્યાખ્યાન આપવાનું શરૂ કર્યું; અંગ્રેજી સત્તાથી પ્રભાવિત થયેલો સુધારક વર્ગ નાસ્તિક જેવો બનીને કાલવશાત્ વેદધર્મનાં કર્મ, ઉપાસના તથા જ્ઞાનના સાધનમાર્ગમાં ક્ષણિક વિરોધી અને વિકારદર્શી બનતો જતો હતો, જે સમયે ઇસાઈ પાદરીઓનો પ્રચાર ખૂબ જોરથી થતો હતો ત્યારે વેદધર્મની સનાતન સત્યની શિક્ષણ પ્રણાલિકા લુપ્તપ્રાય થતી હોય એવો ભય ઊભો થયો હતો. એ સમયે શ્રી વિષ્ણુબાવા બ્રહ્મચારી જેવા નિર્ભયવાણીવીરનો લાભ સંશયમુગ્ધ મુંબઇવાસીઓને મળે એ હેતુથી ચોપાટીપરના મેદાનમાં પોતાની શબ્દસરવાણીને અબાધિત રીતે વહેવરાવવામાં પ્રસિધ્ધ થઇ ચૂકયા હતા. એથી દ્વારકા-યાત્રા બંધ રહી; મુંબઇમાં વ્યાખ્યાનમાળા ચાલુ થઈ પણ એક વર્ષ પછી જ વિ. સં. ૧૯૧૩માં ભારતભરમાં બળવાનું પ્રકાંડ કાર્ય શરૂ થયું એથી એ પ્રવૃત્તિમાં થોડી ઓટ આવી.

વિ. સં. ૧૯૧૭માં મદ્રાસ ગયા; ત્યાંથી જગન્નાથનાં દર્શન નિમિત્તે કલકત્તા ગયા; ત્યાંથી વારાણસી જઇને વિશ્વનાથનાં દર્શન કરી મુંબઇ આવવા માટે કલકત્તા ગયા ને મુંબઇ આવીને પછી ત્યાં જ રહ્યા.

વિઠ્ઠલવાડીના મંદિર સામે પોતાના આશ્રમમાં ( ભકતોએ નિવાસ માટે વ્યવસ્થા કરી રાખેલા મકાનમાં ) ગર્દન ઉપર ગુમડું થયું, વ્યાધિ વધી પડયો; અને અંતે ઈ. ૧૮૭૧—તદનુસાર વિ. સં. ૧૯૨૭ ના માઘવદી ચૌદસને શનિવારે—શિવરાત્રિની રાત્રે એક વાગે ૪૫–૪૬ વર્ષની ઉંમરે વિદેહમુક્ત થયા. આટલી નાની વયમાં જ એમણે યોગસાધના સંપૂર્ણ કરી. શાસ્ત્રાધ્યયનનો મર્મ ઉકેલ્યો; આત્મ-ભાવના પરિપકવ કરીને એનો ઉપદેશપરિચય આપ્યો, સ્વતંત્ર વિવેચનાશકિતથી પરિપૂર્ણ, છતાં આચાર્યપરમ્પરાથી સુરક્ષિત અને સુસંબધ્ધ એવાં ભગવત્ગીતા, વેદોક્ત ધર્મપ્રકાશ, ભાવાર્થસિન્ધુ વગેરે પુસ્તકો લખ્યાં અને જેને પોતે નિરાકાર સ્થાનકરૂપ પરમાત્મા તરીકે ઓળખાવતા, એમાં અભેદભાવે સર્વાત્મસ્વરૂપ સર્વવ્યાપક થયા.

મુંબઈમાં સમાધિસ્થ થતાં પહેલાં સાત આઠ વર્ષ સુધી ધર્મો-પદેશ કર્યો; સમુદ્રકાંઠે બેકએ ઉપર ભાષણો કરતા, અન્ય ધર્માવલંબી-ઓને પોતાનાં શાસ્ત્રનાં રહસ્ય સમજાવતા અને વેદધર્મનું અદ્વિતીય પ્રતિભાથી સરલ, સરસ સમર્થન કરતા.

એમનું એક ચિત્ર આ પુસ્તકમાં મૂકવામાં આવ્યું છે તે તેમના ભગવદ્ગીતાના પુસ્તકમાંથી મેળવેલું છે. આવા સ્વતંત્ર વિચારક, વેદધર્મના સમર્થ પ્રતિપાદક, યોગમાર્ગના અનુભવી, જ્ઞાનમાર્ગના ઉત્સાહી ઉપદેશક બ્રહ્મચારીબાવાનું આ ભાવાર્થસિન્ધુ પુસ્તક વાચકોના હાથમાં મૂકીને આશા રાખીએ છીએ કે એમાં વેદાન્તશાસ્ત્રનું જે સ્પષ્ટ સચોટ વિવરણ છે, તેનો મુમુક્ષુવર્ગ ભાવ-ભક્તિપૂર્વક અનુભવ કરે.

જ્ઞાન સાધન આશ્રમ
પો. મુક્તમૂપુર–( જી. ભરૂચ )
શ્રાવણી પૂર્ણિમા સં. ૨૦૨૦

સ્વા. સ્વયંજયોતિ તીર્થ

# અનુક્રમણિકા

**પહેલો ભાગ :**—નિરાકાર તથા સાકાર તત્ત્વની સમજણ; ધ્યાનમાં શિવયોગ તથા વિષ્ણુયોગમાં વપરાતી શિવલિંગ તથા શાલિગ્રામની મૂર્તિની સ્પષ્ટતા અને ઉપયોગિતા. પૃષ્ઠ ૧ થી ૩૮

**બીજો ભાગ :**—આત્મદૃષ્ટિથી અકર્ત્તા-અભોક્તા રહેવાની સમજણ; પંચકોષની ઓળખાણ; પંચભૂતની વિવેચના; "હું"નું વાસ્તવિક નિરાકાર સ્વરૂપ; દ્રષ્ટાના અસંગ સ્વરૂપમાં ચિત્તવૃત્તિ સ્થિર કરવાનો ઉપદેશ. પૃષ્ઠ ૩૯ થી ૬૮

**ત્રીજો ભાગ :**—ચાર શરીર તથા ચાર અવસ્થાનો હું-પણાની સાથે સંબંધ; આત્મસાક્ષાત્કારનું સ્પષ્ટીકરણ; હુંની પૂર્ણ સમજણ. પૃષ્ઠ ૪૦ થી ૧૦૧

**ચોથો ભાગ :**—નિરાકારસ્વરૂપ જ્ઞાનમાંથી સહજ સ્વભાવરૂપ ઉપજતી નવધાભક્તિ; ગુરુસેવાનું રહસ્ય; ગુરુદેવને તન-મન-ધન અર્પણ કરવાની યુક્તિ; આત્મજ્ઞાન થયા પછીની જ્ઞાનભક્તિ તથા જ્ઞાનભકતોનો જીવનવ્યવહાર; વ્યવહારનો જ્ઞાનોત્તર દશામાં અવિરોધ. પૃષ્ઠ ૧૦૨ થી ૧૩૪

**પાંચમો ભાગ :**—જીવન્મુકતોના સહજ વ્યવહારનું સમાધાન; તેમની ઉપદેશપદ્ધતિ; સગુણનિર્ગુણ ઉપાસનાનો અધિકારી પરત્વે સાધન બતાવવાનો વિવેક; ભેદમય વ્યવહારમાં અભેદાનુભવ માણવાની શ્રદ્ધા તથા નિષ્ઠા; ગ્રન્થ લખવાનાં મિતિ, સંવત અને ગ્રન્થની સમાપ્તિ. ૧૩૫ થી ૧૭૨

☞ આ ગ્રન્થ વિ. સં. ૧૯૧૪માં છપાયો, ત્યારે અનુવાદકે તે વખતની પ્રચલિત, ઉર્દૂશાહી ગુજરાતી ભાષામાં જે કાવ્યનોંધ છપાવી હતી, તે અહીં ઉતારી છે.

**દોહરો**

વેદપુરાણ અનુભવ લઈ, રચ્યો ગ્રન્થ ગુણધામ;
નિશદિન માનવતાપ દૂર કરે એ જેનું કામ.

**શ્લોક**

પાખંડી જુઠા મત ખંડવામાં, તેવા જ ઇંદ્રી મન જીતવામાં;
છે એક હમણાં ગુરુ વિષ્ણુબાવા, મૂરખો અમસ્તા કરે તેથી દાવા.

એવા સત્પુરુષે જગતના ઉદ્ધાર સારુ મહારાષ્ટ્રભાષામાં કરી, તેનું ગુજરાતી ભાષાન્તર બનાવવા વાસ્તે મહારાજ મૌસુફે આ ખાકસાર ફીદવીને એટલે સીતારામ રાવજી જુનરકર, કાયસ્થ પ્રભુ ઉપનામ પાટણકરને ફરમાવ્યાથી તેણે પોતાની નાકીસ સમજણ પ્રમાણે તૈયાર કરી, છાપખાનામાં છપાવ્યો છે.

**સૂચના:**—આ પુસ્તકમાં કેટલેક ઠેકાણે અસલ પ્રમાણે સંસ્કૃત અલફાજો તેવા જ રાખવાનું કારણ એ કે તેના ટૂંકામાં ગુજરાતી અરથ થાવા મુશ્કેલ તેથી આતમગનાનને લાગતા વલગતા કેટલાક શબ્દો અરથસહીત આ ગ્રન્થના શેવટમાં લખ્યા છે. આ ભાષાંતરમાં કાંઈ ભૂલચૂક વાંચનારા મેહેરબાનોની નજરે આવે તો તે દુરૂસ્ત કરવાની તસદી તેઉ સાહેબો લેશે એવી આશા છે.*

---

*એ અનુવાદમાં ઘણા જુના શબ્દો વાપરેલા હતા તેથી એના છેવટના ભાગમાં એક શબ્દકોષ છાપ્યો હતો; આ આવૃત્તિમાં આખા ગ્રન્થની ભાષા ફેરવી નાંખી છે તેથી પાછળ શબ્દકોષ આપવાની જરૂર નથી રહી. આ સૂચનામાં જે થોડા શબ્દો છે તેના અર્થ નીચે પ્રમાણે છે. અલફાજો–શબ્દો; મહારાજ મોસુફ–જે મહારાજની પ્રશંસા કરી છે તે; ખાકસાર–ખાક એટલે ધૂળના જેવો હલકો; નમ્રતાવાચક શબ્દ; ચરણરજ; ફીદવી–ફિદા થનાર; અર્પણ થનાર; વિનમ્ર શિષ્ય એવો અર્થ અહીં થાય છે; નોકર, દાસ, સેવક,

# જ્ઞાનસાધક સમાજ

સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ જ્ઞાન-સાધનઆશ્રમટ્રસ્ટ તરફથી આ સમા-જની સ્થાપના થઈ છે, જેનો ઉદ્દેશ સૌ શિષ્યો, ભકતો તથા શુભેચ્છકો મળી અન્યોન્ય સાથથી પોતાની ઉન્નતિ (આત્મ કલ્યાણ) કરવાની તક પ્રાપ્ત કરે એ છે. આ સાધકસમાજ ટ્રસ્ટના બંધારણના એક અંગરૂપ છે.

૧, શિષ્યો. ૨, ભકતો અને ૩, શુભેચ્છકો એમ સભ્યોના ત્રણ વર્ગ રાખ્યા છે.

વાર્ષિક લવાજમ-દરેક વ્યકિત પોતાની આર્થિક સ્થિતિ પ્રમાણે સવિશેષ આપી શકે છે; પણ ઓછામાં ઓછું રૂા. ૧૫) રાખવામાં આવ્યું છે.

દરેક સભ્યને દર વર્ષે ૨૦૦ પાનાંની આસપાસ-(આશરે કીમત રૂા. ૩-૦૦ )નું એક પુસ્તક ભેટ તરીકે મળશે અને તે ઉપરાંત ટ્રસ્ટ હસ્તકનાં બધાં પ્રકાશનો ૨૫ ટકા વળતરથી મળશે.

વિશેષ માહિતી માટે લખો :

મંત્રી,

**જ્ઞાનસાધન આશ્રમ**

પો. મુક્તમૂપુર (જિ. ભરૂચ, ગુજરાત)

# ભાવાર્થસિન્ધુ

# ભાવાર્થસિન્ધુ

## પહેલો ભાગ

૧. જે શિષ્યના પ્રશ્ન ઉપરથી આ ભાવાર્થસિન્ધુ ગ્રંથ ઉપસ્થિત થયો તે શિષ્ય પ્રશ્ન પૂછવાનો અધિકારી હતો, કારણ કે પરમેશ્વર-પ્રાપ્તિ માટે જે શ્રદ્ધા તથા સદ્‌ગુણ જરૂરનાં છે તે આ શિષ્યમાં હતાં. ઉપરાંત પાંચે વિષયો ભોગવવાની જેણે ઇચ્છા છોડી દીધી છે, એ વૈરાગ્યવાન કહેવાય; એ વૈરાગ્ય પણ એ શિષ્યમાં હતો અને ગુરુભક્તિથી ભરેલા આવા ઉત્તમ શિષ્યે, પરમેશ્વરની પ્રાપ્તિનો અતિ ઉલ્લાસ અને નમ્રતાથી પ્રશ્ન કર્યો.

૨. "ગુરુ મહારાજ, આ પાંચ વિષયરૂપ સંપૂર્ણ જગતનું સ્મરણ કરતાં જે સુખ થાય છે, તે નાશવંત છે, માટે કોનું સ્મરણ કરવાથી જે સુખનો નાશ થતો નથી એવું સુખ મને મળે?" આ પ્રશ્નનો ગુરુએ જે ઉત્તર આપ્યો તે જ આ ભાવાર્થસિંધુ ગ્રંથ છે: જેના પાંચ ભાગ છે, અને સર્વ રસથી ભરપૂર છે. ગુરુએ કહ્યું કે: "હે શિષ્ય, તું જેનું સ્મરણ કરવાથી નાશ ન પામનારું સુખ પામીશ તે સાંભળ."

૩. જે નિરાકાર પરમેશ્વર કે જેના સ્વરૂપ ઉપર ભૂગોળ, ચંદ્રગોળ તથા સૂર્યગોળ એવા અનેક ગોલ ફરે છે, ને પવન

પણ જે ઉપર ફરે છે, વીજળીનો પ્રકાશ, પરમાણુઓ, અણુઓ, મનુષ્ય, પંખી વગેરે સર્વ જીવો, તેમજ પાણી, અગ્નિ ઇત્યાદિ સર્વ, જે સ્થળમાં ફરે છે છતાં તે સ્થળ ડગતું નથી, તેથી તે અવિચળ કહેવાય છે. એ અવિચળ પરમેશ્વરના અંગને તે સર્વ ફરનારી વસ્તુઓનું કાળાપણું લાગતું નથી, તેથી તેને નિરંજન કહીએ છીએ. તેમજ તે સ્થલ-સ્વરૂપનો નાશ કદી થતો નથી તેથી તેને અવિનાશી કહીએ છીએ. વળી સર્વને આનંદનો અનુભવ સ્વશરીરમાં થાય છે, તે આ સ્થલરૂપ પરમેશ્વર તેનું મૂળ હોઇ એ આનંદ જાણે તેનો અંકુર ફૂટયો હોય એવો છે, તેથી એ સ્થલરૂપ પરમેશ્વર આનંદકંદ છે. સૂર્યથી આવતો પ્રકાશ તથા નજરે ન આવે એવું ગાઢ અંધારું, તેનું કારણ પણ આ સ્થલરૂપ પરમેશ્વર જ છે. છતાં તે સ્થલરૂપ પોતે જ પ્રકાશિત છે, તેથી તે પરમેશ્વર સ્વયંપ્રકાશ છે. તેવા પરમેશ્વરનું અંતરમાં સ્મરણ કરીશ તો તારું હુંપણું જ મટી જઇને, તે જ અનંત એટલે જેનો છેડો નથી, એવું સ્થળ મૂળમાં જે છે, તે જ હું છું એવો ભાવ પ્રકટ થશે. તે જ સ્વરૂપસુખ અને જ્ઞાન છે અને તેનો નાશ નથી; ને તે જ સુખ સ્વરૂપ હું છું, એવું ન મટનારું સુખ પામીશ અને તે જ ભોગવતો રહીશ. જેમ શરીર જ થઈને શરીરનું સુખ ભોગવે છે, તેમ જ અનંત અને અપાર એવો સુખરૂપ સ્થળ થઈને તેને ભોગવીશ—જો તે સ્વરૂપને સ્મરીશ તો.

૪. પણ હું તને કહું છું કે તે પરમેશ્વરના સ્વરૂપનું જ્ઞાન થયા વિના સ્મરણ થવાનું જ નહિ, અને તે જ્ઞાન સત્સંગ વિના મળતું નથી. પરંતુ પોતાના સદ્‌ભાગ્યનો ઉદય થાય તો જ સત્સંગ પ્રાપ્ત થાય છે, નહિ તો નહિ.

૫. હવે તું કહીશ કે સદ્ભાગ્ય એટલે શું ? ઘણી દોલત મેળવવી એ ભાગ્યોદય નથી. પરમેશ્વર એક, નિરાકાર અને સત્ય છે એવી જેની દૃષ્ટિ થઈ હોય, અને આ આપણાં શરીર સુદ્ધાંત સર્વ જગત્ સ્વપ્ન સરખું ભાસે છે એવી જેને ખબર પડી હોય, વળી જે પુરુષ સરખા મિજાજવાળો એટલે સમભાવવાળો હોય, અને પૈસે ટકે ગરીબ હોય છતાં પરમેશ્વર સિવાય બીજી સ્પૃહાથી રહિત હોય, તે જ માણુસ ભાગ્યવાન્ સમજવો; અને ઉપર કહ્યા તે જ ગુણો વૈરાગ્ય કહેવાય છે. બહારના વિષયભોગ પ્રાપ્ત હોય અગર ન હોય પણ અંતરમાંથી જેની ઈચ્છા ગઇ તે જ સંગ વગરનો થયો જાણુવો. એવો જો તું અંતરથી સંગ વગરનો થઇશ તો તને સત્સંગ મળશે, અને જ્ઞાન તથા અવિનાશી સુખની કમતી થશે નહિ.

૬. આટલું સાંભળીને શિષ્યે વિચાર કર્યો કે: અરે હું ગાંડો કેમ થયો ! હાલમાં જે મારી સાથે વાતો કરતો બેઠો છે, એ મોટો સાધુ છે. તેની મને સંગત થવાથી મને સત્સંગ પ્રાપ્ત થઇ ગયો. હું બહુ નસીબવાન છું તેથી જ મને આ સંતનાં ચરણુ પ્રાપ્ત થયાં. આ વિચાર થતાં જ શિષ્યની સર્વ ઇંદ્રિયો, અંતરમાંની ખુશીથી મોગરાના ફૂલ જેવી તાજી ફૂલીને પછી લીન એટલે શાન્ત થઇ. પછી શિષ્ય સહર્ષ બોલ્યો કે, હે "મહારાજ, મારું નસીબ મોટું છે જેથી આપના ચરણુની મને પ્રાપ્તિ થઇ."

૭. "હે મહારાજ ! હવે મુજ ગરીબ ઉપર દયા કરીને, સમુદ્રના જળની માફક જયાં ત્યાં પાંચ વિષય ફેલાયા છે, ને તે પાંચ વિષય રૂપ પાણીમાં સર્વ જીવ ડૂબકાં ખાય છે, તેમાં જ મારું મન તથા મનને જાણુનારો હું આત્મા પણુ તે

પાંચ વિષય રૂપ પાણીની અંદર ફેરા ખાઉં છું, પણ તેના વગરનું નિરાકાર સુકેલપણું જે પાંચ વિષય રૂપ પાણીની અંદર અને બહાર પણ છે, તે મને મળતું નથી, ને હું શાન્તિવાળો થતો નથી. આ પાંચ વિષય રૂપ સમુદ્રમાં મારું શરીર વહાણરૂપ છે, તેમાં હું પ્રાણવાયુની અંદર જ્ઞાનરૂપ આત્મા બેઠેલો છું; ને પાંચ વિષયના જલ ઉપર સુખદુઃખના તરંગોથી હું પીડા પામ્યો છું. એ સારુ તમારા શરીર રૂપ વહાણમાં જે તમે આત્મા બેઠેલા છો, અને પાંચ વિષયના પાણીનો ડર ન રાખતાં તમે પોતે તરીને બીજાને તારો છો, એવા તમે, તમારા તારણ ઉપાયના જ્ઞાને કરીને મને પાંચ વિષયના પાણીમાં શરીરરૂપ વહાણ સુદ્ધાંત તારીને, જે સ્થાને તમે તથા તમારા જેવા બીજા જ્ઞાનીઓ, શરીરની અંદરના આત્મા વડે જે સ્થાન ઉપર નિરાંતે તથા શાન્ત, અને નાશ ન પામનારા સુખે કરી રહેલા છો ત્યાં જ મને સ્થિર કરો."

૮. શિષ્યની આ વિનંતિ સાંભળીને સદ્‌ગુરુને આનંદ થયો કે આ શિષ્ય ઘણો વિચારવંત છે. એ પરમેશ્વરની પ્રાપ્તિની આશા રાખીને પ્રશ્ન કરે છે તેથી તેને જ્ઞાન આપવું જોઇએ, એવું મનમાં વિચાર્યું: શરીરની અંદર જે હું હું એવું ચિંતન કરનાર અભિમાન છે, તેને જ પાતક તથા પાપ કહે છે, ને તેથી જ બીજો જન્મ તથા સ્વર્ગ-નરક તથા સુખ દુઃખ છે. તે અભિમાનનો નાશ સર્વવ્યાપી નિરાકાર પરમાત્માના જ્ઞાનથી જ થાય છે અને તેમ થતાં આત્મા પુનર્જન્મ તથા સ્વર્ગ-નરકથી મુકત થાય છે, એવું તારક જ્ઞાન સદ્‌ગુરુ કહેવા લાગ્યા.

૯. "હે શિષ્ય! પાંચ વિષયરૂપ સમુદ્રમાંથી મને તારો એ પ્રમાણે તું કહે છે તે યોગ્ય જ છે, માટે હવે વિચારના દરવાજે

દેખાડું છું, તે દરવાજેથી પ્રવેશ કરવા તું પૂરો સાવધ થા.

૧૦. જે કાંઈ તને જાગ્રત તથા સ્વપ્નમાં, સર્વ ઇંદ્રિયો વડે વસ્તુ માત્રનો દેખાવ થાય છે, તે આકાશ, પવન, અગ્નિ, પાણી તથા જમીન (પૃથ્વી) એ પાંચ ભૂતોનો આકાર છે, ને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ એ પાંચ વિષય રૂપથી તે આકાર જાણવામાં આવે છે, ને તારી જાગ્રત અને સ્વપ્ન અવસ્થામાંનાં શરીરો પણ એ પંચભૂત આકારનું, પાંચ વિષય રૂપે કરીને જે તને જાણવામાં આવે છે તે મોટા પંચભૂતોનો ભાગ છે એવું જણાય છે. તો તું એને જાણનારો હું છું એવું કહીશ તો તું આત્મા સાક્ષી છે; તે તું છે, અને પાંચભૂત તું નથી એવું વિચાર કરવાથી તને જણાશે; એટલું જ નહિ પણ વધુ વિચાર કરતાં સાક્ષી તું જે આત્મા તે, પણ તું ન હોતાં, એ કલ્પના જઇને, જેનો ફેરફાર સહેજ પણ થતો નથી તે પ્રકાશથી ભરપૂર છે તે જ તારું સ્વરૂપ છે એવું સમજાશે.

૧૧. એ સ્વરૂપે તું જયાં ત્યાં ભૂગોળ, સૂર્યગોળ વગેરે અનેક ગોળની ઉપર નીચે, અંદર, બહાર, સ્થિર તથા શાંત છે ને સુખથી ભરેલો છે, અને જયાં ત્યાં પોલું છે એવું લાગે છે, પણ તે પોલાણની અંદર પંચભૂતોના આકારથી જુદો નિરાકાર તું છે, ને સુખ એ જ તારું રૂપ છે, એવો તારા પ્રકાશે કરીને તું આનંદનું જ રૂપ છે. અનેક ગોલ એ જ દ્વૈત એટલે હું-તું પણું, અને અનેક ગોળોનું અધિષ્ઠાન-આધાર એક પોલાણ એ જ અદ્વૈત, હું-તુંથી રહિત, એવી દ્વૈત અદ્વૈતની કલ્પનાથી પણ વેગળો જેવો ને તેવો તું છે, તે જ્ઞાનરૂપ જ તારું છે; જેની સંખ્યા નથી, ઊંચાઇ, પહોળાઈ કે લંબાઇ નથી, ઊંચાપણું, નીચાપણું નથી, અંદર કે બહારપણું નથી ને ભેદે કરીને

તારાથી ભિન્ન બીજું કાંઈ જાણી શકાતું નથી, તે જ તારું સ્વરૂપ છે.

૧૨. એ તારા સ્વરૂપમાં તો, અનેક ગોળ, તેની ઉપર પાણીનો અથાગ જમાવ અને જીવસૃષ્ટિ, એ સર્વ તારા નિરાકાર સ્વરૂપ સાથે, દાખલા તરીકે સરખામણી કરવા જતાં કેવળ અણુઓ જેવા છે, એવું શરીરમાં રહેલા જાણનાર આત્માને ખબર પડે છે ને તે વડે જ જણાય છે કે તે સ્વપ્નવત્ છે.

૧૩. તે ચંદ્ર, સૂર્ય, ગ્રહો, તારાગણો ભૂગોળ અને અનેક જગતો કલ્પના વડે સાચાં છે, અને હુંપણાથી પર પોતાના નિરાકારરૂપ જે તારું સ્વરૂપ છે, તેના ઉપર પરસ્પરના આકર્ષણથી ફેરા લે છે એવી કલ્પના છે.

૧૪. તે જેટલા સ્થિર અગર ગતિમાન જગતના ગોલો છે, તે તારા નિરાકારરૂપમાં વ્યાપીને રહેલા છે ને તું, તે જગતોમાં લેપાયલો ન છતાં જેવો ને તેવો વેગળો છે; તારા તે સ્વરૂપને હાથ, પગ, નાક, આંખ, કાન વગેરે શરીરના અવયવો નથી અને અંગત ગોલો તથા જીવસૃષ્ટિઓના ગુણધર્મ તારામાં નથી તેથી તું નિર્ગુણ છે. તે તારા સ્વરૂપની સરખામણી કરવાનું શકય નથી, કારણ કે તે "આવા પદાર્થ જેવું છે." એવું બતાવી શકાતું નથી; કારણ કે એના જેવો બીજો કોઇ પદાર્થ નથી. માટે એ તારું નિરાકાર સ્વરૂપ તે નિરાકાર સ્વરૂપ જ છે એમ કહેવું પડે એમ છે.

૧૫. એવો તું છે, જે તું અસંગ છે, ને તારા સ્વરૂપે શાન્ત છે. તારા સ્વરૂપને પાપ એટલે ફરી જન્મ-મરણ અને સ્વર્ગ-નરકમાં પાડનાર શરીરમાં જે હું તરીકે મનમાં ને મનમાં

કલ્પનારું અભિમાન, તે તને પીડા કરી શકતું નથી; તેમ જ પુણ્ય, એટલે શરીરમાં રહેલ તારનાર આત્માનું પતન ન થવા દેનાર અને અભિમાનને મારનાર જ્ઞાન, તે પુણ્ય પણ વધુ કંઇ આપી શકતું નથી. એવો તું કોઈ પણ આકાર તથા ગુણદોષની અલિપ્ત છે, જેથી તને સારા ખોટાનાં વિશેષણો આપવાં શક્ય નથી.

૧૬. તે તારા નિરાકાર રૂપની મોટાઇ વખાણનારા મોટા મોટા જ્ઞાનીઓ વખાણ કરીને લખતા થયા, ને લોકોને પણ કહેનારા ઘણા જ્ઞાનીઓ થયા, તથા તેઓએ એ જ જ્ઞાને કરી ઘણાએક લોકોને છોડાવ્યા ને પોતે પણ છૂટયા, તો પણ તારા નિરાકાર રૂપનું વર્ણન થઇ શકતું ન હોવાથી, છેવટે તે લોકો મુંગા થઇ બેઠા, કે વાણી તથા કલ્પનાથી નિરાકારનું વર્ણન થઇ શકતું નથી, એટલે કલ્પનાને, આત્માના આત્મામાં મેળવીને પોતાના નિરાકાર રૂપમાં બેઠા.

૧૭. ને તે સારુ, અરે શિષ્ય, તું તે નિરાકાર રૂપથી સહેજ છૂટેલો છે, પણ શરીરમાં જે અભિમાન હું હું એવો છે, એનાથી તું ગભરાઇ જઇશ, તે માટે તું પોતાના શરીરમાં હું-હું બુદ્ધિ ઉત્પન્ન થવા પહેલાના તારા સ્વરૂપનો વિચાર કરીશ, તો તને ખબર પડશે કે મારું રૂપ તે જ નિરાકાર છે અને તે રૂપમાં હું-હું એવી કલ્પના નથી.

૧૮. ને તે હું નિરાકાર વસ્તુ સર્વ ઠેકાણે છું. ને આ પૃથ્વી, ચંદ્ર, સૂર્ય સર્વ ઇંડાના આકાર જેવા અનેક ગોળ જેવા મારા નિરાકાર રૂપમાં ભાસે છે તેને જ અનંત બ્રહ્માંડ કહે છે ને તે ઉપર સર્વ ઠેકાણે જીવોનો જમાવ વસ્તી કરે છે.

૧૯. તે જીવની અંદર બાહેર જે પોલાણો ફેલાયાં છે, તે પોલાણ નથી. પણ જે કદી બદલાતી નથી, તેમ જેમાં ભેદ નથી તેવી એક જ પ્રકાશમય નિર્મળ વસ્તુ તે છે; જે કોઇપણ ગોળના આકારની અગર અણુ પરમાણુ રૂપ પણ નથી. તેથી તે વસ્તુ નિરાકાર છે, અને તેના સ્વરૂપ વિષે, ભૂગોલાદિક સર્વ ગોળ તથા તે ઉપરના સર્વ જીવો રમે છે, તેથી તે જ નિરાકારને રામ કહે છે. ને તે જ રામ સર્વ જગતનો જે આત્મા, તે આત્માના વિસામાનું ઠેકાણું છે.

૨૦. તે રામ નિરાકાર એવો હું કેમ થઇશ, એવો સંશય તારા મનમાં આવશે; તે સંશયનો નાશ થાય તે સારુ હું તને નિશાની કહું છું તે પોતાના જીવમાં સમજીને રાખ.

૨૧. તે નિશાની એવી કે તું તારી જીભ તથા હોઠ હલાવ્યા વગર, મનમાં ને મનમાં કંઈ બોલીશ તે વખતે, તને શરીરમાં રહેલો શ્વાસ તથા બીજે માથામાં રહેલો કંઈ ઝીણો પવનનો ભાગ હલાવવો પડે છે; તે હલાવનારો તું દેહ નથી, કારણ કે દેહ તો મનમાં ને મનમાં બોલતી વખતે નિરાંતે જમીન પર બેઠેલો હોય છે, ને ફકત હોઠ તથા જીભ હાલતાં નથી તો પણ શ્વાસનો પવન અને માથામાંનો ઝીણો પવનનો ભાગ હલાવીએ છીએ, એટલે હું હું વગેરે મનનું મનમાં બોલવું થાય છે, તે બોલનાર જે છે તે તું છે, અને તે શરીરમાં રહેલા ભાગને હલાવીને હું હું એવી કલ્પના કરનારું જે તારું રૂપ તે જ રૂપને આકાશ એવું કહે છે, અને તું પણ એવું સમજ કે મનોમય એટલે ફક્ત મને જ કરીને હું હું કહેવાનો શબ્દ ગુણ છે, તે જ આકાશનો ગુણ છે તે સારુ હું હું કહેનાર જે આત્મા તે "હું" આકાશ છે, એટલે શરીરના અડખેપડખે

જે પોલાણ સરખું ભાસે છે, તેમાં જે નિરાકાર છે, તેના જ કંઈક ઓછાપણાથી હું હું કહેનારો શરીરમાં છે.

૨૨. તે જ હું-હું કહેનારો આત્મા, કાન, ચામડી, આંખ, જીભ, નાક એ પાંચ જ્ઞાનેન્દ્રિયોએ કરીને પાંચ ઉપભોગ લેતી વખતે અથવા મનનો કંઈ વિચાર કરતી વખતે શરીરમાં રહેલા પવનને શરીરના હરેક ભાગમાં જલદી જલદી ફેરવે છે.

૨૩. તે જ અંતઃકરણ, એટલે કે જે ઇન્દ્રિયો તેની અંદરનું કરણ એટલે જ્ઞાન, એવું જે જ્ઞાનરૂપ અંતઃકરણ, તે જ અરે ચેલા, તારું હું-હું બોલવાનું સ્વરૂપ આકાશ છે. એ સારૂ આકાશના અંગે મનોમય હું-હું કહેવાનો ગુણ શબ્દ છે. એટલે શબ્દ જે પેદા થાય છે તે શબ્દગુણનો તું ધણી છે, માટે તું દેહને "હું છું" એવું સમજીશ નહિ તો તારું હું હું કહેવાનું મનોમય આકાશસ્વરૂપ કેવું છે તેનો તને અનુભવ થશે.

૨૪. કારણ કે તારું હું હું કહેવાનું જે સ્વરૂપ, તે રૂપ ઉપર, શરીરની અંદરના પવનરૂપ પ્રાણનું તથા દેહનું બખ્તર છે, તે જ બખ્તર ઉપર પાંચ વિષયનો સ્પર્શ અખંડ થયા જ કરે છે, જેથી તે વિષયોનું જ્ઞાન, હું હું કહેનાર આત્મા—તારા આકાશ-રૂપ હું પણાને—લાગ્યું છે.

૨૫. તે હું હું કહેનારો તું જે આકાશ છે, તે તું દેહ તો નથી. વળી તું "મારું શરીર" એવું કહે છે, "હું શરીર" કહેતો નથી. જેમ તું તારા પુત્ર પર પ્રીતિ રાખે છે પણ તે તારાથી અલગ છે, તેમ તું તારા શરીર પર પ્રીતિ રાખે છે પણ તે તું નથી. તું હું હું કરે છે તે વખતે પણ તારા દેહનો પવન, તેમજ તેના બીજા અંગોમાં ઝીણા પવનો પણ ફેરવવા પડે છે,

એટલે તારા આકાશરૂપે પવન હાલવા દેતાં હું કહેવું, અથવા મનોમય બીજો વિચાર કરવો બની શકશે નહિ, એ સારુ હું કહેવું એ મૂળમાં જ ખોટું છે. પવન તથા આકાશ એટલે અંતઃકરણ અને પ્રાણના સંયોગનું ફળ હુંપણું છે, તેથી અલગ તું છે એમ સમજી તારા નિરાકાર સ્વરૂપનો અનુભવ લે.

૨૬. તે અનુભવ લેવાનો વિચાર એવો કર કે આ દેહપિંજર તો પોલું છે, ને તેની અંદર શ્વાસોચ્છ્વાસની ક્રિયા ચાલે છે તેથી જ શરીરની સ્થિતિ સમતોલ છે. શરીરના પીંજરાને પંચ પ્રાણના યોગથી ચાલતા શ્વાસોચ્છ્વાસે, તેમ જ મનની કલ્પનારૂપી આકૃતિને, હું જાણું છું. એ "હું" તે દેહ, પ્રાણ, મનથી અંદર છું, તે મારું જ્ઞાન એ જ સ્વરૂપ છે, અને મારા રૂપનો આકાર અતિ સૂક્ષ્મ પરમાણું જેવો, તેમજ અનેક સૃષ્ટિ ગોલો જેવો નથી, પણ અનેક ગોલ તથા પરમાણુઓ, હવા વગેરે વસ્તુ માત્રનો આધાર-અધિષ્ઠાન-જે સ્થિર અને શાન્ત છે અને સ્વયંપ્રકાશ છે, અને તેનું સ્વરૂપ જ જ્ઞાન અને સુખ છે, તે જ સ્થાન-આધાર-અધિષ્ઠાન હું છું, એવું તું પોતે પોતાને જાણીને જો.

૨૭. ને પોતાની આસપાસ બહાર, આગળ, પાછળ તે સ્થાન ભરેલું છે, તેને આપણે કંઈ નથી એમ કહીએ છીએ, પણ આપણને ઇન્દ્રિયોથી માલૂમ પડતું નથી. તેથી તો કંઇ નથી એમ કહીએ છીએ. તે કંઇ નથી એવું નથી તે તો પ્રકાશરૂપ જ્ઞાન છે ને પોતાના શરીર, પ્રાણ, મનને તેનો આધાર છે અને તે સ્થાન રૂપનો નિવાસ જેવો આપણી આગળ પાછળ છે, તેવો જ આપણા શરીરના પોલાણમાં તથા પ્રાણના મનની અંદર છે. તેના જ જ્ઞાનને શરીરનું જાણવાપણું છે એવો વિચાર કરીને જો.

૨૮. તે એવો સ્થાનરૂપ આકાશ છે, ને તે જ તું શરીરના અંદરનું જ્ઞાન છે. તે જ તું હોઠ, જીભ ન હલાવતાં શરીરના અંદરના ઝીણા પાંચ પ્રાણને પોતાના આકાશરૂપે કરી અવકાશ-રૂપ ઉપર હલાવીને મનમાં ને મનમાં બડબડ કરીશ, તે બડબડ પોતા પાસે પોતે બોલીએ છીએ તેવું થશે. તે મનમાં ને મનમાં કરેલી બડબડ જ આકાશવાણી કહેવાય છે, કારણ કે મનોમય બકવાદ કરનારું શરીર નથી, પણ શરીરની અંદર જ્ઞાનરૂપ છે ને તેને જ અંતઃકરણરૂપ આકાશ સ્થાનક સમજવું. એટલે મનોમય પાંચ પ્રાણને હલાવીને બકબાદ કરવો તે આકાશવાણી છે, ને તે મનોમય વાણીનો ઉદ્‌ગાર મુખમાંથી થયો તો તે પણ આકાશવાણી છે. પણ તે આકાશવાણી ઇન્દ્રિયોમાં મળેલી છે, ને તેને ઉત્પન્ન કરનારો તું આકાશરૂપ અંતઃકરણ છે.

૨૯. તે જ તું શરીરમાં અંતઃકરણરૂપ આકાશ છે. તે તારા સ્વરૂપને માથાના પોલાણના અંદરના ભાગમાં તથા બે આંખોનાં બિંદુ એટલે ટપકાની માંહેલા અંગે જે કાળી, પીળી, ધોળી, રાતી વગેરે રંગોથી કલ્પિત સૃષ્ટિરચના જોવામાં આવે છે, તે તારી આંખો માંહેલા જ્ઞાનરૂપ આકાશને જ આંખો વિના અંદરની નજરે દેખાય છે. તે જોનારો તું જ છે.

૩૦. અને કલ્પિત સૃષ્ટિરચના આંખોની અંદર જોવામાં આવે છે, ને વીજળી, પ્રકાશ, ગરમી વગેરેની જાણ થાય છે તે મગજના પદાર્થના અણુ અને ઝીણા પવનના આધારથી, તું પોતાના આકાશરૂપ જ્ઞાને આકર્ષણ કરીને, નેત્ર વગેરે ઇન્દ્રિયોના અંદરના ભાગમાં, વીજળી વગેરે પદાર્થની કલ્પિત સૃષ્ટિ તું જ રચે છે.

૩૧. તે મનોમય કલ્પિત સૃષ્ટિરચનાને જાણનારો તું આકાશરૂપ, તે કલ્પિત સૃષ્ટિ રચનાની અંદર બાહેર ભરેલો છતાં, તું અચલ છે અને તે કલ્પિત સૃષ્ટિ રચના જેવો ચંચલ નથી–તને વિકાર અગર રંગ નથી, તું આત્મા છે એટલે અંધારારૂપી અજ્ઞાનથી રહિત છે.

૩૨. તું નિરાકાર છે–જગતના આકાર જેવો તું નથી, અને તું પોતાના સ્વરૂપ ઉપર પોતાને જ્ઞાને કરીને રમતો થઇશ, તે વખત તને વિષય, ઇન્દ્રિયો અને પ્રાણ એનું જાણવું રહેશે નહિ, પણ નિરાકાર રૂપમાં રમતો થઇને તારો દેહપાત થાય એટલે વિષયો, ઇન્દ્રિયો અને પ્રાણ, એનું જાણવું, તેમ જ હું નિરાકાર છું એવું રટણ વગેરે પણ મટીને, નિરાકાર સ્વરૂપ જ તું રહીશ.

૩૩. તે જ તું નિરાકાર છે; પણ તું કહીશ કે હું આ પાંચ વિષયરૂપ સમુદ્રમાં ડૂબ્યો છું, તો તે તને અજ્ઞાને કરીને લાગે છે, કારણ, તું પાંચ વિષયરૂપ સમુદ્રને જે જ્ઞાનરૂપે કરીને જાણે છે, ને વળી તું જાણે છે કે તું બુડવા જેવો નથી; તો જે જેને જાણે છે તેનાથી જુદો હોય જ, એવા ન્યાયથી પાંચ વિષયોને તથા દસ ઇન્દ્રિયોને અને પાંચ પ્રાણ અને મનઃકલ્પિત સૃષ્ટિ રચનાને તું જાણે છે, તેથી તે સર્વથી જુદો, અંતરમાં નિરાકાર છે. તું જ્ઞાન છે અને શરીર જડ અજ્ઞાન છે.

૩૪. ને તારું જ્ઞાનરૂપ નિર્વિકલ્પ છે, એટલે કે મનની ઘણી કલ્પનાઓ ઊઠે છે એના જેવો તારો આકાર નથી ને ચંચળ પણ નથી; એવા તારા નિરાકાર રૂપ આગળ જમીન, પાણી, તેજ, પવન, આસમાન, મળીને પાંચ ભૂતની બધી દુનીઆ

ઝાંઝવાંનાં પાણી જેવી છે. એટલે કે સૂર્યનાં કિરણો વડે મેદાનની જમીન પર પાણી ભરેલું છે એવો જુઠો ભાસ થાય છે, તે હરણને સાચો લાગે છે. તે પ્રમાણે દુનિયા તારા નિરાકાર રૂપ આગળ વ્યર્થ છે, તેમાં તું નિરાકાર છતાં ડૂબેલો છે એવું કહીશ, તો તેનું કારણ એ કે તેં વિચાર કર્યો નથી એ જ છે. જો તું એવો વિચાર કરીશ કે અનેક ગોલ તથા ઘણા ઝીણા કણ સુદ્ધાંત સર્વ દુનિયા જે સ્થાનક પર છે એવું લાગે છે, તે સ્થાનકનો, દુનિયાના આકાર જેટલી જગ્યામાં અભાવ થયો નથી, તો પછી દુનિયાની આકૃતિના હયાતીપણામાં નિરાકાર સ્થાનકના વર્તમાનપણાનો અભાવ કેમ થાય? એટલે જગતનું વર્તમાનપણું કાલ્પનિક છે, સ્થાનકનું વર્તમાનપણું છે અને તે કલ્પનાને નહિ સરીખું કરનારું છે એટલે સ્થાનકનું વર્તમાનપણું કલ્પના વગર હમેશાં છે, તેથી જ તે જ્ઞાનરૂપ છે. શરીર, પ્રાણ, મન અને હુંપણું એ કલ્પિતરૂપ તું નથી. અને તારા નિર્મલ અને નિરાકાર રૂપને દુનિયા માલુમ નથી. જેવી રીતે ઊંઘને સ્વપ્નું તથા જાણવાપણું ખબર નથી તે પ્રમાણે તારા સ્વચ્છ નિરાકાર રૂપને દુનિયાની ખબર નથી. ઊંઘ અજ્ઞાન છે ને નિરાકાર તારું રૂપ એકલું છતાં સુખથી ભરેલું તે જ્ઞાન છે.

૩૫. તે જ તું તારા નિરાકાર રૂપને વિચારની નજરે જાણીશ, તો જેમ કોઈ માણસનું પ્રતિબિંબ પાણીમાં હાલેલું જોવાથી તે માણસ હું હાલ્યો અથવા ડૂબ્યો એવા સંદેહમાં પડતો નથી, તેમ જ તું નિરાકાર રૂપ પણ, વિષય, ઇન્દ્રિયો, પ્રાણ ને મનની કલ્પનાઓમાં જે જ્ઞાન છે, તે જ્ઞાન મારા શુદ્ધ નિરાકારની ભાવના થકી પ્રતિબિંબ જેવું ઉલટું છે, એવું

સમજીને તે ઉલટું જ્ઞાન દુનિયામાં જોવાથી તથા દુનિયાની સાથે હાલવાથી ગભરાઇશ નહિ. આત્મજ્ઞાની, એટલે કે નિરાકાર રૂપ વિષેના અજ્ઞાનના અંધારાથી અલગ, તેઓને પાંચ વિષય તથા ઇન્દ્રિયો, પ્રાણ અને મનના બાધા થતી નથી, તેમ તું પણ પોતાને સમજ કે હું, જે અંધારું-અજ્ઞાન તેમાંથી જુદો નિરાકાર છું. આ જ આત્મજ્ઞાન છે.

૩૬. એવો તું આત્મજ્ઞાની હોઇશ તો તને અજ્ઞાનીની માફક ભય થશે નહિ. કારણ કે શરીર એ એક માટીના વાસણ જેવું છે ને તેની અંદરના જે પાંચ પ્રાણવાયુ એ પાણી જેવા છે, ને અંદરનું જ્ઞાન તે પ્રતિબિંબ જેવું છે. એટલે અંતઃકરણરૂપ જ્ઞાનને બૂડવાનો ડર રહે છે. કારણ કે નિરાકાર પરમેશ્વરરૂપી આનુભવિક એકત્વપણાનું જ્ઞાન નથી. પણ જે નિરાકાર પરમેશ્વરરૂપ હું એક છું, એવો અનુભવવિચાર નજરે લઇને જે રમતા થયા, તે નિર્ભય વસ્તુ સ્થાનકરૂપ જ, સ્વપ્રકાશ, નિરાકાર પરમેશ્વરથી તે અલગ નથી. એવા જ્ઞાની નિર્ભય છે, તે સારુ તું પણ હવે આત્મજ્ઞાની છે.

૩૭. કેમકે આત્મજ્ઞાની થવા માટે કાંઇ દશ દિશાઓ ફરવી પડતી નથી. વ્યવહાર, ધંધા રોજગાર નીતિથી કરવા એટલે મન તથા મગજ સાફ રહે, અને તેમ થતાં આપણું અંતઃકરણ શુદ્ધ નિરાકાર, પરમેશ્વરનો વિચાર કરવાની શકિતવાળું થાય છે, અને નિરાકાર પરમેશ્વર વિના કશાની પણ ઇચ્છા કરતું નથી. એવું થયું એટલે સમજવું કે નસીબનો ઉદય થયો, એટલે હવે મને સાચા જ્ઞાની જરૂર મળશે, એવું ચિંતન કરવાની સાથે જ સાધુનું મળવું થાય છે—સત્સંગ થાય છે એ સારા નસીબની તત્કાળ સિદ્ધિ છે, ને તેમ થયા પછી તરત જ નિરાકાર

પરમેશ્વરના સ્વરૂપના વિષે પોતાનું એકત્વપણું કેમ જોવું તે માલૂમ પડે છે. તે પ્રમાણે પોતે પોતાને નિરાકાર, પરમેશ્વર સ્થાનક સ્વરૂપમાં કોણ છીએ, એવું નીતિ તથા ન્યાયના વ્યવહાર-ધંધામાં બેસીને જોવું.

૩૮. એવું સમજવું કે આ મારા પ્રાણ, એમાં જે મન એટલે કલ્પના કરનારું જ્ઞાન છે, તેને જો પરમેશ્વર વિના બીજી ઈચ્છા ન હોત, અને પરમેશ્વર જે અજ્ઞાન અંધારાથી જુદો તથા ઉત્તમ છે, તેથી જ તે પરમાત્મા નામે કહેવાય છે, તેના સ્વરૂપમાં મળેલો હોઇ તેના રૂપથી જુદો નથી, એવું જ્ઞાન હોત તો તેને જન્મ મરણ આવત નહિ, પણ તેવું જ્ઞાન નથી તેથી મુવા પછી સ્વપ્ન માંહેના શરીર જેવા, હરેક જીવનો આકાર સારા નરસા કર્મ પ્રમાણે થઇને, સ્વપ્નાની સૃષ્ટિ જેમ દરેકને સ્વપ્નામાં જુદી હોય છે, તેવી દરેકને કર્મ પ્રમાણે, દરેકના મુવા પછી, ભોગ સૃષ્ટિ જુદી જુદી પેદા થઈને, દરેક જીવને કર્માનુસાર શરીર મરતાં જ ફળ મળે છે; ને અચુક જન્મથી તે મરણ પર્યંત કર્યા કરમનાં સારાં નરસાં ફળ ભોગવવાં પડે છે; તેમાં સુખ-દુ:ખની મર્યાદાઓ છે. જેમ સ્વપ્નામાંથી જાગીએ તેમ મૃત્યુ પછી સ્વપ્નસૃષ્ટિ જેવી ભોગસૃષ્ટિમાં સ્વપ્ન શરીર જેવું ભોગ-શરીર થાય છે. ખરાબ કર્મના માણસને મુવા પછી ડુક્કર, કૂતરાં, બિલાડાં, માછલાં વગેરે આકારનાં ભોગશરીરો થાય છે, ને સારા કર્મનાં માણસોને, માણસના જેવો આકાર પ્રાપ્ત થાય છે. એ જ પ્રમાણે સર્વ ઠેકાણે ગતિ કરનારા દુનિયાના જીવને ફેરફાર થાય છે; ને જે ભોગ શરીર છે, તે માંહેલો ભોગ ભોગવાઇ ગયા પછી તે જ દેહના આકારે કરીને ફરી વીર્યની સાથે ગર્ભમાં જઇને ઝીણાનો મોટો આકાર થાય છે. એવા વારંવાર જન્મ-મરણના ફેરા થાય છે અને આ ગોળ ઉપરથી બીજા સ્વપ્રકાશ

અગર પરપ્રકાશ ગોળ ઉપર મુવા પછી ભોગરૂપી દુનિયાના ભોગદેહ થકી ભોગવીને પછી જાય છે, અથવા મરણની સાથે જાય છે ને જન્મે છે. અને અવશેષ રહેલાં પાછલાં કર્માનુસાર તથા નવાં કરેલાં કર્મ પ્રમાણે ભોગ ભોગવે છે. એવી રીત હંમેશાં ચાલુ છે. આ જન્મ મરણની ચાલ જ્ઞાનીઓને નથી કેમકે જ્ઞાની, નિરાકાર પરમેશ્વરના સ્વપ્રકાશ સ્થાનક રૂપમાં હું મળેલો છું એટલે નિરાકારથી હું જુદો નથી એવા વિચાર સહિત આનુભવિક જ્ઞાને કરીને, તથા નીતિની ચાલે કરીને તે જ્ઞાન કાયમ રાખે છે, ને તેવા યોગબળે દરેક જ્ઞાની, સ્ત્રી અગર પુરુષ, જન્મ મરણ અને ભોગ-શરીરોથી મુકત થાય છે. તે નિરાકાર પરમેશ્વરના એકત્વપણાના રૂપથી જ પોતાપણું નષ્ટ કરીને પરમેશ્વર વિના જુદાપણાથી રહેતા નથી, અને સ્ત્રી અગર પુરુષ આવા જ્ઞાન સહિત અને નીતિનું રક્ષણ કરીને રહેશે નહિ તો તે મુક્ત થઈ શકશે નહિ. વળી કોઇ કહેશે કે પરમેશ્વરના એકપણાનું જ્ઞાન હોય તો નીતિ શું કરવા જોઇએ ? તો જયાં નીતિ નથી ત્યાં પરમેશ્વરનું જ્ઞાન જ નથી પણ ફક્ત જ્ઞાનનો વેષ જ સમજવો, ને તેવા વેષને મુકિત નથી. કોઈ કહેશે કે મુવા પછી કાંઇ રહેતું જ નથી, તો તેનું બોલવું નિરર્થક થઈને તેને કર્યાં કર્મ પ્રમાણે તાબડતોબ સર્વ જેવા જ ભોગ ભોગવવા પડશે; તેમાં સારા કર્મનું સારું સુખ ભોગવવાનું ને નઠારા કર્મનું નઠારું-યાતના પીડારૂપ વગેરે દુઃખો ભોગવવાંજ પડશે, તેમાં યત્કિંચિત્ ફેરફાર પડવાનો નહિ. પ્રાણીના શરીર માંહેલા જ્ઞાનના પેટમાં જેટલાં સારાં નરસાં કાયિક, વાચિક ને માનસિક કર્મ કરેલાં છે તે ભોગવ્યા વિના છુટવાનાં નથી. તેનો ભોગવનારો ઇશ્વર છે. તમે કહેશો કે તે ઇશ્વર કયાં છે તો હાલ આપણને જીવતાપણે જેમ ઇશ્વર આપણા હુંપણાના અંદર છતાં, આપણને તથા કોઇને નજરે ન આવતાં છતાં, જેમ

જમીન વાવેલાં બીજ આપે છે, તેમજ હુંપણાની અંદર ઈશ્વર છે તે કર્યાં કર્મનો ભોગ એટલે ફળ દે છે; તે પ્રમાણે મુવા પછી ભોગશરીરની માંહેલા હુંપણામાં તે ઇશ્વર નિરાકાર રૂપે કરીને ભરેલો છે; તે જ ઇશ્વર કર્યાં કર્મનો ભોગ, દુનિયા ઉભી કરીને, પોતે ન જણાતાં જ, ભોગવાવે છે. જેમ જમીન પર વાવેલું બીજ ઉગાડી આપે છે તે પ્રમાણે વગર ચૂકે, નિરાકાર સ્થાનકરૂપ પરમેશ્વર, સ્વરૂપ ઉપર, હુંપણાનાં અંદરનું જ્ઞાનરૂપ ઇશ્વરનું જીવોને કર્મ પ્રમાણે દેવું છે. એટલે વિચાર કરવો કે મૃત્યુ પછી, નિરાકાર પરમેશ્વરનું જ્ઞાન ન હોવાથી અને મનમાં વાસનાઓ રહી જવાથી કર્મ પ્રમાણે ભોગ ભોગવીને વારંવાર જન્મમરણના ફેરા થાય છે.

૩૯. તે મનને જો મૃત્યુ સમયે, હું નિરાકાર પરમેશ્વર સ્વરૂપના વિષે મળેલો છું, એટલે નિરાકારથી જુદો નથી એવું જ્ઞાન હોત, તો મન, નિરાકાર સ્થાનક રૂપ જે પરમેશ્વર, જેને આ દુનિયાના ગુણધર્મ નથી, તેના સ્વરૂપમાં લીન એટલે કલ્પના રહિત થયું હોત ને તેથી કોઇપણ જીવના વીર્યમાં પેસીને યોનિદ્વારા જન્મ પામત નહિ.

૪૦. એ સારુ નિરાકાર પરમેશ્વર જે સ્થાનકરૂપ શાન્ત છે, તે જ હું છું ને શરીર, પ્રાણ, મન એનાથી અલગ છું એવી જ પ્રીતિ રાખ, એટલે તું જ્ઞાનનું જ રૂપ જે સ્થલાકાર પરમેશ્વર સુખરૂપ છે તે જ થઈને, શરીરના જીવતાપણામાં સુખે રહીશ, ને શરીરના પતન પછી પરમેશ્વરરૂપી જુદો હું એવી ભાવના રહેવાની નથી.

૪૧. ને જીવતાપણામાં પણ હું હું એવી જે તારી કલ્પના,

તે નિરાકાર સ્વરૂપ ઉપર, જેવા પાણીના તરંગ પાણી ઉપર ઊઠે છે ને શમે છે, તે જ પ્રમાણે કલ્પના પદાર્થ મિથ્યા છે, ને તરંગ ઊઠે અથવા શાન્ત થાય તોયે તે પાણી રૂપ જ છે, તે પ્રમાણે નિરાકાર પરમેશ્વર સ્થળરૂપ તે જ હું છું, ને જુદુ હુંપણું વિચાર કર્યો નથી માટે જણાય છે, એવું અગમ જ્ઞાન તને થયું છે, એટલે તારી હું હું એવી વૃત્તિનો સ્વભાવ હો અગર ન હો તો પણ તું નિરાકાર સ્થાનકરૂપ નાશ ન પામનારો છે.

૪૨. ને એવું સમજ કે દોરીના રૂપ ઉપર સર્પની કલ્પના થાય છે તેથી માણસને ડર લાગે છે, પણ તે સર્પની કલ્પના જઈને દોરડીનો અનુભવ થાય એટલે સર્પભય અમસ્તો જ હતો એમ જણાય છે, ને સર્પભયરૂપી દર્દ શમી જાય છે, તે પ્રમાણે જે પુરુષને નિરાકાર સ્થાનકરૂપ શાન્ત જે પરમેશ્વર તે જ હું છું અને મનની અંદરની હું-હુંની કલ્પના તે હું નથી એવું જ્ઞાન થયું છે તેને, મેં જન્મ લીધો ને મારે મરવું છે એવો ભય રહેતો નથી; કારણ કે નિરાકાર રૂપને જન્મ મરણ નથી. તે જ હું છું એવી જેની ધારણા છે તેના લૌકિક શરીરને મરણ આવે તો પણ તે નિરાકાર પોતાનું રૂપ સમજયો છે, તેમ જ અનુભવ્યું છે, તેથી તે નિરાકારરૂપને જન્મ તથા મરણ કયાંથી હોય? પણ જે પ્રાણી હુંની કલ્પના તે જ કલ્પના પોતે છે એમ સમજે છે, તેને મૃત્યુ પછી સ્વપ્નની દુનીઆ જેવી દુનીયા તથા સ્વપ્નશરીર જેવું શરીર થાય છે. કર્યાં કર્મના ભોગ ભોગવવા પડે છે ને ફરી યોનિમાં પેસી જન્મ લેવા પડે છે માટે તું જ્ઞાની થા.

૪૩. ને બીજું તું કહીશ કે નિરાકાર રૂપ હું છું એવું

જ્ઞાન થયું એટલે શરીરનું સ્મરણ જ રહેવું જોઇએ નહિ તો તેમ નથી. નિરાકાર રૂપને મૂલ જ શરીરનું સ્મરણ નથી પછી વિસ્મૃતિ શેની થવાની રહી? હવે જે શરીર–પિંજર અને પ્રાણુ–પવનની અંદરના જ્ઞાને કરી ધ્યાન ધરવામાં આવે છે, તે ધ્યાનનું સ્વરૂપ એ છે કે નિરાકાર પરમેશ્વર એક છે ને તેના સ્થાનક રૂપમાં મળી જવા માટે શરીરના અંદરનો પવન તથા વીજળી વગેરે આંખો અંદરના ઝીણા પદાર્થની મનોમય આકૃતિએ કરીને, તેનો જાણુનારો હું પરમેશ્વર સ્થલરૂપની સાથે એકરૂપ છું, એવી ભાવના આંખ અને કાનની અંદરથી જોનારો ને સાંભળનારો હું સ્થાનકરૂપ જ છું, એવો ભાવ સ્થિર કરીને સ્વસ્થ બેસવું, તથા પોતું શરીર અને તેની અંદરનો પવન "હું" નથી, પણ હું જ્ઞાનરૂપ તે પવન વગેરેને જાણુનારો, નિરાકાર સ્થાનકરૂપ છું, એવી ભાવના તે ધારણા કહેવાય છે. આ ધ્યાનધારણાના યોગથી શરીરની યાદ રહેતી નથી, પણ પહેલાં જો, હું નિરાકાર સ્થાનકરૂપ છું એવું જ્ઞાન થશે, તો જ આગળ ધ્યાન ધારણા થશે અને તેના થકી શરીરને તું વીસરીશ. પણ એવી ધ્યાન ધારણા થઈ પણ શરીરની વિસ્મૃતિ ન થઈ, તો પણ એકલો નિરાકારરૂપ હું છું એવા નિશ્ચયના જ્ઞાને કરીને પ્રાણી મરે તો પણ મુક્ત થાય છે ને ધ્યાન ધારણાએ કરી શરીર યાદ ન રહે તો પણ મુક્ત થાય છે; પણ શરીર જીવતું હોવાથી ફરીથી શરીરની યાદ આવે છે.

૪૪. ને જો એક વખત શરીરનું વિસ્મરણ થઇને અવાર નવાર ફરી દેહની યાદ આવે, તો પણ નિરાકાર રૂપે હું છું એવો જે અનુભવ થયો, તે કદી જતો નથી.

૪૫. તે અનુભવ મેં લીધો છે, તેની નિશાની કહું છું;

પણ જો દિલ લગાડીને સાંભળીશ, તો જ તારા ધ્યાનમાં ઊતરશે કેમકે આ રાજયોગ મેં પોતે કર્યો છે, અને તેથી તેનું પ્રમાણ મારો પોતાનો અનુભવ છે, અને એ અનુભવ શાસ્ત્રથી ઉલટો નથી.

૪૬. સાચા ગુરુ પાસેથી નિરાકાર સ્થાનક રૂપ જ હું પરમેશ્વર છું, એવું વેદાંતશાસ્ત્રથી વિચાર વડે જાણીને, તે ગુરૂની આજ્ઞાથી હું નાસિકથી ચૌદ ગાઉ ઉપર સપ્તશ્રંગી કરીને એક પર્વત છે, તે ઉપરના સારા જંગલમાં જઇને એકાન્ત જગ્યાએ વિચાર શકિતથી નિરાકાર અવિચલ સ્થાનકરૂપ હું છું. એવી સ્થિતિથી, જંગલનાં કંદ, મૂળ, ફળ ખાઈને સ્વસ્થ રહ્યો.

૪૭. મેં તે જગ્યાએ એવો વિચાર કર્યો, કે હું પાંચ વિષયરૂપ જગત્ નથી, હું દસ ઈંદ્રિયોનું પાંજરું નથી, હું પાંચ પ્રાણ નથી ને હું મનની કલ્પના પણ નથી, મારી મને ખબર પડતી નથી, એવું જે ન જાણવું, તે પણ હું નથી, ને હું નિરાકાર સ્થાનક રૂપ પરમેશ્વર છું, એવી કલ્પના પણ હું નથી, પણ નિરાકાર સ્થાનક રૂપ જે શાન્ત પરમેશ્વર પરમાત્મા તે હું છું, તેવું અભિમાન ન રાખતાં, સહજ એટલે કલ્પના વગર, નિરાકાર હું છું એવા ગુરુના આદેશ પ્રમાણે વિચાર-પોતાના સ્વરૂપનો વિચાર-મેં કર્યો, તેથી તે વિચાર તરફ ઘણી પ્રીતિ જડાઇ, ને તે નિરાકાર રૂપે જ હું હમેશાં સુખમાં રહું એવી કલ્પના જડાઈ ગઈ.

૪૮. તેણે કરી મારા મનને, પાંચ વિષય ભોગવવા, એવી પ્રીતિ રહી નહિ. તેથી મનની અનેક કલ્પનાઓ નહિ જેવી થઇ ગઇ, ને મન, કાન, ચામડી, આંખ, જીભ, નાક બધી જ્ઞાનેન્દ્રિયો તથા પાંચ કર્મેન્દ્રિયોને છોડી, મારા નિરાકાર સ્વરૂપમાં, શરીરના પોલાણમાં જઇને મન સ્થિર રહ્યું.

૪૯. તે મનની સ્થિરતાએ કરીને મન ઉપરનું શરીરનું દુઃખ દૂર થયું; ને સુખમાં, સુખની કલ્પના વગર હું સહેજે રહ્યો. પલાંઠી વાળી બેઠો હતો તે આસન સ્થિર થયું, એટલે પંચ પ્રાણ કે જેને લીધે શ્વાસોચ્છ્વાસ ચાલે છે, તે ધીમા થયા જેથી શરીરનું હાલવું બંધ થયું, ને તે વખતે મારી હું-પણાની આશાવૃત્તિને ઘણું સુખ થયું.

૫૦. તે એકાએક જે એક સ્થાનક અનેક ગોલનો આધાર છે, ને ગોળ અગર સૂક્ષ્મ ભાગોથી મેલું થયેલું નથી, તેથી તે સ્થાનક સાફ છે. તથા તે સ્થાનકને કદી હર્ષ શોક આવતા જ નથી, તેથી તે શાન્ત છે. અને જેમ અનેક ગોળ, પરમાણુ અણુઓના ફેરફારથી વિકાર પામે છે, તેવું તે વિકાર પામતું નથી, તેથી તે અવિકારી છે. તે શરીરની અંદર તથા બહાર સરખું જ છે, તે જ હું સહેજે છું, એવો ભાવ અંતરમાં આપોઆપ સંતોષ પામશે, એવો સ્થિર અનુભવ પ્રગટ થયો.

૫૧. તે એકાએક કાળા રંગનું બિંદુ મસુરની દાળ જેવડું ગોળ, ને તે બિન્દુના અંગે અતિસુખકારી, શાન્ત, પ્રકાશ ને તે પ્રકાશનો કંઈક ભાસ જેમ આકાશ સર્વ પોલું છતાં આંખને કાળા રંગનું દીસે છે, એવા એ બિંદુનો વર્ણ સમજાયો. પણ તે બિંદુ--ટપકું અમુક જેવું છે, એવી પૂરી ઉપમા આપવાને તેવો બીજો પદાર્થ નથી, એવું સ્થિર એક ટપકું, તે સ્થિર સ્થાનક ઉપર, માથાના ઝીણા પોલાણમાં પ્રકાશ જેવું પ્રગટ થયું.

૫૨. તે ટપકાના પ્રકાશે કરી, શરીરના પોલાણ માંહેલા પાંચ પ્રાણરૂપ પવનનો પડદો તૂટી ગયો, તેણે કરીને શરીરની

અંદર હું નિરાકાર રૂપ છું, એ સ્થિતિ પ્રગટ થઈ, તેથી જગત્ છે એવી કલ્પના રહી નહિ, ને મારી આગળ પાછળ અવકાશ એટલે પોલાણ છે, એવો પણ ભાવ રહ્યો નહિ, પણ સ્વપ્રકાશ સ્થાનક હું જ છું, એવી સ્થિતિ થઇ.

૫૩. તેનો દાખલો એ જ છે કે જેમ પાણી ઉપરની લીલ હાથથી દૂર કરીએ, એટલે નિર્મળ પાણી હાથમાં આવે છે, તે જ પ્રમાણે શરીરની અંદરનો પવન ટપકાના પ્રકાશથી દૂર થયો, ને તેથી કાનથી સાંભળનાર અને આંખથી જોનાર જ્ઞાનને, હું નિરાકાર સ્થાનક છું, એવી સ્થિતિ પ્રાપ્ત થઇ.

૫૪. ને જાગવાપણું (જાગ્રત અવસ્થા) નિદ્રા, સ્વપ્ન, એ ત્રણે અવસ્થા તથા હું જે શરીરની અંદર જ્ઞાન રૂપ છું, તે "હું"–હું રહ્યો નહિ, પણ એક "હું" નિરાકાર સ્થાનક સ્વરૂપ છું, એવી અવસ્થા રહી. એવી અવસ્થા તૂરીયા કહેવાય છે. પણ તે અવસ્થા નિરાકાર રૂપને વિષે નહિ જેવી થઇને એક નિરાકાર સ્થાનક રૂપ હું છતાં, હું–હું એ કલ્પના જ નથી એવો સમય આવ્યો.

૫૫. એથી મારા માથાના ઝીણા પોલાણમાં અંતઃકરણ પંચક એટલે સૂક્ષ્મ આકાશતત્ત્વ, આંખ, કાન, વગેરે પાંચ જ્ઞાનેન્દ્રિયોની અંદરના ભાગમાં રૂપ, વિષય વગેરેની મીઠાશ પકડીને રહ્યું હતું.

૫૬. તે પાંચ પ્રાણુ રૂપી પવનનો નાશ થતાં જ, નહિ જેવું થઇને ફકત નીલવર્ણ ટપકાનું જાણવું રહ્યું, તે જાણનાર જ્ઞાનને, હું નિરાકાર સ્થાનકરૂપ છું, એવી અનુભવની સ્થિતિ પ્રાપ્ત થઇ, તેથી દુઃખ રહ્યું જ નહિ, ને ઘણું જ સુખ પ્રાપ્ત થયું.

૫૭. ને જે બિંદુનું મારા જ્ઞાનને જાણવું રહ્યું હતું તે જ્ઞાને તે બિંદુને આંખો વિના જ્ઞાનદૃષ્ટિથી હું જોવા લાગ્યો, ત્યાં તે ટપકું સગુણ માણુસના આકારે નજરે પડયું ને તે આકારનો રંગ જપા કુસુમ જેવો, અગર આસમાનમાં તારા તરફ નજર લગાડીને જોઇએ, ને જેવો શ્યામ રંગ નજરે આવે છે, તેવો તે મૂર્તિનો રંગ દેખાવા લાગ્યો, ને તે મસુર જેવડા કાળા વર્ણનું ટપકું જ તે મૂર્તિ થઇને હસતું મોઢું કરી જે હું નિરાકાર સ્થાનક રૂપ છું, એવા શરીરના પોલાણ તરફ, સુંદર કમળ જેવા નેત્રે કરીને જોવા લાગ્યું.

૫૮. તેની ઘણી શોભિતી આકૃતિ, ને માથા ઉપર હીરા જડિત મુકુટ, ને કાનમાં માછલાના આકારનાં કુંડળો, ખભા ઉપર કવચ જેવાં બે બેઠેલાં, ને આજાનબાહુ ભુજાવાળો ટપકાએ પકડેલો આકાર, અંદરની જ્ઞાનનજરે દીઠો; ને તેના પગમાં તોડા, ને ગળામાં રત્ન તથા મોતીના હાર જોયા, ને તે હાર ઢીંચણ સુધી લટકતા હતા.

૫૯. ને તેના હાથમાં સુંદર કડાં ને જડાવની વીંટીઓ હતી. તેના ભાલમાં ચંદનના ઊભા તિલકની છાપ, ને વચમાં કેસરનો ચાંલ્લો હતો. ભાલની અંદર કસ્તુરીનું નાનું બિંદુ, એવું રાજવિલાસી પાંચ વર્ષની ઉમરનું બાળક, ઘણું જ સુંદર ને આકાશમાં શ્યામરંગ નજરે આવે છે તેવા રંગનું, જપા-કુસુમ જેવા રંગનું, અને સૂર્ય, વીજળી વગેરે અનેક પ્રકારની કૃતિનો પ્રકાશ પડે છે, તેના કરતાં જુદી રીતનું, તેજવાળું અને તે તેજ પોલાણ માંહેલા પવનના પડદાને નહિ જેવા કરી નાંખી, નિરાકાર સ્થાનક જ દેખાડનાર, એવું બાળક તે કાળા બિંદુનું જ થયું, ને તે સર્વ ઘરેણાં પણ તે બિંદુ પોતે જ

થયું, ને તે સ્થાનરૂપી પરમેશ્વરના રૂપ ઉપર, આધાર વિના તે બાળક ઊભું રહ્યું. આથી જ એવા પ્રકારનું ધ્યાન કરવાની રીત પ્રગટ થઇ એવું તે વખત હું સમજ્યો, પણ તેણે એવી સૂચના કરી કે હું પ્રાણી માત્રના જ્ઞાનને રહેવાનું તત્ત્વ છું, અને આ સગુણ વેષ તેજ તત્ત્વરૂપે કરીને ધર્યો છે, તેથી સગુણ સ્વરૂપનું ધ્યાન કરવું; તથા ચિત્તને સ્થિર કરવું, એને વિષ્ણુયોગ કહેવામાં આવે છે; ને સગુણરૂપ છોડીને બિન્દુરૂપ ફરી હું થાઉં છું, તે નીલ વર્ણ એકલા બિંદુરૂપનું ધ્યાન કરવું, એને શિવયોગ કહેવામાં આવે છે. એ બે પ્રકારે કરી શરીર માંહેલા મૂળ તત્ત્વનું ધ્યાન કરીએ, તો શરીરથી જુદી વૃત્તિ થાય છે, તે માટે આ ધ્યાન કરવાનો આકાર લોકોને ખબર પડે તે સારુ, બિંદુ જેવી શિવલિંગની આકૃતિ કરીને, જ્ઞાની પુરુષોએ લોકોને બતાવી છે. તે જ બિંદુનું સગુણરૂપ ધારવાની ખબર પડે તે સારુ, વિષ્ણુમૂર્તિ કરીને લોકોને દેખાડી, ને જ્ઞાની પુરુષો, લોકોને ધ્યાન કરવાનો માર્ગ બતાવતા ગયા, એ જ મૂર્તિપૂજાનું મૂળ છે. મુખ્ય મને કરીને ધ્યાન કેમ કરવું એ જાણવા સારુ છબી કરી બતલાવી, પણ અજ્ઞાની લોકોએ છબીને જ પરમેશ્વર છે, એવું માન્યું, તેથી જ્ઞાની પુરુષોનો ઇશારો જે સાચો હતો તે ઢંકાઇ ગયો, ને ઈઝરાઈલ, ક્રીસ્તી, મહમદી વગેરે લોકોએ તે બન્ને ધ્યાન કરવાની નિશાનીઓ, ધ્યાન કાયમ કરવા સારુ જ્ઞાની પુરુષોએ કરી છે એવું ન સમજીને, મૂર્તિની દુશ્મનાવટ કરી. જેઓએ મૂર્તિની અદેખાઇ કરી નહિ, તે લોકોએ બીજી અનેક મૂર્તિઓ મનઃકલ્પિત કરી અને જ્ઞાનીના ઇશારા માંહેલી તે પણ મૂર્તિ રાખી. પણ જ્ઞાનીઓએ એવું કહ્યું નથી કે મૂર્તિ એ જ દેવ, અગર મૂર્તિ સામું જોઇને મનમાં ધ્યાન કરું તે ધ્યાન જ દેવ, એવું પણ કહ્યું નથી.

મનને એકાગ્ર કરવાનું ફક્ત એ સાધન બતાવેલું છે, તે કોઈ જાણતા નથી, અને અનેક મૂર્તિઓ કરવા લાગ્યા. પણ મૂળનાં કારણો કોઇ સમજતા નથી, એ લોકોની મોટી ભૂલ છે. દુનિયામાં લોકો જો ડહાપણથી વિચાર કરીને તે પ્રમાણે ચાલશે તો તરશે, નહિ તો જન્મ વ્યર્થ જશે. ખરે! એવા જ્ઞાનીઓનો ઇશારો જાણીને શિવયોગ અગર વિષ્ણુયોગ કરવો, એથી મન સ્થિર થશે. ને તે યોગ શી રીતે કરવો એ સમજવા સારુ, ટપકા જેવી શિવની પિંડી તથા વિષ્ણુ જેવી શ્યામસુંદર છબી કરીને મૂકેલી છે, તે તરફ જોઇને તે પ્રમાણે શિવયોગ અથવા વિષ્ણુયોગ કરવો, ને તે જ ટપકું તે આકારવાળા માણસ જેવું રૂપ ધારે છે, ને તે જ ટપકું તે આકાર છોડીને બિંદુરૂપ રહે છે, એટલે બન્ને એ જ છે એવું સમજવું. પત્થરની શિવ અગર વિષ્ણુની કરેલ મૂર્તિઓ એટલે એ નિશાનીઓને જ દેવ સમજવા નહિ પણ તે તરફ જોઈને મનમાં તેના જેવું ધ્યાન કરવું, એવો મુખ્ય હેતુ છે. તે ધ્યાનથી લાભ એ છે કે પોતાના શરીરની અંદરના જ્ઞાને, મૂલ પવન તત્ત્વનો બિંદુ, અથવા સગુણ મૂર્તિ કરવાથી તે જ્ઞાનને, નિરાકાર સ્થાનકરૂપ હું જ છું. એવી નિરાકારની અભેદ ભક્તિ, તે જ્ઞાનને કરવાની સહેલી પડે છે. એવું એ સાધન છે, તે ન સમજીને નિંદવાવાળા, તથા વિચાર ન કરીને તથા અર્થ ન સમજીને માનવાવાળા, એ બન્ને એમાં ફસ્યા. ખરે, એવા તે સગુણ મૂર્તિરૂપ વેષ માથા માંહેલા બિંદુએ ધર્યો. તે બિંદુ, સર્વ શરીર માંહેલું જ્ઞાન જેમાં રહે છે, તે જ્ઞાનને રહેવાનું પહેલું તત્ત્વ છે. તે દરેક જીવના શરીરમાં જુદું જુદું છે, તે જ્ઞાન, અથવા તે બિંદુનો આકાર, અગર તે બિંદુ, એ ત્રણે પણ નિરાકાર પરમેશ્વર નથી. જે પ્રકાશમય સ્થાનક ઉપર તે ત્રણે રહે છે, તે સ્થાનક નિરાકાર પરમેશ્વર

છે. તેના સ્વરૂપના વિષે જ્ઞાને, પોતાની અભેદ ભક્તિએ રમવું, ને સાધન એ જ કરવું, એ રીતે બિંદુધારણા તથા યોગપ્રકાર કહ્યો.

૬૦. આ પ્રકારના યોગમાં એક મોટો ચમત્કાર એ છે કે, તે નીલવર્ણ મસુરની દાળ જેવું નાનું બિંદુ, પળમાં સગુણ મૂર્તિરૂપ દેખાડીને બીજી પળે બિંદુરૂપે જ રહે છે, તેને જ જોવાની જે પ્રીતિ ઉત્પન્ન થાય છે, તે ઘણી તીવ્ર છે, ને પ્રાણ નાશ થાય, અગર થવાની તૈયારી થાય, તો પણ તે જીવભાવે પણ છૂટતી નથી.

૬૧. તેને લીધે વૃત્તિઓ અને શરીરનું ભૂલવું થઇ, તે જ બિંદુ તરફ જ્ઞાનવૃત્તિ દેખતી રહી, એટલામાં જેમ કમળનાં દાંડા ઉપર કમળ ખીલે છે, તે પ્રમાણે ગળા નીચેની પેટની ગુહા ખીલી, અને વિસ્તીર્ણ થઇ, ને માથાના તાલુનો ને ગળાનો મધ્ય ભાગ, બન્ને સામસામી થતાં જ સમાન સ્થિતિ થઇ.

૬૨. તે વખત માથાની અંદરના સ્થાનક ઉપર જે બિંદુનો પ્રકાશ હતો, તે પ્રકાશ પેટના પોલાણમાં પ્રકાશિત થયો; તેણે કરી પેટના પોલાણ માંહેલો ગુદાસ્થાન થકી જેટલો પવન હતો, તે સર્વ ચંચળપણું છોડીને બિંદુના પ્રકાશમાં તલ્લીન એટલે તદાકાર થઇ ગયો.

૬૩. પછી સાપ જેમ પોતાની કાંચળી ઉતારી જાય છે, તે પ્રમાણે પેટના પોલાણ માંહેલો પવન, તથા તેની અંદર જ્ઞાનનું એકત્વપણું છે, તે ઐક્યભાવનાએ કરી, બિંદુની મૂર્તિ મસ્તકમાં જોઇને સાપની માફક શરીરની કાંચળી છોડીને, નિરાકાર સ્થાનક ઉપરથી માથા માંહેલા બિંદુ તરફ હું ચાલ્યો. ચાલવાનો આધાર બિંદુ તરફ જોવું એ જ. બીજો આધાર નહિ, ને મહેનત પણ

નહિ, ફકત બિંદુ તરફ નજર હોય છે, તેણે કરી બિંદુ તરફ તેનું આકર્ષણ થાય છે,

૬૪. તે વખતે, ઘરમાં બેસવાવાળાને જેમ શરીરથી ઘર જુદું છે એવું દીસે છે, તે પ્રમાણે જ પેટના પોલાણ માંહેલા પ્રાણ-પવનનું શરીર થઇને તેમાં જે મારું જ્ઞાન હતું, તે જ્ઞાનને, શરીર ઘર જેવું જુદું અંદરની પોલાણની બાજુએ દેખાવા લાગ્યું, અને આપણે તેનાથી અલગ છીએ, એવો પ્રત્યક્ષ અનુભવ થયો. તે જ્ઞાન, તે પવનરૂપી શરીરના સમેત, માથા માંહેલા બિંદુએ ધારણ કરેલા, હસતું મુખ અને શ્યામસુંદર આકારની તરફ ગયું. તેને જવાનો માથાની પોલાણમાં એક ઝીણો માર્ગ છે, પણ તે પવનરૂપ માંહેલા જ્ઞાનને તેની કંઇ અડચણ નથી. તે જોવામાં અતિશય સુખ થયું, તે એવું કે અવર્ણનીય.

૬૫. પછી મસ્તકની અંદરના બિંદુમાં, અગર બિંદુની સગુણ આકૃતિમાં, નીચેથી ગયેલો પવન મળી ગયો, ને મુખ્ય જે બિંદુની અંદરનું જાણનારું જ્ઞાન જો હું છું એવું થયું, તો તે જ્ઞાનની, હું નિરાકાર સ્થાનકરૂપ છું, એવી અવસ્થા થઇ.

૬૬. એટલામાં તે બિંદુ તથા તે જ્ઞાન નહિં જેવું થઈ ગયું, તે કેવી રીતે, તો જેમ જેમ દોરી સર્પના આકારે ભાસ્યા પછી, તે ભાસરૂપ સર્પના અનુભવ લેવા જઇએ, તો સર્પનો ભાસ અદૃશ્ય થઇને દોરીનો અનુભવ રહે છે, તેમ હું, બિંદુમાં જ્ઞાનરૂપ કોણ છું, એવું જોવા લાગ્યો, એટલામાં બિંદુ તથા "હું" એવું બિંદુમાં રહેલું જ્ઞાન, બન્ને સર્પભાસની માફક જતાં રહીને, નિરાકાર સ્થાનક રૂપે જ, હું–હુંપણા વગરનો સહેજે અભેદ ભાવનાએ હું રહ્યો.

૬૭. જે પ્રમાણે અરીસાનો લોપ થયા પછી આપણા મુખનું પ્રતિબંબ જોવાનું રહેતું નથી, તે પ્રમાણે શરીર પિંજરની અંદર જે જ્ઞાનનું પ્રતિબિંબ ધારણ કરેલો, સૂક્ષ્મરૂપે નીલવર્ણ પવન છે, તેનો નિરાકાર ધારણાથી નાશ થતાં જ, અંદરનું પ્રતિબિંબિત જ્ઞાન જ જતું રહ્યું, કારણ જેમાં તે હતું તે ઉપાધિ જ ગઇ, એટલે ઉપાધિ સહિત અનુભવ લેવો, કે હું નિરાકાર છું તે ગયું એટલે ઉપાધિ વિનાનો શુદ્ધ નિરાકાર રૂપ જ હું રહ્યો.

૬૮. સર્વ માણસ, પશુ, પંખી વગેરે જીવોના શરીરનું બીજ એ જ છે, હરેક શરીરમાં જુદો જુદો એક જાતનો ઘણો ઝીણો પવન છે, ને શરીરનો તે પવન, શરીરના મૃત્યુથી નાશ પામતો નથી. તે પવનમાં જે જ્ઞાન છે, તે જ્ઞાનના યોગે કરીને, સર્વ જીવોનાં શરીરો ઉત્પન્ન થાય છે, પાલન થાય છે, ને નાશ પામે છે; તો પણ તે સૂક્ષ્મ પવન તથા તેની અંદરનું જ્ઞાન, નિરાકાર સ્થાનક ઉપર રહીને, કર્યાં કર્મના સ્વપ્ન જેવા ભોગ ભોગવીને, ફરી બીજનું ઝાડ થાય છે, તે પ્રમાણે, તે જ પવન તેના જ્ઞાન સહિત, ફરી આ દુનિયામાં, હરેક જીવના દેહનો આકાર ધારણ કરે છે. પણ જેમ જુવારની બાજરી કે બાજરીના ઘઉં થતા નથી, તેમ ફકત ગતિ કરવાવાળા જીવને ફરી જન્મ લેવાનો. નહિ ચાલવાવાળા જીવોના શરીરનો બદલો થાય છે. માણસના શરીર માંહેલા જ્ઞાનને, માણસ અગર હાથી વગેરેના શરીરનો બીજો જન્મ થાય છે, તેમ જ હાથી વગેરે જીવોને માણસ, પશુ, પંખી, હાથી વગેરેનો જન્મ થઇ શરીર આવે છે, એટલે સર્વ જીવનું બીજ, દરેક જીવના શરીરમાં જે સૂક્ષ્મ પવન છે, ને તેમાં જે જ્ઞાન છે, અને તે જ બીજથી શરીર રૂપી ઝાડ થાય છે. કોઈ સમજશે કે કેવળ

સ્ત્રી પુરુષના સંયોગથી ઉત્પતિ થાય છે. પણ તે સંયોગમાં પવન રૂપી બીજ, તેના જ્ઞાન સહિત સૂક્ષ્મતાથી પ્રવેશ કરે છે. તે પ્રવેશ કરનારો પૂર્વે કોણ હતો તે જાણવાની સુક્ષ્મ યોગક્રિયાઓ છે, અને તે ક્રિયાઓ અગર વિદ્યાઓના પ્રયોગોમાં ઇંદ્રિયો કામ આવતી નથી. એટલે આ દુનિયાના ઘણાખરા લોક તેનો અભ્યાસ કરતા નથી, એટલે તેનો અનુભવ આવતો નથી, જેથી પોતાના મનમાં આવે એવો બકવાદ કરે છે. એવું બકવાદ જેવું બોલવાનું ઘણાખરા, હાલમાં અંગ્રેજી દાકતરી કેળવણી લીધેલા લોક, તેમ જ ઈતર લોકો બોલે છે, પણ તે સર્વ વ્યર્થ બોલવાનું કારણ એ છે કે યોગ માર્ગનો અભ્યાસ કર્યો નથી, તેમ જ ઇંદ્રિયથી પર નજર કેળવવાની તકલીફ પણ લીધી નથી, છતાં અમે બધું જાણીએ છીએ, એમ માને છે. પણ હું કહું છું કે તમે જે વિદ્યાઓ મનમાં પણ આણી નથી એવી અનેક વિદ્યાઓ, તમારા જ્ઞાનને ખબર નથી એવી પડી છે, જેથી તમારાં પદાર્થવિજ્ઞાન, રસાયનશાસ્ત્ર કે શરીરશાસ્ત્ર વગેરે જ્ઞાનની યોગ્યતા બહુ ઓછી છે. ખેર! એવા જે સર્વ જીવના દરેક શરીરમાં જુદો જુદો સૂક્ષ્મ પવન અને જુદું જુદું જ્ઞાન છે, તે જ્ઞાનને જ ઇશ્વર કહે છે. ઇશ એટલે ધણી અને વર એટલે શ્રેષ્ઠ એટલે જે શરીરમાં જ્ઞાન છે, તે જ સર્વ ઈંદ્રિયોનો ધણી છે, ને તે સર્વ ઈંદ્રિયોથી મોટું છે, એ સારુ એ જ્ઞાન રૂપને જ ઇશ્વર કહે છે. તે જ્ઞાનરૂપ ઈશ્વરને શરણે જવું, એટલે કે શરીરનો અગર તેની અંદરના અતિ સૂક્ષ્મ પવનનો જે આકાર, તે હું છું એવી કલ્પના છોડી દઇને, કેવળ જે જ્ઞાન તે જ મારું ઇશ્વર રૂપ છે, એવી સ્થિતિ રાખવી, એ જ ઈશ્વરને અનન્ય શરણે જવું. તે શરણ જવાનાં લક્ષણોવાળો હું હતો અને શાન્ત, અનંત અને અપાર સુખનું જ્ઞાનરૂપ જ હું છું એવી ભાવના કરતો રહ્યો હતો.

૬૯. એટલામાં તે સાક્ષીપણું પવનરૂપી બિંદુનો ભ્રમ દૂર થતાં જ ગયું, ને નિરાકાર, અનેક ગોલનું જે એક સ્થાનક છે, ને જે જ્ઞાનરૂપ છે, તે જ અભિમાન વગર હું છું, એવી ભાવના રહેતાં. પોતાના નિરાકાર મૂળ સ્વરૂપના બરાબર સુખના અમલમાં હું રહ્યો. આ મારો કેવળ અનુભવ લીધેલો આખરનો બોધ છે, તે આજ તને કહ્યો જેથી તને જ્ઞાન થાય.

૭૦. ને આ સ્થિતિ તારી પાસે છે, તેનાં લક્ષણ તું ઓળખી શકે તે સારુ તને કહું છું, કે તું જે બખત તને પોતાને, હું શરીર પિંજર નથી, હું પ્રાણ નથી; ને હું મનની કલ્પનાઓ પણ નથી. ને હું–હું કહેનાર શરીરની અંદરના પવનને જ્ઞાનવડે હલાવી, મનમાં ને મનમાં કહીશ કે તે "હું" હું નથી, પણ હું તો શુદ્ધ, નિરાકાર, સ્વપ્રકાશરૂપ, સ્થાનકરૂપ, પરમેશ્વર છું, એવી જયારે કલ્પના કરીશ, તે વખત તારું હું–પણું મરતાં સુધી રહે છે, તે હું-પણું ચિત્રમાં આલેખેલા સાપ જેવું ફકત રહેશે. તેમ જ મરતાં સુધી હું નિરાકાર છું અથવા શરીર છું, એવું જે "છે–પણું" છે, તે ચિત્રના સર્પની જે ફકત છાયા જ છે, તે ભાવનાએ કરી તું નિરાકાર એવો ભાવ ધરીને તું પોતાને જોઇશ; તે વખત તું કેવળ મનથી ને શરીરથી શાન્ત, અને સર્વ સાક્ષીપણા વગરનો થઈશ, ને તું પોતાના સ્વપરનું "એક હું નિરાકાર" એવું સાક્ષીપણું કરીશ ને નિરાંતે બેસીશ.

૭૧. જે પાંચ વિષય, દશ ઈંદ્રિયો ને પાંચ પ્રાણ વગેરેનો, તથા મનની કલ્પનાઓના અસ્તિત્વનો ભાવ છોડીને, નિરાકાર સ્થાનક સ્વરૂપ ઉપર તું વિસામો લઈશ, તે વખત તું નિરાકાર સ્વરૂપનો, વિષય વગર પોતીકા સ્વરૂપ સુખનો અનુભવ, હું જ નિરાકાર છું એવી વૃત્તિથી કરીશ.

૭૨. તે તારી જ્ઞાનવૃત્તિ નિરાકાર સ્વરૂપ હું છું, એવી સ્થિતિમાં ઘણો વખત રહેતી નથી, એનું કારણ એ છે કે, પાંચ પ્રાણ તથા દસ ઇંદ્રિયો સ્થિરતા પામ્યાં નથી, જેથી કરીને એ વૃત્તિ નિરાકાર ભાવનામાં કેટલો વખત રહે છે તે સમજાતું નથી. જેવી રીતે બાળક દડો જમીન પર પટકે છે, ને તે ઊછળે છે, પણ જમીન પર કેટલો વખત રહે તે બરાબર સમજાતું નથી, તે પ્રમાણે નિરાકાર સ્વરૂપની અવસ્થામાં તારી વૃત્તિ કેટલો વખત રહી તે તારાથી સમજાતું નથી.

૭૩. પણ વારંવાર, પોતાના જ્ઞાનથી હું નિરાકાર છું એવું ચિંત્વન કર્યા કરતાં, પૂરો નિશ્ચય થઈ જાય છે કે હું નિરાકાર છું, અને પછી લોક વ્યવહારના ધંધા કરતાં છતાં પણ હું એનો કર્તા કે ભોકતા છું, એવું અભિમાન રહેતું નથી, કારણ કે પોતાના હુંપણાને તથા ઈંદ્રિયોને મિથ્યા છે એમ સમજેલો છે. દોરીમાં સર્પનો ભાસ સમજાઇ ગયો, પછી સર્પનો અનુભવ લેવા જતાં દોરીનો જ અનુભવ આવે છે, તે પ્રમાણે હું-હું એવી શરીરમાં જે કલ્પના છે, તે કલ્પનાએ કરીને હું કોણ છું એવું જેવા જઇએ, એટલે આપણે નિરાકાર સ્થાનક સ્વરૂપ છીએ, એવો અનુભવ થઇને હું હું એવી કલ્પના મૂળમાં જ રહેતી નથી, જેથી તે ઇંદ્રિયોનો વ્યવહાર કરતાં છતાં, અને મોઢે હું કર્તા છું એવું બોલતાં છતાં પણ, નિરાકાર સ્થાનક-રૂપ હું છું. એવા જ્ઞાને કરીને હું હું કર્તાનું અભિમાન મિથ્યા થઇને રહ્યું હોય છે.

૭૪. ને તે અભિમાન વિનાના દેહધારી પુરુષ અગર સ્ત્રીનો વિચાર એવો હોય છે કે, આ ઈંદ્રિયોના પોલા પિંજરમાં પ્રાણપવનો છે, ને તેની અંદર તે શરીરપિંજર તથા પ્રાણને

જાણનાર છે, તે પોલું આકાશરૂપ જેવું છે, જે તે બહારના પોલાણ તથા શરીરની અંદરના પોલાણમાં એક સરખો છે, ને શરીરપિંજર તથા પ્રાણવાયુને તેણે આપીને પકડેલું છે, ને તે જ શરીરની અંદરનું હુંપણું છે.

૭૫. ને તે હુંપણાએ કરી નિરાકારરૂપ જ હું છું એવી સ્થિતિ પકડીને, શરીરનો મરણ સમય આવ્યો હોય, તો તે હુંપણું જે પ્રાણપવનમાં છે, તે પ્રાણવાયુનો તમામ નાશ થઈને, લોહી, મગજ વગેરેનો નાશ થઇને, "હું નિરાકાર" એવી સ્થિતિ ધરનારા અંતઃકરણરૂપી આકાશરૂપમાં મળે છે, ને તે આકાશરૂપ પણ નહિ જેવું થઇ જાય છે, તે એવી રીતે કે જેમ પડછાયાના જમીનરૂપ કિરણોએ પાણી શોષણ કરીને ઉડાડયું, એટલે પ્રતિબિંબનો આકાર ક્યાંય રહેતો નથી, તેમ હુંપણારૂપી જ્ઞાને સૂક્ષ્મ પ્રાણપવન, "હું નિરાકાર સ્થાનકરૂપ છું" એવી ધારણાના યોગે કરી ઉડાડયો, એટલે હુંપણું પણ, પ્રતિબિંબનો નાશ થતો નથી, તેમ સૂક્ષ્મ પ્રાણપવનથી જ્ઞાનરૂપ હુંપણાનો નાશ થતો નથી. ને જેથી પ્રતિબિંબરૂપ સૂર્ય પાણીને ઉછાળીને નહિ જેવો થઈ જાય છે, તેમ જ હું નિરાકાર એવી ભાવના કરનારો, અંતકાલે પ્રાણપવનનો નાશ કરીને, પોતે અભિમાન વગરનો થાય છે. પણ પાણીની તો વરાળ થઇને પણ રહે છે, પણ જે પવનનો નાશ થયો તે મુદ્દલજ રહેતો નથી, ને હુંપણું રહેતું નથી, એટલે જન્મ મરણના ફેરામાં આવવા જવાનું રહેતું નથી.

૭૬. કેવળ હું નિરાકાર, એક, સ્થાનક, અનેક ગોલોનો આધાર છું, તે જ અભિમાન છતાં હું છું, ને તેજરૂપ જ્ઞાન તથા સુખરૂપ હું રહ્યો, ને હું નિરાકાર છું એવી કલ્પના, અથવા મને મારું સ્વરૂપ જણાતું નથી, વગેરે તે સ્વરૂપ વિષે કલ્પિત

બોલવું રહ્યું જ નહિ, કેમકે તે નિરાકારરૂપે બોલીએ, તો નિરાકારને વાચાજ ક્યાંથી હોય ? ને મનોમય બોલીએ, તો સૂક્ષ્મ પવનને મનમાં બોલતી વખતે હલાવવો પડે છે, તે પવન મારા નિરાકાર સ્થાનકરૂપમાં છે જ નહિ, તેથી હું-હું એવી કલ્પના "નિરાકાર-રૂપ હું" એવી નજરે મને રહી નહિ, ને નિરાકાર સ્થાનકરૂપ જે હું, તે મારા જ્ઞાન રૂપે, કેવળ સુખથી ને ડર વગર હું એકલો શાન્તિનો અનંત અપાર એવો જ છું એમ રહ્યું.

૭૭. ને તે રૂપેકરી હું નિરાકાર એવી ભાવના કરું, તો શરીરની અંદરના સૂક્ષ્મ પ્રાણુને પકડ્યા વગર ભાવના થતી નથી. એકલો જ હું નિરાકાર, તેથી હું નિરાકાર, એવી ભાવના કરવા જેટલું દ્વૈત, એટલે હું-તું પણાનો અંશ જ રહ્યો નહિ, જેથી કલ્પના રહી જ નહિ.

૭૮. હવે આ દુનિયામાં જેને આકાશ કરીને કહે છે, તે જ હું નિરાકાર છું એવું નથી, કારણ જ્ઞાનના અવકાશમાં દુનિયાને જ્ઞાનનો ભાવ હોય છે, તે સારુ જ્ઞાનનું નામ સૂક્ષ્મ અંતઃકરણરૂપી આકાશ એવું છે.

૭૯. ને તે દુનિયાને જાણુવાનો ભાવ જે જ્ઞાનમાં રહ્યો નથી, તો બ્રહ્મ જે સર્વથી મોટું, એક, સ્થાનકરૂપ, નિરાકાર જ રહ્યું, દુનિયાનું જ્ઞાન છતાં પણ, બ્રહ્મ નિરાકારમાં કંઇ કમતી થયું, એવું પણ નથી. અને તું દુનિયા તથા દુનિયાનું જાણુવું એ બન્ને કેવાં છે એવું પૂછીશ, તો જલ છે ત્યાં સુધી પ્રતિબિંબ છે, ને જલ નથી તો પ્રતિબિંબ પણ નથી; તે પ્રમાણે સૂક્ષ્મ પ્રાણુ છે, ત્યાંસુધી તેમાં જ્ઞાન છે, ને સૂક્ષ્મ પ્રાણુને સ્થાનક સ્વરૂપમાં જ્ઞાનથી અભેદ જોઇએ, તો તે મિથ્યા

ઠરે છે. તો તે પ્રાણ માંહેલું જ્ઞાન પણ મિથ્યા થયું પણ એક નિરાકાર, અવિચલરૂપ જેવું ને તેવું જ છે.

૮૦. એવો હું નિરાકાર સ્થાનકરૂપે કરી, સાત દિવસ અને સાત રાત રહ્યો. પછી મસ્તકમાં જે નીલવર્ણ મસુરની દાળ જેવડું બિંદુ પેદા થઇને. તેણે પાંચ પ્રાણનું આકર્ષણ કરીને, તે બિંદુ, બિંદુને જાણનારા જ્ઞાનમાં લીન થયું હતું, તે પ્રમાણે ફરી શરીરમાં જ્ઞાન પ્રગટ થયું, તે કેવી રીતે તે કહું છું; સાંભળ.

૮૧. આ જે પૃથ્વી, જલ, તેજ, પવન ને આકાશ મળીને પાંચ મહાભૂતો છે, તેના પાંચ ભૂતાત્મક અનેક ગોલના આકર્ષણે કરીને, આસન તથા યોગમુદ્રા વગેરેનું બંધન છૂટીને મગજ ચલાયમાન થયું, પછી શ્વાસોચ્છ્વાસ શરૂ થઇને શરીરમાં સર્વ ક્રિયાઓ ચાલવા લાગી.

૮૨. ને હું-હું એવું જ્ઞાન જે પવનમાં રહે છે, તે પહેલાંનો પવન, તથા તે જ્ઞાન ગયું હતું. પણ નવો નીલવર્ણ મસુરની દાળ જેવડો ફરી પવન પેદા થઇને, તેમાં તે સાથે જ્ઞાન પણ પેદા થયું, ને તે બિંદુરૂપ પવન સર્વ ઇંદ્રિયો, તથા સર્વ પ્રાણોમાં ફેલાયો, તેણે કરી સર્વ શરીરમાં જ્ઞાન પેદા થયું, તે એવી રીતે કે જેમ વાસણમાં પાણી આવ્યું, એટલે સૂર્યનું પ્રતિબિંબ તરત દેખાય છે, તે જ પ્રમાણે સર્વ ઇંદ્રિયોમાં પવન પ્રગટ થતાં જ, જ્ઞાન પ્રગટ થયું.

૮૩. પણ તે જ્ઞાન વારંવાર નિરાકાર સ્વરૂપમાં લીન થવા લાગ્યું, ને ફરી ફરી વિષયો અને ઇંદ્રિયોનું સાક્ષીપણું કરવા લાગ્યું. તે આનંદનો અંત જ નથી, ને તેનું વર્ણન વાણીથી કરી શકાતું નથી, તો પણ તેનું કંઇક લક્ષણ કહું છું, તે સાંભળ.

૮૪. શરીર પિંજરની અંદર જે જ્ઞાન છે, તે જ્ઞાન, પાંચ વિષય તથા દશ ઇંદ્રિયો એકાએક ભૂલાઇ ગયાં, અને હું નિરાકાર ને શાન્ત સ્થાનકરૂપ છું અને ચંદ્ર, વીજળી કે તારાના પ્રકાશથી કંઇ જુદા જ પ્રકાશવાળો, શીત તથા ઉષ્ણતાથી પણ ભિન્નતાવાળો પ્રકાશકરૂપ નિરાકાર હું છું એવું જણાયું. અનેક ગોલો છે એમ કહેવું, તથા નિરાકાર સ્થાનકરૂપને કંઇ રૂપ જ નથી એમ કહેવું, એ બન્ને એકાએક ઉદય પામવા તથા તરત જ નાશ પામવા લાગ્યાં. શરીરનું જ્ઞાન થતાં તેનો લય પણ થયો, ને વિષય તથા હું-પણું ક્યાં ગયું ને ક્યાંથી આવ્યું, તેવી આનંદની લહેરો ઉપર લહેરો આવવા લાગી.

૮૫. એ પ્રકારના રાજયોગ તથા આત્મજ્ઞાનની જે નિશાની, તે મારા પોતાના અનુભવમાં આવી, તે તને જણાવી. એવા અનુભવનાં સ્ત્રી પુરુષો આ દુનિયામાં ઘણાં ઓછાં છે. ઘણું કરીને જેને આવો અનુભવ થયો છે, તે જ પુરુષ લોકોને ઉપદેશ કરવાને, તથા સર્વ સંશય શબ્દ માત્રથી તોડવાને સમર્થ હોય છે.

૮૬. અનુભવનો મુખ્ય પ્રકાર એ છે કે, શરીરની અંદરના સૂક્ષ્મ પવનની અંદર રહેલ જ્ઞાન તે જ મુખ્ય શકિત છે. તે જ્ઞાન-શકિતવડે, હું નિરાકાર છું એવી ધારણા પકડીને, શરીરનો ત્યાગ કર્યો હોય, તો એ સૂક્ષ્મ પવનરૂપી પ્રાણ તથા એની અંદરની જ્ઞાનશકિત મૂળમાં જ રહેતી નથી, તેથી તે જીવનાં સારાં કર્મનો સુખભોગ કે ખરાબ કર્મનો દુઃખભોગ ભોગવવા સારુ, મૃત્યુ પછી જે સ્વપ્ન જેવી કરેલાં. કર્મની દુનિયા પેદા થાય છે તે થતી નથી, ને તે પછી પુનર્જન્મ પણ આવતો નથી; કેમકે હુંપણાનું અભિમાન રહેતું નથી, તેથી ભોગ ભોગવનારો રહેતો નથી.

૮૭. મૃત્યુ પછી, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ પાંચે વિષયોનાં સુખ ભોગવવાની ઇચ્છા, અને તેનું હુંપણું સૂક્ષ્મ પ્રાણમાં રહે છે, તે હું નિરાકાર છું, એવા જ્ઞાનની ભાવના વગર નષ્ટ થતી નથી. નિરાકાર સ્થાનકની ધારણા વગર સૂક્ષ્મ-પ્રાણ નષ્ટ થતા નથી, એટલે તેની અંદરનું જ્ઞાન તથા ઈચ્છાઓ પણ એમ જ રહે છે. તેણે કરીને કલ્પનાના બનેલા આકાર જેવા આકાર, દરેક જીવના ગર્ભથી ઉત્પન્ન થાય છે, તે જ પુનર્જન્મ છે. મૃત્યુ વખતે જેને, હું નિરાકાર સ્વપ્રકાશ જ છું એવી ભાવના હોય છે, તો તેના વડે સૂક્ષ્મ પ્રાણ, તથા તેની અંદર રહેલ હું-પણું બન્ને નાશ પામે છે, તેથી તેને જન્મ મરણ રહેતું જ નથી.

૮૮. એટલા માટે જ મેં તને ફરી ફરી કહ્યું, તે તું પોતાને સ્થાનકરૂપ છું એવા વિચારની નજરે અનુભવીને જો; શરીરપિંજર તથા તેની અંદરનો પ્રાણ તથા મનની કલ્પનાઓ હું નથી એવું જાણ; એટલે તું દેહને અલગ રીતે જાણીશ. જાણનારો જાણવાની વસ્તુથી અલગ જ હોય એ ન્યાયે, હુંપણાને પણ અલગ જાણીશ, જેથી તને સમજાશે કે તે તું નથી, પણ કલ્પના ન કરનારો, નિર્વિકલ્પ નિરાકાર રૂપ તું છે, એવો અનુભવ લઇને નિશ્ચય રાખ. એટલે પાંચ વિષયરૂપ સંસારસમુદ્ર તને ભય આપશે નહિ, ને નિરંતર શાંતિ રહેશે. આ પ્રકારના સાતમા શ્લોકના તારા પ્રશ્નનો આ ઉત્તર છે.

૮૯. હવે તું કહીશ કે, એવો જે નિરાકાર રૂપ હું જે જ્ઞાની પુરુષ, તેને ભૂખ તથા તરસ લાગવાં ન જોઈએ, કારણ કે હું તો શરીરનો સાક્ષી એટલે જાણનારો ઇશ્વર જ થયો, તો પછી શરીરના વિકાર કેમ થાય છે ?

૯૦. તેનું કારણ એ છે કે, જે નિરાકાર હું સમજયો,

તે મૂલથી જ નિરાકાર હતો ને છે, કોઇની નજરે આવતો જ નથી, ને જે લોકોને જોવામાં આવે છે તેનાં જ ભૂખ તરસ વગેરે ધર્મ છે. ભૂખ તરસ એ પ્રાણના ધર્મ છે, હર્ષશોક મનના ધર્મ છે. અને જન્મમરણ તે શરીરના ધર્મ છે.

૯૧. પણ હું નિરાકાર રૂપ જ છું, એવું સમજનારો જ્ઞાની નિરાકાર રૂપ જ છે, શરીરપિંજરનો તમોગુણ, પ્રાણવાયુનો રજોગુણ, તથા અંતઃકરણ, મન, બુદ્ધિ, ઈત્યાદિના સત્ત્વગુણ, એ ત્રણે ગુણને, ભૂખતરસ, હર્ષશોક, જન્મમૃત્યુ છે; છતાં પણ તે ધર્મો નિરાકાર સ્થાનકરૂપ જ્ઞાનીને સ્પર્શ કરી શકતા નથી. કારણ કે તેને તે ગુણધર્મોનું સાક્ષીપણું જ નથી. તે તો શાંત, અનંત અને અપાર છે. અને તેવો તે લોકની નજરથી છુપો છે, એટલે એ ધર્મો એને નથી, એવી લોકોને ખબર પડતી નથી.

૯૨. જ્ઞાની પોતાના નિરાકાર સ્વરૂપે, હર્ષશોક તથા દુનિયાના જ્ઞાન અજ્ઞાનથી પણ જુદો પોતાને સમજે છે, અને તે નિરાકાર સ્થાનકરૂપનો આનંદ સહેજે ભોગવે છે.

૯૩. અને આ તરફ અંતઃકરણ-પ્રાણની અંદરનું જ્ઞાન-તે ઇંદ્રિયો વડે વિષયોનો ઉપભોગ કરે છે, પણ તે અંતઃકરણ, આત્મ જ્ઞાનના બળે કરીને, શરીરનું અભિમાન ધરાવતું નથી, એટલે નિરાકાર સ્વરૂપથી હું જુદો નથી, એવી ભાવનાથી જ રહે છે.

૯૪. આ જ પ્રકરણના પાંચમા તથા છઠ્ઠા શ્લોકમાં જે પ્રશ્ન છે તે પ્રશ્નો કરનાર, ઉત્તમ ગુણવાળા અને સારા ભાગ્યવાળા શિષ્યે, આ પ્રમાણેના ઉત્તર સાંભળ્યા, જેથી તેને અનહદ હર્ષ થયો, ને તેમાં તે ડૂબવા લાગ્યો કે "મને કંઇજ કરવાનું બાકી રહ્યું નથી; અને હે સદ્‌ગુરુ મહારાજ! તમારા શબ્દોનું સામર્થ્ય પ્રત્યક્ષ મારા અનુભવમાં આવ્યું છે.

૯૫. એટલે આત્મજ્ઞાનનો જે કંઇ વિચાર છે, તે હું સારી પેઠે સમજ્યો છું. હવે સર્વ ભોગ ભોગવીને હું ન ભોગવતો રહું એવો સ્પષ્ટ ભાવ મને કહો."

૯૬. ગુરુએ કહ્યું; "હે શિષ્ય! બીજા ભાગમાં પંચકોષ કહીશ ને તું ભોકતા છતાં અભોકતા સાક્ષી છે, એવું પણ દેખાડી આપીશ"

૯૭. એ સર્વ વિદ્યા શ્રી દત્તાત્રયની કૃપાથી, ત્રિવિક્રમાચાર્ય, એટલે ગ્યાલીઅર પ્રાન્તમાં જે નારાયણ બાવાના નામથી ઓળખાય છે તેમને મળી, ને શાન્તિ પ્રાપ્ત થઈ. તેમનાથી સખારામ બાવા કાલીઆ છે, તેમને પણ તે વિદ્યાનું પૂર્ણ જ્ઞાન થયું,

૯૮. તેઓની કૃપાથી હું વિષ્ણુ નામનો બ્રહ્મચારી, દત્ત સંપ્રદાય લીધા પછી જંગલમાં સહેજે નિર્વિકલ્પ સમાધિ તથા નિરાકારનું તદાકારપણું પામ્યો.

૯૯. તે જ્ઞાન ઘણા દુઃખી લોકોને, તેમ જ ઘણા વૈરાગ્યવાનોને મેં કહ્યું: ને જેમણે પ્રશ્ન કર્યા તેમને, અને ન કર્યા તેમને પણ મેં કહ્યું: તે જ જ્ઞાન હું શિષ્યના બહાનાથી સર્વ લોકોને આપું છું, પણ જે વિવેક બુદ્ધિથી મન લગાડીને સમજશે તે સ્વ સ્વરૂપ જે નિરાકાર સ્થાનક, તે રૂપ થઇને કંઈ જ મહેનત વગર સુખરૂપજ થઈ રહેશે.

૧૦૦. આ '**ભાવાર્થસિન્ધુ**' ગ્રંથના પહેલા ભાગના સો શ્લોક છે, તેમાં કલ્પના વગર, વિષયભોગની ઈચ્છા વગરનાને, નિરાકાર સ્વરૂપની ભાવના થતાં જ આનંદ પ્રાપ્ત થાય છે, ને પોતે નિરાકાર આનંદ સ્વરૂપ છે એમ જણાય છે તે કહ્યું છે: આવો વિચાર કરવાની ટેવ સર્વને પડે એવો મારો, **વિષ્ણુ શર્મા બ્રહ્મચારીનો આશીર્વાદ છે.**

# બીજો ભાગ

૧. ભાવાર્થસિન્ધુના પહેલા ભાગના સો શ્લોકોમાં નિરાકાર સ્થાનકરૂપ, શાન્ત, પરમાત્માને પોતાનો આત્મા એટલે ઇશ્વર, તેનું એકત્વપણું કેવું તે, તથા વિષયભોગથી જુદું સહજ સુખ કેવું તે કહ્યું. હવે તેની આખરમાં, હે શિષ્ય! તેં પ્રશ્ન કર્યો કે સર્વ વિષયભોગ ઈંદ્રિયોએ કરી ભોગવતો છતાં, હું કંઇ જ ભોગવતો નથી, એવી સ્થિતિ મને કહો, તે હવે એકસો એક શ્લોકના બીજા ભાગમાં, ભોગીને ભોગ વિના કેમ રહેવું, તે રહેણી તને કહું છું; મન લગાડીને સાંભળ.

૨. હે શિષ્ય! તારા નિરાકાર સ્વરૂપને, પાંચ વિષય, દસ ઇંદ્રિયો, પાંચ પ્રાણ, તથા મનની કલ્પનાઓનું ભાન જ નથી, અને તેઓનો ભોગ પણ નથી. ઈંદ્રિયોનું પિંજર, તથા પ્રાણની અંદર જે જ્ઞાન છે, તે અંતઃકરણ કહેવાય છે, તેને જ ઈંદ્રિયો, પ્રાણ તથા મનનું સાક્ષીપણું એટલે જાણવાનો ભોગ છે; પણ તે અંતઃકરણને એવું જ્ઞાન નથી, કે જેને હું જાણું છું તેનાથી હું જુદો છું, એટલે તેને એમ લાગે છે કે સર્વ ભોગ મને જ થાય છે. જો તે જાણે કે હું શરીર માંહેલા પ્રાણવાયુની અંદરનું જ્ઞાન છું ને હું આકાશ જેવો જ છું. ને મને જાણવાપણાનો ભોગ છે, પણ તેથી હું લેપાયલો નથી, જેમ પાણીથી કમળ અલિપ્ત છે તેમ, તો તેને નિરાકારપણાના જ્ઞાનની પ્રાપ્તિ થાય.

૩. બીજો દાખલો એ છે કે, સ્વપ્નમાં સુખદુઃખ ભોગવનારો, જાગ્યા પછી સ્વપ્નનું સાક્ષીપણું જાગ્યાપણામાં હોવા છતાં પણ સ્વપ્નનું સુખદુઃખ ભોગવતો નથી; તેવી જ રીતે પાંચ કોષોનો તુ સાક્ષી છતાં સ્વપ્નદેહને જેમ "હું" જાણે છે, તેમ પાંચ કોષોને 'હું છું' એમ જાણવાથી જ તને સુખદુઃખ થાય છે. તું જો જાણીશ કે જેમ જાગ્રતપણામાં સ્વપ્નનું સાક્ષીપણું છે, પણ સ્વપ્નનાં સુખદુઃખના ભોગ નથી, તેમ જ પાંચ કોષનો તું સાક્ષી છે, પણ પાંચ કોષના સુખદુઃખનો તું ભોક્તા નથી, તો તું પાંચ કોષના સાક્ષીપણાનો એટલે જાણવાપણાનો ભોગ ભોગવ્યા છતાં, તેનાં સુખદુઃખનો ભોગવનારો હું નથી, એટલે ભોગવ્યા છતાં પણ હું અભોક્તા છું એવી સમજણ રાખ.

૪. પાંચ કોષ શું છે એ સમજાયા પછી, ભોગવીને અભોકતાપણું આવશે એવું કહું છું, તે પોતાના જ્ઞાન વડે દૃઢ વિચાર કરીને પકડ.

૫. હે શિષ્ય ! પાણી અંદરના જીવોનાં અંગ ઉપર શંખલા, ભીંગડાં વગેરે જેમ કઠણ કોષ (ઢાંકણુ) હોય છે તેવા પાંચ કોષ છે. તેવી જ રીતે તું પોતે જ્ઞાન સ્વરૂપ છતાં, "હું હું"ની કલ્પના કરનારો છે, તે તારા ઉપર પૃથ્વી, પાણી, તેજ, પવન અને આકાશના પંચભૂતાત્મક પાંચ કોષ છે.

૬. ને જેમ પાણીના જંતુનાં અંગ ઉપરના શંખલા વગેરે કોષ ફૂટી જાય તો જંતુ મરી જાય છે, તે પ્રમાણે જ તારા પંચકોષ વિચારની દૃષ્ટિએ મિથ્યા ઠર્યા, એટલે તારું પંચકોશનું જાણવું (જ્ઞાન) તે પણ મિથ્યા જ થઈને, તું જગતના સાક્ષીપણાથી જુદો, જેવો ને તેવો નિરાકાર રહીશ; પણ પંચકોષ હતા તે ગયા, ને હું પછી નિરાકાર થઇને રહ્યો એવા ભેદથી રહીશ નહિ.

૭. એટલે તું એમ સમજ કે હું આ પંચકોષરૂપ નથી. જેમ કોઈ વેશ લેનારો અનેક પ્રકારના વેશ લે છે ને જેનો વેશ લે છે, તે જ હું એવું દેખાડે છે, છતાં તે પોતાના મનમાં જાણે છે કે તે વેશથી તે જુદો છે, તેના જેવું એ છે.

૮. તેવી રીતે, પાંચકોષના વેશથી, તું પોતે પોતાને પાંચકોષનો જાણનારો સાક્ષી હું જુદો છું એવું જાણીશ, તો જ જેમ આંધળાનો વેશ લેનારને અંધાપાનું દુઃખ નથી, તેમ પંચકોષના વેશ લેનાર તને પંચકોષનાં સુખદુઃખ નથી. એવું નહિ સમજે તો ગભરાઈ જઈશ ને અસુખમાં રહીશ.

૯. એ પંચકોષ એટલે અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય છે.

૧૦. આ પાંચકોષની સાથે, તું સુખદુઃખ ભોગવતો નજરે આવીશ, પણ તું તો જ્ઞાનસ્વરૂપ, પંચકોષને જાણનારો તેઓથી જુદો છે, ને તે પંચકોષનું જાણવાપણું (જ્ઞાન) ભોગવીને સુખદુઃખથી તું જુદો છે.

૧૧. ને લોહી તથા વીર્યથી હાડકાં, માંસ, ચામડી, વાળ સુદ્ધાંત જે શરીરપિંજર પેદા થયું છે, તે જ અન્નમય કોષ જાણવો; ને તેમાં જ પ્રાણ, અપાન, સમાન, વ્યાન ને ઉદાન નામના પાંચ પ્રાણવાયુ છે, તેનો સ્વભાવ ને ક્રિયાઓ તે જ પ્રાણમય કોષ છે.

૧૨. કાન, ચામડી, આંખ, જીભ, નાક, આ પાંચ જ્ઞાનેન્દ્રિયોથી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ આ પાંચ વિષયો જણાય છે; ને વાચા, હાથ, પગ, જનનેન્દ્રિય અને ગુદા આ પાંચ

કર્મેન્દ્રિયોથી અનેક ક્રિયાઓ થાય છે, તેમ જ માથાની અંદર ને આંખો માંહેલી બાજુએ અનેક પદાર્થોની આકૃતિઓ સૂક્ષ્મ પવન ને સૂક્ષ્મ વિદ્યુત્ કરે છે, તથા અનેક વિચારો કરે છે. એ કરનાર તે જ કલ્પિત જ્ઞાનરૂપ મનોમય કોષ છે.

૧૩. તે મનોમય કોષરૂપ જ્ઞાનવૃત્તિ વડે હું નિરાકાર સ્થાનક-રૂપ છું એવો નિશ્ચય પકડીએ, એટલે તે નિશ્ચયનું નામ વિજ્ઞાનમય કોષ છે. કેમકે હું નિરાકાર સ્થાનકરૂપ છું, એ વિશેષ જ્ઞાન એમાં છે તેથી જ તે વિજ્ઞાન કહેવાય છે.

૧૪. ને એવા વિજ્ઞાનમય કોષની ધારણાએ કરી, વિષય, ઈન્દ્રિયો તથા પ્રાણ તેનો શરીરના અંદરના જ્ઞાનને ભાવ રહેતો નથી; તે નિરાકાર સ્થાનકરૂપ જ હું છું, એવો ભાવ થાય છે, તેણે કરી ઘણો આનંદ પેદા થાય છે, તેનું જ નામ આનંદ-મય કોષ છે.

૧૫. એ પાંચ કોષોને પણ જાણનારો, એટલે તેનો સાક્ષી તેનાથી હું જુદો છું, એમ સમજવાનું છે; કેમકે જે જેને જાણે છે તે તેનાથી જુદો હોય છે. એટલે અન્નમય કોષના શરીર પિંજરને તો તું જાણે છે. પ્રાણમય કોષ તથા પાંચ પ્રાણોની તને ખબર છે. મનોમય કોષ એટલે મનની કલ્પનાઓ વગેરે તને માલૂમ છે. વિજ્ઞાનમય કોષ એટલે હું નિરાકાર સ્થાનક છું એવો ભાવ, તેની પણ તને ખબર પડે છે; અને ખુશી થાય છે તે આનંદમય કોષની પણ તને ખબર પડે છે. એટલે એ પાંચે કોષને જાણનારો, હું પાંચ કોષથી જુદો સ્થાનકરૂપ છું, એવો પોતે પોતાને જો. નિરાકાર સ્થાનક તો ઇંદ્રિયો તથા મનથી જણાતું નથી, ને તેને જાણવા મન લગાડતાં મન જ નષ્ટ થાય છે, એટલે

નિરાકાર નજરે ન પડનારું તથા મનમાં ન સમાનારું છે. એ નજરે ન આવનારા ને મનમાં ન સમાનારા ઉપર નજર તથા મન રાખીશું, તો મન જ નહિ જેવું થઈ જશે; એ પ્રમાણે અનુભવ કરીને હે શિષ્ય ! સુખી થા".

૧૬. શિષ્ય કહે છે, કે "ગુરુ મહારાજ ! આપે પાંચ કોષને અહેવાલ ટૂંકમાં કહ્યો તેથી હું ઘણો જ સુખી થયો, અને તે નિરાકાર સ્વરૂપના સુખનું વર્ણન વાણી વડે થઇ શકે એમ નથી.

૧૭. એટલે મને એ પંચ કોષ વિષે હજુ વિસ્તારથી સાંભળવાની ઇચ્છા છે." આથી સદ્‌ગુરુ પ્રસન્ન થઇને બોલ્યા કે, "તારું મન શાંત થાય એમ વિસ્તારથી કહું છું, તે સાંભળ.

૧૮. "હે શિષ્ય ! હાડ, માંસ, ચામડીનું જે પિંજર તે જ અન્નમય કોષ, ને નટ જેમ વેષ લે છે તે પ્રમાણે અંતઃકરણથી તેં વેશ લીધો છે. તું પૂછીશ કે અંતઃકરણ એટલે શું ? તો કરણ એટલે જે દશ ઈંદ્રિયો તેની અંદરનું વિષયોને જાણનારું જ્ઞાન તે જ અંતઃકરણ. તે પરમાણુઓનું બનેલું નથી, તેમ જ અણુ પરમાણુના આકાર જેવું નથી, પણ પોતે તેવો છે એવી કલ્પના કરવી, ને તેને વિસ્તારવી અગર તો તે કલ્પના જ નષ્ટ કરવી, ને પોતે પોતાને ઓળખીને પોતાનાં નામરૂપને મૂકવું, તે અંતઃકરણનું લક્ષણ છે. તે અંતઃકરણનો આકાર અખંડ નિરાકાર સ્થાનકના હોવાપણાનો ન થનારા અભાવ જેવો છે; અને તે જ આકાર જે આ જગતનું જે મૂળ કારણ, તે અજ્ઞાન છે. હવે અંગ્રેજ વગેરે લોકો કહે છે કે અજ્ઞાનથી દુનિયા કેમ થાય ? પણ તેઓ શબ્દાર્થ બરાબર સમજતા નથી. દુનિયાને જાણનાર જે સર્વ જીવનું જ્ઞાન, તે જ નિરાકાર વસ્તુ જાણવા માટેનું અજ્ઞાન. એટલે

નિરાકાર પરમેશ્વરનું જે જ્ઞાન તે દુનિયાને જાણવા વાસ્તે અજ્ઞાન છે, જડાકાર ઇંદ્રિયોને દુનિયાનું જ્ઞાન છે, અને તેનાથી પર નિરાકારથી નિરાકારનું જ્ઞાન છે, એટલે નિરાકારના જ્ઞાનમાં દુનિયાનું જ્ઞાન નથી. એથી નિરાકારના જ્ઞાન સાથે, દુનિયાની ઉત્પત્તિને જાણવાનું જ્ઞાન તે અજ્ઞાન છે, એટલે જ દુનિયા અજ્ઞાનથી થઈ છે એમ કહેવામાં આવે છે. એટલે એમ સમજવું કે દુનિયાનું અસ્તિત્વ જે જ્ઞાનમાં છે, તે જ્ઞાનને નિરાકારના અસ્તિત્વની ખબર નથી. જેથી દુનિયાના અસ્તિત્વનું મૂળ જે જ્ઞાન, તે નિરાકાર પરમેશ્વરના વિષે અજ્ઞાન છે. એથી સૃષ્ટિ આદિનું મૂળ જે પરમેશ્વર છે, તેને જાણવાનું જ્ઞાન તે નથી, તેથી તેવા જ્ઞાનનો અભાવ એ જ અજ્ઞાન, અને તે જ જગત્‌નું મૂળ છે. હવે એ અજ્ઞાન થયું કોને, એમ કોઇ પૂછે, તો એનો ઉત્તર એ કે નિરાકારના જ્ઞાનને જેવું અજ્ઞાન અને અસ્તિત્ત્વ નથી, તેમ જ જેને અજ્ઞાન થયું તેને નિરાકારના રૂપ જેવું અસ્તિત્ત્વ નથી. કોઇ કહેશે કે દુનિયા છે તેથી તે સાચી છે એવી લાગે છે, તો તેનો ખુલાસો એ જ કે તું દુનિયાને છે કહેનારો તું પોતાને જો, એટલે સાચું જુઠું એ બંનેનાં મૂળ જ તૂટશે. એવા અંતઃકરણનો જે આકાર સ્થાનક રૂપ જેવો છે, તે રૂપે કરી તું અન્નમય કોષ, વીર્ય, લોહીથી થએલો છે, તે એક પ્રકારનો વેશ છે. જેમ વેશધારી વેશનો ભોગ ભોગવીને પોતે તેનાથી જુદો છે, તેમ તું પણ અન્નમય કોષના ભોગ ભોગવતો છતાં અભોક્તા છે.

૧૯. તું અન્નમય કોષને જાણે છે કે તું તેનાથી અલગ છે, નિરાકાર, સ્વપ્રકાશ સ્થાનક જેવો છે, ને જેવી નિરાકારની કલ્પના થઇ શકતી નથી, તેવી સાક્ષીરૂપની પણ કલ્પના થતી

નથી. તેવો તું તેનો જાણનારો સાક્ષીરૂપ છે. એ અન્નમય કોષનું વર્ણન હવે કરું છું.

૨૦. આ અન્નમયકોષનાં પાંચભૂતો છે. તેમાંથી પૃથ્વીના ભાગ તે કોષમાં પાંચ છે; વાળ, ચામડી, હાડ, માંસ અને નસો. જળના પાંચ ભાગ, લાળ, મૂત્ર, લોહી, વીર્ય અને પરસેવો છે.

૨૧. અન્નમયકોષમાં અગ્નિના પાંચ ભાગ છે: ભૂખ, તરસ, આળસ, નિદ્રા અને મૈથુન. વાયુના પાંચ ભાગ તે શરીરનું ચલન, દોડવું, શરીર ન હલાવતાં રોધ કરીને ઊભા રહેવું, હાથ, પગ તથા સર્વ અંગો ફેલાવવાં, પેટના વિષે ઢીંચણ ચઢાવીને તમામ શરીર ગાંસડી જેવું કરવું, એ પાંચ પવનના ભાગ છે.

૨૨. આકાશના પાંચ ભાગ આ પ્રમાણે છે. એકાએક કામ, ક્રોધ, લોભ, મોહ, ભય એ પેદા થયાં કે શરીરને સ્તબ્ધ-ન હાલનારું કરી નાંખે છે, ને ચારે ભૂતોમાં ફેરફાર થાય છે, એ જ આકાશ તત્ત્વનો ભાગ છે. એ પાંચે કોષનો આકાર કોથળી જેવો છે, તેથી કોષ કહેવાય છે. અનાજથી જ ઉત્પત્તિ, તેનાથી જ પોષણ, ને અન્ન ઉત્પાદક પૃથ્વીમાં જ તેનો નાશ, તેથી એ અન્નમયકોષ કહેવાય છે.

૨૩. આ પંચ ભૂતાત્મક અન્નમય કોષને ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ એમ ત્રણ વિકારો છે, તે તે કોષને માલૂમ પડતા નથી, કારણ કે તે જડ છે ને અજ્ઞાનમય છે. તે પાંચભૂતોના પચ્ચીસ ભેદના આકારને જાણનારો જે તું છે, તે તને અન્નમય કોષની ઉત્પત્તિ, સ્થિતિ કે સંહાર એ ત્રણે વિકારો નથી. તું જાણનારો, સાક્ષી નિરાકાર છે. નિરાકારનો ભેદ નજરે જાણવામાં ન આવે,

તેમ જ તેનાં પ્રતિબિંબના ન્યાયે જે સાક્ષી, તે પણ ભેદ નજરે જણાય નહિ, પણ હું સર્વને જાણનારો એટલે સર્વનો સાક્ષી છું એવું જાણીને જ તારે રહેવું.

૨૪. તું પણ, તારો અન્નમય કોષ એ જ તારું શરીર એમ જાણે છે, એટલે "મારું શરીર" એમ કહે છે. પણ "હું શરીર" કહેતો નથી, કારણ કે તેને જાણનારો તું તેનાથી જુદો છે, તે જ તું અંતરાત્મા, અન્નમયકોષના સાક્ષીપણાનો ભોગ ભોગવ્યા છતાં અભોકતા, પોતાના સ્વરૂપે કરીને રહીશ.

૨૫. અન્નમયકોષના એટલે શરીરના, હાથ પગ, વગેરે અવયવો તૂટે, તો પણ તું તેને જાણનારો તૂટતો નથી. અગર તો દેહને અણુ પરમાણુ રૂપે જુએ, તો પણ જેમ સ્વપ્નશરીર જેવા માનસિક દેહને, તારા જ્ઞાનમાં તું અનેક ચેષ્ટાઓ કરતું જુએ છે, તે પ્રમાણે અન્નમયકોશવાળા દેહને પણ સ્વપ્નની દુનિયાની માફક આ દુનિયામાં કરેલાં કર્મો ભોગવતું માનસિક દેહથી તું જોઈશ, એટલે માનસિક દુનિયાની સાથે માનસિક શરીરમાં તું સાક્ષીપણે રહીશ.

૨૬. જેમ તરવાર મ્યાનમાં રહે છે, તેમ અન્નમયકોષમાં તું જ્ઞાનરૂપ છે. ને મ્યાન ફાટે તો પણ તરવારને કંઈ નુકસાન થતું નથી. તે પ્રમાણે અન્નમય કોષનો નાશ થતાં તું જ્ઞાનરૂપ જાણનારો સાક્ષી રહીશ.

૨૭. હવે પ્રાણમય કોષ વિષે સાંભળ, એટલે તને જેમ અન્નમયકોષથી જુદાપણાનો અનુભવ થયો, તેમ પ્રાણમયકોષથી પણ તું જુદો છું, એવો અનુભવ થશે, અને તેથી તારી ભ્રાન્તિ ભાગશે.

૨૮. પ્રાણુમયકોષ એટલે સમસ્ત શરીરમાં વ્યાપેલો જે વાયુ છે તે વ્યાન, નાભિ આગળ છે તે સમાન, ગળા પાસે છે તે ઉદ્દાન, છાતીમાં છે તે પ્રાણ, તથા ગુદાસ્થાને છે તે અપાન. એ વ્યાન, સમાન, ઉદ્દાન, પ્રાણ અને અપાન મળીને પાંચે પ્રાણ એક ઠેકાણે છે તેથી શ્વાસોચ્છ્વાસ ચાલે છે. આ પાંચ પ્રાણરૂપ શરીરની અંદરની કોથળી તે પ્રાણુમય કોષ.

૨૯. જેમ એક કોથળામાં બીજી કોથળીઓ હોય છે, તે પ્રમાણે અન્નમયકોષના શરીરરૂપી કોથળામાં પ્રાણુમયકોષની કોથળી છે, પણ તે બન્નેને જાણનારો તું એક છે, ને તું બન્ને કોષરૂપ નથી–તું તે બન્નેથી જુદો છે, ને આત્મા હોઈ અજ્ઞાનથી પૃથક્ છે.

૩૦. તે પ્રાણુમય કોષ, તારા આત્મસ્વરૂપજ્ઞાનને આંતરિક દૃષ્ટિએ જોવામાં આવે છે, તે એવી રીતે કે, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ એ પાંચ વિષયરૂપ જગતનું જ્ઞાન, તથા અન્નમય કોષરૂપ ઈંદ્રિયોના પિંજરનું જ્ઞાન છોડીને, મનથી કાંઇ પણ વિચાર ન કરે, તે વખતે તારા મનને તોફાની સમુદ્રના તરંગો જેવો અંદરની બાજુએ જે ભાસ થાય છે, તે જ પ્રાણુમય કોષ છે. તેના ઉપર શરીરની એટલે અન્નમયકોષની ઈમારત છે, ને અંદરથી તે ઇમારતને પ્રાણુમય કોષનો આધાર છે; તે પ્રાણુમયકોષની જ અનેક મનોમય આકૃતિઓ થાય છે, ને સ્વપ્ન તે પ્રાણુમયકોષની આકૃતિઓ છે. તેની મદદમાં શરીરની વિદ્યુત (જ્ઞાનશકિત) તથા મસ્તકનો ગર્ભ આવે છે, એટલે આંખોની અંદરની બાજુમાં કાળો, પીળો, રાતો એવો ભાસ થાય છે. તે જ રંગના પદાર્થોનાં, મનોમય શહેરો તથા ગામોની કલ્પિત આકૃતિઓ થાય છે, અને તે બધી પ્રાણુમયકોષના તત્ત્વોની જ આકૃતિઓ છે.

૩૧. તે પ્રાણુમયકોષનો જે ભાસ થાય છે, તેના જ અંતરમાં મનોમય કોષ રહે છે, તે ત્રણે કોષને તું જાણે છે, ને તેઓથી તું જુદો આત્મા છે.

૩૨. મનોમય કોષનું એ જ સ્વરૂપ કે કાનથી સ્વર સાંભળવો, ત્વચાએ કરી સ્પર્શ જાણવો, આંખોથી રૂપ જોવાં, જીભથી ચાખવું, નાકથી સૂંઘવું, વાચાથી બોલવું, હાથથી લેવું દેવું, પગથી જવું આવવું, ઉપસ્થથી મૂત્ર અને ગુદાથી મળનું વિસર્જન કરવું--એ પ્રમાણે પાંચ જ્ઞાનેન્દ્રિયોના પાંચ વિષય ભોગવનારો, પાંચ કર્મેન્દ્રિયોથી ક્રિયા કરનારો, અને અંતઃકરણ, મન, બુદ્ધિ ચિત્ત અને અહંકારરૂપ મનોમય કોષ છે.

૩૩. પાંચ પ્રાણરૂપ પ્રાણુમયકોષ કહ્યો, તેમાં જે વ્યાપક આકાશરૂપ છે, તેનું જ નામ મનોમયકોષ, અને તે જ અંતઃકરણ પંચકરૂપ છે, ને તે જ પાંચ વિષયની સાથે તદાકારપણું ધારણ કરે છે, તેથી તેને સુખદુઃખ ભોગવવાપણું લાગુ થાય છે.

૩૪. હવે તું કહીશ કે એ મનોમયકોષ, પાંચ વિષયોનું તદાકારપણું કેવી રીતે ધારણ કરે છે? તેનો અનુભવ હું કહું છું તે સાંભળ. જો આ મનોમયકોષ તારા જાણવામાં આવ્યો, તે સહેજે તેના વડે, સુખદુઃખ ભોવવતો છતાં, અભોકતા રહીશ.

૩૫. સર્વ પદાર્થ હાલે છે તેનો પ્રહાર શરીરના બહારના પવનના પડદા ઉપર થાય છે, એટલે તે પડદો હાલીને કાનની અંદરના પડદા ઉપર તેનો ધક્કો વાગે છે. તે હરેક થડકો શરીરની અંદરના પ્રાણુમયકોષ ઉપર લાગે છે; ત્યારે તેમાં વ્યાપક જે મનોમયકોષ છે, તે પ્રાણુમયકોષની સ્થિતિના આકારે કરી પોતે પોતાને અનુભવે છે, ને જ્યાં સુધી પ્રાણુમયકોષ, બહારના પવનના

પડદાના ધક્કાથી ચલાયમાન છે, ત્યાં સુધી પ્રાણમયકોષને અનુ-સરીને, મનોમય તેવો જ રહે છે. એ રીતે શબ્દાદિ વિષયોનું જાણવું મનોમય કોષને થાય છે.

૩૬. પવન-પડદો હાલે છે ને શબ્દવિષય જાણવામાં આવે છે તેનું દૃષ્ટાંત એ કે, નદીને કિનારે કોઈ સ્ત્રી લુગડાં ધુએ છે, ને પથરા પર તેનો ઘા કરે છે તે દેખાય છે, પણ તેનો અવાજ જ્યારે કાન પર પડે છે, ત્યારે બીજો વા પડતો હોય છે; તે જ પ્રમાણે જગતમાં લાકડા પર કુહાડીના ઘા વાગતા દેખાય છે, પણ તેના અવાજને કાને પહોંચતાં વાર લાગે છે.

૩૭. તેનું કારણ એ છે કે ધોનાર સ્ત્રી તથા લાકડાં ફાડ-નારો પુરુષ આપણાથી દૂર હોય છે, ને વચમાં પવનનો સમુદ્ર ભરેલો હોય છે, તેના ઉપર લુગડાના પછડાવાથી ને કુહાડાના ઘાથી તે પવન-પડદો હાલે છે-સ્પંદન પામે છે, તે પવનનાં મોજાંને આપણા કાન સુધી પહોંચતાં અમુક વખત લાગે છે. એ જ રીતે પાણીની છોળને સામે કિનારે પહોંચતાં વાર થાય છે. કાન ઉપર અથડાતો શબ્દરૂપ પવનનો થડકો, સૂક્ષ્મરૂપે પ્રાણમયકોષ ઉપર બેસે છે, તેમાં જે આકાશરૂપ મનોમયકોષ છે, તે પ્રાણમયવાયુનું તદાકારરૂપ ધારણ કરે છે.

૩૮. તારના તથા ચામડાનાં વાદ્યોથી પવન-પડદો ગતિમાન થાય છે, ને પશુ, પક્ષી, તથા મનુષ્યના શબ્દોથી પણ તેમ જ થાય છે. આસમાનમાં વીજળી ચમકે છે, તેનાથી પણ પવનને ક્ષોભ થાય છે, અને ગરમીથી પાતળા થયેલા પવનમાં ઠંડો પવન દાખલ થતાં, સ્પંદન ઉત્પન્ન થાય છે, તે સર્વેનો કાનમાં ધક્કો બેસીને પ્રાણમયકોષ ચલાયમાન થાય છે; તેમાં આકાશરૂપ

મનોમયકોશનું તદાકારરૂપપણું થાય છે, જેથી શબ્દાદિ જણાય છે. અમુક શબ્દ પ્રિય અને અમુક અપ્રિય તે મનોમયકોષની કલ્પના છે ને તે જ સુખદુઃખનું કારણ છે. જેમ અલંકાર અનેક, પણ સુવર્ણની જાત એક જ, તેમ પવન પડદાના ગતિમાન થવાના, અને પ્રિય, અપ્રિય શબ્દો ઉત્પન્ન કરવાના પ્રકાર અનેક, પણ મૂળમાં બધાં એક જ.

૩૯. એ સારુ, તું પ્રિય અપ્રિય એવો ભાવ, શબ્દવિષય ઉપર ન રાખતાં, એકરૂપે કરીને જો, ને મનોમયકોષ જે પ્રિય અપ્રિય ભાવ ધરનારો તેથી હું જુદો, તેને જાણનારો સાક્ષી છું. એવો ભાવ ધરીને રહીશ, તો જ સુખદુઃખરૂપ મનોમયકોષની કલ્પના અલગ થઈને, જે ભોગ મનોમયકોષને વીતે છે, તેના સાક્ષીપણાનો ભોગ ભોગવીને, તું આત્મસ્વરૂપે અભોક્તા રહીશ.

૪૦. સ્પર્શ વિષયનું જ્ઞાન ચામડીથી થાય છે ત્યાં પણ શબ્દ વિષયની માફક જ પ્રાણમયકોષમાં વ્યાપીને રહેલ મનોમયકોષ છે, તે પ્રીતિ અપ્રીતિ રાખે છે તેથી જ સુખદુઃખ થાય છે.

૪૧. થનાર સ્પર્શ કોમલ, અને ઘણો ગરમ નહિ તેમ ઘણો ઠંડો પણ નહિ તેવો હોય તે પ્રિય લાગે છે. કઠણ તથા ઘણો ઉનો કે ઘણો ઠંડો સ્પર્શ અપ્રિય લાગે છે, એ મનોમયકોષનો સ્વભાવ છે, પ્રાણમયકોષ પદાર્થોના સ્પર્શથી ફેરફાર પામે છે, એટલે તેની અંદરનો મનોમયકોષ તદાકારપણું ગ્રહણ કરે છે.

૪૨. ચામડીની અંદર લોહી છે, ત્યાં પ્રાણમયકોષ પણ છે. તે લોહીના યોગે કરીને સ્પર્શ વિષયથી પ્રાણમયકોષને ધક્કો પહોંચે છે, એવો સ્પર્શવિષય મનોમયકોષના જાણવામાં આવે છે.

૪૩. કઠણુ અગર ગરમ–ઠંડું, એનાં સ્પંદનો ચામડીને લાગતાં, લોહીમાં ફેરફાર થાય છે, તે મનોમયકોષને અપ્રિય જણાતાં દુઃખ થાય છે.

૪૪. ને કોમલ તેમ જ સમાનઉષ્ણુ સ્પર્શ થતાં લોહીની વ્યાપકતાનું રક્ષણુ થાય છે, તે મનોમયકોષને પ્રિય લાગતાં સુખ થાય છે.

૪૫. એ રીતે સ્પર્શ વિષયની તદ્દાકારતા મનોમયકોષને થાય છે. તે મનોમયકોષનો સાક્ષી તું આત્મા છે, એટલે એવું તું સમજીને રહે. એટલે મનોમયકોષથી ભોગવતો છતાં પણુ અભોક્તા રહીશ.

૪૬. હવે રૂપ વિષયનાં મનોમયકોષનું લક્ષણુ કહું છું. આંખોમાં પ્રકાશનું પ્રતિબિંબ પડે છે, તેમાં મનોમયકોષની તદ્દાકારતા હોય છે.

૪૭. જે પદાર્થ છે તે પ્રકાશની સરખામણીમાં સ્થૂલ છે, તેને વ્યાપીને પોતાનું પ્રતિબિંબ આંખોમાં ફરે છે, તેનો સ્પર્શ આંખોની અંદર પ્રાણુમયકોષ છે તેને થાય છે. એટલે તેમાં જે મનોમયકોષ છે, તે પ્રતિબિંબના આકારે થઇને રહે છે, એ જ મનોમયકોષને રૂપવિષયનો અનુભવ છે.

૪૮. પ્રતિબિંબ જ્યાં પડે છે, ત્યાં જ એકત્વપણું થાય છે, તેથી જ રૂપવિષય જાણુવામાં આવે છે. જેવી રીતે પોતાનું શરીર જલદીથી ગોળ ઘુમાવીએ, ને પછી ઊભા રહીએ છતાં આસપાસની વસ્તુઓ, ઘર, ઝાડ બધાં ફરતા જણાય છે, કેમકે આંખના પદાર્થ ઉપર, ઘર, ઝાડ વગેરેનાં પ્રતિબિંબો

પડે છે પણ તે આંખોનો પદાર્થ જ હાલતો હોય છે, એટલે જેમ પાણી હાલતાં તેમાં પડેલાં પ્રતિબિંબ હાલતાં જણાય છે તેવી જ રીતે ઘર, ઝાડનાં આંખમાં પડેલાં પ્રતિબિંબો હાલતાં જણાય છે. તે પ્રતિબિંબને ઠેકાણે તેઓનો આકાર મનોમયકોષ થયો છે. તેનો જ તે અનુભવ છે.

૪૯. ઘર, ઝાડ, હાલતાં નથી, પણ શરીરના પરિભ્રમણથી તેના હાલવાનો અનુભવ થાય છે. એનું કારણ એ જ કે જેમ પાણી હાલે એટલે પ્રતિબિંબો હાલે છે, તેમ જ શરીરના ફરવાથી આંખોમાં રહેલું પ્રતિબિંબ ધારણ કરનારો પદાર્થ હાલ્યો, એટલે પ્રતિબિંબો પણ હાલે છે, તે જ તદાકારપણાનો અનુભવ, ઘર સ્થિર છતાં આંખની અંદરના પ્રતિબિંબોના હાલવાથી થાય છે.

૫૦. જેને પિત્ત પ્રકોપ થયો હોય, તેને હું કોણ છું એવું કોઇ પૂછે તો પહેલેથી ઓળખાણ છતાં, કોઇ બીજાનું જ નામ લે છે, તેનું કારણ એ જ કે પ્રતિબિંબ લેનાર તેની આંખની અંદરનો પદાર્થ ચલિત થયેલ હોય છે.

૫૧. સારાંશ એ જ કે આંખોની અંદરના પદાર્થ ઉપર પ્રતિબિંબ પડે છે, ત્યાં મનોમયકોષ તદાકાર થાય છે, ત્યાં એક પ્રિય અને બીજું અપ્રિય એવી સ્થિતિ છે; તેથી પ્રિયથી સુખ અને અપ્રિયથી દુઃખ, મનોમયકોષ માને છે. તે સિવાય સુખ દુઃખ કંઈ જ નહિ. તું તો સુખદુઃખ માનનાર, મનોમયકોષનો સાક્ષી છે; તને સાક્ષીપણું ભોગવવું પડે છે. પણ તું સુખદુઃખનો ભોકતા નથી.

૫૨. એવી રીતે રૂપવિષયનો ભોગ, મનોમયકોષ ભોગવે છે.

એ મનોમયકોષને જાણનારો તું આત્મા અભોકતા છે. હવે રસ-વિષયનું કહું છું.

૫૩. તું અન્ન ખાય છે તથા પાણી પીએ છે, તેમાં જે રસ હોય છે તે જીભની અંદર રહેલ મૂળના શુદ્ધ રસમાં મિશ્રિત થાય છે, એથી કરીને રસવિષયનું જ્ઞાન થાય છે.

૫૪. એનું લક્ષણ એવું છે કે જીભ માંહેલા મૂળના રસમાં જ્ઞાન તદાકાર છે. તે રસ ઉપર અનાજ તથા પાણીની અંદરના કડવા, ખાટા, ખારા, તીખા, મધુર અગર સામાન્ય રસનું મળવાપણું થયું, એટલે જીભમાં મૂળ રહેલ રસમાં ફેરફાર થયો, ને તેથી જીભ માંહેલો રસ, કડવા, ખાટા, વગેરે રસની સ્થિતિના જેવી તદાકારતા ધારણ કરે છે. એ જ રસવિષયનું જ્ઞાન છે.

૫૫. જેમ દૂધમાં સાકર નાંખીએ, એટલે પીનારને દૂધ મીઠું લાગે છે, એટલે સાકરની મીઠાશ દૂધ સાથે જાણવામાં આવે છે, તે પ્રમાણે જીભમાં રહેલ મૂળ રસમાં બીજી જાતનો રસ મળ્યો, એટલે જ્ઞાનને તેવો જ, જીભની અંદરના રસનો અનુભવ આવે છે.

૫૬. જીભના મૂળ રસમાં જ્ઞાન તદાકારપણું ધારણ કરીને રહેલું છે, એથી બહારના પદાર્થના રસે કરી જીભની અંદરનો રસ મધુર થયો. તો તે જ તદાકારતા પામે છે, એવો આ રસ વિષયનો અનુભવ તને કહ્યો.

૫૭. જેમ તાવને લીધે જીભમાં રહેલો મૂળ રસ કડવો થયો, એટલે સ્વાદિષ્ટ પદાર્થો પણ કડવા લાગે છે.

૫૮. કડવા લીંબડાના રસમાં સાકર નાખીને પીએ, તો પણ કડવી જ લાગશે, તે પ્રમાણે જીભમાં રહેલો રસ તાવથી કડવો થતાં, બીજા બહારના રસો પણ તે જ રસ મુજબ લાગે છે. એ રીતે જીભના રસ પ્રમાણે સર્વ રસ લાગે છે, તેમાં અનુભવ કંઇ બહારનો નથી. પોતાની જીભ માંહેલા મૂળના રસનું તદાકારપણું ધારણ કરવું, એ જ અનુભવ છે.

૫૯. જીભ અને તાલુ સુકાઇ જાય, એટલે રસવિષય જાણવામાં આવતો નથી; બહારના રસોની કંઇ અસર થતી નથી, એટલે જીભની અંદરના રસે કરીને જ રસવિષયનું જ્ઞાન મનને થાય છે. તે જ મનોમય કોષમાં રસવિષયનો અનુભવ છે.

૬૦. એમાં પ્રિય રસના યોગે સુખ તથા અપ્રિય રસથી દુઃખ લાગે છે, પણ જીભ માંહેલા રસમાં તદાકારપણું ધરનાર જે છે, તે જ મનોમયકોષ છે ને તેને જાણનારો "હું" તેનાથી અલગ નિરાકાર સ્થાનક જેવો છે, એવો અનુભવ લીધો તો તે સુખનો નાશ થતો નથી.

૬૧. હવે નાકની અંદર જે ઘ્રાણેન્દ્રિય છે, તેનાથી ગંધ વિષયની મનોમયકોષને ખબર પડે છે. તેમાં પણ પ્રિય અપ્રિયના ભાવ છે, તેથી સુખદુઃખ લાગે છે, તેનું કારણ મનોમય-કોષ જ છે.

૬૨. અને વસ્તુમાત્રમાં તેલ સરખો બારીક પદાર્થ છે, તે શરીરના બહારના પવન પડદામાં સૂક્ષ્મ પરમાણુરૂપે ફેલાય છે, શ્વાસોચ્છ્વાસ વડે ઘ્રાણેન્દ્રિયને સ્પર્શે છે, તેથી ઘ્રાણેન્દ્રિયમાં મૂળનો જે સુગંધ પદાર્થ છે, ત્યાં મનોમયકોષ છે, તેને બહારના

સુગંધ પદાર્થનો સ્પર્શ થતાં જ તે તાદાકારરૂપ ધારણ કરે છે, એટલે મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારરૂપ આકાશતત્ત્વનો એ મનોમયકોષ ગંધ વિષે વ્યાપે છે એ જ ગંધ વિષયનો અનુભવ છે.

૬૩. શ્વાસવાયુ બહાર છોડતાં અથવા નાક બંધ કરતાં ગંધ વિષય જણાતો નથી. કારણ કે તેમ કરવાથી બહારનો ગંધમયવાયુ ઘ્રાણેન્દ્રિયને સ્પર્શતો નથી. એટલે સમજવું કે ગંધ વિષય જાણવા બહારના ગંધને ઘ્રાણેન્દ્રિયનો સ્પર્શ થવો જોઇએ. એટલે કે ઘ્રાણેન્દ્રિય માંહેલા ગંધમાં તદાકાર થયેલું મનોમયકોષરૂપ જે જ્ઞાન છે, તે જ બહારના ગંધના યોગે કરી ફેરફાર પામી, તે પ્રમાણેની તદાકારતા ધારણ કરે છે.

૬૪. લોબાન કે ચંદન જેવા પદાર્થો અગ્નિમાં નાખતાં જ તેનાં સુગંધી પરમાણુ પવનમાં ફેલાય છે, અને તેનો સ્પર્શ ઘ્રાણેન્દ્રિયને થતાં સર્વને સારી ગંધ લાગે છે.

૬૫. એ પ્રમાણે ગંધ પરમાણુઓ ઘ્રાણેન્દ્રિયને સ્પર્શતાં, મસ્તકની અંદરનો અમુક ભાગ ચંચલ થાય છે, અને મન બીજી ઇન્દ્રિયોથી નીકળી આ તરફ જાય છે.

૬૬. એ રીતે ગંધ વિષયનો ભોગ મનોમય કોષને થાય છે તે તારા જાણવામાં આવે છે, એટલે જાણનારો, જાણવાની વસ્તુથી અલગ જ છે એ સમજાય છે. મનોમયકોષને તું જાણનારો તેનાથી જુદો છે, એવો નિરાકારરૂપ જેવો તું પોતાને જાણીશ, તો પ્રિય અપ્રિય ગંધ વિષયના યોગે કરી, મનોમયકોષને જે સુખદુઃખ થાય છે, તે તું જાણવાપણું ભોગવતો છતાં, તેના સુખદુઃખનો અભોકતા રહીશ.

૬૭. અને ચામડી, હાથ, પગ, ઉપસ્થ તથા ગુદા એ પાંચ કર્મેન્દ્રિયોનાં સર્વ કામો મનોમયકોષ જ કરે છે. કાન, ચામડી, આંખ, જીભ તથા નાક એ પાંચ જ્ઞાનેન્દ્રિયો વડે શબ્દ, સ્પર્શ. રૂપ, રસ અને ગંધ એ વિષયોને મનોમયકોષ જાણે છે. તે જ અનેક કલ્પનારૂપ આકૃતિ આંખોના માંહેલા પદાર્થ ઉપર કરે છે તથા કાઢી નાંખે છે. તે જ શરીરના સૂક્ષ્મ પ્રાણ-વાયુને હલાવીને, જીભ કે હોઠ હલાવ્યા વગર મનમાં હું-પણાની કલ્પના કરે છે, જેથી "હું એમ કરીશ ને હું તેમ કરીશ" એમ કલ્પના કરે છે તે જ મનોમયકોષ છે. તેનું રૂપ શરીરનાં પિંજર જેવું પણ નથી, તેમ જ પાંચ પ્રાણ જેવું પણ નથી, ને નિરાકાર સ્થાનકરૂપ પણ નથી. પણ મનોમયકોષ પોતે પોતાનું રૂપ કેવું છે એ જોવા લાગશે, તો જેમ પોતાની આંખોના પ્રતિબિંબે સાચા બિંબરૂપ આંખનો અનુભવ આવે છે, તેમ જ મનોમયકોષ જોવા લાગશે કે હું કોણ છું, તો તે એવું અનુભવશે કે હું નિરાકાર સ્થાનકરૂપ છું. ને તે અનુભવ વડે ભોગ ભોગવ્યા છતાં અભોક્તાપણું રહેશે. જેમ પ્રતિબિંબ હાલવાથી બિંબને હાલવાનો ભય નથી, ને હાલવાનો સુખદુઃખનો ભોગ નથી, તેવી જ રીતે ભોગીને ભોક્તાપણું નથી.

૬૮. એ મનોમયકોષનું મૂળ મસ્તકમાં મગજની અંદરના ભાગમાં છે, ને તે ઠેકાણે તેને દસ ઇંદ્રિયો હમેશાં જડેલી છે.

૬૯. ઈંદ્રિયો તથા પ્રાણના આધારે કરી, મનોમયકોષના વિષે પાંચ વિષયનું જાણવાપણું છે, તથા સંપૂર્ણ કર્મો થાય છે, પણ તું નથી તેનો કર્ત્તા તથા ભોક્તા, પણ મનોમયકોષનો સાક્ષી તેનાથી ભિન્ન છે.

૭૦, પાંચ પ્રાણમાં જે આકાશ છે, તેનાં જ અંતઃકરણ,

મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર, પાંચ નામો છે, તેને જે પાંચ વિષયના ભોગ થાય છે, તે અંતઃકરણ વડે જ "હું આકાશરૂપ છું" એવું પોતે પોતાને જાણીએ, એટલે પવન, તેજ, પાણી, જમીન વગેરેના જાણવાપણાનો ભોગ ભોગવીને, જલકમલવત્ વિષયભોગમાં અલિપ્ત અંતઃકરણરૂપે આકાશ રહે છે; તે સ્થિતિ સ્પષ્ટ કરીને તને અત્યાર સુધીમાં સમજણ પાડીને દેખાડી.

૭૧. અન્નમય અને પ્રાણમય એ બન્ને કોષોને જાણે છે. તેથી જ મનોમયકોષ એવું નામ છે, પણ તે મનોમયકોષ જો "હું આકાશરૂપ છું" એવું જોશે, તો નિરાકાર સ્થાનકરૂપ જ રહેશે. જેમ દોરી ઉપરના સર્પના ભાસનો અનુભવ લેવા જનારને દોરીનો અનુભવ રહીને, સર્પભાસનું મૂળ જે ભ્રાન્તિ તે નષ્ટ થાય છે, તે પ્રમાણે મનોમયકોષ પોતે પોતાનો અનુભવ લેવા જશે, તો મનોમયકોશપણાની ભ્રાન્તિ દૂર થઈ, "નિરાકાર સ્વરૂપ જ હું છું" એવું રહેશે.

૭૨. તું વિચાર કરી જો; તું પોતે જ એમ કહે છે કે મારૂં શરીર, મારા પ્રાણ, મારૂં અંતકરણ, મન, ચિત્ત, મારી જ બુદ્ધિ, મેં અહંકાર કર્યો, એ પ્રમાણે જ જો તારા જ્ઞાનસ્વરૂપનો સ્વભાવ છે, તો તે સ્વભાવનું કારણ એ કે મૂળમાં જ તું જ્ઞાનસ્વરૂપ છે, અને એ બધું "મારૂં" એમ કહે છે "હું" એમ નહિ, એટલે તું તેનાથી જુદો છે, તે અનુભવથી જાણી શકાય છે. માટે એ સર્વથી હું જુદો નિરાકાર સ્થાનકરૂપ છું, એવું તું પોતે પોતાને જો.

૭૩. એ સાંભળીને શિષ્યે કહ્યું કે, હે ગુરૂ મહારાજ ! અન્નમય, પ્રાણમય તથા મનોમય એ કોષોને જાણનારો સાક્ષી, ત્રણેથી જુદો

હું નિરાકાર સ્થાનકરૂપ છું એવું મને લાગે છે. ગુરુએ કહ્યું કે હે શિષ્ય ! તારૂં આવું જ્ઞાન એ જ વિજ્ઞાનમય કોષ છે. કારણ કે નિરાકાર સ્થાનકરૂપ પરમેશ્વરને કોઈનું સાક્ષીપણું નથી, ને હું નિરાકાર સ્થાનકરૂપ છું, એવી જુદાપણાની કલ્પનારૂપ ભાવના નથી. નિરાકાર પરમેશ્વર કલ્પના વગરના જ્ઞાનથી ભરેલો છે, તેને જગતનું જાણવાપણું ( જ્ઞાન ) નથી તથા તેના નિરાકાર-પણાનું તેને અજ્ઞાન નથી. એટલે ત્રણે કોષોનો જાણનારો, ત્રણે કોષોથી જુદો, હું નિરાકાર સ્થાનકરૂપ છું, એવો જ તારો તને અનુભવ થયો, તે અનુભવને જ વિજ્ઞાનમય કોષ કહેવામાં આવે છે, તેને પણ જાણનારો તું. તેનાથી જુદો છે.

૭૪. તારૂં શરીર પિંજર તે અન્નમયકોષ, તેની અંદર પાંચ પ્રાણ તે વાયુરૂપ પ્રાણમયકોષ, ને તેના આધારે જે આકાશરૂપ મનોમયકોષ ને પાંચ વિષયને જાણે છે, ને કર્મેન્દ્રિયથી ક્રિયાઓ કરે છે, તે જ આકાશરૂપ મનોમયકોષ જ્યારે પ્રાણ-મયકોષના આધારે પોતે પોતાને જુએ છે, ત્યારે તેને જ, હું નિરાકાર સ્થાનકરૂપ છું, એવો ભાવ પ્રગટ થાય છે. જેમ દર્પણના પ્રતિબિંબ વડે હું બિંબરૂપ છું એવો અનુભવ થાય છે, તેમ પ્રાણમયકોષરૂપ દર્પણ માંહેલા, મનોમયકોષરૂપ પ્રતિ-બિંબે કરીને, હું નિરાકાર સ્થાનકરૂપ છું એવો અનુભવ થાય એ અનુભવને જાણનારો તે તું, અનુભવથી જુદો છે, એટલે હું નિરાકાર સ્થાનકરૂપ છું એવો અનુભવ એ જ એક વૃત્તિ અગર કલ્પના છે, તેને જ વિજ્ઞાનમય કોષ કહેવાય છે. એ અનુભવ રૂપ વિજ્ઞાનમય કોષની વૃત્તિ એટલે કલ્પના ઉઠવાના પહેલાં જ તું સહજ નિરાકાર રૂપમાં નિરાકાર સ્થાનકરૂપ છે.

૭૫. જેમ દર્પણના પ્રતિબિંબથી જ બિંબનો અનુભવ થાય

છે. પણ એમને એમ જુદાપણાનો અનુભવ થતો નથી; તેમ જ અન્નમય તથા પ્રાણમય કોષને પકડીને, મનોમય કોષે કરી, હું નિરાકાર સ્થાનકરૂપ છું એવો તું અનુભવ લઇશ, તે જ અનુભવ વિજ્ઞાનમય--એટલે વિશેષ જ્ઞાનમય કોષ છે. જો તું અન્નમય તથા પ્રાણમય એ બન્નેને મનોમય કોષરૂપ આકારે કરી ન પકડતાં, એકલા જ્ઞાનરૂપે કરી હું નિરાકાર સ્થાનક રૂપ છું. એવી ભાવના કરવા જઇશ, તો તેવી ભાવના જ થવાની નથી. કેમકે હું નિરાકાર સ્થાનકરૂપ છું એવી ભાવના કરવા માટે પ્રાણમય કોષને પકડવો પડે છે, કારણ કે એકલા તારા નિરાધાર અનેક ગોલોના સ્થાનકરૂપ જ્ઞાનસ્વરૂપને વાણી તથા ચામડી વગેરે અવયવો નથી. એટલે તે રૂપે તને હું હું એવી ભાવના જ કરવાનું બની શકશે નહિ. જે નિરાકારની ભાવના તને થઇ, તે જ ભાવના વિજ્ઞાનમય કોષ છે. તેને તું કલ્પનાથી જાણે છે માટે તું જાણનારો, તે વિજ્ઞાનમય કોષથી પણ જુદો છે એવું સમજ.

૭૬. તારા તે નિરાકાર સ્થાનક રૂપમાં બીજી ઉપાધિ જ નથી, એથી "હું બ્રહ્મ છું" એવી કલ્પનાનું મૂળ જ નથી, કારણ સૂક્ષ્મ પ્રાણવાયુને હલાવ્યા વગર, હું નિરાકાર છું, એવી કલ્પના મનમાં ને મનમાં કરતાં આવડવાનું નથી. એટલે એક જ જ્ઞાનરૂપ, અનેક ગોલની અંદર બહાર સરખું ભરેલું છે, એવા તારા સ્વરૂપને મૂળમાં જ જન્મ-મરણ, સ્વર્ગ-નરક તથા હું તું ની ખબર નથી. તે નિરાકાર સ્થાનકરૂપના અસ્તિત્વમાં દુનિયાનું અસ્તિત્વ સાચું નથી હું-હું એવા ભ્રમ રૂપી અસ્તિત્વને જ દુનિયાનું અસ્તિત્વ અનુભવમાં આવે છે ખરૂં, પણ હું-હું ની કલ્પના કરનારો કોણ છે, તેને જો તું પકડવા જઈશ, તો દોરીના ઉપરના સર્પનો અનુભવ લેવા જનારને, સર્પનો

ભ્રમ ટળીને દોરીનો અનુભવ થાય છે, તેમ તારું હુંપણું જઇને નિરાકાર સ્થાનક રૂપનો જ અનુભવ પ્રાપ્ત થશે. અને જગતનું અસ્તિત્વ તથા તેને પકડનારૂં જ્ઞાન, એનું પણ અસ્તિત્વ રહેશે નહિ.

૭૭. નિરાકારરૂપ હું છું એવો ભાવ પ્રગટ થાય, તે જ વિજ્ઞાનમય કોષ છે. જેમ દર્પણને વાંકુંચુકું કરીએ, એટલે એમાં આપણા પોતાના મુખ ઉપરાંત આસપાસના સર્વ પદાર્થો પણ પ્રતિબિંબિત થાય છે; અને એક જ દર્પણમાં એકી વખતે પોતાના મુખનો તેમ જ જગત્‌નો પ્રતિબિંબરૂપ અનુભવ થાય છે; જો દર્પણ ન હોય તો પ્રતિબિંબ પણ ન હોય અને પોતાનું મુખ જગત્‌થી જુદું છે, એ અનુભવ પણ પ્રત્યક્ષ થાય નહિ.

૭૮. તેવી જ રીતે પ્રાણમયકોષ રૂપી દર્પણ ઉપર, અન્નમય કોષ રૂપી પારો દર્પણને લગાડેલો છે, તેમાં પ્રાણમયકોષ તે દર્પણનો કાચ છે, ને મનોમયકોષ તે પ્રતિબિંબ છે. પાંચ વિષયનો અનુભવ મનોમય કોષથી તેવો, તે જ પ્રતિબિંબે કરી દુનિયાનો અનુભવ લેવા જેવું તું સમજ, ને હું નિરાકાર સ્થાનક-રૂપ છું, એવો જે મનોમય કોષથી અનુભવ લેવો એ જ વિજ્ઞાનમય કોષ છે; એ જ પ્રતિબિંબે કરીને બિંબનો અનુભવ લેવા જેવું તું સમજજે.

૭૯. દર્પણ અને પ્રતિબિંબ ન હોય તો, પોતાના મુખનો જે મૂળમાં આપણને અનુભવ છે, તેમાં હું અમુક પ્રકારનો આવો છું, એવું દ્વૈત આવવાનું નહિ; તે જ પ્રમાણે ત્રણે કોષ ન હોય તો હું નિરાકાર સ્થાનકરૂપ છું, એવું વિજ્ઞાન એટલે અનુભવ-વાળું જ્ઞાન થાય જ નહિં, એટલે તેવા પ્રકારનો ભાવ તે જ

વિજ્ઞાનમયકોષ છે. તેને જાણનારો હું તેનાથી અલગ છું, ને મારા સ્વરૂપના વિષે હું નિરાકાર છું, એવી ભાવના નથી એવું જાણીને, ચારે કોષોના સાક્ષીપણાના ભોગને ભોગવીને, તું પોતાના સ્વરૂપે અભોક્તા-જેવો ને તેવો હું છું-એવો તું પોતે પોતાને જો, ને નિશ્ચિન્ત થઈને રહે.

૮૦. એ પ્રમાણે સાંભળીને, તથા, ચારે કોષોથી પોતે જુદો છે એવું પોતે અનુભવ્યું તેથી શિષ્ય બહુ હર્ષથી કહેવા લાગ્યો કે, હે સદ્‌ગુરુ મહારાજ! આપના મુખે ચારે કોષોનું વર્ણન સાંભળ્યું, તેથી અહંકાર તથા ઈચ્છા, એ બે વગર હું નિરાકાર સ્થાનકરૂપ છું, એવો મારા સ્વરૂપનો મને અનુભવ થયો, તેથી વિષય ભોગવ્યા વગર જે આનંદ થયો, તે મોઢેથી વર્ણન થઇ શકે એમ નથી. મારા નિરાકાર રૂપનો જ, નિરાકાર-રૂપે કરી મને આનંદ છે. જેથી વાણી કે મન સુદ્ધાંત તેનું વર્ણન કરી શકે એમ નથી, કેમકે નિરાકાર સ્વરૂપ જે હું, તેવા મારા સ્વરૂપ વિષે મન તથા વાણી મુદ્દલ જ નથી, કેવળ, શાન્ત, નિરાકાર સ્થાનકરૂપ હું છું; ને તે મારા સ્વરૂપનો જ અખંડ આનંદ મળે છે, ને હું સુખી છું.

૮૧. હે શિષ્ય! તને તારા નિરાકાર સ્વરૂપનો જે સહજ આનંદ થયો તે તારો આનંદ તને જણાય છે, તેથી તું તેને જાણનારો તેનાથી જુદો છે, ને તારા જાણવાપણાને લીધે જે આનંદ થયો, તે જ પાંચમો કોષ આનંદમય કોષ છે, એવું સમજ.

૮૨. તું તે આનંદમયકોષ એટલે આનંદવૃત્તિને જાણે છે, અને તેના સાક્ષીપણાનો ભોગ તને થાય છે, તું તો પોતે

આનંદમયકોષ નથી. કેમકે આનંદ જુદો છે, ને તું તેને ભોગવવા-વાળો જુદો છે; તું જ આનંદમય હોત, તો તારો તને ભોગ કલ્પાંતે પણ થાત નહિ. તું આનંદથી જુદો છે, ને જે આનંદને તેં જાણ્યો, તે જ આનંદમય કોષને જાણ્યો.

૮૩. એ કોષનો સાક્ષી—જાણુનારો—જે તું, તે તને આનંદમય કોષનું સાક્ષીપણું, ભોગવ્યા છતાં પણ, તું પોતાના સાક્ષીરૂપે તેનાથી અલગ જુએ છે; એટલે સાક્ષીરૂપે તું તેને ભોગવ્યા છતાં અભોકતા રહીશ. હજુ જરા વધારે સ્પષ્ટ કરૂં છું તે સાંભળ.

૮૪. એ પ્રમાણે રહેવા માટે, શરીરને અન્નજળવાળો અન્ન-મયકોષ, પંચપ્રાણ તે પ્રાણમય કોષ, તેની અંદરનાં આકાશરૂપી અંતઃકરણ પંચક, પાંચ વિષયને જાણનાર તે મનોમયકોષ, તે વૃત્તિએ નિરાકાર સ્થાનકરૂપ હું છું એવો અનુભવ લેવો તે વિજ્ઞાન-મયકોષ, ને તે અનુભવથી અનુભવાતો આનંદ તે જ આનંદમય-કોષ જાણ. એ પાંચે કોષની અંદર રહીને તું તેઓને જાણે છે. તું આવી દૃષ્ટિથી જોઈશ, તો તારૂં સ્વરૂપ કોઇ પણ કોષના સાક્ષીપણામાં લેપાતું નથી, એવો તને તારો અનુભવ થશે. તારું સાક્ષી સ્વરૂપ તો અનંત ગોલોનું અધિષ્ઠાન, એક, નિરાકાર સ્થાનક છે. તેના જેવું સ્વપ્રકાશ તારૂં રૂપ છે, એટલે તે સ્થાનક જ હું છું, એવી દૃષ્ટિથી તું પોતે પોતાને જોઇશ, તો દુનીઆ જ નથી ને હું પણ નથી, એટલે કોનો ભોગ, અને ભોગ કરનાર પણ કોણ એની નિરાકારરૂપને ખબર જ નથી. એટલે આ સર્વ સૃષ્ટિ મિથ્યા થશે, અને એકલો નિરાકાર સ્થાનકરૂપ જ તું રહીશ. તે તારા રૂપને પંચકોષ સુદ્ધાંત જગત છે, એવું સાક્ષીપણું પણ નથી.

૮૫. જે પાંચકોષોનો સાક્ષી છે, તેને જ તેના જાણવાપણાના

ભોગો છે, ને તેને જ તેના રૂપે કરી કંઇ પણ ભોગ નથી; કારણ કે તે મૂળથી જ પંચકોષથી જુદો છે. તેમાં ફેરફાર થતો નથી, એ જ ભોગવ્યા છતાં અભોકતાનું સ્વરૂપ છે જે પરમેશ્વર એક, અવિકારી, ને નિરાકાર છે, જેને દુનીઆના સાક્ષીપણાનો ભાસ, એવો દેખાવ જ નથી; તેને ભોકતાપણું કે અભોકતાપણું બની જ કેમ શકે?

૮૬. તે જ નિરાકાર સ્વરૂપ તું છે. તે તારા રૂપને પરિમિત-પણું નથી; તું અનંત છે. તને નિરાકારરૂપે જગત્તની ખબર નથી, અને જગતને જાણનારૂં શરીરની અંદર જે જ્ઞાન છે, તે જ્ઞાન તે તારૂં નિરાકાર સ્વરૂપ નથી. જેમ સૂર્યનું પ્રતિબિંબ પાણીમાં હોવા છતાં સૂર્યને તેની સાથે નિસ્બત નથી;-ખબર નથી, તેમ જગતને જાણનારૂં જ્ઞાન તે નિરાકારનું પ્રતિબિંબ છે. શરીરના સૂક્ષ્મ પ્રાણવાયુમાં હું હું એવી કલ્પના કરનાર જે જ્ઞાન, તે જ જ્ઞાન સર્વનું સાક્ષી, સર્વને જાણનારૂં છે, ને તેને જ જીવરૂપી ઇશ્વર કહેવામાં આવે છે. પરમેશ્વર એટલે શુદ્ધ નિરાકાર છે, અને સાક્ષી ઇશ્વર છે. કારણ કે તે વડે શરીરનું ધણીપણું છે.

૮૭. તે ઇશ્વરસ્વરૂપજ્ઞાન, માણસ, પશુ, પક્ષી વગેરે સર્વ જીવનું, શરીરની અંદર દરેકનું જુદું જુદું છે. એક જ સૂર્યનું પ્રતિબિંબ દર્પણમાં, તળાવમાં તેમ પાણીથી ભરેલાં જુદાં જુદાં વાસણમાં જેમ જુદું જુદું પડે છે, ને તે ઉપાધિ જુદી હોવાથી જુદું છે, જેથી પાણીના પ્રતિબિંબનું હાલવું દર્પણના પ્રતિ-બિંબને નથી છતાં બન્ને સૂર્યનાં જ પ્રતિબિંબ છે, તે ન્યાયે જોઇએ, એટલે દરેકના શરીરમાં હુ હુ કલ્પના કરનારૂં જે જ્ઞાન, તે જુદું જુદું છે. શરીરના મૃત્યુ સમયે તે જ્ઞાન, વિષયભોગની

વાસના, તેમ જ હું શરીર છું એવી ભાવના રાખે છે એથી કરીને, તે જ્ઞાનનું રહેવાનું ઠેકાણું પ્રાણવાયુ છે; તે પ્રાણવાયુ નષ્ટ થતા નથી. તેથી તે જ્ઞાન પણ નાશ પામતું નથી; અને બીજા જન્મનું બીજ તે જ છે. જે પ્રાણી પોતે નિરાકાર સ્થાનક રૂપ છે, એવી ભાવના સહિત મૃત્યુ પામે છે, તે મુકત થાય છે.

૮૮ તે જ્ઞાન તને દઢ થાય માટે ફરી એક દૃષ્ટાંત આપુ છું. પાણી જો વરાળ થઈને ઉડી જાય, તો તેમાં જે પ્રતિબિંબ પડેલું હતું તે તો કયાંય પણ જતું નથી ને આવતુંયે નથી. તેમ તેનાં માપ મર્યાદા પણ રહેતાં નથી, અને તે પ્રતિબિંબ, બિંબમાં જઇને મળે છે એવું પણ નથી. તે પ્રમાણે સૂક્ષ્મ, નીલવર્ણ, બિંદુરૂપ પ્રાણની અંદર ઇશ્વર રૂપ જ્ઞાન છે, ને તે નીલવર્ણ સૂક્ષ્મવાયુરૂપ પ્રાણ આપણા મસ્તકમાં છે. તેના અંતરમાં સર્વને જાણનારૂં જ્ઞાન તે જ આત્મા અગર ઇશ્વર છે, ને તે જ્ઞાનથી, હું નિરાકાર સ્થાનકરૂપ છું એવી ધારણા કરીને જોઈએ, એટલે તે પ્રાણનો આકાર દોરીમાં દેખાતા સાપની માફક નષ્ટ થશે. અને તેની અંદરનું જ્ઞાન, પાણીની વરાળ થઈ ગયા પછી પ્રતિબિંબ જેમ રહેતું નથી, તે પ્રમાણે સર્વને જાણનાર આત્માનું કંઈ રહેતું નથી. પછી જ્ઞાનરૂપ એક નિરાકાર રહ્યો, તેને અનેક ગોળ, અગર અનેક ગોલને રહેવાનું સ્થાનક હું છું, એવો ભાવ રહેતો નથી. તે સ્થાનકરૂપ જ છે, તેથી તે પોતે પોતાને સ્થાનકરૂપ એવું સમજતો છતાં, તે કલ્પના કરતો નથી, કારણ તેને તો પરમાણુ કે અનેક ગોળ સરખું જ છે, તે જેમનો તેમ જ્ઞાનરૂપ જ છે. તેને જ પરમેશ્વર, સ્વપ્રકાશ કહીએ છીએ, આપણને સૂક્ષ્મ કણોથી માંડીને મહાન ગોલો, પાંચ ઈંદ્રયોથી પાંચ વિષયરૂપે જાણવામાં આવે છે, પણ તે ઈંદ્રિયોથી નિરાકારરૂપ સમજાતું નથી,

તેથી તેને કાંઇ નથી એમ કહેવું પડે છે—જો કે તે સર્વનું સ્થાનક છે. એટલે તું સમજ કે શુદ્ધ નિરાકાર વસ્તુમાં દુનિયાનું સાક્ષીપણું નથી, ને જે સાક્ષીપણું કરનારું જ્ઞાન છે, તે દોરી ઉપરના સાપ જેવું છે. જે સૂક્ષ્મ પ્રાણવાયુ તે પાણી અંદરના પ્રતિબિંબ જેવું છે તે જ્ઞાન જગતને જાણે છે, પણ 'હું' જગતથી તથા પંચકોષથી જુદો છું, એવું આપણને જણાય છે. તે જ પ્રાણ માંહેલા જ્ઞાને કરી હું નિરાકાર સ્થાનકરૂપ છું, એવું આપણે આપણને જોઈએ, એટલે દોરી ઉપરના સાપના ભાસની માફક સૂક્ષ્મ પ્રાણવાયુ અદૃશ્ય થઈ જાય છે, અને દુનિયાને તથા પંચકોષને જાણનારું જ્ઞાન, પાણીની વરાળ થયા પછી જેમ પ્રતિબિંબ રહેતું નથી, તેમ નષ્ટ થાય છે. પછી જે રહ્યું, તે જ નિરાકાર પરમેશ્વર, બીજો કોઇ જ નહિ; આનું નામ જ મોક્ષ, ને ફરી જન્મમરણ કે સ્વર્ગનરક કંઇ જ રહ્યું નહિ.

૮૯. શરીર જીવતું છે, ત્યાં સુધી સૂક્ષ્મ પ્રાણવાયુ હોય છે, ને શરીરનો નાશ તથા સૂક્ષ્મ પ્રાણવાયુનો નાશ થતો નથી. (હું નિરાકાર સ્થાનક છું એવો ભાવ હોય તો જ નાશ થાય છે.) તે છે ત્યાં સુધી અહંકાર ધરનારું જ્ઞાન, જીવિતમાં તથા મૃત્યુ પછી પણ છે જ, એટલે જ્યાં સુધી પ્રાણવાયુ છે, ત્યાં સુધી સાક્ષીપણું ન જ જાય, હું નિરાકાર સ્થાનકરૂપ છું, એ ભાવના વડે આત્માનું સંધાન કરીએ, તો જ પ્રાણ લીન થાય, ને તેની સાથે અહંકાર પણ નષ્ટ થાય. આત્માનું સંધાન કરવું, એટલે હું નિરાકાર છું એવી ભાવના કરવી, અને પંચકોષથી હું જુદો છું, એવો નિશ્ચય જેને થયો, તેને તે નિશ્ચય સર્વદા રહે છે; એ જ આત્મસાક્ષાત્કાર છે. હું નિરાકાર, હું નિરાકાર એમ ગોખવા બેસવાથી આત્માનું અનુસંધાન થતું નથી, પણ અંતરથી હું નિરાકાર છું, એવો નિશ્ચય રહેવો એ જ આત્મજ્ઞાન છે.

૯૦. એવા આત્માનુસંધાને કરી જે રહે છે. બહારના સંસાર વ્યવહાર અજ્ઞાનીના વ્યવહાર જેવા જ કરે છે, એવું જોવામાં આવે છે, પણ પોતે તે સર્વ વ્યવહાર, તથા તેનો કરનાર મિથ્યા છે એવું સમજે છે. અને પોતે નિરાકાર સ્વરૂપ છે એવો નિશ્ચય પકડેલો હોઇ, આત્માનુસંધાન તેને હોય છે. અજ્ઞાની, હું દેહ છું એવો નિશ્ચય પકડીને વ્યવહાર કરે છે, તથા વિષયોનું ધ્યાન–અનુસંધાન રાખે છે.

૯૧. એથી કરીને વિષયનું ધ્યાન કરનાર અજ્ઞાનીને વારંવાર જન્મ મરણ આવે છે, ને છૂટતું નથી. જયારે આત્માનુસંધાન કરીને વ્યવહાર કરનારને, અનંત, અપાર, નિરાકાર, વસ્તુ–સ્થાનક થવાનું છૂટતું નથી. આમ જ્ઞાની તથા અજ્ઞાનીનાં લક્ષણો તને સ્પષ્ટ કહ્યાં.

૯૨. સદ્‌ગુરુના મુખથી આમ સાંભળીને શિષ્ય કહે છે કે, હે મહારાજ ! જે મેં આજે સાંભળ્યું તે પુર્વે કદિ સાંભળ્યું નહોતું, તે એ જ કે જ્ઞાની સ્ત્રી તથા પુરુષ, વ્યવહાર ધંધા કરતાં છતાં પણ નિરાકાર, શાન્ત, પરબ્રહ્મ, પરમાત્મા સાથે હંમેશ અભેદથી રહે છે.

૯૩. મને અત્યાર સુધી એવો ભ્રમ હતો, કે નિરાકાર સ્થાનકરૂપ હું છું, એવી ભાવના જેને છે, તેનાથી વ્યવહારનાં કામ થઇ શકે નહિ, ને તેવાં કામ કરનારાઓને હું નિરાકાર છું, એવું સ્મરણ રહી શકે નહિ; કારણ મને એવું લાગતું હતું, કે વૃત્તિ એક છે, તે વ્યવહાર કરશે ત્યારે વ્યવહારમાં પડશે, ને નિરાકાર સ્થાનકરૂપની ભાવના કરશે, તો તેવી ભાવનામાં જ જડાઇ રહેશે, પણ એક વૃત્તિથી બે કામો એકી વખતે થઇ શકે નહિ. એ મારો ખોટો ભ્રમ આપની કૃપાથી હવે જશે.

૯૪. હે ગુરુ મહારાજ ! ભ્રમ એવો છે કે વિષયનું સ્મરણ,

તથા હું નિરાકાર એવું સ્મરણ એ બન્ને એકી સાથે થતું હોવાથી, વૃત્તિ કેમ વર્તે છે, એ હું પોતાની કલ્પનાએ કરી વિચાર કરીને જોઉં છું, પણ મને સમજણ પડતી નથી, એ સારુ, આપ કૃપા કરી કહો તો જ સમજાશે.

૯૫. હે શિષ્ય ! તને ધન્ય છે ! તેં પ્રશ્ન સારો કર્યો. તને દૃષ્ટાંત આપું છું તે પરથી અનુભવ લઇને સ્વસ્થ થા. જે પ્રાણીને હું દેહ છું એવું જ્ઞાન છે, તે પ્રાણી જેમ દેહનું અનુસંધાન રાખીને વ્યવહાર કરે છે, તે જ પ્રમાણે જેને હું નિરાકાર સ્થાનકરૂપ છું એવો બોધ પાકો થયો છે, તે માણસ તેવા બોધ સહિત વ્યવહાર કરે છે. પણ જેમ અજ્ઞાની માણસ વ્યવહાર કરતાં ગોખતો નથી કે હું દેહ છું, તે પ્રમાણે જ જ્ઞાની પણ ગોખતો નથી કે હું નિરાકાર છું.

૯૬. કેમકે જે હુંપણું છે, તેનાથી જ્ઞાની તથા અજ્ઞાનીનો વ્યવહાર ચાલે છે. હુંપણાનો બોધ બે પ્રકારનો છે. અજ્ઞાની હું શરીર સમજે છે, ને જ્ઞાની હું નિરાકાર સ્વરૂપ છું એમ સમજે છે, જેથી આત્માના અનુસંધાન સહિત જ્ઞાનીના સર્વ વ્યવહાર ચાલે છે, અજ્ઞાનીના પણ આત્માનુસંધાને કરીને જ વ્યવહાર હોય છે, પણ તેને હું દેહ એવો ભ્રમ છે, તેથી મોક્ષ થતો નથી, ને મૃત્યુ પછી અહંકાર રહેતો હોવાથી સુખદુઃખ પામે છે.

૯૭. તેથી હું તને ત્રીજા ભાગમાં આત્મજ્ઞાન કહીશ. જેમ પંચકોષથી તું અલગ છે તે કહ્યું, તે પ્રમાણે જ ચાર દેહથી તું જુદો છે એ જ્ઞાન કહીશ, અને તું તે જ્ઞાન મનમાં બરાબર પકડજે, એટલે તને શરીરે કરી તારા વ્યવહાર કામ ચાલતાં છતાં પણ, તારું આત્માનું અનુસંધાન તને રહેશે. ને જન્મ મરણથી તું છૂટીશ, તેમ જ અનંત અપાર, નિરાકાર, સ્વપ્રકાશ સ્થાનકરૂપ તું છે, તેવો જ રહીશ ને સ્વરૂપશાન્તિ અનુભવીશ.

૯૮. એ શાન્તિ શ્રી દત્તાત્રય ગુરુની કૃપાથી, જેને ત્રિવિક્રમાચાર્ય કહે છે, જેને નારાયણ બાવા પણ કહે છે, ને તે બાવા ધુમા અરણ્યમાં રહેનારા સાધુ છે, તેને પ્રાપ્ત થઇ ને તેની જ કૃપાવડે સખારામ બાવા કાલીઆને પૂર્ણ શાન્તિ અને જ્ઞાન પ્રાપ્ત થયાં.

૯૯. ને તે સખારામ બાવાની કૃપાએ કરી, તથા તેના વિચાર કરવાના ઉપર કરેલા સંપ્રદાય પ્રમાણે, તથા મારી વિચારશકિત વડે, હું વિષ્ણુ, જે બ્રહ્મચારી બાવા કહેવાઉં છું, તે હુંપણાથી જુદો, નિરાકારરૂપથી એકત્વ પામ્યો છું.

૧૦૦. તે જ નિરાકારના એકત્વપણાના જ્ઞાનનો શિષ્યને ઉપદેશ કર્યો, ને તે બહાને સર્વને તે ઉપદેશનો ઉપયોગ થાય, તે સારુ પુસ્તક રૂપે લખી આપું છું. એ જ્ઞાનને જે વિચાર કરીને મનમાં ધારણ કરશે, તેવાં સ્ત્રી પુરુષોને, નિરાકાર સ્વરૂપ જ આપણે છીએ એવો બોધ થઈને, કંઈપણ મહેનત વગર અનંત સુખ પ્રાપ્ત થશે.

૧૦૧. આ '**ભાવાર્થસિન્ધુ**' ગ્રંથ, શુદ્ધ વિચારના સમુદ્ર સરખો વિસ્તાર રૂપ છે. એ ગ્રંથના આ બીજા પ્રકરણના એકસો ને એક શ્લોક સંપૂર્ણ થયા છે. એમાં અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય તથા આનંદમય એ પંચકોષનો યથાસ્થિત બોધ જે શિષ્યને કહ્યો, તે પંચકોષથી જુદો, નિરાકાર સ્થાનકરૂપ જ હું છું, ને તે હું હુંપણાથી જુદો છું, એવું શિષ્ય સમજ્યો. એ સમજની રહેણી કરણીની ટેવ સર્વ લોકોને પડે એવા સર્વ લોકોના શરીરમાં રહેલા જ્ઞાનરૂપી હે ઈશ્વર! વિષ્ણુબાવા બ્રહ્મચારી નામનું જે શરીર, તે માંહેલા આત્માનું હે ઈશ્વર! તારી પાસે માગવું છે. તે પરથી જે શરીરને **વિષ્ણુ બાવા બ્રહ્મચારી** કહે છે, તે શરીરની અંદરનો જ્ઞાન રૂપી ઇશ્વર કહે છે, કે ઠીક છે.

# ત્રીજો ભાગ

૧. હે શિષ્ય ! એકસો એક શ્લોકના બીજા ભાગમાં પંચકોષથી તું જુદો છે, ને સર્વ ભોગોમાં અભોક્તા છે, ભોકતાપણું તો કેવલ પંચકોષને છે, એ તને સ્પષ્ટ કરી બતાવ્યું. પછી તેં છેવટમાં પ્રશ્ન કર્યો કે, વ્યવહાર કરવા છતાં આત્માનું અનુસંધાન કેમ રહેશે, એટલે તને ઉત્તર આપ્યો કે, જેને હું જ આત્મા છું, શરીર નથી એવું જ્ઞાન છે, તેના જ હુંપણાએ કરીને જે વ્યવહાર થાય છે, તે જ આત્માના અનુસંધાનનો વ્યવહાર છે. હું આત્મા છું એવું જ્ઞાન આ ત્રીજા ભાગમાં હવે તને કહું છું. પંચકોષથી તું જુદો છે એમ પહેલાં બતાવ્યું, હવે ચાર દેહથી પણ તું જુદો છે એ બતાવું છું.

૨. મનની અનેક કલ્પનાઓ તથા શરીરનો અહંકાર એનાથી તું જુદો, નિરાકાર અને અનેક ગોલોના એક અધિષ્ઠાન જેવો છે. ચારે શરીરના દેખાવનું તું સ્થાનક છે, ને તારા નિરાકાર શુદ્ધ સ્વરૂપના વિષે, ચારે શરીર સહિત સંપૂર્ણ વિશ્વ તે વ્યાપ્ય, તથા હું નિરાકાર તેનો વ્યાપક, એવું ભાન જ નથી. તું તો કેવળ, જ્ઞાન સ્વરૂપ, નિરાકાર, જેવો ને તેવો જ છે.

૩. તે તારા નિરાકાર રૂપે કરીને તું પોતે "હું નિરાકાર છું" એવી વૃત્તિ પકડતો નથી, પણ તારા સ્વરૂપનું તો તને

જ્ઞાન છે જ. પાંચ વિષયોને "છે" એમ લોક કહે છે; ને નિરાકાર સ્થાનકને "કંઇ જ નથી" એમ કહે છે; તો પણ નિરાકાર સ્થાનક પોતે પોતાને એવું માનતો નથી, કે લોક મને કંઇ જ નથી એવું કહે છે, એટલે હું કંઇ જ નથી! સ્થાનક પોતે પોતાનામાં, જેમનું તેમ જ છે, અને એ "છે" એ પ્રમાણે તું પણ નિરાકાર સ્થાનકરૂપ જ પ્રકાશ છે.

૪. હવે એવો જે તું નિરાકાર જ્ઞાન સ્વરૂપ છે, તે તને દેહ-ચતુષ્ટય એવો વ્યાપાર હો અગર ન હો, પણ તારા સ્વરૂપમાં ઓછું વધતું થવાનું નથી. જેમ લાકડાના આકારે અગ્નિ દેખાય છે, પણ અગ્નિનું તત્ત્વ લાકડાથી જુદું છે, તેમ તું જ્ઞાનસ્વરૂપ નિરાકાર, લોકની નજરે દેહ ચતુષ્ટયમાં છે એવું ભાસે છે તોપણ તું નિરાકાર, શાંત સ્વરૂપ જ છે, ને તેવો તું દેહચતુષ્ટયમાં પડતો નથી, ને પોતાના સ્વરૂપને વિસરતો નથી.

૫. જેમ દેહનું અનુસંધાન રાખીને લોકો ઘોડા ઉપર બેસે છે, ને જમીન પર બધે ઘોડું ફરે છે તે સાથે પોતે પણ ફરે છે, તેમ દેહ ચતુષ્ટયના ફરવામાં તું નિરાકાર, શાન્ત તથા સ્વસ્થ છે, એવું પોતે પોતાને જાણીને રહે.

૬. હવે તું એ દેહ ચતુષ્ટયનાં નામો સાંભળ. એક સ્થૂલ શરીર, બીજું સૂક્ષ્મ શરીર, ત્રીજું કારણ શરીર, અને ચોથું મહાકારણ શરીર. એ ચારે શરીરને જાણીને ચારે શરીરથી ભિન્ન રહેવું, એ આત્માનું લક્ષણ છે. તું આત્મસ્વરૂપનો અનુભવ લેવા જઈશ તો ચારે દેહ તથા તેનું સાક્ષીપણું ન રહીને, તું નિરાકાર પરમાત્મા-પ્રત્યેક દેહમાં રહેલો આત્મા—પ્રત્યગાત્માથી જુદો એવી સ્થિતિને જાણીશ ને ચારે દેહનું સાક્ષીપણું તને રહેશે નહિ.

૭. સ્થૂલ શરીર પંચભૂતાત્મક, જડ પાંચભૂતોથી બન્યું છે. તે દેહને જાણનારો તું દેહથી ભિન્ન સ્વરૂપ છે, ને સાક્ષીપણું ગયા પછી આત્માથી જુદો તું પરમાત્મા મૂળથી જ છે.

૮. આ સાડાત્રણ હાથની લંબાઇનો જડ દેહ જોવામાં આવે છે, તેમાં પૃથ્વીના પાંચ ભાગ છેઃ કેશ, ત્વચા, નસો, માંસ અને હાડકાં, પરંતુ તું તે પાંચેથી અલગ છે.

૯. પાણીના પાંચ ભાગ શરીરમાં છે તે લાળ, મૂત્ર, રક્ત, રેતસ્ અને પરસેવો. આ પાંચે ભાગને જાણનારો તું આત્મા, પાણીના આ પાંચે ભાગથી અલગ છે.

૧૦. તેજ એટલે અગ્નિભૂતના પાંચ ભાગ: ભૂખ, તરસ, આળસ, નિદ્રા ને મૈથુન. અગ્નિભૂતના આ પાંચે ભાગને જાણનારો તું આત્મા તેનાથી અલગ છે.

૧૧. વાયુભૂતના પાંચ ભાગ: શરીરનું હાલવું, દોડવું, ઊભું રહેવું, હાથપગ ડોલાવવા, હાથપગ કાબુમાં રાખવા. વાયુના આ પાંચ ભાગોને જાણનારો તું આત્મા તેથી અલગ છે.

૧૨. આકાશભૂતના પાંચ ભાગો છે, જેનાં બે પ્રકારનાં નામ છે. પહેલો ભાગ: મરણની સ્થિતિ થવી; બંધ રહેવું; પવનનું પોતે પોતાથી બંધ થવું, મૂર્છા ને વિસ્મૃતિ; એ પાંચ ભાગો આકાશના જ છે. બીજા પાંચ ભાગ કામ, ક્રોધ, લોભ, મોહ, ભય. આકાશના આ પાંચે ભાગને જાણનારો તું આત્મા તેઓથી અલગ છે.

૧૩. પાંચ ભૂતોને, તથા દરેકના પાંચ ભાગને, તું તે ભૂતોમાં રહીને જાણે છે, તે તું આત્મા જ્ઞાનરૂપ છે, ને સ્થૂલ શરીરથી તું જુદો હોઈ તેના નાશથી તારો નાશ થતો નથી.

૧૪. પ્રત્યક્ષ અનુભવથી તું હવે જો. દેહના હાથપગ સડી જાય અગર તૂટી જાય, તો પણ શરીરમાં રહેનારો તું તૂટતો નથી. શરીર બળીને ખાખ થઇ જાય, તો પણ તારું બળવું થતું નથી. કારણ કે તું આત્મા છે, ને બળી જવા જેવા પદાર્થનો નથી.

૧૫. પાણીમાં જેમ પરપોટાઓ ઊઠે ને ફૂટે છે, તેથી આકાશમાં કંઈ વિકાર થતો નથી, પણ આકાશ એમનું એમ જ રહે છે, તે પ્રમાણે એક દેહ મરે ને બીજો દેહ ઉત્પન્ન થાય, પણ તું શરીરનો સાક્ષી, આત્મા તો અવિનાશી છે.

૧૬. તે તારા આત્મસ્વરૂપને "હું આત્મા છું" એવી જ્ઞાનની સ્થિતિ પ્રાપ્ત થવાથી અજ્ઞાન જાય છે, એટલે તું મુકત થઇશ એમ નથી. તું તો આત્મરૂપે કરી હમેશાં મુકત જ છે, પણ જે વૃત્તિ "હું કોણ છું એ મને ખબર નથી" એવી કલ્પના કરે છે તે જ બંધ છે, ને તેથી જ, હું સ્થાનક સરખો નિરાકાર છું એવો ભાવ પકડીએ એટલે એ જ મુકિત. આ બંધ-મુકિતધર્મ વૃત્તિના છે, આત્મસ્વરૂપના નથી, આત્મા તો જ્ઞાનસ્વરૂપ સ્થાનક છે, તેને પરમાત્મા કહેવામાં કંઇ વાંધો નથી, પણ ચાર દેહનું સાક્ષીપણું કરે છે, માટે આત્મા નામ છે; કારણ કે પરત્માત્માના સ્વરૂપ વિષે સાક્ષીપણું નથી. તેમ નિરાકાર સ્થાનકના અસ્તિત્વમાં જગતનું અસ્તિત્વ રહેતું નથી. કારણ કે એક જ સ્થળમાં બે પદાર્થ રહી શકતા નથી. એથી કરીને નિરાકારનું સાક્ષીપણું સાચું નથી; એટલે સાક્ષીપણું બાદ કરીએ તો આત્મા એવું નામ પણ મૂળમાં નથી, પણ તને ખબર પડે માટે આત્માનાં લક્ષણ કહું છું.

૧૭. સ્થૂલ દેહ તો માટીના ઘડા જેવો છે. પત્થર જેવાં હાડકાંનું, પાંચભુતોના પચીસ ભેદોનું તે પિંજર છે, ને તેની અંદર પોલાણમાં તું આત્મા જે છે, તે તથા ઈંદ્રયો, પિંજરથી જુદાં છે. તું આત્મા, ઇંદ્રિયોની ઓથે રહીને શરીરના ખેલ કરે છે; જેમ વેષ ધરનારા વેશ ભજવતાં અંગ ઉપર લુગડાં પહેરે છતાં તે વેશનાં વસ્ત્રોથી ભિન્ન છે, તેવી રીતે તું સ્થૂલ દેહથી જુદો છે.

૧૮. ત્યારે સુખદુઃખ કોને થાય છે ? શરીરને થતાં નથી કેમકે તે તો જડ છે. તેમ જ શરીરને હું શરીર એવું જ્ઞાન નથી, એટલે સુખ દુઃખની તેને ખબર પડી શકે નહિ. તું આત્મ સ્વરૂપે, શરીરને જાણવા પ્રયાસ કરીશ તો જણાશે કે, વિષયોમાં પ્રીતિ ને અપ્રીતિની કલ્પના જ સુખદુઃખ ઉપસ્થિત કરે છે, ને તે કલ્પનાનો ભોગ તું તારી ઉપર માની બેસે છે. જો તેવું તું ન માની બેસે તો સુખદુઃખ રહેશે નહિ, કેમકે તું તો સદા સુખી આત્મા છે.

૧૯. કલ્પના જ સુખદુઃખ દેનાર છે. તેનું દૃષ્ટાંત આપું છું. સૂતેલા માણસને ભર નિદ્રામાં સુખ અગર દુઃખની ખબર પડતી નથીઃ એનું કારણ કે ઊંઘમાં હું એક, તથા પાંચ વિષયરૂપ જગત એક, એવી ગણત્રીની યાદ રહેતી નથી. એટલે જ્યાં જગતનું જ્ઞાન છે. ત્યાં સુખદુઃખની ભાવના છે. કેવલ શુદ્ધ નિરાકાર વિષે જો જગતનું જ્ઞાન હોય, તો જગતનાં સુખદુઃખની ખબર પડે, પણ નિરાકાર સર્વવ્યાપી હોઈ બધી જગ્યાએ છે, પછી તેને પોતાનાથી જુદું જગત્ ક્યાંથી જોવામાં આવે ? એટલે જે નિરાકાર છે, તેને મિથ્યા જગત્‌ના સાક્ષીપણાની કલ્પના જ નથી, તેથી તે નિરાકાર સ્વરૂપને સુખદુઃખ ન હોતાં, તેને તો

અખંડ જ્ઞાન અને અખંડ શાન્તિ છે, એટલે તેને કશી કલ્પનાની જરૂર નથી.

૨૦. શિષ્ય કહે છે કે, હે ગુરુ મહારાજ! મારા સ્વરૂપ વિષે દુનિયાનું સાક્ષીપણું નથી, તે મારું સ્વરૂપ મને જણાતું નથી. સ્થૂલ દેહથી હું જુદો છું, ને માત્ર તેનો સાક્ષી છું, તે તો સ્પષ્ટ સમજાય છે.

૨૧. તે પ્રમાણે જગતનું અગર શરીરનું સાક્ષીપણું, જે મારા નિરાકાર સ્વરૂપને નથી, તે મારું સ્વરૂપ મને સમજમાં આવે એટલે મને સુખદુઃખ રહેવાનું નથી, એ સારુ કૃપા કરીને મને જલદીથી તે જ કહો કે સાક્ષીપણાથી જુદો હું નિરાકાર પરમાત્મા છું, તે કેવો છું.

૨૨. ગુરુ કહે છે, કે હે શિષ્ય! ધીરજ રાખ. સૂક્ષ્મ અગર લિંગદેહ કેવો છે તે તને વિસ્તારથી બતાવું છું તે સાંભળીશ, એટલે તું નિરાકાર સ્વરૂપ થઈશ ને તને જગતનું સાક્ષીપણું નથી એવું જણાશે, અને તારું સમાધાન સહજ થશે.

૨૩. પંચભૂતાત્મક સ્થૂલ દેહની રચના વિસ્તારથી તેં સાંભળી તેથી તને જણાયું, કે તું તેનાથી જુદો છે, ને ફકત તેનો સાક્ષી છે, તો હવે સૂક્ષ્મદેહનાં પંચભૂત, ને તેના પચીસ ભેદો કહું છું તે સાંભળીશ, એટલે એમાં પણ માત્ર તારું સાક્ષીપણું છે, તે તને જણાશે.

૨૪. સૂક્ષ્મ શરીરમાં પૃથ્વીના જે પાંચ ભાગ છે એને જ પાંચ વિષય કહે છે: શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ. જે પાંચે ભાગ જ્ઞાનેન્દ્રિયો વડે તને જાણવામાં આવે છે, એ સૂક્ષ્મ પૃથ્વીના જ પાંચ ભાગ છે. તું તેને જાણનારો, તેનાથી જુદો છે.

૨૫. સૂક્ષ્મ જલના પાંચ ભાગ: વાણી, હાથ, પગ, ઉપસ્થ અને ગુદા એને કર્મેન્દ્રિયો કહે છે. એ સૂક્ષ્મ જલના પાંચ વિભાગને જાણનારો તું તેનાથી જુદો છે.

૨૬. સૂક્ષ્મ અગ્નિભૂતના પાંચ ભાગ: કાન, ચામડી, આંખ, જીભ અને નાક. આને પાંચ જ્ઞાનેન્દ્રિયો કહે છે. એ પાંચેને જાણનારો તું આત્મા તેનાથી જુદો છે.

૨૭. સૂક્ષ્મ વાયુભૂતના પાંચ ભાગ લિંગદેહમાં છે; સર્વ શરીરમાં વ્યાપક વાયુ તે વ્યાન, નાભિ આગળનો વાયુ તે સમાન, ગળા આગળનો ઉદાન, છાતીનો વાયુ તે પ્રાણ અને ગુદા આગળનો તે અપાન છે. આ પાંચ ભાગોને પંચપ્રાણ કહે છે. એ પાંચે ભાગો વ્યવસ્થિત ચાલે છે, તેથી શરીરની ક્રિયાઓ થાય છે. તું તેને જાણનારો, તેનાથી જુદો છે.

૨૮. આકાશના પાંચ ભાગ: અંતઃકરણ, મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર. એઓને તું મારું મન, મારું અંતઃકરણ, એ રીતે તારાથી જુદા જાણે છે, જેથી તું આત્મા તેનાથી જુદો છે. સૂક્ષ્મદેહના આ આકાશના પાંચ ભાગોની શુદ્ધિ થઇ એટલે પરમેશ્વર દૂર નથી.

૨૯. આ સૂક્ષ્મભૂતોના પચીસ વિભાગ એ જ લિંગદેહ. તે પચીસ ભેદોને જાણનારો તું આત્મા તેનાથી જુદો છે.

૩૦. લિંગ દેહના જ આ જગત્માં સર્વ વ્યાપાર છે. સૂક્ષ્મ દેહના આકાશભૂતનો ભાગ અંતઃકરણ, તે વ્યાન વાયુના આધારે કાનને માર્ગે શબ્દ વિષયને જાણીને, વાણીને માર્ગે મરજી પ્રમાણે બોલવાનો વ્યાપાર કરે છે.

૩૧. સૂક્ષ્મ આકાશનો ભાગ મન, તે મન સમાન વાયુના આધારે શરીરની ચામડીને માર્ગે સ્પર્શ વિષયને જાણીને, હાથે કરી ક્રિયાઓ કરે છે.

૩૨. સૂક્ષ્મ આકાશનો ભાગ બુદ્ધિ, તેનો વ્યાપાર ઉદ્દાન વાયુના આધારે કરી આંખોને રસ્તે જોવાનું અને પગે કરી જવા આવવાનું થાય તે છે.

૩૩. એ સુક્ષ્મ આકાશનો ભાગ ચિત્ત, તેનો વ્યાપાર પ્રાણવાયુના આધારે કરી, તાળવું તથા જીભના રસ્તે રસ વિષય જાણવાનો છે, તથા ઉપસ્થ વડે સુખ સારુ વીર્ય અને મૂત્રનો ત્યાગ થાય છે, તે છે.

૩૪. સૂક્ષ્મ આકાશનો ભાગ અહંકાર તેનો વ્યાપાર અપાન વાયુના આધારે નાક વડે સુંઘીને ગંધ વિષયની જાણ થવી અને ગુદા વડે મળનો ત્યાગ થાય તે છે.

૩૫. એ પ્રામણે સુક્ષ્મ આકાશભૂત જે અંતઃકરણ પંચક, તે જ સૂક્ષ્મવાયુ પ્રાણપંચક છે; તેના આધારે કરી સુક્ષ્મ અગ્નિભૂત તે જ્ઞાનેન્દ્રિય પંચક છે; તે જ્ઞાનેન્દ્રિય પંચકને રસ્તે સૂક્ષ્મ પૃથ્વીનું જે વિષય પંચક, તે વિષય પંચકને જાણીને, સૂક્ષ્મજળનો ભાગ જે કર્મેન્દ્રિય પંચક છે તેને માર્ગે સર્વ કામ થાય છે, ને એ જ સર્વ જગત્‌ના વ્યવહારનો માર્ગ છે.

૩૬. સર્વ વ્યવહાર સૂક્ષ્મ આકાશ, એટલે નિરાકાર સ્થાનકની ખોટી કલ્પના કરે છે. માણસ જયારે કહે છે કે મેં અમુક કર્યું કે અમુક જાણ્યું, તો તેણે સમજવું કે વિષયને

જાણનારું ને વ્યવહાર કરનારું સૂક્ષ્મ આકાશભૂત જ હું છું, પણ શરીર પિંજર કે પ્રાણ છું, એવું સમજવું નહિ. પૃથ્વી, પાણી, અગ્નિ ને વાયુ એ ચારે ભૂતોને જાણનારું, તે જ પાંચમું તત્ત્વ આકાશ છે, પણ તે નિરાકાર સ્થાનક કહેવાતું નથી. નિરાકાર સ્થાનકને પૃથ્વી, પાણી વગેરે પાંચભૂતોનું જાણવાપણું નથી. તે નિરાકાર તત્ત્વ પરબ્રહ્મ કહેવાય છે; ને આકાશભૂત જે ચાર ભૂતોને જાણે છે તેથી તેનાં અંતઃકરણ, મન, બુધ્ધિ, ચિત્ત અને અહંકાર એવાં પાંચ નામ પડયાં છે, વિષયોને જાણનાર સૂક્ષ્મ આકાશભૂત અંતરાત્મા પણ કહેવાય છે, અને તે સર્વ ભૂતો ઉપર ઉપરિપણું ભોગવે છે. એટલે દરેકના દેહમાં તે જ સૂક્ષ્મ આકાશ ઇશ્વર છે. સર્વ પ્રાણીઓ, હોઠ કે જીભ હલાવ્યા વગર એનાથી જ મનમાં 'હું-હું' એવી કલ્પના કરે છે, તે વખતે સૂક્ષ્મ પ્રાણવાયુને ચલાયમાન થવું પડે છે. તે ચલન સૂક્ષ્મ આકાશરૂપે કરીને થાય છે. તેથી "હું-હું"ની કલ્પના થાય છે. જો સૂક્ષ્મવાયુ ચલિત ન કરીએ તો એકલા આકાશરૂપે કરી પોતાને હું હું એવી કલ્પના કરતાં આવડવાની જ નથી. તો પછી તેને આકાશ એવું ન કહેતાં, તે જ નિરાકાર સ્થાનક રહ્યું એમ સમજવું. જેમ પાણી અને પાણીની અંદરનો રસવિષય એ બન્ને એક રૂપ જ છે, તેમ જ સૂક્ષ્મ પ્રાણવાયુભૂત તથા સૂક્ષ્મ આકાશભૂત, એ એક જ રૂપે પેદા થયેલાં છે ને એક રૂપે જ હોય છે. ને નિરાકાર સ્થાનક જ હું છું, એવી ધારણાએ કરી એક જ રૂપે બન્ને આથમે છે. તેવી ધારણા સિવાય પ્રાણી મરે, તો તેનું સૂક્ષ્મ આકાશભૂત તથા સૂક્ષ્મ વાયુભૂત નાશ પામતું નથી. એટલે જ હું નિરાકાર સ્થાનક છું, શરીરની અંદર તથા બહાર જે એક જ સ્થાનક છે તે હું છું, ને જન્મ મરણ રહિત અવિનાશી છું, એવી

ધારણા સતત રાખવી, ને એવી જ પ્રીતિ રાખવી, એટલે શરીરપિંજર નાશ પામે તે વખતે વાયુ તથા સૂક્ષ્મ આકાશભૂત નષ્ટ થઇને, નિરાકાર સ્થાનક રૂપ પરમધામ રૂપ થઇને રહેશે.

૩૭. સૂક્ષ્મ દેહમાં રહેલા આકાશભૂતનું અંતઃકરણ પંચક એવું નામ છે, કારણ કે કરણ એટલે દસ ઇંદ્રિયો, તેની અંદરનું જાણનાર સૂક્ષ્મ આકાશ તે જ જ્ઞાન, તેથી અંતઃકરણ નામ પડયું. તેના વડે જ અનેક કલ્પનાઓ કરીએ, એટલે તેનું જ નામ મન સમજવું.

૩૮. તે સૂક્ષ્મ આકાશરૂપ જ્ઞાન વડે અનેક કલ્પના થાય છે. તેમાંથી એક કલ્પનાનો નિશ્ચય કર્યો એટલે તેને બુધ્ધિ કહેવામાં આવે છે. તે નિશ્ચય પ્રમાણે કાર્ય સિદ્ધ કયારે થશે એ ચિંતા થવા લાગી એટલે તેને જ ચિત્ત કહેવાય.

૩૯. પંચ પ્રાણના આધારે હું-હું એવું પ્રત્યક્ષ જે ઉછળે છે, તે આકાશરૂપ ઉછળવાથી, કાર્યની સિધ્ધિ કરવા માટે કામની તરફ લગાડયું એટલે તે જ્ઞાનને અહંકાર નામ અપાયું. સૂક્ષ્મ આકાશભુત્ત જે અંતઃકરણ પંચક તેને જ સર્વ કર્તાપણું અને ભોક્તાપણું લાગેલું છે.

૪૦. કામ એટલે ઇદ્રિયોને સતેજ રાખનાર વિષય મળે તેવી વૃત્તિ; કલ્પેલા વિષય ન મળ્યા એટલે વૃત્તિના વેગનું ઉલટસુલટ થવું એ ક્રોધ; મળેલા પદાર્થ અક્ષય છે એવું માની તેનું રક્ષણ કરવું ને ઉપભોગ ન લેવો તે લોભ; સર્વ શરીર નાશવંત છે એવું ન સમજતાં કોઇપણ ભાગનો નાશ ન થવા દેવાની વૃત્તિ એ જ મોહ; અને વસ્તુમાત્ર નાશવંત છે એ ભૂલી જઇ જે વસ્તુનો લોભ રાખ્યો હોય તેનો રખે નાશ થશે એવી ફીકર

કરવી એ મદ છે. બીજાને મળ્યું ને આપણને ન મળ્યું, તો તેનાથી દુશ્મનાવટ રાખવી, તથા આપણા જેવો બીજાનો વૈભવ જોઈને તે કમતી થાય એમ ઇચ્છવું એ મત્સર; આપણે જે ઉદ્યોગે લાગીએ તે જ ઉદ્યોગે બીજા લાગે, તો તેને મદદ ન કરતાં તેના નાશનો વિચાર કરવો એ દ્વેષ; આપણી મેળવવાની સત્તા ન હોય છતાં બીજા પાસેથી કાંઇ પણ મળશે એવી કલ્પના કરવી તે આશા છે; એકાદ વસ્તુની ઘણી જ જરૂર પડવા પછી, તે મળે નહિ સુધી જે ચંચળ સ્થિતિ તે જ તૃષ્ણા; જે વસ્તુ મળવા જેવી નથી, ને કદી મળશે એવો ભરોસો નથી, ને મેળવવા પ્રયત્ન પણ નથી, તથાપિ કોઈ રોજ તો મળશે જ મળશે એમ ચિંતન કરવું તે વાસના; આ બધી સૂક્ષ્મદેહની અંદરના આકાશ-ભૂતની ભાવનાઓ અગર કલ્પનાઓ છે, ને તેવી ભાવનાઓ વડે જ સર્વ જગત્ ભરેલું છે.

૪૧. તે જ અંતઃકરણ પંચકરૂપ આકાશભૂતને અનેક ચિંતાઓ પ્રાપ્ત થાય છે. તેમાં સૌથી મોટી ચિંતા એ જ કે મારા જીવન પર્યંત મને દુઃખ થાય નહિ પણ સુખ થાય; ને બીજી ફીકર એ કે મને કાંઈ પણ ઉપદ્રવ થાય નહિ ને હું મૃત્યુ પામું નહિ. પણ તેમ ક્યારે થશે તે સારુ ફિકર કરવી, તથા જે વાત આપણા સૂક્ષ્મ આકાશભૂત શરીરને ગમતી નથી, તે પ્રાપ્ત થયા પહેલાં જ તેનો ત્રાસ માનવો એ જ દુઃખ છે, તથા જે વાતો ગમે છે તેની પ્રીતિ ધરવી, તે જ બહારના વિષયનું સુખ છે; તેથી તે મળવાની આશા રાખવી તેમ જ મૃત્યુ પછી હું-હું કરનારો જે આ શરીરમાં છું, તેની સારી કે ખરાબ ગતિ થશે તેની ચિંતા કરવી—આ બધો સ્વભાવ સૂક્ષ્મ આકાશભૂત અંતઃકરણ પંચકનો છે.

૪૨. વરાળયંત્રોથી ગાડીઓ તથા નાવ ચલાવવાનું તથા અસંખ્ય કામો કરવાનું, વાયુવાન બનાવવાનું તથા વિવિધ પ્રકારનાં અસંખ્ય યંત્રો ખોળી કાઢી ઉપયોગ કરવાની અનેક યુક્તિનો અભ્યાસ તથા ઉપયોગ કરનાર એ જ અંતઃકરણ પંચક છે. તેમ જ અનેક ભૂગોળ, ખગોળ, ભૂસ્તરવિદ્યા, ગણિતવિદ્યા, અનેક શાસ્ત્રો અને વિદ્યાઓ, તે પણ તેના વડે જ બને છે. તેવા અભ્યાસો કરતાં જે નિરાકાર સ્વરૂપ છે, તેનો ભાવ ઈંદ્રિયો અગર મન બુદ્ધિથી પકડાતો નથી. મનુષ્યના અંતઃકરણનો સૂક્ષ્મ આકાશભાવ સમજાય, તો નિરાકાર ભાવ પકડાય. પુરાણોમાં જણાવેલા અગ્નિરથો તે વરાળયંત્રો જ હતાં, તેમ જ તેમાં વિમાનોની વાતો આવે છે તે, તથા અસ્ત્રો ને વીજળીક શસ્ત્રોની બનાવટો, એ સર્વ લિંગદેહમાં રહેલાં સૂક્ષ્મ આકાશભૂત અંતઃકરણ પંચક કરે છે.

૪૩. દેવને ગુણ છે અગર ગુણ નથી, દેવને આકાર છે અગર નથી, અમુક ધર્મ સારો છે ને અમુક ધર્મ સારો નથી, ને અમુક માણસ મોટો, ને અમુક નાનો, હું શરીર છું, અગર તેથી જુદો સાક્ષી છું, અગર હું કોણ છું તે ખબર પડતી નથી, વગેરે સર્વ કલ્પનાઓ અંતઃકરણ પંચક જે લિંગદેહમાં પાંચમું ભૂત આકાશ છે, તેની ઊભી કરેલી છે એવું સમજવું.

૪૪. હું શરીરનું પિંજર અગર પંચપ્રાણ નથી, પણ નિરાકાર એ સ્થાનક તે જ હું છું, એવી ભાવના વડે વિષય, તથા ઇંદ્રિયો તથા પ્રાણને વિસારવાનો અભ્યાસ પડે, તે માટે સર્વ વિષય ત્યાગવા અથવા સર્વ વિષય ભોગવવા, તે બન્ને કામો તથા સમાધિ વગેરે અંતઃકરણ પંચકના જ કારભાર છે.

૪૫. તેમ જ બન્ને હાથ ઉંચા જ રાખી મૂકવા, તથા ઊભા

જ રહેવું ને બેસવું નહિ, દાઢી તથા જટા રાખવી ને કેશ વધારવા, ઉપવાસ કરવા, ચારે તરફ અગ્નિને રાખી તડકામાં તપવું, ઠંડીના દિવસોમાં પાણીમાં બેસવું ને મંત્રના શબ્દોનો વિચાર કર્યા વગર માત્ર જપવા, કે કંઈક ચમત્કાર પ્રાપ્ત થાય ને ઉત્તમ દેવલોકના ભોગ મળે, આ સર્વ કષ્ટ આકાશભૂત કરે છે, તથા વિષય-પ્રાપ્તિની ઇચ્છા ધરે છે, પણ ઇચ્છા વગરનું જ નિરાકાર અંતિમ સુખ તે તો લેશમાત્ર પણ મળતું નથી, તથા લોકો પાસે તપ કરવાની મહેનત અમસ્તી થઇ, એવું કહે તો આબરૂ જાય, તેથી કંઈ ન બોલતાં પોતે પોતાના અંતઃકરણ પંચકમાં તરફડ કરે છે.

૪૬. અથવા ધાતુના રસ કરીને તેમાં બીજા રસ મેળવી સોનું કરીશ, એવું સૂક્ષ્મ આકાશભૂત અભિમાન ધારણ કરે છે, પણ તેથી સાચું સોનું થવું, એ વાત ખોટી છે. એવું જાણીને આખર અંતઃ-કરણ પંચક વલોપાત કરે છે.

૪૭. ને હું મંત્રવાળો મંત્રબળે ચમત્કાર કરનારો છું, ને હું સિદ્ધ છું, વગેરે સૂક્ષ્મ દેહની અંદરનું આકાશતત્ત્વ ઢોંગ મચાવી લોકોને ફસાવે છે. પરિણામે લોકોના દ્રવ્યની કે સ્ત્રીઓની ચોરી કરીને નાસી જાય છે, કિંવા કેદ થઈને ફજેત થાય છે, એ સર્વ કામો આકાશતત્ત્વ કરે છે.

૪૮. ને ગણપતિ એટલે ઇંદ્રિયગણના પતિ એટલે આત્મા, તેને છોડીને હું ગણપતિનો ભક્ત છું, હું વિષ્ણુનો ભક્ત છું, હું શાસ્ત્રીય રીતે ચાલનારો છું, હું શાસ્ત્રી છું, હું વેદપાઠ કરનારો છું, આ બધું આકાશતત્ત્વ જ અંતઃકરણ પંચકથી ધારણ કરે છે. જડ દેહને તો કાંઇ જ ખબર પડતી નથી; સર્વ અભિમાન શરીરપિંજરની અંદરનું જ્ઞાન, આકાશતત્ત્વનું અંતઃકરણ પંચક જ લે છે; ને તેને જ એ બધાનું અભિમાન છે.

૪૯. હું ઇસુનો અનુયાયી ખ્રિસ્તિ છું, કે મુસાનો ચેલો યાહુદી છું, કે હ. મહમદને માનનાર મુસલમાન છું. બુધ્ધ, જૈન ઈત્યાદિ છું, એ સર્વ મતો, આત્મજ્ઞાન વગરના જડ શ્રધ્ધાના છે. એવા મતને પણ આકાશભૂત ધારણ કરે છે, ને ખંડ મચાવે છે. પણ તે સર્વ ખંડો નિરાકાર સ્થાનક રૂપોના જ્ઞાનોને અગર ભજનોને અનુસરીને નથી પણ પાખંડો છે, તથા વેદ પ્રતિપાદ્ય ધર્મ એટલે હિંદુ ધર્મ-માંથી જ તેઓ પેદા થઇને તેની જ નિંદા કરે છે એવા એ મતો છે.

૫૦. આ લિંગદેહ માંહેલું સૂક્ષ્મ આકાશરૂપ, તે જ અંતઃકરણ પંચક; તેના તમામ ખેલ કહેવા લાગીએ તો ઉમર પૂરી થઇ જાય, કારણ કે સર્વ વ્યાપાર અનેક જીવો કરે છે, તે સર્વ અંતઃકરણ પંચક આકાશભૂતોના છે. તેથી થોડું વર્ણન કરી સમજાવ્યું.

૫૧. ને તે જ અંતઃકરણને પ્રિય વસ્તુની પ્રાપ્તિનું સુખ થવું, તથા અપ્રિય વસ્તુની પ્રાપ્તિનું દુઃખ થવું, એવું હમેશાં ચાલ્યું આવે છે. તને તે અંતઃકરણની ખબર પડે છે, તેથી તું તે અંતઃકરણ પંચકરૂપ આકાશભૂતથી જુદો, નિરાકાર સ્થાનક સ્વરૂપ અનુભવીને સ્વસ્થ થઈશ, એટલે પ્રિય તથા અપ્રિય કલ્પનાથી થયેલ સુખદુઃખ મને જ થાય છે, એમ જે અજ્ઞાનથી માને છે તે માનીશ નહિ. તેમ જ સુખદુઃખનું ભોક્તા તે જ છે, અને પોતાના સ્વરૂપનું જે અજ્ઞાન એટલે કારણ શરીરને સુખદુઃખનું જ્ઞાન નથી. અજ્ઞાન દશાથી જ અંતઃકરણનું સુખદુઃખ મને થાય છે તેવો ભ્રમ અભિમાન ધારણ કરે છે, પણ જ્ઞાન થયા પછી તે ભ્રમ રહેતો નથી, ને આત્મસ્વરૂપના જ્ઞાનને અંતઃકરણનું સુખદુઃખ જાણવામાં આવતું નથી; એટલે જ આત્મજ્ઞાનીને સુખદુઃખ નથી એમ કહેવાય છે. આત્મસ્વરૂપના અજ્ઞાનને સુખદુઃખની ખબર પડતી નથી, તે પણ મને સુખદુઃખ થાય છે એવો જે ભ્રમ ભ્રમરૂપ અહંકારનો હોય છે, તે આત્મજ્ઞાનીને

હોતો નથી. અંતઃકરણનાં કામકાજ તો અજ્ઞાની તથા જ્ઞાનીનાં સર્વ ચાલુ જ હોય છે.

૫૨. ને મારા દિલના સર્વ વિચારોની મને ખબર પડે છે, એવી ભાવના તને જે છે, એનું કારણ એ કે તું અંતઃકરણને હું જ છું એવું માનતો નથી ને જેવો મારે પુત્ર છે તેની મને ખબર છે, તેમ મારું અંતઃકરણ છે તેની પણ મને જાણ છે. જેમ દીકરો મારાથી જુદો છે, તેમ અંતકરણથી પણ હું જુદો છું એમ સમજ. એટલે જેમ દીકરાના વ્યવહાર ને સુખદુઃખ મારો દીકરો એમ કહેનારને નથી. તેમ જ અંતઃકરણનું સમજવું ને અંતઃકરણનું સૂક્ષ્મ આકાશ એ હું નથી એમ જાણીને, એક અચળ અને નિરાકાર સ્વરૂપ છું એમ જાણ.

૫૩. મારું મન, મારી બુદ્ધિ, મારું ચિત્ત, મારું અંતઃકરણ, તથા મારો અહંકાર એવી તને ખબર પડે છે, તે સૂક્ષ્મ આકાશભૂતરૂપી અંતઃકરણપંચક છે, તેથી એ બધાંને મારું કહેનારો તેનાથી જુદો નિરાકાર ને શાન્ત તું છું.

૫૪. રોગોનું સુખદુઃખ જોનારો રોગથી જુદો છે, તેથી તેને તેની વેદના થતી નથી તેમ તું જુદો હોવાથી અંતઃકરણ પંચકનાં સુખદુઃખ તને ખરી રીતે થતાં નથી.

૫૫. કોઇ એમ કહે કે અંતઃકરણ પંચકને સુખદુઃખનું સ્મરણ રહે નહિ એટલે પ્રાણી મુક્ત થયો, તો એ વાત ખોટી છે, કારણ કે જો અંતઃકરણને સુખદુઃખ વિસરી જવાથી જ મુકિતની દશા આવી એમ ગણાય, તો તે તો ભરનિદ્રામાં સુખદુઃખની યાદ રહેતી નથી, એટલે તને મુકિત મળી એમ કેમ ન કહેવાય ?

૫૬. અંતઃકરણપંચક આકાશભૂત છે, ને વાયુ, અગ્નિ, પાણી,

પૃથ્વી એ ચારે ભૂતોનું તે કારણ છે, ને ચારે ભૂતો તેનું કાર્ય છે; જેમ માટીના ઘડાનું કારણ માટી છે તેમ. જો માટી જ નષ્ટ થાય તો તેનાં કાર્ય માટલાં, ઘડા વગેરે નષ્ટ થાય જ. જો અંતઃકરણરૂપ આકાશભૂત ન રહે, તો ચારે સૂક્ષ્મ ભૂતો ન રહે. એટલું તું સમજ કે અંતઃકરણ પંચકથી તું તો નિરાકાર સ્વરૂપ જુદો છે. એમ જાણીને રહીશ, તો જ મુક્ત સ્થિતિનો આનંદ તને મળશે; તેમ ન રહેતાં અંતઃકરણથી દુનિયાને વિસારવા મહેનત કરીશ, તો તે વ્યર્થ જશે ને કાંઈ લાભ થશે નહિ.

૫૭. અંતઃકરણનો નાશ થયો એટલે મુકિત મળી, એવો કેટ-લાક અજ્ઞાનીનો મત છે, તે સાચો નથી, કારણ કે મૂર્છા વખતે તેનો નાશ થાય છે, પણ તે મુકિત કહી શકાય નહિ.

૫૮. આવા અજ્ઞાની મતોનો પણ વિચાર કરી લેવો, જેથી સંશય રહે નહિ, પછી તેનું ખંડન કરવું ને માનવું નહિ. તું અંતઃકરણ પંચક આકાશરૂપે કરી સાક્ષીપણા વડે પોતે પોતાને જો. એમ જોવું ને નિશ્ચયથી જાણવું તે જ આત્માનુસંધાન છે. સ્વરૂપમાં રહીને, તે પચંકના તથા શરીરના, સંયોગવશાત્ ઉપસ્થિત થતા સર્વ વ્યવહાર કરીને, સુખ તથા દુઃખભોગ અંતઃકરણ ઉપર સ્થાપીને, તું નિરાકાર સ્વરૂપે કરી અભોકતા છે, એવો શુદ્ધ રહે.

૫૯. એટલું સાંભળીને શિષ્ય કહે છે કે, હે ગુરુ મહારાજ ! આપે જે જે કહ્યું તે બરાબર છે, તથા તે મારા અનુભવમાં આવ્યું છે, કે લિંગદેહમાં રહેલું સૂક્ષ્મ આકાશભૂત જે અંતઃકરણ પંચક, તેને જ સુખદુઃખની કલ્પના છે, ને તેને જાણનારો જે હું, તે મારા નિરાકાર, શુધ્ધ સ્વરૂપને સુખ અગર દુઃખની મૂળથી જ ખબર નથી, એ મને પાકું સમજાયું.

૬૦. પણ એક મને જાણવામાં નથી આવતું, તે એ કે હું અંતઃ-કરણપંચક રૂપ આકાશને જાણનારો આકાશથી અલગ છું, ને અમુક લક્ષણનો આવો છું, એ નિશ્ચય મને થતો નથી, મારા તે રૂપનો નિશ્ચય મને થાય એટલા માટે હું સ્વસ્થતાથી વિચાર કરીને શરીર પિંજરથી, પંચ પ્રાણથી, તથા અંતઃકરણ પંચકરૂપ આકાશથી જુદો છું, તે કેવો છું એવું પોતે પોતાને જોવા લાગતાં, મને મારું સ્વરૂપ અનુભવમાં આવતું નથી.

૬૧. ગુરુ કહે છે કે, હે શિષ્ય ! તું અંતઃકરણ પંચકથી જુદો છે, એવું મેં તને કહ્યું ને સમજી લઇને, તારા નિરાકાર સ્વરૂપને સમજવા તું પોતે મહેનત કરે છે તે ઠીક છે. તને તારી કાંઇ જ ખબર પડતી નથી એવું થાય છે, તે કેમ થાય છે તે હવે બતાવું છું. જેમ આંખ પોતે, હું કેવી છું એ જોવા જાય ને જેવી સ્થિતિ થાય, તેવી તે સ્થિતિ છે. હું જ્ઞાનરૂપ છું એવું તું પોતે પોતાને જોવા લાગ્યો, એટલે તને કાંઇ જ ખબર પડતી નથી એવું લાગે છે, તેને જ ત્રીજો કારણદેહ કહે છે. ને તે જ સ્થિતિ તે સૂક્ષ્મ તથા સ્થૂલ શરીરનાં બીજ છે. સ્વ સ્વરૂપનું જ્ઞાન થવાની સ્થિતિનો નાશ થાય, તો અતકરણ પંચક જે સુખદુઃખ, પુનર્જન્મ તથા વારંવાર મરણ આપનારું છે, તે શેકેલાં બીજ જેવું થઇને રહેશે.

૬૨. જેમ શેકેલું બીજ ખાવામાં મીઠું લાગે છે, પણ જમીનમાં વાવ્યું હોય તો ઊગતું નથી, તે જ પ્રમાણે તું પોતાના નિરાકાર સ્વરૂપનો અનુભવ કરે, એટલે તે અનુભવરૂપ જ્ઞાને કરી હું કોણ છું એની મને ખબર પડતી નથી એવું જે અજ્ઞાન છે, તે જાય છે. જેમ પ્રકાશ વડે અંધારું જોવું છે, એવું કરેલું ચિંતન નિરર્થક જ છે, એ પ્રમાણે હું નિરાકાર સ્વરૂપ છું એ જ્ઞાનથી અજ્ઞાન નિરર્થક થઈ જશે; ને તે અજ્ઞાનથી ઉત્પન્ન થયેલ ઇચ્છા, વાસના વગેરે બધું જતું રહેશે.

૬૩. અજ્ઞાનનો નાશ જે અનુભવથી થશે, તે જ અનુભવ હું તને કહું છું. અંતઃકરણ પંચક સૂક્ષ્મ આકાશભૂતનું છે, તે ચારે ભૂતોને જાણનારું છે, ને તેનું સ્વરૂપ શરીર બહારના અવકાશ એટલે પોલાણ જેવું છે. તે પોતે પોતાને જાણે છે, અને પાંચે વિષય, દસ ઇન્દ્રિયો, અને મન સર્વને તે જાણે છે. તે આકાશરૂપ અંતઃકરણ-પંચક સ્થૂલ શરીરના પ્રાણવાયુને અંતરમાં ને અંતરમાં હલાવીને હું-હું એવી કલ્પના કરે છે. તેને તેવા રૂપમાં આંખો વગેરે ઇન્દ્રિયો હોતી નથી. તેથી ઇન્દ્રિયો વડે સ્થૂલ દેહને જોવા જેવો, તેને અનુભવ થતો નથી. તેથી " હું કોણ છું " એની ખબર પડતી નથી, એવી ભાવના અંતઃકરણ પંચક પકડે છે, પણ તે બરાબર નથી. અંતઃ-કરણ પંચક આકાશરૂપ છે. તે જ દેહની અંદરના સૂક્ષ્મ પ્રાણવાયુ હલાવીને બે પ્રકારની કલ્પના કરે છે. એક તો એ કે "હું કોણ છું " તેની મને ખબર પડતી નથી " ને બીજી એ કે " હું નિરાકાર સ્થાનક રૂપ છું. " જો તું એમ જાણીશ કે મારું નિરાકાર સ્વરૂપ હોવાથી અંદરના પ્રાણવાયુને મેં હલાવ્યો જ નથી, કારણ કે જ્ઞાનરૂપ નિરાકાર હોવાથી એમ થઇ શકે નહિ, તો સમજાશે કે મારું સ્વરૂપ મને જણાતું નથી, અગર જણાય છે તે કારણ અને મહાકારણ દેહ છે, અને હું તેનાથી જુદો છું.

૬૪. એટલે તું જો કે, આ શરીરપિંજર માંહેલા પંચપ્રાણની અંદર અંતઃકરણ પંચકરૂપ આકાશ છે, તે પંચ પ્રાણને પકડી તથા હલાવીને હું-હું ની ભાવના કરે છે, તથા પાંચ વિષય, દસ ઇન્દ્રિયો, ને પાંચ પ્રાણને જાણે છે, તે જ આકાશરૂપ અંતઃકરણ પંચક વડે પાંચ પ્રાણને પકડીને, પોતે પોતાને જોવા લાગે છે, તે વખત ચંચળ પ્રાણ-વાયુ સ્વરૂપથી હું અલગ છું, ને હું નિરાકાર સ્થાનરૂપ છું, એક જ છું, અનંત અપાર છું, એવી ધારણા રાખતો નથી, તેથી હું કોણ

છું એની મને ખબર પડતી નથી, એવી અજ્ઞાન સ્થિતિની કલ્પના રાખે છે.

૬૫. ને હું કોણ છું તેની મને ખબર પડતી નથી, એવી કલ્પના પકડી છે, તેની તને ખબર પડે છે, એટલે તે ન જાણવાની (અજ્ઞાનની) કલ્પનાને પકડનારો તથા જાણનારો જે તું છે, તે તું અજ્ઞાન, કારણદેહરૂપ કલ્પનાનો સાક્ષી, તેનાથી જુદો નિરાકાર છું, એવો બોધ પકડતો નથી એ તારી ભૂલ છે. એ સારુ તું પોતે પોતાને નિરાકાર સ્થાનકરૂપ છું, એવું વિચારબલથી જાણ.

૬૬. તે જાણવાની નિશાની એવી કે, તું જે અંતઃકરણ પંચક રૂપ આકાશ છે, તે તું "હું–હું" એવી અંતરમાં કલ્પના કરતી વખતે, હોઠ, જીભ, તથા ગળું હલાવતો નથી, પણ સૂક્ષ્મ વાયુરૂપ પ્રાણ હલાવે છે, તે હલાવ્યા વગર મનમાં ને મનમાં "હું–હું" એવી કલ્પના, અંતકરણ પંચકરૂપ આકાશથી થઈ શકે એમ નથી. જાગ્રતપણામાં તથા સ્વપ્નમાં, હું–હુંની કલ્પના થાય છે, તેથી તે બન્ને અવસ્થામાં પ્રાણવાયુ ગાઢ નિદ્રા જેવો સ્પષ્ટ ચાલતો નથી, પણ જાણે ઠેબાં ખાતો અથડાતો હોય એમ ચાલે છે. ગાઢ નિદ્રામાં હું–હુંની કલ્પના પ્રગટ થતી નથી, એટલે તેમાં પ્રાણવાયુ સ્પષ્ટ ચાલે છે, એ ઉપરથી સ્પષ્ટ સમજવું કે પ્રાણવાયુને હલાવીને, જે તત્ત્વ હું–ની કલ્પના કરે છે, તે આકાશતત્ત્વ પ્રાણવાયુથી જુદું, મારું સ્વરૂપ છે. તથા હું નિરાકાર, સ્વપ્રકાશ, જ્ઞાનઘન છું, એવી જુદી સ્થિતિ જોઇએ, તો તેને આકાશભૂત કહેવાનું રહ્યું જ નહિ. જેમ દોરીના અનુભવથી સર્પ મિથ્યા થાય છે, તેવી જ રીતે હું નિરાકાર સ્થાનકરૂપ છું એ અનુભવથી, હું–હુંની ખોટી કલ્પના અને તેનો જણાતો મિથ્યા અનુભવ મૂળમાં જ નથી, એ નિશાંની ખાસ ધ્યાનમાં રાખજે.

૬૭. કેમકે અંતઃકરણ પંચક પાંચ પ્રાણના આધારે કરી,

જ્ઞાનેન્દ્રિયોથી પાંચ વિષય ભોગવી, કર્મેન્દ્રિયોથી વ્યવહાર કરે છે. એવી તને ખબર પડે છે. તું કહે છે કે હું જ વિષયભોગ ભોગવું છું, તથા હું કર્મેન્દ્રિયોથી સર્વ ક્રિયાઓ કરું છું, પણ તું તો અંતઃકરણ પંચકરૂપ આકાશ છે, ને તે રૂપે પ્રાણવાયુનો આધાર લીધા વગર તને હું-હુંની કલ્પના કરતાં આવડતું નથી, એટલે સૂક્ષ્મપ્રાણના આધારે કરી, મારી મને ખબર પડતી નથી, એવી કરેલી કલ્પના, તે જ કારણ દેહરૂપ છે; તે છોડીને હું શરીરની અંદર તથા બહાર આકાશરૂપ છું, એવી ભાવના રાખ.

૬૮. પૃથ્વી, પાણી, અગ્નિ કે પવન વગેરે ભૂતોનું થયેલું કાદવ જેવું શરીરપિંજર, તે જ હું એવું માનવું નહિ; અંતઃકરણ પંચકરૂપ આકાશભૂત છે, તેથી આકાશરૂપની ભાવના પોતાના સ્વરૂપથી કરીએ, તો આકાશનો ગુણ શબ્દ–હું હું કહેવું–તે જઈને, હું–હુંની ભાવના જે નિરાકાર સ્થાનકરૂપમાં નથી, તે જ જ્ઞાનરૂપ પરબ્રહ્મ હું છું એવો તું રહીશ; કારણ આકાશ એટલે શૂન્ય અને શૂન્ય એટલે શરીરના બારણે પોલાણ છે, તેને કાંઇ જ નથી એવું જે કહેવું, તે જ શૂન્ય છે; તથા તે જ અંતઃકરણ પંચક આકાશનું રૂપ છે, તે રૂપે કરીને જો. આપણે નિરાકાર સ્થાનક છીએ, એવી ભાવના કરીએ તો જુદાપણાને લીધે કરી. નિરાકાર સ્થાનક કે જે કાંઇ જ નથી, એવું શૂન્ય માનવાનું રહેનાર નથી, એટલે એ જ અંતઃકરણ એટલે લિંગદેહનો નાશ કહેવાય છે.

૬૯. બધાં માણસો તથા દેહધારી જીવમાત્રમાં હું-હું એવી કલ્પના છે, પણ તે હું-હુંની કલ્પના થતાં પહેલાં, તથા તે કલ્પના દશ્યમાન તથા નાશ થયા પછી, તેવી કલ્પનારૂપથી જુદું મૂળમાં જે સર્વ જીવનું જ્ઞાનરૂપ તે દેહાભિમાન કિંવા હું આત્મા નિરાકારરૂપ એવું અભિમાન લેતું નથી. તે જ સર્વેનું એક મૂળ નિરાકાર સ્થાનરૂપ છે,

ને તે જ્ઞાનરૂપ છે. કારણ કે સર્વ જીવમાં, હું-ની કલ્પના ઊઠયા પહેલાં એકલું જ્ઞાન હોય છે તે સર્વ જીવનું જ્ઞાનરૂપ એક જ છે, ને હું-પણાની કલ્પના તે જ્ઞાનરૂપના રહેવામાં મિથ્યા છતાં, અને તે કલ્પના તેણે ન કરેલી હોવા છતાં તેના સત્ સ્વરૂપે ઊઠેલી છે, તેને જ સૂક્ષ્મ આકાશરૂપ કહીએ તથા માયા પણ કહીએ. હું-પણાની કલ્પનાને આકાશરૂપ કહેવાનું કારણ એ જ કે તે કલ્પના આપણા જાણપણાના અવકાશમાં એટલે પોલાણમાં, સંપૂર્ણ પંચવિષયરૂપ અંતઃકરણ તથા ઇંદ્રિયો, પ્રાણ, અને મનની કલ્પિત આકૃતિઓ ધારણ કરે છે. તેથી તેનું આકાશ નામ પડેલું છે. એ નામ, જેમ દોરીનું સાપ નામ પડે છે તે પ્રમાણે છે. સર્વ જીવોના મૂળના જ્ઞાનરૂપોને, હું હું એવી મિથ્યા કલ્પનાઓ ઉપરથી, આકાશ એવું નામ પડેલું છે. પણ જેમ મિથ્યા સર્પનો અનુભવ લેવા જતાં સર્પ એ નામ તથા રૂપ મિથ્યા થઇને દોરીનો અનુભવ સાચો રહે છે, તેમ જ હું-પણાની કલ્પનાના રૂપનો અનુભવ લેવા જોઇએ, તો તે કલ્પના જે આકાશરૂપ છે, તે મટીને નિરાકાર હું-પણાની કલ્પના થવાના પહેલાં, કલ્પના વગરનું જ્ઞાન જે છે. તે જ રહે છે, ને તે જ જ્ઞાન, એ ખોટી કલ્પનાના ત્રિકાલમાં સાચું છે.

૭૦. માટે, હે શિષ્ય ! તારું મૂળ જ્ઞાનસ્વરૂપ જ છે. તેવા તારા સ્વરૂપને હાથ પગ વગેરે અવયવો નથી તેમજ સુક્ષ્મ અણુઓના અગર મહાન્ ગોળા જેવો આકાર પણ નથી, તેમજ ભૂગોળ, સૂર્ય, તારાગણોના ગોલ વગેરે અનેક ગોલના ઉપર તથા નીચે, તથા અંદર બહાર જે જ્ઞાનરૂપ છે ને સ્વપ્રકાશ છે તેને, નીચે, ઉપર તથા ગોળ, ચોખુણ, લંબાઇ, પહોળાઇ, તથા છેપણું તથા નહિપણું, વગેરે ભાવો કલ્પનાથી કલ્પેલા હોઈ એક પણ તેને લાગુ પડતો નથી. હુંપણાની કલ્પના પહેલાં જ તું નિરાકાર જ્ઞાનરૂપ છે અને સર્વ જીવ પણ તે પ્રમાણે જ છે. તું વિચાર કર ને જો કે હું-ની કલ્પના

પહેલાં તું જ્ઞાનરૂપ હોઇને તને શરીર પિંજરની પણ ખબર નથી હોતી, એવો જે તું, તે તેવી કલ્પનામાં જ્ઞાનરૂપ આકાશ હું છું, તેવું સૂક્ષ્મ પ્રાણવાયુના આધારે તું પોતે પોતાને જોવા લાગીશ, તે વખતે તને હું કોણ છું એની મને ખબર પડતી નથી એવું લાગે છે. એનું કારણ શું છે તે પૂછીશ તો એ જ કે જેમ દોરીમાં સર્પનો ભાસ થાય, તે બરાબર જોવા જતાં દોરીનો અનુભવ આવે તેના જેવું છે. અજ્ઞાની પૂછે કે આટલો વખત સર્પ જોવામાં આવતો હતો, તે હવે ક્યાં ગયો, ને બરાબર જોતાં હવે કેમ જણાતો નથી. તો જ્ઞાની એજ કહે કે ભાઈ, પહેલાં જે ઠેકાણે તને સર્પ દેખાતો હતો, તે ઠેકાણે જ તને હવે દોરી દેખાય છે. જેમ સર્પ પહેલાં દેખાતો હતો પણ પછી દોરી દેખાઇ તો દોરી પ્રથમ નહોતી તે ક્યાંથી આવી ? ને સર્પ દેખાતો હતો તે ક્યાં ગયો ? એટલે સમજાશે કે દોરી તો હતી, ને સર્પનો તો ફક્ત ભાસ જ હતો; તે ભ્રમથી હતો અને તે ભ્રમ ગયો તેની સાથે સર્પ ગયો ને દોરી રહી. તે પ્રમાણે હું-પણાની કલ્પના કરવા પહેલાં જે જ્ઞાનરૂપ છે, તે જ તું રહ્યો ને હું-પણાની કલ્પના મિથ્યા હતી, એમ સમજાશે. તેનો સાક્ષી જે ભ્રમ તે ભ્રમ અગર કલ્પના ગઇ, એટલે મૂળ જ્ઞાનસ્વરૂપની સ્થિતિ રહી ને હું-પણાની મિથ્યા સ્થિતિ મટી ગઇ.

૭૧. તું મૂળથી જ જ્ઞાનરૂપ નિરાકાર સ્થાનક છે, તને સૂક્ષ્મ પ્રાણવાયુની મૂળમાં જ ખબર નથી, ને તેના આધાર વગરની હું-પણાની કલ્પના અશક્ય છે, તારા નિરાકાર જ્ઞાન સ્વરૂપ વિષે વાયુ નથી, એટલે હું-પણાની કલ્પના જ નથી. એટલે મારી મને ખબર નથી, એ કલ્પનાનો ભાવ પણ નથી, એવો વિચાર તું કરી જો. ને પછી બોલ.

૭૨. શરીર પિંજરના સૂક્ષ્મ પ્રાણરૂપ વાયુને ન હલાવતાં,

એકલા અંતઃકરણ પંચકરૂપ આકાશે કરીને, હું-પણાની કલ્પના કરી દેખાડી શકે તો માનીશું, કે હું-પણાની કલ્પના તથા તે હું કોણ છું એની મને ખબર નથી એ તારું કહેવું સાચું છે. પણ સૂક્ષ્મ પ્રાણવાયુ હલાવ્યા વગર, અંતઃકરણ પંચકરૂપ આકાશને એટલે તારા પ્રતિરૂપને હું-પણાની કલ્પના કરતાં ન આવડી, તો સમજ કે અંતઃકરણ પંચકરૂપ આકાશ એકલાથી એ કલ્પના સંભવતી નથી. એટલે મને તેની ખબર પડતી નથી, એવો ભય હતો તે પણ નથી.

૭૩. શિષ્ય કહે છે કે, હે મહારાજ ! હું જે અંતઃકરણ પંચકરૂપ આકાશ છું, તે રૂપે પાંચપ્રાણવાયુના આધારે હું-પણાની કલ્પના કરું છું, ને તે જ કલ્પનાથી હું કોણ છું એની મને ખબર નથી, એવું ઘેલાપણું હું પકડું છું પણ તે ખોટું છે; કેમકે પ્રાણનું આકર્ષણ કરીને, હું પોતે પોતાને જોનારો અવિચલ, શાન્ત, નિરાકાર, સ્વપ્રકાશ, સ્થાનકરૂપ છું એવું હવે મને જણાય છે, તથા હું-પણાની કલ્પના પ્રાણવાયુ વગર થતી જ નથી, એકલા નિરાકાર જ્ઞાનસ્વરૂપને લીધે ચામડી તથા વાણી વગેરેનો ઘટાટોપ નથી. પ્રાણને પકડીને હું નિરાકાર છું એવી ભાવના કરવી, એવી મહાકારણ દેહની વાણી તથા તે જ પરાવાક્ વડે, હું નિરાકાર છું એવો ભાવ ન રાખતાં, હું કોણ છું એની મને ખબર નથી એવી ભાવના પ્રાણને પકડીને કરવી, એ જ પશ્યન્તી વાણી કારણદેહની છે, અને તે જ પરાવાણીએ કરી પ્રાણને પકડીને, મનમાં ને મનમાં બોલવું તથા વિચાર કરવો એ જ મધ્યમાવાણી, તે સૂક્ષ્મદેહની વાણી છે; ને તે જ પરાવાણીએ કરીને પ્રાણને પકડીને, હોઠ તથા જીભ હલાવીને, ગળું તથા પડજીભ તથા તાળવામાં રહેલાં નાકનાં છિદ્રો એના યોગથી બોલવું, તે જ વૈખરી વાણી કહેવાય છે, ને તે સ્થૂલ દેહની છે. આમ આપના કહેવાથી, ચારે દેહની તથા ચારે વાણીના સ્વરૂપની મને ખબર પડી, ને હું

અવિચળ, શાન્ત, નિરાકાર સ્વરૂપ છું, એવો મને સંશય વગરનો અનુભવ થયો.

૭૪. ગુરુ કહે છે કે, હું અવિચળ, શાંત, નિરાકાર પરબ્રહ્મ છું એવી જે ભાવના તને પ્રાણવાયુના આધારે કરીને થઈ, એ ભાવનાને જ મહાકારણ દેહ કહેવાય છે. એ ભાવના અંતઃકરણપંચક રૂપ આકાશે જ કરી છે, કેમકે શબ્દગુણ આકાશનો તથા પવનના સંજોગનો છે, તે જ શબ્દ ચારે વાચારૂપ છે, ને અવિચળ, શાન્ત તથા નિરાકાર પરબ્રહ્મ શબ્દ વગરનું છે; એટલે નિરાકાર છું એવી ભાવના તેં જ કરી, ને તેનો સાક્ષી તું છે, તે ભાવનાથી જુદો છે, ને તને તે નિરાકાર ભાવનાની ખબર પડે છે એટલે જેને તું જાણે છે, તે જાણનારો તેનાથી તું જુદો છે, એટલે મહાકારણ શરીરથી તું જુદો છે.

૭૫. અવિચળ, શાન્ત અને નિરાકારની ભાવના પ્રાણનો આધાર લઇને તેં કરી છે, તેનો જાણનારો તું, સર્વ ભાવના રહિત જેવો ને તેવો નિરાકાર છે.

૭૬. અંતઃકરણપંચક પ્રાણવાયુમાં રહેલા સાક્ષીપણાનો ભાવ છે, ને તેના બે સ્વભાવ છે; એક "હું નિરાકાર એવી ભાવના કરવી" ને બીજો "હું કોણ છું તેની મને ખબર પડતી નથી" એવી ભાવના કરવી તે; એ બંને સ્વભાવથી નિરાકાર સ્વયંપ્રકાશ સ્થાનક જુદું છે. એ જ અંતઃકરણપંચક પ્રાણવાયુથી જુદું રહેવા જશે, તો પાણીમાંથી પ્રતિબિંબ કાઢીને હાથમાં લેવું જેમ અશકય છે, તેવું જ અંતઃકરણને વાયુથી જુદું રહેવાનું સ્વરૂપ થશે, ને ખબર પડવી કે ન પડવી, એ બંનેમાંથી કાંઇપણ રહેશે નહિ.

૭૭. શિષ્ય આ સાંભળી મૌન રહ્યો. તેને હું નિરાકાર છું એવી ભાવના થઈ હતી, તે ભૂલીને નિરાકાર રૂપ જ રહ્યો, ને તેને તે રૂપે

કાંઇ પણ વ્યાપાર (ક્રિયા) કરવાનો રહ્યો નહિ. ગુરુની વ્યતિરેક (એટલે કલ્પના વગર હું નિરાકાર છું એ જાણવાની) રીતથી બોધ કરવાની મર્યાદા આવી રહી, ને શિષ્યને જાણવાની પણ મર્યાદા આવી રહી. આ જ આત્મજ્ઞાનનો કળશ એટલે ઈતિશ્રી છે.

૭૮. એવા એ વ્યતિરેકબોધથી પૂર્ણબોધ પામેલો, સુંદર રીતનો, શાન્ત સ્વભાવનો, તેમ જ શિષ્યને પૂર્ણ સ્થિતિએ પ્રાપ્ત થયેલો જાણીને, ગુરુએ અન્વય (એટલે કે નિરાકાર સ્થિતિએ કરીને રહ્યાં છતાં, દુનિયાના સર્વ વ્યાપાર લોકમાન્ય અને ભૂલ વિનાના કરવા એવા માર્ગે) બોધ આપવાનો શરૂ કર્યો, ને કહેવા લાગ્યા કે, હે શિષ્ય ! તું જેવો નિરાકાર ને શાન્તરૂપ છે. તેવો જ હું છું; તું ચારે શરીર નથી ને હું પણ નથી; તું બોલે, કે ન બોલે તો પણ તારા સ્વરૂપની વૃદ્ધિ કે હ્રાસ થવાનાં નથી. સર્વ વ્યાપાર કરવો તે અંતઃકરણપંચકનું કામ છે, નિરાકારનું કાંઈ જ કામ નથી, તેથી તે અંતઃકરણે મૌન રહેવાનું અભિમાન પકડયું, એમાં વિશેષ કંઈ નહિ. તને શું સમજવામાં આવ્યું એ મને કહે, કેમકે તું અને હું બન્ને સરખા જ છીએ. ગુરુનું એવું વચન સાંભળીને, શિષ્ય હર્ષથી અને પરમ શાંતિથી બોલવા લાગ્યો.

૭૯. હે ગુરુ મહારાજ ! આ શરીરપિંજર, તથા સૂક્ષ્મ પ્રાણવાયુ બંનેને છોડીને, હું શરીરની અંદર નિરાકાર સ્થાનકરૂપ છું, તે સ્વરૂપનો અનુભવ લેવાને ગયો, તો વૃત્તિનો નાશ થયો, ને હું સહેજે શાન્ત, નિરાકાર સ્વરૂપ છું; હું-પણાની કલ્પનાની પહેલાં હું જ્ઞાનરૂપ હતો તેવો જ રહ્યો છું, ને હું એકલો, અતિ નિર્મળ, અતિ અવિચળ ને સુખરૂપ છું. વિષયાદિ સુખ તે સ્વરૂપસુખ આગળ નકામાં છે, એટલું નહિ પણ આ છોકરાની માતા વાંઝણી છે એવું બોલવા જેવું તે સર્વ સુખ છે. મારા નિરાકાર સ્વરૂપનું સુખ તે જ

એક ખરું છે, તે સુખનો ભોક્તા જુદો હું એક છું, એવો ભાવ પણ રહ્યો નથી.

૮૦. એ સુખમાં હું શરીરપિંજર છું એવી ભાવના કરવી પડે, તો સૂક્ષ્મ પ્રાણવાયુ પકડવો જોઈએ, તેમ જ હું શરીરપિંજરથી જુદો તેનો સાક્ષી એટલે જાણનારો, એવું માનવું હોય તો પણ સૂક્ષ્મવાયુ પકડવો પડે, તે નિરાકાર રૂપ વિષે નથી.

૮૧. હું કોણ છું એ મને ખબર પડતી નથી, એવી કારણદેહ રૂપ ભાવના, પ્રાણના આધારે જ થાય છે; તે પ્રાણવાયુ નિરાકાર રૂપ વિષે નથી, ને હું નિરાકાર સ્થાનકરૂપ છું એવું કલ્પીએ, તો પણ સૂક્ષ્મ નીલવર્ણ પ્રાણવાયુ લેવો પડે છે; તે નિરાકાર રૂપ વિષે નથી.

૮૨. એ પ્રકારની ભાવના કરવામાં જે પ્રાણવાયુનો આધાર હતો, તે સર્વ પ્રાણવાયુનો આધાર છોડીને, મેં પોતે પોતાને જોયો, ત્યારે અત્યંત સુખ તથા સહજ જ્ઞાન થતાં, હું-પણાની વૃત્તિ રહી જ નહિ. હું બંધનમાં પડયો, કે હું મુક્ત થયો, એ વાતો પોતાના સ્વરૂપના વિષે લેશ પણ રહી નહિ.

૮૩. મારો સ્વરૂપભાવ શુદ્ધ, નિરાકાર, અનંત, અપાર સ્થાનક છે, તેનાથી કંઇ જ વધારે નથી, મારા તે સ્વરૂપને હાથ, પગ, કે કાંઇ અવયવ કે આકાર પણ નથી, ને તે મારા સ્વરૂપને વિષે હું-તુંપણું પણ કાંઇ જ નથી; પણ મારા સ્વરૂપનું અખંડ જ્ઞાન મને છે, ને મારા અખંડ વિલાસ વગેરે સર્વ મન વડે છે, તથા ભેદ મૂળમાં જ નથી; તથા તે વિના બીજું કાંઈ જ નથી એથી નિરાકાર સ્વરૂપે મને ભય નથી.

૮૪. જો હું શરીરની અંદરના સૂક્ષ્મ પ્રાણવાયુમાં, અહંકારરૂપે

પેસીશ, તો જ હું બ્રહ્મ એવી ભાવના થશે, પણ મારું રૂપ કશામાં ચ્પટકવાનું નહિ, એથી હું પોતાના નિરાકારરૂપની ભાવના વડે, હું-પણાની કલ્પના વગર સહેજે જેમનો તેમ છું.

૮૫. સ્થૂલ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ એ ચારે દેહની કલ્પનાનો, મારા નિરાકાર જ્ઞાન રૂપે કરી, સહજપણું નષ્ટ ન થવા દેતાં અમસ્તો ભાવ દેખાડયો હતો, તે ભાસ જે અહંકારને દેખાયો હતો, તેને જોવામાં આવ્યો કે ન જોવામાં આવ્યો, તો પણ હું કલ્પના પહેલાં જે નિરાકાર જ્ઞાન સ્વરૂપ છું, તેમાં કાંઇપણ વધતું કે ઓછું થવાનું નથી.

૮૬. અંતઃકરણપંચક એ પ્રાણપંચકના આધારે, જ્ઞાનેન્દ્રિય-પંચક વડે વિષયપંચક ભોગવીને, કર્મેન્દ્રિયપંચકથી વ્યવહાર કરતો રહેતો છતાં, હું નિરાકાર છું એવી ભાવના કરતાં છતાં, અને હું કોણ છું એ ખબર નથી એ ભાવના કર્યા છતાં, મારા નિરાકાર સ્વરૂપજ્ઞાનમાં કંઇ જ ઓછાપણું આવતું નથી, તથા એ સર્વ ભાવના નાશ થઇ, તો પણ હું જેવો ને તેવો જ્ઞાનસ્વરૂપ નિરાકાર પરમાત્મા છું.

૮૭. ભાવાર્થસિંધુના બીજા ભાગના ૯૩ મા શ્લોકમાં શિષ્યે પ્રશ્ન કર્યો હતો, કે આત્માના અનુસંધાનમાં રહ્યાં છતાં વ્યવહાર ધંધા કેમ થાય, એ મને ખબર પડતી નથી, એ સારુ કૃપા કરીને કહો. ગુરુદેવે કૃપા કરીને આત્મજ્ઞાન કહ્યું, તેથી મને આત્માનુસંધાન છતાં સર્વ વ્યવહાર થઇ શકે છે એવો અનુભવ થયો. હવે હું-પણાની કલ્પના વડે સંસાર કરીએ, તો પણ હું નિરાકાર જ છું એવો મારો અનુભવ કાયમ છે. જેમ કોઇ પારસી અંગ્રેજ લોકોમાં બેઠો હોય, ત્યાં ' હું પારસી છું, પારસી છું ' એવું ચિંતન કરતો નથી, તો પણ

તેને સહજ ખબર રહ્યા જ કરે છે કે હું પારસી છું, તેવી રીતે જ હું-પણાની કલ્પનાની પહેલાં જ નિરાકાર જ્ઞાનસ્વરૂપ હું છું તે હું પણાથી જુદો છું, પોતે પોતાને અનુભવીને જ હું-પણું પકડી કલ્પના વડે જ કામકાજ કરું, તો પણ મારું નિરાકારપણું એમનું એમ છે, ને તે જ સાચું છે, એ ભાવના કરતી વખતે અગર ન કરતી વખતે મારૂં નિરાકારપણું તૂટતું નથી, એટલે હવે મને સ્થૂલદેહની જાગ્રત અવસ્થા, સૂક્ષ્મદેહની સ્વપ્નાવસ્થા, કારણદેહની ગાઢ નિદ્રા અવસ્થા, તથા મહાકારણ દેહની તુરીય અવસ્થા એટલે સમાધિ અવસ્થાનાં લક્ષણો, હે ગુરુદેવ ! કૃપા કરીને કહો.

૮૮. ગુરુ કહે છે કે, હે શિષ્ય ! સાંભળ. અંતઃકરણપંચક આકાશભૂત છે, તે જ તારા હું-પણાની કલ્પના કરવાનું રૂપ છે, ને શ્વાસોચ્છ્વાસ ચાલે છે તેના મૂળમાં જે મુખ્ય સૂક્ષ્મરૂપે પ્રાણવાયુ છે, તેમાં તે અંતઃકરણપંચક એવી રીતે રહેલું છે, કે જેમ પાણીમાં પાણીની છોળ. એવી રીતે સૂક્ષ્મ આકાશભૂત અંતઃકરણપંચક સૂક્ષ્મ પ્રાણવાયુમાં છે, અને તે જ અગ્નિ, પાણી વગેરે શરીરનાં ભૂતોમાં દાખલ થઈને જ્યારે કેશ, ત્વચા, હાડકાં, માંસ તથા સર્વ નસો, એ શરીરરૂપી પૃથ્વીભૂતનો બોજો ઉઠાવીને ચલાવે છે, વ્યવહાર કરે છે, જ્ઞાનેન્દ્રિયો વડે વિષયો ભોગવે છે, તથા મને કરીને આંખના પડદાની અંદર કલ્પિત દુનીઆ ઉઠાવે છે, ત્યારે તે અવસ્થાને જાગ્રત અવસ્થા કહેવાય છે.

૮૯. જલતત્ત્વમાં જ અંતઃકરણપંચક રક્ત, વીર્યરૂપે રહીને કલ્પિત સૃષ્ટિની રચના તથા તેમાં સ્વપ્નમાંનો પોતાનો કલ્પિત દેહ જે આ સ્થૂલ શરીરના પોલાણમાં સૂક્ષ્મ અંશનો બનેલો છે, તે ધારણ કરીને શરીરના અનેક વેપાર કરે છે, ને તે વખતે શરીરના વિભાગો મન વડે જ ચેતના પામેલા હોય છે. સ્વપ્ન જોનારા

મનુષ્યની પાસે કોઈ જાગ્રત મનુષ્ય બેઠો હોય તો તે પણ સૂતેલા માણસની ચેતનાની ચેષ્ટા જોઈ શકે છે, તેમ જ તે સ્વપ્ન જોનારો માણસ જ્યારે જાગે છે એટલે તેને પણ અનુભવમાં આવે છે. આ સર્વ ક્રિયા, શરીરરૂપી પૃથ્વીભૂતનો બોજો, પૃથ્વી પર રાખીને, અંતઃકરણપંચકરૂપ આકાશ એ જલભૂતમાં વાયુ તેજને લઇને પેસે છે ને સ્વપ્નનો વેપાર કરે છે.

૯૦. પૃથ્વીનો કઠણ ભાગ, તથા જલનો દ્રવ ભાગ, એ બંનેને છોડીને, શરીરની અંદર જે ઉષ્ણતા છે, તેમાં આકાશભૂત અંતઃકરણપંચક પેસીને વિષયોની વિસ્મૃતિ કરીને, તથા જલભૂતની કલ્પનાઓ છોડી દઇને, કેવળ અગ્નિભૂતનો જ બોજો લે છે, ત્યારે તે અંતઃકરણપંચકને સુખ હોય છે, અને તે અવસ્થાને ગાઢ નિદ્રા અગર સુષુપ્તિ અવસ્થા કહેવામાં આવે છે.

૯૧. એ અવસ્થાનો અનુભવ લેવાની યુક્તિ એવી છે કે જ્યારે શ્વાસ સીધો તથા દીર્ઘ ચાલે છે, તે વખતે સમજવું કે ગાઢ નિદ્રાની અવસ્થા ચાલે છે; કારણ કે તે વખતે પૃથ્વી અને પાણીનો બોજો–તે ગાઢ નિદ્રામાં–અંતઃકરણપંચક કે શ્વાસવાયુ ઉપર હોતો નથી, ફક્ત ઉષ્ણતા તથા વાયુનો જ બોજો હોય છે. એટલે શ્વાસવાયુ દીર્ઘ અને સીધો ચાલે છે, સ્વપ્નામાં જે ઠોકર ખાતો શ્વાસ વાયુ ચાલે છે, ને જાગ્રતમાં પણ તે જ પ્રમાણે અથડાતો ચાલે છે, તેનું કારણ એ છે કે પૃથ્વી તથા જલતત્ત્વ બન્નેનો બોજો અંતકરણપંચક ઉપર હોય છે; જેમ મજુરના માથા ઉપર બોજો હોય ત્યારે તે ધીમો ચાલે તે પ્રમાણે એ સમજી લેવું. એટલે કે મનની કલ્પનાઓ ચાલુ હોય છે, તે વખતે શ્વાસવાયુ ઠોકર ખાતો ચાલે છે. એ શ્વાસવાયુ મુખ્ય પ્રાણ નથી. મુખ્ય સૂક્ષ્મ પ્રાણવાયુ છાતી તથા માથામાં છે, તે જ અંતઃકરણનું

રહેવાનું સ્થાન છે. તે વાયુ ઉપર ક્રિયા થાય. એટલે શ્વાસવાયુ ઉપર બોજો અનુભવવામાં આવે છે એવું છે.

૯૨. માથા ઉપરનો બોજો ઉતાર્યા પછી જેમ મજુર સુખ પામે છે, તેમ જાગ્રત તથા સ્વપ્ન અવસ્થાઓમાં શ્વાસવાયુ ઉપરનો બોજો સુષુપ્તિમાં નીકળી ગયેલો હોય છે, જેથી અંતઃકરણપંચક ગાઢ નિદ્રામાં સુખ પામે છે.

૯૩. હવે તુરીય અવસ્થા કેવી છે તે કહું છું તે સાંભળ. સૂક્ષ્મ-વાયુમાં રહીને જે અંતઃકરણપંચક જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિમાં પૃથ્વી, જલ અને તેજ તત્ત્વોનો બોજો ધારણ કરે છે, તે જયારે તે નાખી દે છે, ને સૂક્ષ્મ વાયુરૂપ મુખ્ય પ્રાણ, જે શ્વાસના મૂળમાં છે, તેને પોતાના આકાશરૂપમાં સ્થિર કરીને, પોતે વિષય, ઇંદ્રિયો, પ્રાણ અને મનની કલ્પનાઓ મૂકી દઇને, સ્વસ્થ, નિરાકાર સ્થાનકરૂપની વૃત્તિ પામીને સૂક્ષ્મવાયુમાં તે વૃત્તિરૂપ રહે છે, તે વખતે તે વૃત્તિવડે હું નિરાકાર સ્થાનકરૂપ જ છું, એવો અનુભવ ફક્ત એવા સૂક્ષ્મ વાયુભૂતમાં રહીને વૃત્તિ વડે કરી લેવો, તથા અત્યંત સુખી થવું, એ તુરીય અવસ્થા છે અને એ જ સમાધિ છે.

૯૪. આ તુરીય અવસ્થામાં, હું નિરાકાર, સ્વપ્રકાશ, સ્થાનક રૂપ જ છું, એવી જે આકાશરૂપ અંતઃકરણની વૃત્તિ હોય છે, તે વૃત્તિને, શરીરપિંજરને જાગ્રત, સ્વપ્ન તથા સુષુપ્તિની ખબર હોતી નથી. જેમ અજ્ઞાનીને હું શરીરપિંજર છું એવી અજ્ઞાન દશામાં સહજ ખબર પડે છે, તે જ પ્રમાણે આ તુરીય અવસ્થામાં, હું નિરાકાર, અખંડ, સ્વપ્રકાશ, સ્થાનક છું, ને તે જ મારું અનંત અને અપાર શરીર ફેલાયલું છે, એવી સહજ ભાવના થાય છે. એ ધારણામાં, જન્મમૃત્યુ શરીરને થાય છે, તેથી શરીર હોતું નથી એટલે

ભય જ નથી, તથા ભૂખ, તરસ, રોગ, શસ્ત્ર, ભય, ચિન્તા કે સંસાર તથા સુષુપ્તિનું અજ્ઞાન કે જાગ્રતનું જ્ઞાન કાંઇ હોતું નથી, ને અનંત અપાર નિરાકાર સ્વરૂપ જ આપણે છીએ, એ સ્થિતિમાં કેવળ સુખ જ હોય છે.

૯૫. પછી જેમ આકાશમાં છાયાપુરુષ ઓગળી જાય છે, તેમ સૂક્ષ્મ પ્રાણવાયુ પોતપોતાના નિરાકાર સ્વરૂપમાં ઓગળે છે, તેથી તે વાયુના આધારે રહેલી હું નિરાકાર છું એવી ભાવના, તે પણ જતી રહે છે, અને તુરીયાવસ્થા નાશ થવાને વખતે, ઘણો જ આનંદ થઇને, જે વૃત્તિ તુરીયાની જ પકવ દશા કહેલી છે, તે જ **ઉન્મની અવસ્થા** કહેવાય છે, અને પાંચમો આનંદમય કોષ પણ તે જ છે. હવે તું પૂછીશ કે પ્રાણવાયુ, છાયાપુરુષની માફક કેવી રીતે ઓગળે તેનો ઉત્તર એ કે દિવસે સૂર્ય તરફ પીઠ કરીને આપણી છાયા (પડછાયા) તરફ જોતા રહીએ, ને પછી એકાએક ત્યાંથી નજર ખસેડીને ઊંચે આકાશના પોલાણમાં નજર લગાડીએ, તો હાથ, પગ, માથું વગેરેના સફેદ આકાર થોડી વાર સુધી જોવામાં આવે છે, તે આકાર છાયાપુરુષ કહેવાય છે. તે આકાર થોડીવારમાં જ નષ્ટ થાય છે, તેને છાયાપુરુષ ઓગળ્યો એમ કહે છે. આ એક પ્રકારનો દૃષ્ટિનો ભ્રમ છે, એમાં સાચાપણું કશું જ નથી. તે પ્રમાણે "હું નિરાકાર છું" એવી ભાવના, સૂક્ષ્મ પ્રાણવાયુમાં અંતઃકરણ-પંચકે કરેલી હોય છે, તે જ વાયુ છાયાપુરુષની માફક નષ્ટ થયો, એટલે "હું નિરાકાર છું" એ ભાવના રહેતી નથી. કેવળ નિરાકાર જ્ઞાનરૂપ જ રહે છે ને તે નષ્ટ થતી વખતે ઘણો આનંદ થાય છે, **જે મનના નષ્ટ થવાની ઉન્મની અવસ્થા છે.**

૯૬. એ પ્રમાણે સૂક્ષ્મ પ્રાણવાયુ. નિરાકાર સ્વરૂપસ્થિતિએ કરી તમામ ઓગળી ગયો, એટલે હું-પણાની ભાવના, તથા તે ભાવનાનું

જાણવું પણ ઓગળી જાય છે, ને જે તું નિરાકાર છે તે, તારો આનંદ અને તારું જ્ઞાન નિરાકારરૂપે જ તારામાં નિત્ય છે, તે કેવલ રહે છે, તથા તે જ્ઞાનને હું–પણાની કલ્પનાવૃત્તિ નથી.

૯૭. તે હું કોણ છું એ મને ખબર પડતી નથી એવી વિસ્મૃતિ, તથા હું નિરાકાર જ્ઞાનરૂપ સ્વયંપ્રકાશ છું એ સ્મરણ તથા વિસ્મરણ એ કશું પણ, નિરાકાર શુદ્ધ સ્વરૂપ વિષે મૂળમાં જ નથી. એવો તું હે શિષ્ય ! શુદ્ધ છે. એટલે હવે, ગુરુ અગર શિષ્ય અને દેવ અને ભક્ત, એ સર્વ દ્વૈતની વાતો તારા નિરાકાર સ્વરૂપના વિષે મળેલી છે. આવું ગુરુનું વચન સાંભળીને શિષ્યે વિનંતી કરી કે હે ગુરુ મહારાજ ! આપની સેવા તથા ભક્તિ મને આપો.

૯૮. ગુરુ કહે છે કે, અરે શિષ્ય ! તું નિરાકાર સ્વપ્રકાશરૂપ છે, ને તે તારા સ્વરૂપ વિષે ગુરુશિષ્યનો ભેદ નથી, તેવો દ્વૈતભાવ નથી, છતાં તું સેવા કે ભકિત માગે છે, એ તારી બહારની પ્રીતિનું અતિ ઉત્તમ લક્ષણ છે, એટલે તને હવે પછીના ચોથા ભાગમાં, ગુરુ-ભકિત કેવી હોવી જોઈએ; એના સર્વ પ્રકાર કહીશ; હમણાં તો તને થયેલ આત્મજ્ઞાનની સુખશાન્તિમાં જ તું રહે.

૯૯. આ નિર્વાણ શાન્તિ શ્રી ગુરુ દત્તાત્રેયની કૃપાથી, ત્રિવિક-માચાર્ય એટલે જે પુરુષ નારાયણ બાવાના નામથી ઓળખાય છે, જે ધૂમાણરચમાં રહેનારા સાધુ છે એવું ઉત્તર હિંદુસ્થાનમાં કહે છે. હાલમાં તેઓ જીવતા છે, ઋગ્વેદી બ્રાહ્મણ છતાં કૌપીનધારી તેમનો વેષ છે, તેઓને આવી નિર્વાણશાન્તિ પ્રાપ્ત થઈ, તે તેની પાસેથી સખારામપંત ઉર્ફે બાબા કાલીઆને પણ તે જ નિર્વાણશાન્તિનું આત્મજ્ઞાન મળ્યું.

૧૦૦. ને આ ભાવાર્થસિન્ધુ ગ્રંથકર્તા જે એક બ્રહ્મચારીબાવા તરીકે તથા બીજા વિષ્ણુબાવા એમ બન્ને નામે વિખ્યાત છે, તે કહે

છે કે સખારામ સદ્‌ગુરુની કૃપા વડે, તથા તેમના સંપ્રદાયની રહેણી કરણીએ કરી, હે લોકો ! હું પોતાના નિરાકાર સ્વરૂપનું સહજ એકપણું પામ્યો.

૧૦૧. તે નિરાકાર સ્વરૂપના એકપણાનું જ્ઞાન શિષ્યને ઉપદેશ કરવાના નિમિતે સર્વ લોકોને આપું છું. જે કોઈ વિચારની યુકિતથી અપનાવી લેશે, તે કંઇ જ પરિશ્રમ વગર નિરાકાર સ્વરૂપ જ થઈને રહેશે, ને સહજ સ્વભાવે પોતાનું સ્વરૂપસુખ પામશે.

૧૦૨. આ ત્રીજા પ્રકારણના એકસો બે શ્લોકો છે; એમાં કેવળ આત્મજ્ઞાનનો બોધ કરેલો છે, એનું નિદિધ્યાસન સર્વ લોકોને ગમે, તેમજ સર્વ બ્રહ્માંડરૂપી શરીરમાં રહેલા જ્ઞાનસ્વરૂપ હે ઇશ્વર ! તું મારા શરીરમાં પણ છે, તે તારી પાસે પ્રાર્થના કરીને વિષ્ણુ વિનંતી કરે છે કે આ જગતને આત્મજ્ઞાનની ટેવ પડે એ જ મને આપ.

# ચોથો ભાગ

૧. ભાવાર્થસિન્ધુના ત્રીજા ભાગના એકસોબે શ્લોકમાં, ચારે દેહથી જુદો જે નિરાકાર પરમાત્મા છે, તે જ હું-પણાની કલ્પના ઊઠવા પહેલાં, "હું છું" એમ જાણ્યું; પછી તે જ ભાગના સત્તા-ણુમા શ્લોકમાં, તેં ગુરુસેવા અગર ભકિત કરવાની ઇચ્છા કરી, એટલે એકસો ચાર શ્લોકના આ ચોથા ભાગમાં, આત્મજ્ઞાનથી સફળ થયેલા પુરુષના અંગના વિષે ગુરુ કે જે નિરાકાર દેવ છે, ને જેને પરમાત્મા અગર પરબ્રહ્મ કહે છે, તેની જ ભકિત હોય છે; તે ગુરુ-ભકિતનાં સાચાં લક્ષણો આ ભાગમાં હવે બતાવીશ.

૨. હે શિષ્ય! હું-પણાની વૃત્તિના ઉદ્ભવ પહેલાં, તારું નિરાકાર જ્ઞાનસ્વરૂપ તે જ તું છે, તેમ જ તેવું જ સ્વરૂપ સર્વ જીવોનું છે, તે સ્વરૂપમાં મોક્ષ કે બંધની કલ્પના નથી, તેમ જ તું-પણું. હું-પણું, સ્થૂલ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ, એ સર્વથી તું જુદો છે, ને તારું તે સ્વરૂપ સૂર્યગોળ કે ભૂગોળ, કે અનન્ત ગોળ અગર અણુ પરમાણુની માફક ચંચળ કે નાશવંત પણ નથી. જેમ વિચાર કરવાથી તે સર્વ ખોટાં ઠરે છે. પણ તારૂં સ્વરૂપ ખોટું ઠરતું નથી. તારૂં સ્વરૂપ અવિ-નાશી, અચળ, સ્વપ્રકાશ અને નિરાકાર છે, અને તેવું જ સર્વ જીવોનું છે; અને હું-પણાની કલ્પના ગયા પછી આપણે નિરાકાર છીએ, એવું જે સર્વનું આનંદ સુખરૂપ, તે જ તારું જ્ઞાનસ્વરૂપ સર્વને પ્રિય, તારૂં પોતાનું સ્વરૂપ છે.

૩. તેવા તારા સ્વરૂપે ગુરુ–શિષ્ય અને દેવ ભક્તનો ભેદભાવ નથી, એટલે એમાં મોટા ન્હાનાનો પણ ભેદ નથી.

૪. તેવા તારા નિરાકાર સ્વરૂપના વિષે કાંઇ પણ કરવાપણું રહેતું નથી, તો પણ જે અંતઃકરણપંચક સૂક્ષ્મ આકાશને હું–પણાની ભાવના છે, તેને જ નિરાકાર જ્ઞાનસ્રૂપ પરમાત્માની અખંડ ભકિત લાગેલી છે, ને તે ભક્તિનું બેસતાં ઊઠતાં સહજ અનુસંધાન થયા જ કરે છે, એ પ્રમાણે સર્વ માણસો તથા પશુપક્ષીઓ તેમ જ સર્વ જીવના શરીરમાં હું–હું કરનાર તથા કલ્પના કરનાર જે અંતઃકરણ-પંચકરૂપ આકાશ, તેવી કલ્પના પહેલાં ને પછી પણ જે સાક્ષીપણાથી જુદું જ્ઞાનસ્વરૂપ છે, તે જ પરમાત્મા અને તેની ભકિત સર્વ જીવના અંતઃકરણપંચકને છે, છે ને છે જ.

૫. તેજ ભકિત એટલે પ્રીતિ; જીવ જે આકાશરૂપ અંતઃકરણ-પંચક છે, તેનો એવો ભાવ છે, કે હું શરીર–પિંજર નથી, ને હું –પણાની કલ્પના પહેલાં જ જ્ઞાનસ્વરૂપ નિરાકાર સ્થાનક છું, એવું જે જ્ઞાન છે, તેને વિષેની જે ભકિત તે તેને તારનારી થાય છે. એટલે હું-પણાનો નાશ કરીને, નિરાકાર રૂપ જ રહેવામાં એ કારણ થાય છે. જેના અંતઃકરણને હુંપણાથી જુદું, સહજ, નિરાકાર, અનંત, અપાર સ્થાનક છું એવું જ્ઞાન નથી, તેને તે જ નિરાકારની સ્વાભા-વિક ભકિત હોવા છતાં તે કેવી રીતે વ્યર્થ જાય છે, તે તને હવે વિસ્તારથી કહું છું.

૬. જો ભાઇ ! પશુ, પક્ષી, મનુષ્ય એમ સર્વ જીવમાત્રને અંતઃ કરણમાં જે પોતાપણું છે, તે જ વ્હાલું છે, ને કોઇ પણ જીવ પોતે પોતાને વ્હાલો ન હોય એવું હોતું નથી, એટલે સર્વ જીવને પોતાના શરીરમાં જે જ્ઞાનસ્વરૂપ છે તે જ વ્હાલું છે, ને એ જ પ્રિય પ્રેમ છે.

જેને નિરાકારનું જ્ઞાન થાય છે, તેને નિરાકાર તરફ એવી પ્રીતિ હોય છે, એવું નિશ્ચયપણાથી જેને જ્ઞાન નથી, તેના અંતઃકરણપંચકને પોતાપણું વહાલું હોવા છતાં, આપણે દેહ છીએ એમ લાગે છે, જેથી એનો આત્મસ્વરૂપનો પ્રેમ તારનાર થતો નથી, પણ ફોગટ જાય છે.

૭. સર્વ જીવને પોતાના ઉપર પ્રીતિ હોય છે, ને એ બધાં, સર્વ ઇંદ્રિયો તથા મન વડે પોતે પોતાની જ સેવા કરે છે. તે જ પ્રમાણે, આપણે નિરાકાર છીએ એમ જાણનાર જ્ઞાની, તે પણ પોતે પોતાના પર પ્રીતિ અગર ભક્તિ રાખે છે, ને પોતાની સેવા કરે છે; પણ તે પોતે નિરાકાર સ્વરૂપ એટલે પરમેશ્વર જ છું એમ જાણે છે, જેથી તે પ્રીતિ અગર ભક્તિ પરમેશ્વરની જ થઇ. પણ જેને એવું જ્ઞાન નથી. તેવાઓએ તો પોતે પોતાની સેવા ભક્તિ કરી, તે શરીરના નાશ સાથે નાશ પામી.

૮. સર્વ જીવ હંમેશાં પોતાના અંતઃકરણ વડે પોતાનું સ્મરણ કરે છે ને પોતાને ધ્યાનમાં લાવે છે, જ્ઞાનીનું તે જ પ્રમાણે પોતાનું સ્મરણ ધ્યાનમાં લાવવું હોય છે, અને એ જ એનું પરમાત્માનું ધ્યાન અગર સ્મરણ થયું સમજવું. પણ અજ્ઞાનીઓને, હું નિરાકાર પરમેશ્વર છું એવું જ્ઞાન ન હોવાથી, તેઓનું સ્મરણ તથા ધ્યાન ફોગટ ગયું સમજવું.

૯. સર્વ માણસ, પશુ, પક્ષી, નાના મોટા સર્વ જીવ પોતાના સુખ સારુ વ્યવહાર કરે છે, તેમાંથી જેઓને આપણે નિરાકાર સ્વરૂપ છીએ એવું નિશ્ચયવાળું જ્ઞાન છે, તેનાં સર્વ કર્મ પરમાત્માને અર્પણ થાય છે, અને અજ્ઞાનીઓનાં વ્યવહાર–કર્મ ફોગટ જાય છે.

૧૦. પોતાના સુખ સારુ સર્વ પ્રાણીઓ અનેક દેશમાં યાત્રા

કરે છે, તેમાંથી જેને હું નિરાકાર છું એવું જ્ઞાન છે, તેની યાત્રા તે નિરાકાર સ્વરૂપના સ્વરૂપ વિષે જ અર્પણ થઈ અને અજ્ઞાનીઓની યાત્રા ફોગટ થઇ.

૧૧. પોતાનું સર્વ કુટુંબ, સ્ત્રી, પુત્રાદિ, મારાં છે એમ જ્ઞાની તથા અજ્ઞાની બન્ને કહે છે, પણ જ્ઞાની અંતરમાં જાણે છે કે હું એટલે નિરાકાર જ્ઞાનસ્વરૂપ છું, જેથી કરીને સ્ત્રીપુત્રાદિ પરમેશ્વરને જ અર્પણ થયાં, જ્યારે અજ્ઞાની પોતે જ શરીર છે એમ સમજે છે તેથી એનું અર્પણ વ્યર્થ જાય છે.

૧૨. મારું ઘર, મારી જમીન, મારો હક એવી ભાવના જ્ઞાની તથા અજ્ઞાની બન્ને કરે છે, પણ જ્ઞાનીની સર્વ મિલકત નિરાકારને જ અર્પણ થાય છે, ને તે જ જ્ઞાનીની ઈશ્વરભક્તિ અગર ગુરુસેવા થઇ. અજ્ઞાનીઓના દેહાભિમાનને કારણે તેવું બની શકતું નથી.

૧૩. મારો સઘળો સંસાર છે, એવો જ્ઞાની તથા અજ્ઞાની જીવમાત્રને નિશ્ચય હોય છે, પણ જ્ઞાની સ્ત્રી-પુરુષ પોતાનું નિરાકાર સ્વરૂપ જાણે છે; એટલે તેઓનો સર્વ સંસાર પરબ્રહ્મને જ અર્પણ છે. ને તે જ ગુરુસેવા થઇ, જ્યારે અજ્ઞાનીઓ તેવા ન હોવાથી કાંઈ થયું નહિ.

૧૪. સર્વ જીવ પોતાના સુખ સારુ સર્વ વિષય ભોગવે છે, અથવા તેનો ત્યાગ કરે છે. એ દુનિયાની રીત છે; તે પ્રમાણે જ્ઞાની પણ ભોગોને ભોગવે છે અગર ત્યાગે છે, પણ તેઓને નિરાકારપણાની ભાવના હોવાથી, તે ભોગનો ઉપભોગ અગર ત્યાગ પરમેશ્વર પ્રીત્યર્થે થયો. તેથી પરમેશ્વરની ભક્તિ સેવા થઈ, જ્યારે અજ્ઞાનીને તો માત્ર વિંટાબણા જ થઈ.

૧૫. એ જ પ્રમાણે પાણીઓનાં સર્વ કર્મો પણ જ્ઞાન અગર

અજ્ઞાનને લીધે જુદી જુદી રીતે ફલિત થાય છે. જ્ઞાનીઓનું સર્વ કર્મ પરબ્રહ્મને અર્પણ થયું ને અજ્ઞાનીઓનું તેથી ઉલટું થયું.

૧૬. રાજાની નોકરી, અને તેમાં કોઈ વાર દુષ્ટ રાજાઓની નોકરી પોતાના સુખ સારુ સર્વ પ્રાણી કરે છે, તેમાંથી જે પોતે પોતાને અનંત, અપાર, નિરાકાર સ્થાનકરૂપ છું એવું દૃઢનિશ્ચયથી સમજે છે, તેમની રાજસેવા અગર નીચસેવા માત્ર નિરાકારની ભક્તિ થઈ, જ્યારે અજ્ઞાનીઓની એ જ પ્રમાણે ક્રિયા ચાલેલી છતાં સર્વ વ્યર્થ ગઇ. જેમ જમીન પર ઢોળાઇ જઇને દૂધનો નાશ થાય, અને કોઇ ગરીબ છોકરાને દૂધ પાઇએ તો પણ તેનો નાશ થાય પણ બન્નેમાં બહુ ભેદ છે, તેમ જ અજ્ઞાનીની રાજસેવા તે ઢોળાઇ ગયેલા દૂધ જેવી થઈ જ્યારે જ્ઞાનીની પાઇ દીધેલા દૂધ જેવી થઈ: કારણ કે જ્ઞાનીએ પોતાની જે વસ્તુ કલ્પી તે જ્ઞાનભાવે કરીને પરબ્રહ્મની થઈ જ્યારે અજ્ઞાનીને તેમ થયું નહિ.

૧૭. માણસો પોતાના સુખ વાસ્તે અનેક પદાર્થો ને કરોડો રૂપીઆ મેળવે છે, અનેક ભાષાઓ શીખે છે, એ રીતે જ્ઞાની તથા અજ્ઞાનીની આ દુનિયામાં પ્રવૃત્તિ છે; પણ તેમાં જ્ઞાની જાણે છે કે સૂર્ય વગેરે અનંત ગોલનું પણ જે પોલાણ ( આકાશ )માં સ્થાન છે, તે પોલાણનું પણ સ્થાનક નિરાકાર સ્વરૂપે પોતે છે, અગર તો જે પોલાણમાં અનેક ગોળોની સ્થિતિ છે, ને જ પોલાણ પોતે નિરાકાર સ્વરૂપે છે તેમાં ઓસરી ગઇ છે. આવી ભાવનાથી દુનિયાના ગોલનું અસ્તિત્વ પણ તેને રહ્યું નહિ. જેમ પ્રકાશનો અભાવ તે અંધારું. તેમાં ચાલનારાને કોઇ આગળ ઊભું છે એવો ભાવ કંઈ પણ ન હોવા છતાં થાય છે, તે અંધારાના નાશ સાથે નાશ પામે છે, તેમ પોલાણમાં દુનિયાના ગોલનો ભાસ થાય છે, તે પોલાણ જ નિરાકાર જ્ઞાનસ્વરૂપ સ્થાનક જ આપણે છીએ, એવી ભાવનાએ કરી ખોવાઈ, તો

દુનિયાના ગોલ સહિત દુનિઆ નથી, એવી જેને દૃઢ ભાવના થઇ તે જ બ્રહ્મનિષ્ઠ અને તેજ બ્રહ્મને જાણુનારો, એથી એની દ્રવ્ય માટેની પ્રવૃત્તિ અગર તો ભાષાઓનું શીખવું, તે સર્વ નિરાકારની જ ભકિત થઇ જ્યારે અજ્ઞાનીની મહેનત વ્યર્થ જાય છે.

૧૮. પોતાના જ સારા માટે હું, હું-પણાથી જુદો નિરાકાર સ્વરૂપ છું, એવી જે સ્થિતિ ધારણુ કરવામાં આવે તે જ રાજયોગ. ઈંદ્રિયોનું દમન કરવું, મનની સ્થિરતા કરવી, તથા પ્રાણવાયુ સાફ રાખવો, આસન કરવાં, મુદ્રાઓ કરવી એટલે દૃષ્ટિ ઊંચી કરવી, ભૂચરી મુદ્રા, એટલે જમીન તરફ દૃષ્ટિ રાખવી, અર્ધ મીચેલી આંખ રાખવી તે ચાચરી મુદ્રા, ને આંખો મીચીને, પંચવિષયરૂપ દુનિયાને, જે વૃત્તિ ઈન્દ્રિયોની મદદથી શાશ્વતપણું આપે છે, તે વિષયો ઉપર નજર ન રાખતાં નિરાકાર સ્થાનક જ આપણે છીએ, એવી નજર રાખ તે અગોચરી મુદ્રા, તથા તેવી નજર સિવાય હું સહજ નિરાકાર છું એવું રહેવું, એ અલક્ષ મુદ્રા, એ બધાનો અભ્યાસ કરવો એ હઠયોગ; એ સર્વ કર્મો, જેને હું નિરાકાર સ્વરૂપ છું એવું જ્ઞાન છે, તેને ભકિતરૂપ થયાં ને અજ્ઞાનીનાં નિંદ્ય થયાં.

૧૯. એવો નિરાકાર સ્વરૂપનો ભાવ પ્રાણી માત્રે પકડવો જોઇએ. પણ તે પકડાતો નથી તેથી તે માટે જ્ઞાની પુરુષોની સંગત તથા પ્રીતિ રાખવી જોઈએ. તે પ્રમાણે જ્ઞાની તથા અજ્ઞાની બન્ને તેમ કરે છે, પણ તેમાં જ્ઞાનીનું કૃત્ય તે નિરાકાર ગુરુભકિત થઇ, ને તે નિરાકારને અર્પણ થાય છે, જ્યારે અજ્ઞાનીઓને સત્સંગથી જ્ઞાન થયા પછી જ સાફલ્ય મળે છે.

૨૦. સર્વ પ્રાણી માત્ર પોતાના સુખ સારુ સંકલ્પ કરે છે, તેમાંથી જે જ્ઞાની, હું-પણાથી જુદો નિરાકાર સ્વરૂપ છું એવું જાણે

છે, તેના સર્વ સંકલ્પ નિરાકારને અર્પણ થાય છે, જ્યારે અજ્ઞાનીના સંકલ્પ જન્મમરણનાં કારણ થાય છે.

૨૧. પોતાના સુખ સારુ શાસ્ત્રનો આધાર લઇ ભજન કરવું, એ રીતે કોઇ કોઇ પ્રાણી વર્તે છે. તેમાં જ્ઞાનીનું ભજન નિરાકાર પરમેશ્વરની ભક્તિ કરનારું થાય છે, ને અજ્ઞાનીનાં ભજન કે શાસ્ત્રક્રિયાઓ મૃત્યુ પછી સુખ આપે છે, ને ફરી જન્મ લઈ બીજાં સાધન કરે છે. શાસ્ત્ર બહારના વર્તન વાળાને ડુક્કર કે કૂતરા, બિલાડાનો જન્મ મળે છે, માટે જ્ઞાન સ્વરૂપ નિરાકાર વિષેજ ભકિત રાખવી એ જ શ્રેષ્ઠ છે.

૨૨. સર્વ પ્રાણી પોતાના પ્રતિ મમતા રાખે છે, ને સર્વને પોતાપણું ઘણું જ વ્હાલું છે, પણ તે પોતાપણું શું છે એની ખબર નથી હોતી, પણ નિરાકાર જ્ઞાનસ્વરૂપવાળાની પ્રીતિ નિરાકાર ઉપર જ થઈ, એટલે એનાં સર્વ કર્મો તે માટે જ થાય છે.

૨૩. માટે તને કહું છું કે આ દુનિયામાં નિરાકારની ભક્તિનો એક જ ઉપાય છે. ને તે એ કે પોતે હું-પણાથી જુદો નિરાકાર જ્ઞાન સ્વરૂપ છે, એમ સમજવું.

૨૪. હવે તેવો ભાવ લાવવા માટે ભાવાર્થસિન્ધુના આગલા ત્રણે ભાગમાં બતાવેલી રીત પ્રમાણે વિચાર કરવામાં આવશે, તો અનુભવ આવશે કે સર્વજીવોનું મૂળ સ્વરૂપ, તેમ જ મારું પણ સ્વરૂપ નિરાકાર જ્ઞાનરૂપ છે. આવો અનુભવ દઢ થશે અને તેમ થનારની સર્વ ક્રિયા અગર ક્રીડા તે નિરાકાર પરમેશ્વરની જ ભક્તિ થશે.

૨૫. એવા અનુભવ વગરના અમસ્તા જ ખડખડ કરનારા ઘણા અજ્ઞાનીઓ આ દુનિયામાં છે, ઘણા લોક કોઇ સાધુ સંત આવ્યો,

એટલે તેની પાસે જઇને મંત્ર તંત્ર શીખે છે, ને મંત્રના અર્થનો વિચાર કરવો છોડી દઈને ફક્ત અક્ષરનો જ પાઠ કરીને અમે તરશું એવું કહે છે, પણ તેમનું એમ બોલવું વ્યર્થ છે. કેટલાક લોકો માદળીઆમાં મંત્રો નાંખીને ગળામાં બાંધે છે તે સર્વ ઢોંગ છે, અને કેટલાક હું નિરાકાર પરબ્રહ્મ છું એમ અમસ્તું મોઢેથી બોલે છે તે પણ વ્યર્થ છે. કેમકે નિરાકાર પરબ્રહ્મ વિષે હું-પણું મૂળમાં જ નથી. પરબ્રહ્મ હું-પણાથી જુદું સહજ સ્વરૂપે નિરાકાર છે, ત્યાં હું પરબ્રહ્મ એવું બોલવું મિથ્યા છે. ફક્ત વિચાર સહિત જ્ઞાન જોઇએ, એટલે બસ. જેને તે જ્ઞાન છે તે હું બ્રહ્મ એવો ઉચ્ચાર કરવાથી કંઇ ઓછો વધતો થઈ જતો નથી; જ્યારે વિચાર સહિત જ્ઞાન ન હોતાં હું પરબ્રહ્મ છું એમ કહેવાથી પાપ પણ લાગી જતું નથી, પણ ઉલટું દેહ જ હું છું એવું કહેનાર કરતાં, હું નિરાકાર છું એવું બોલનારો કોઈ દિવસ પણ સમજશે એટલે તરશે; એકલા બોલવાથી જ તરશે એમ નથી. પાપ એટલે જન્મ મરણમાં વારંવાર પાડનારું અજ્ઞાન, ને તેમાંથી તારનારું તે જ્ઞાન, હાલમાં જ જ્યારે આપણે શરીર નથી, તો શરીરના મૃત્યુ સાથે આપણને નિસ્બત નથી, અને જ્યારે હાલના શરીરના જન્મ સાથે પણ આપણને સંબંધ નથી, તો પછી વારંવાર જન્મ-મરણનો પ્રશ્ન જ ક્યાં રહ્યો ? કેમકે હું-પણાથી જુદો નિરાકાર સ્વ-પ્રકાશ સ્થાનકરૂપ છું, એવું જ્ઞાન દૃઢ થાય, એટલે જે પોલાણમાં અનંત ગોળ પાંચ વિષયરૂપે ભાસે છે, તે પોલાણ જ હું-પણાથી જુદું સ્થાનકરૂપ છે, એવી ભાવના થઇ એટલે તે પોલાણ પણ નથી અને તેની અંદરના ગોલ પણ નથી. આવી સ્થિતિ જેણે પ્રાપ્ત કરી નથી, તેઓ પાપનું ફળ અતિ દુઃખ તથા પુણ્યનું ફળ દુઃખથી વેઠેલું સુખ ભોગવે છે, ને વારંવાર જન્મ મરણ, સ્વર્ગ નરક એવા ફેરા પોતપોતાના કર્મ પ્રમાણે થાય છે.

૨૬. જેને નિરાકાર સ્વરૂપનો અનુભવ સ્થિર થયો છે, તેનું

સર્વ હલન ચલન સહજ નિરાકારને જ અર્પણ થાય છે, અને પ્રારબ્ધનું પણ તેમ જ થાય છે. વળી આરબ્ધ કર્મ એટલે આ જન્મમાં કરેલાં, ને આ જન્મમાં ભોગવવાનાં કર્મ પણ તેવી રીતે જ અર્પણ થાય છે, તથા ક્રિયમાણ તથા સંચિત તેનું પણ તેમ જ સમજવું. જ્ઞાનાગ્નિથી બળીને સંચિત કંઇ રહેતું નથી. અંતરમાં રહેલા નિરાકાર સ્વરૂપ એવા જ્ઞાનનો સાક્ષી, તેને સર્વ ખબર હોય જ, એટલે તેવાઓને લોકોની દૃષ્ટિએ પ્રારબ્ધ વગેરે રહે છે, પણ પોતે આત્મજ્ઞાની હોવાથી કાંઇ જ રહેતું નથી.

૨૭. હવે તને બીજી રીતે કહું છું કે પંચવિષય અને ચાર દેહનું સાક્ષીપણું વૃત્તિરૂપ જ્ઞાન તે છે, છતાં હું-પણાથી જુદા હોવાનો જેને નિશ્ચય થયો છે, અને તે નિશ્ચય જેને કદી ખસતો નથી, તેને જ પૂરો સાક્ષાત્કાર થયેલો જાણવો.

૨૮. કેમકે નિરાકાર, શાન્ત, જ્ઞાનસ્વરૂપના વિષે હું-પણાનું પણ સાક્ષીપણું નથી, તો પછી દુનિયાનું તો હોય જ ક્યાંથી ? અંતઃકરણ પંચકરૂપ સૂક્ષ્મ આકાશભૂતને હું-પણાનું ને દુનિયાનું સાક્ષીપણું છે તે, પૃથ્વી, જલ, વાયુ વગેરે ભૂતનો નાશ થતી વખતે, નિરાકારની ભાવનાએ કરી ખોવાઇ જશે, ત્યારે તેમાંનું સાક્ષીપણું છે તે પણ જશે.

૨૯. જેમ પાણી વરાળ થઇને ઊડી ગયું. એટલે પ્રતિબિંબ રહેતું જ નથી, તે પ્રમાણે હું નિરાકાર સ્થાનકરૂપ તથા સ્વપ્રકાશ છું એવી અંતઃકરણપંચકરૂપ સૂક્ષ્મ આકાશવડે ભાવના પકડી, એટલે શરીરની અંદરના સૂક્ષ્મ પૃથ્વી, જલ, અગ્નિ ને વાયુના ભાગ, દોરીનો સર્પ જેમ નાશ પામે છે તેમ, તેમાં જે પાણીના પ્રતિબંબ જેવું અંતઃકરણપંચકરૂપ આકાશ હોય છે, તે કંઇ જ બાકી રહેતું નથી.

૩૦. એવું જાણીને હે શિષ્ય, આ શરીર જ્યાં સુધી જીવતું છે, ત્યાં સુધી દુનિયાનું ઇન્દ્રિયોનું અને હું-થણાનું સાક્ષીપણું જાય તે માટે મહેનત કરીશ નહિ કેમકે શરીરના સંબંધમાં જ્યાં સુધી વાયુ, અગ્નિ વગેરે છે, ત્યાં સુધી હું નિરાકાર છું એવી અંતરમાં ભાવના છતાં પણ સાક્ષીપણું જનાર નથી, તો પછી તે જાય એટલા માટે ફોગટ મહેનત શું કામ કરવી ?

૩૧. એટલે તેવી વ્યર્થ મહેનત કરીશ નહિ. તું પોતે પોતાને, હું-પણાથી જુદો નિરાકાર છું તે જ છું તેવું જાણ; અંતઃકરણે કરીને હું નિરાકાર છું, હું નિરાકાર છું એમ કહેવું તથા જાણવું એ ભ્રમ છે, એવો ભાવ સર્વથા વિચાર સહિત રાખ, એટલે તારી સહજ ભક્તિ થશે, ને વારંવારના જન્મ મરણના ફેરામાંથી મુક્ત થઈશ.

૩૨. વિષયો, ઈન્દ્રિયો, પ્રાણ તથા મનની કલ્પનાઓ, જાગ્રત તથા સ્વપ્નની સર્વ ખબર, અંતઃકરણ પંચકરૂપ સૂક્ષ્મ આકાશભૂતને પડે છે, પણ ગાઢ નિદ્રામાં હું કોણ છું તેની તેને ખબર પડતી નથી. તે જ નિરાકાર સ્વરૂપ વિષે અજ્ઞાનની અવસ્થા છે; જે જાગ્રત અને સ્વપ્નમાં બીજી બધી ખબર પડે છે, પણ સર્વને તે જાણનારો હું કોણ છું, અને એ મારું સ્વરૂપ મને જણાતું નથી એવી જે સ્થિતિ તે જ અજ્ઞાનની અવસ્થા તથા ગાઢ નિદ્રા કહેવાય છે. કોઇ કહેશે કે જ્ઞાનીને પણ નિદ્રા આવે છે, એટલે તે વખતે તેના અજ્ઞાનનો પણ નાશ થયો નહિ તો મુક્ત કેમ થાય ? તેનું સમાધાન એ જ કે જેને શરીરપિંજર તથા તેની અંદરનો પ્રાણ એ બે હું નથી, પણ તેની અંદરના સૂક્ષ્મ આકાશરૂપ જ્ઞાનવડે હું નિરાકાર સ્થાનકરૂપ છું, એવા ચિંતનવાળાને તેના નિરાકારપણાનો ભાવ દૃઢ થયો હોય છે, એટલે તેવા જ્ઞાનીને સ્વપ્નમાં કે જાગ્રતમાં હું કોણ છું એની મને ખબર પડતી નથી એવો ભાવ હોતો નથી, એટલે તેવાને નિદ્રામાં પણ

પોતાના સ્વરૂપનું અજાણુપણું નથી. કેમકે જાગ્રત તથા સ્વપ્નમાં જેવો અંતઃકરણનો બોધ હોય, તેવો જ રાખીને અંતઃકરણ સહજ સંકોચાઇ રહે તે જ ગાઢ નિદ્રા. જ્ઞાનીના અંતઃકરણને નિરાકારનો બોધ થયો છે, એટલે જાગ્રત અને સ્વપ્નમાં હું કોણ છું એ વિચાર આવતાંની સાથેજ હું નિરાકાર છું એમ ઉદય થાય છે, તે જ જ્ઞાનીના અંતઃકરણનો જાણવાપણા ( જ્ઞાન ) નો ભાવ છે, તે જ અંતઃકરણ લઇને ઊંઘમાં સોસાઇ રહે છે, એટલે ગાઢ નિદ્રામાં જ્ઞાનીના અંતઃકરણને અજાણુપણું નથી, કારણ કે તેને જાગ્રત અને સ્વપ્નમાં અજાણુ પણું નહોતું, જયારે અજ્ઞાનીઓના અંતઃકરણને જાગ્રત અને સ્વપ્નમાં, હું કોણ છું એ મને ખબર પડતી નથી, એવો અજાણુપણાનો ભાવ હોય છે, તેથી તેવો જ ભાવ પકડીને ગાઢ નિદ્રા વખતે અંતઃકરણ સોસાઇને રહે છે, એટલે તેમાં અજ્ઞાનીને અજાણુપણું રહે છે. તે આ અજાણુપણાની ભાવનામાં જ શરીરના પતન પછી પ્રાણુવાયુ સૂક્ષ્મરૂપે કરીને રહે છે, ને તે પ્રાણુવાયુમાં દુનિયાને જાણનારું અંતઃકરણપંચક આકાશ છે, તેમાંના વિસ્મૃતિરૂપ અભિમાનથી, સ્વપ્નદેહ જેવું ભોગસ્વપ્ન થઇને દરેક પ્રાણીના આકારથી રહે છે, અને તેને જ તે ભોગસૃષ્ટિમાં તેનાં કર્મ પ્રમાણે હું-પણાના પેટમાંથી સ્વપ્ન જેવું દીસે છે, તેમાં સારું ભોગવ્યું તે દયા તથા પરોપકારનું ફલ છે ને તેનું જ નામ સ્વર્ગ ને વિરૂદ્ધ ફળ તે નરક. એ ભોગ ભોગવનારા સર્વ જીવના શરીરમાં હું-પણાની અંદર જે જ્ઞાનરૂપ છે, તે ભોગ ભોગવે છે ને તે જ કર્યાં કર્મનું અચૂક ફળ ભરી આપે છે. તે જ પોતાના હું-પણા માંહેલો સાક્ષી જ્ઞાનરૂપ ઈશ્વર છે. એટલે જે કર્મો કરીએ તે અંતઃકરણપંચકની અંદરના, અજાણુપણાના (અજ્ઞાનના) જાણુનારામાં રહે છે. શરીરનું તેના પર માત્ર આચ્છાદન હોય છે; તેના નાશ પછી જેનાં તેનાં સર્વ કર્મનું સ્વપ્ન સરખું એક એક જગત દરેકના જીવ-આત્માને જોવામાં આવે છે, તે દરેકનું જુદું જુદું

કર્મ છે, તે માંહેલા ભોગ, સુખદુઃખ સર્વ ભોગવનારાઓને પ્રત્યેકને સાચા છે એમ લાગે છે.

૩૩. મૃત્યુ પછી સર્વ જીવો તે મુજબ સ્વર્ગ નરક ભોગવી, દેહાનુસંધાને કરી મનની ભાવના વડે, કર્યાં કર્મ મુજબ જન્મ લે છે; તેમ જ ફરી પાછાં જીવનનાં સુખદુઃખો અને ફરી પાછું મૃત્યુ હોય છે. એ માટે હે શિષ્ય, તું પોતે પોતાને નિરાકાર, શાન્ત સ્થાનકરૂપ છે એમ જાણીને, શરીર રહે ત્યાં સુધી સ્વસ્થતાથી રહે, અને શરીરનાં કામકાજ ઉત્તમ અને ન્યાયવાળાં થવા દે.

૩૪. કેમકે જેનાં કર્મો નીતિવાળાં, તેનું મન શુદ્ધ અને વિચારવંત હોય છે; તેઓને સત્પુરૂષોની વાણી મધુર લાગે છે, અને તેઓને જ દઢ ભાવના થઇ શકે છે કે હું-પણાના પહેલાંની મારી જે શાન્ત -નિર્વિકાર સ્થિતિ તે જ હું છું, અને શરીરસહિત સર્વ જગતનો ભ્રમ હું-પણું થયા પછી ઉપસ્થિત થયો છે. વળી તેને જણાય છે કે હું-પણાનું સ્વરૂપ શરીરપિંજરની અંદરના પ્રાણવાયુમાં છે, ને તે જ શરીરની અંદરનું આકાશરૂપ જ્ઞાન છે, તેણે હું નિરાકાર સ્થાનકરૂપ છું, એવી ભાવના કર્યા પછી, વાયુ કે આકાશના હું-પણાના રૂપનો ભાવ નષ્ટ થાય છે; એટલે હું-પણા પહેલાં જ સ્થાનકરૂપ છું, એવો અનુભવ પોતાને થાય છે. તેં તે અનુભવ લીધો અને મૃત્યુ-પર્યંત તેવો જ ભાવ કાયમ રહેશે, તો તારા પ્રાણનો તથા અંતઃ-કરણરૂપ આકાશનો નાશ થશે, અને તેની સાથે રહેલા સાક્ષીપણા અને હું-પણાનો નાશ થશે, એટલે તું તારા મૂલ નિરાકાર સ્વરૂપે રહીશ. એ સારુ પોતે પોતાને નિરાકાર છું એમ તું જો, એટલે તારું અંતઃકરણ સ્થિર રહેશે.

૩૫. તારા હું-પણાના રૂપે કરી, એટલે અંતઃકરણપંચકરૂપ

આકાશે કરી, હું નિરાકાર સ્થાનકરૂપ છું એવી પ્રીતિ તથા સ્થિતિ ધારણ કરી, એટલે તારું હું–પણું એટલે ચંચળપણું જશે; એવો અંતઃકરણપંચકરૂપ આકાશનો નાશ થયા પછી તે ઉપર રહેનારા જે પાંચ પ્રાણ તે પણ નાશ પામશે; જેમ પૃથ્વીનો નાશ થાય તો તેના પર વસનારાઓનો નાશ થયા વગર રહે જ નહિ, તેમ અંતઃકરણ પંચકરૂપ આકાશનો નાશ થયા પછી પ્રાણનો નાશ થયા વગર રહે જ નહિ.

૩૬. કેમકે જેમ પ્રથમ માટી કારણ છે, તેના વડે માટીનાં વાસણ થાય છે, તેમ અંતઃકરણ પંચકરૂપ આકાશ કારણ છે, તેના વડે પૃથ્વી, જલ, તેજ અને વાયુ એ ચારે તત્ત્વો બનેલાં છે. જેમ માટીનો અભાવ થતાં તેનાં વાસણોનો ભાવ શકય જ નથી, તેમ અંતઃકરણ-રૂપ સૂક્ષ્મ આકાશભૂતનો નાશ થયા પછી, શરીરની અંદરના સૂક્ષ્મરૂપ વાયુ, તેજ, જલ અને પૃથ્વી વગેરે રહેતાં નથી; કારણ નષ્ટ થતાં કાર્ય આપોઆપ નષ્ટ થાય છે એ નિયમ અબાધ્ય છે.

૩૭. શરીર તથા પ્રાણ કાર્ય છે અને તેનું કારણ સૂક્ષ્મરૂપ અંતઃકરણપંચક આકાશ છે. હાંડલું ફૂટે પણ માટી રહે તો પાછાં હાંડલાં થાય છે. પણ માટી જ ન રહે તો વાસણો થાય જ નહિ; એ રીતે અંતઃકરણ પંચકરૂપ આકાશ જે કારણ છે તે નષ્ટ થયું, એટલે બાકીનાં ચાર ભૂતો જે તેનાં કાર્ય છે, તે પણ નષ્ટ થયેલાં જ પડયાં છે. શરીરના સાક્ષીપણાનો નાશ કરવાનો પ્રયત્ન કરીશ નહિ, કારણ કે અંતઃકરણ પંચકરૂપ આકાશ છે ત્યાં સુધી સાક્ષીપણું રહેવાનું જ.

૩૮. પરંતુ અજ્ઞાની લોકો મિથ્યા ટીકારૂપી બકવાદ કરે છે કે અમુક સાધુના દેહ, તથા પ્રાણ કાર્ય વ્યવહાર કરતાં છતાં, તેના

શરીરની અંદરના સાક્ષી, અંતઃકરણ પંચકરૂપી આકાશ કારણ ગયું, એવું એમનું બોલવું સાંભળીને મને હસવું આવે છે, કારણ કે આ નદીઓનું પાણી વરાળ થઇને ઊડી ગયું, તો પણ પાણી નદીમાં તો છે જ. એ રીતે દેહ-પ્રાણરૂપી કાર્ય સચેતન વેપાર સુદ્ધાં રહ્યું છે, ને સાક્ષી અંતઃકરણ આકાશભૂત જે કારણ હતું તે સાધુનું ગયું, તેથી તેનું શરીર બળે તો પણ તેને ખબર પડતી નથી, એ બોલવું મૂર્ખાઇનું છે. મુખ્ય વાત એટલી જ કે દૃઢ વિચારના બળે, જે પૂર્ણ સાધુ પુરુષ છે, તે સુખદુઃખ ગણુતા નથી, એટલે તેઓને સુખદુઃખ જણાતું હોય છતાં શાન્ત રહે છે, પણ તેઓનાં દેહ, પ્રાણ જે કાર્યભૂતો છે, ત્યાં સુધી સાક્ષી અંતઃકરણપંચક આકાશભૂત પણ છે.

૩૯. એથી તું એવું સમજીને રહે કે સાક્ષીપણું કરનારું અંતઃ-કરણ પંચક આકાશભૂત કારણ છે, ત્યાં સુધી દેહ પ્રાણાદિક કાર્યભાગ ચાર ભૂતોના છે જ, ને સાક્ષી આકાશકારણ લીન એટલે નાશ થયું, તો તરત જ દેહપ્રાણાદિક કાર્ય નાશ પામશે.

૪૦. સાક્ષી એટલે વિષય, ઈન્દ્રિયો, પ્રાણ અને મનની કલ્પના-ઓને જાણનાર; તેનું બીજું નામ અંતઃકરણપંચક સમજો, અને તે સૂક્ષ્મ આકાશ જ "હું કોણ છું એ મને ખબર પડતી નથી" એવો અજ્ઞાન ભાવ ધારણ કરે છે, તેથી મૃત્યુ પછી જન્મમરણના બંધનમાં પડે છે, અને છેવટે તે જ, હું નિરાકાર, સ્થાનકરૂપ શાન્ત છું એવો શુદ્ધ સાત્ત્વિક જ્ઞાનનો ભાવ પકડે છે, એટલે અજ્ઞાનથી થનારા કલ્પિત બંધનથી મુક્ત થાય છે; એટલા માટે તું શરીરના અંતકાલે, પોતાના સ્વરૂપનો હું-પણાથી જુદો, નિરાકાર સ્થાનક છું એવો ભાવ રાખીને, મુકત જ છે તેથી મુકત ભાવે રહે.

૪૧. તને શંકા પડશે કે મૃત્યુ વખતે તેવો ભાવ રાખવો મુશ્કેલ

છે, કારણ કે દેહ પડવા સમયે અનેક પીડાઓ થાય છે, એટલે હું નિરાકાર છું એ ભાન વૃત્તિને કેમ રહે ? કારણ કે મૃત્યુની રીતો અનેક છે; કોઇનું અકસ્માતથી, કોઈનું રોગથી, કોઇનું પાણીમાં ડૂબવાથી, કોઈનું બળવાથી, કોઈનું હિંસક જાનવરથી, તેમ જ કોઇ વળી નિદ્રાવશ હોતાં મરી જાય એવું બને છે, એમ મરણના પ્રકાર અનેક છે તેવે વખતે નિરાકાર વૃત્તિ રહેવી કઠણ છે.

૪૨. પણ હે શિષ્ય સાંભળ ! ગમે તે કારણથી મરણ આવ્યું, તો પણ વૃત્તિને જે વાતની ઘણી પ્રીતિ લાગેલી હોય છે, તેનું જ સ્મરણ અંતકાલે થશે, એમાં કાંઈ ફરક પડશે નહિ.

૪૩. તને ખબર હશે જ કે જે ધનના લોભીની અતિ પ્રીતિ ધન ઉપર અને કામીની ઘણી પ્રીતિ સ્ત્રી ઉપર હોય છે, તેમ આત્મજ્ઞાનીની અત્યંત પ્રીતિ પોતાના નિરાકાર સ્વસ્વરૂપ ઉપર હોય છે; એટલે આત્મજ્ઞાનીને વિષય, ઇન્દ્રિયો અને પ્રાણ વગેરેનું સાક્ષીપણું તથા પ્રીતિ છતાં, પોતાના નિરાકાર જ્ઞાન સ્વરૂપ ઉપર પ્રીતિ વધારે હોય છે.

૪૪. એટલે ધનલોભી કે સ્ત્રી'ામી પાસે અંતકાલે ઘણીએ બીજી વસ્તુઓ હોય, અને ઘણીએ પીડા થતી હોય, છતાં ધન અને સ્ત્રી ઉપર પ્રીતિ હોય છે, તેથી તેનું જ સ્મરણ રહે છે; જેથી મૃત્યુની તૈયારી છતાં નિશાનીથી બતાવવા પ્રયત્ન કરે છે કે અમુક જગ્યાએ ધન છે અગર અમુક સ્ત્રીની ચિંતા એ દાખવે છે.

૪૫. તેવી રીતે જ હું નિરાકાર છું એવું જેને જ્ઞાન છે, તેને તેના ઉપર ઘણી પ્રીતિ છે એટલે અનેક પદાર્થો હાજર હોય અને ઘણી પીડા થતી હોય, તો પણ તેને પોતાના નિરાકાર સ્વરૂપનું સ્મરણ રહે છે જ, અને તેથી જ જ્ઞાની મુક્ત થાય છે.

૪૬. અજ્ઞાનીને મરણ સમયે જડ વસ્તુઓની અતિ પ્રીતિ હોવાથી તેને જન્મમરણ ભોગવવાં પડે છે, જ્યારે જ્ઞાનીને પોતાના નિરાકાર, શાન્ત સ્વરૂપ તરફ પ્રીતિ હોવાથી, તેને તે સ્મરણ જતું નથી, તેથી તે ઉત્તમ ગતિને પામે છે.

૪૭. વળી જેમ હોલાતી વખતે, બધું તેલ બળી ગયા પછી દીવો એક વાર ભભકીને પછી હોલવાઇ જાય છે, તે પ્રમાણે પ્રાણીને મૃત્યુ સમયે જે ઘણી વ્હાલી ચીજ હોય, તે જ ઈન્દ્રિયોએ કરી ભભકે એટલે યાદ આવે છે, ને તેવી જ ગતિ એ પ્રાણીની થાય છે.

૪૮. એથી કરીને તું તારા સ્વસ્વરૂપ ઉપર પ્રીતિ રાખીને સુખે કરીને સંસારમાં રહીશ તો ચિંતા નથી, કારણ કે નિરાકાર પરમાત્મ-સ્વરૂપ ઉપર અતિ પ્રીતિ લાગ્યા પછી, સંસાર તરફ ઘણી પ્રીતિ રહે જ નહિ; ને તારાં સર્વ કાર્યો ભકિત સ્વરૂપે થયા કરશે.

૪૯. ને હમણાં તને એવું જ્ઞાન થયું જ છે, કે હું-હુંપણા પહેલાં, હું-પણું છતાં, તથા હું-પણું ગયા પછી પણ, હું નિરાકાર શાન્ત સ્થાનકરૂપ છું, એટલે તારે વિષય તથા ઇન્દ્રિયો, પ્રાણ અને હું-પણું ભૂલવું જોઇએ એવું હમેશાં તારા મનમાં આવે છે; આપણે નિરાકાર પરિપૂર્ણ સુખરૂપ સ્વરૂપ છીએ, એવું તને લાગે છે, ને આપણું સ્વ-રૂપ જ આપણને વ્હાલું છે એમ જે જણાય છે તે જ આત્મનિવેદન ભકિત, અને એ જ પોતાના નિરાકાર સ્વરૂપની જ્ઞાનભકિત કે પરા-ભકિત કહેવાય છે.

૫૦. તું પૂછીશ કે ભકિત એટલે શું છે? તો ભાઇ, ભકિત એ કંઇ દશ્ય પદાર્થ નથી. પોતાનું હું-પણાથી જુદું જે નિરાકાર સ્વરૂપ, તેના પર પ્રીતિ તે જ ભકિત છે.

૫૧. એટલે જેને "હું પરબ્રહ્મ પરમાત્મસ્વરૂપ છું" એવી સહજ પ્રીતિ અગર ભકિત છે, તેને શરીરની કે વિષયોની પ્રીતિ હોતી નથી, એથી જેને ગુરુકૃપા વડે નિરાકારનું જ્ઞાન થયું, તે જ પ્રાણી નિરાકાર ઉપર પ્રીતિ રાખે છે ને વિષયો ઉપર પ્રીતિ રાખતો નથી.

૫૨. તું પૂછીશ કે ગુરુ કોને કહેવો ? તો આ સર્વ દુનિયા જ ગુરુ છે, મુખ્ય ગુરુ આપણા આપણે જ છીએ, ને બીજો આત્મજ્ઞાન આપનાર તે શ્રેષ્ઠ ગુરુ છે.

૫૩. સર્વ પ્રાણી મનમાં આ કરીએ અને આ ન કરીએ' એમ કહેતાં છતાં, દેહાદિકને જાણનારો પોતે 'હું કોણ છું" એની સાધારણ રીતે ખબર પડતી નથી; કારણ કે વિચાર કરવાનો માર્ગ દેખાડનાર કોઇ જોઇએ એટલે પોતાના સ્વરૂપનો વિચાર કેમ કરવો એ રસ્તો બતાવનાર, તથા પોતાના સ્વરૂપનું તથા નિરાકાર પરમેશ્વરનું સહજ એકત્વપણું છે, તે વૃત્તિને સમજાવીને સમાધાન કરી આપનાર, તથા સર્વ સંશય દૂર કરનાર જે સદ્‌ગુરુ તે જ સર્વમાં શ્રેષ્ઠ છે.

૫૪. એ સારુ સર્વ જગત્ જ કેવી રીતે ગુરુ છે તેનાં લક્ષણ, પોતાનો પોતે જ ગુરુ એ કેવી રીતે, ને હું-પણાથી જુદો હું નિરાકાર સ્વરૂપ છું એવું જ્ઞાન અંતઃકરણમાં બેસાડી દેનાર ગુરુ કેવા હોય; એ ત્રણે ગુરુનાં લક્ષણો તને કહું છું તે ધ્યાનમાં રાખીને બધાંની સાથે નમ્રતાથી વર્ત્તજે; અભિમાન કરીશ નહિ.

૫૫. માતાના દેહથી તારો દેહ બહાર આવ્યો, ત્યારે-હુંપણાનું સંસારનું તથા પરમાર્થનું જ્ઞાન સમૂળગું તને નહોતું એ તને ખબર જ છે.

૫૬. કેમ જમવું, કેમ પીવું, એ માતાપિતા વગેરેએ તને

શીખવ્યું, ચાલતાં બોલતાં શીખવ્યું, ને અમુક સારું ને અમુક ખોટું એ પણ લોકોએ જ શીખવ્યું છે, માટે સર્વ લોક એક પ્રકારે ગુરુ થયા.

૫૭. લખતાં વાંચતાં તથા અર્થ સમજતાં, આ સાચું છે, આ જુઠું છે એવો વિચાર કરતાં, પરમેશ્વર સત્ય છે અને તેનું ભજન કરવાથી સારું ફળ મળશે, ને મિથ્યા જગત્‌ને સાચું માની ને નિરાકાર પરમેશ્વરને ન માનવાથી પરિણામ ખોટું આવશે, એ સર્વ લોકોએ જ તને શીખવ્યું માટે તે બધા ગુરુ થયા; ઘર બાંધવા સારુ તડકો, પવન, વરસાદ ગુરુ થયાં; ચોર લોકોએ તાળાં લગાડતાં શીખવ્યું, ચાંખડીઓ કે જોડા પહેરાવનાર કાંટા-કાંકરા ગુરુ થયાં, કપડાં પહેરાવનાર આપણી ઈંદ્રિયો ગુરુ થઇ, વિચાર કરતાં શીખવનાર સર્વ ગુરુ થયા, ખાવાપીવાનું શીખવનાર ભૂખતરસ ગુરુ થયાં, છેવટે નિરાકાર પરમેશ્વરનો વિચાર કરવાને જાગ્રત, સ્વપ્ન તથા સુષુપ્તિ એ અવસ્થા જ ગુરુ થઇ; વિષયનો પ્રેમ ન રાખવાનું તથા શરીરનું સાચાપણું ન માનવાનું મૂળ કારણ મૃત્યુ તથા ઇન્દ્રિયોનો નાશ તે ગુરુ થયાં; ખરાબ રીતે ચલતાં ખરાબ પરિણામ આવે છે જેથી સારું વર્તન કરાવવા એનાં પરિણામ ગુરુ થયાં; પોતાના શરીર પર પડેલા ઘાના અનુભવે બીજાને ઘા ન કરવાનું શીખવાડતાં તે ગુરુ થયો; એ પ્રમાણે એક રીતે સર્વ દુનિયા ગુરુ થઇ.

૫૮. લોકોએ સર્વ વાતો તને શીખવી તેનો વિચાર તેં તારી બુદ્ધિથી કર્યો ને તેમાંથી કંઇકનો ત્યાગ ને કંઇકનો અંગીકાર કર્યો, તેમાં પોતાના હું-પણા માંહેલા જ્ઞાને કરીને તને ગમતું લીધું, ને અણગમતું છોડી દીધું, એટલે **તારો તું જ ગુરુ થયો.**

૫૯. અચર એટલે જેમાં શ્વાસ તથા હું-પણાની કલ્પના નથી

તે અને ચર તેથી વિરૂદ્ધ, તે વડે દુનિયાનો પ્રપંચ એટલે પંચ વિષય ભોગનો વિચાર, પરમાર્થ એટલે ઉત્તમ નિરાકાર પરમેશ્વરની પ્રાપ્તિનો વિચાર, આ સર્વ દુનિયાએ શીખવ્યું, તેથી દુનિયા જ ગુરુ છે, એવું સમજી:સર્વ દુનિયાને નમીને રહેવું, વળી વિચાર કરવો કે મારા જન્મ પહેલાં, તે દરમ્યાન ને મૃત્યુ પછી પણ દુનિયા તો છે જ, સર્વ જગ્યાએ નિરાકાર પરમેશ્વર ભરેલો છે, ને તે જ સાચા ગુરુ છે, એવી ભાવના ધરીને નમ્રતાથી વર્તવું.

૬૦. માટે એ પ્રમાણે હે શિષ્ય, તું પોતાનો જ ગુરુ છે; તેં અનેક ગ્રંથ જોયા અને સાંભળ્યા છતાં, તને તારા સ્વરૂપનું જ્ઞાન થયું નહોતું, ને અજ્ઞાન હતું તે અજ્ઞાન મેં નસાડી મૂક્યું, અને તારા મૂળ સ્વરૂપના વિચાર સહિત તને અનુભવ કરાવી આપ્યો તેથી **મુખ્ય ગુરુ હું નિરાકાર રૂપ છું.**

૬૧. હું તારો ગુરુ છું એ ખરું પણ હું પોતે પોતાને શરીર છું એવું સમજતો નથી; કારણ કે શરીર મિથ્યા છે, પ્રાણ તથા મન મિથ્યા છે, ને તેને જાણનારો હું નિરાકાર છું એ કલ્પના મિથ્યા છે, અને તેનો સાક્ષી તે પણ મિથ્યા છે. એ સર્વથી જુદો, સહજ નિરાકાર, જગત્‌ના સત્ત્વ, રજસ્ અને તમસ ગુણોથી જુદો, શાન્ત, સ્વપ્રકાશ, નિર્ગુણ એવો હું છું; તેવા મારા સ્વરૂપને તન, મન અને ધન અર્પણ કર, એટલે તારી ગુરુભક્તિ થઇ એમાં કંઇ સંદેહ નથી.

૬૨. શિષ્ય કહે છે, કે હે ગુરુ મહારાજ ! તન, મન, ને ધન એ ત્રણ શું છે, ને અર્પણ કેવી રીતે થાય, તે મને ખબર નથી, એથી કૃપા કરી મને કહો. ગુરુએ કહ્યું કે એ બધું અર્પણ કરવાનું લક્ષણ હું કહું છું, તે એ જ કે જે વસ્તુનું તને અભિમાન છે, તથા જેની ઇચ્છા છે તે વસ્તુ હું-પણાથી જુદો જે નિરાકાર હું છું તે મને એટલે શુદ્ધ

નિરાકારને, અર્પણ થવાની જ નથી, જયારે ઇચ્છા તથા અભિમાન છોડી દઇશ, ને પોતાના સ્વરૂપનું એકપણું જોઈશ, ત્યારેજ બ્રહ્માર્પણ એટલે ગુરુને સર્વ અર્પણ થશે.

૬૩. હવે તું જે પદાર્થોને સ્થૂલાદિક શરીરનું અભિમાન પકડીને મારા પદાર્થ એમ કહીશ તે પદાર્થ, હું નિરાકાર અને નિરભિમાની છું, તેથી લેતો નથી, ને જે શરીરનું હું દેહ એવું અભિમાન પકડીશ, તે શરીરને લેતો નથી, એટલે તું જો કોઇ પદાર્થની ઇચ્છા રાખીશ નહિ, અને શરીર વિષે હું જ શરીર એવું અભિમાન રાખીશ નહિ, ને પોતે પોતાને જુદો નિરાકારપણાથી જોઈશ, તો જ હું, જે હું-પણાથી જુદો, નિરાકાર પરબ્રહ્મ છું, તે બધું મને અર્પણ કરતાં સહજ એની મેળે જ અર્પણ થઇ જશે.

૬૪. હવે ધન અર્પણ કેમ કરીએ એ તને કહું છું. જે કર્યા પછી ફરી જન્મ આવતો નથી; શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ વિષય તારા જાણવામાં આવે છે, તે જ સઘળી દુનિયા છે. તેથી એ પાંચ વિષય રૂપ દુનિયાનું સ્વરૂપ સત્ય નથી; કેમકે જે આકાશના પોલાણમાં, પાંચવિષયરૂપ દુનિયાની ખબર પડે છે; તે પોલાણમાં સર્વ ઠેકાણે નિરાકાર પરમેશ્વર ભરેલો છે, એ ભાવના વડે પોલાણ જ રહ્યું નથી, તેથી તે પોલાણમાં દુનિયા છે એવું માની લઇએ તો પોલાણ પણ, નિરાકાર પરમેશ્વર સર્વ ઠેકાણે ભરેલો છે એ ભાવનાએ કરી, પોલાણ જ નથી, તેથી દુનિયા પણ નથી, એવી પાંચવિષયરૂપ દુનિયાની ઇચ્છા રાખવી વ્યર્થ છે, એમ સમજીને તે ઇચ્છા છોડી દેવી, એટલે ધનનું અર્પણ ગુરુને થયું. કેમકે જે કાંઈ કોઈને આપ્યું, તે ઉપર આપણી ઈચ્છા ન જોઇએ. ધન એટલે પંચભૂતાત્મક પંચવિષયરૂપ દુનિયા છે, તેની ઇચ્છાએ કરી પુનર્જન્મ છે. ધન એટલે પંચવિષયરૂપ દુનિયા નિરાકાર ગુરુને અર્પણ કરી છે, તો તેની ઇચ્છા

રાખીશ નહિ. એ ઇચ્છા નહિ રાખે, તો તને ફરી જન્મ પણ આવશે નહિ. પંચવિષયરૂપ દુનિયા એજ ધન એની ઇચ્છા છોડવી એ જ ગુરુને ધન અર્પણ કરવાનો મર્મ અને એનું ફલ ફરી જન્મ ન આવવો એ જ છે.

૬૫. હવે તન અર્પણ એટલે શું તે કહું છું. આ સ્થૂલદેહ, પંચભૂત તથા પચ્ચીસ ભેદનો છે; તથા બીજો સૂક્ષ્મ દેહ સૂક્ષ્મ પંચભૂતનો ને તેના પચ્ચીસ ભેદ છે; ત્રીજો કારણ દેહ એટલે પોતાના સ્વરૂપના અજ્ઞાનની કલ્પના અંતઃકરણ પંચકરૂપ આકાશભૂતે કરીને વાયુભૂતને પકડીને કરવી તે; ને ચોથો મહાકારણદેહ એટલે હું નિરાકાર સ્થાનકરૂપ છું એવી ભાવના અંતઃકરણ પંચક આકાશ ભૂતે કરીને કરવી તે છે. એ ચારે દેહનું અભિમાન છોડીને, તું પોતે પોતાને જ્ઞાનઘન નિરાકાર છું એવું જાણીને રહે, તે જ તનનું અર્પણ છે. એ ચારે તનનું અર્પણ થયું, એટલે એ ચારે દેહનું મૃત્યુ આપણને ન રહ્યું.

૬૬. એ પ્રમાણે પંચવિષયરૂપ દુનિયાની આશા છોડી એટલે જન્મમૃત્યુ છૂટયું; પંચવિષયની આશા છોડવી એ જ નિરાકારને ધન અર્પણ કરવા બરાબર છે. ચારે દેહનો હું ચાર શરીર છું એવો ભાવ પકડવો એ જ અજ્ઞાન પાતક એટલે પાડનારું છે; તે છોડીને હું નિરાકાર છું એવો ભાવ પકડયો એટલે તે પાતક ગયું, ને આપણે દેહ જ નથી એટલે દેહનું મરણ આપણને નથી એમ થયું. ને તે જ સદ્ગુરુને તનનું અર્પણ થયું. એ રીતે પંચવિષયરૂપ ધનની આશા, તથા ચારે દેહનું અભિમાન છોડયા પછી મન લીન થાય છે. એવા જ મનનું ગુરુને અર્પણ થવું એ મનનું અર્પણ થયું. તેમ થતાં નિરાકાર પરબ્રહ્મ ગુરુરૂપજ સ્વસ્વરૂપમાં રહ્યો, તે જ મનના અર્પણનું ફળ શિષ્યને પ્રાપ્ત થયું.

૬૭. આ પ્રમાણે શિષ્ય સાંભળીને સ્વસ્થ થઈને બેઠો ને કંઈ જ

બોલ્યો નહિ; તેને જે કહેવામાં આવ્યું હતું, તે પ્રમાણે તન, મન, ધન ત્રણેનું અર્પણ થઇ ગયું. તેથી તે નિરાકાર પરબ્રહ્મ, સદ્‌ગુરુરૂપ જ, હું-પણા પહેલાં હતો, તેવો જ રહ્યો.

૬૮. એ ઉપરથી સદ્‌ગુરુ સમજ્યા કે એને સાચો બોધ થયો છે. કારણ પંચવિષય એ જ ધન. એની આશા શિષ્યે છોડી દીધી તેથી તેને ફરી જન્મ આવવાનો રહ્યો નહિ અને ચારે દેહનું અભિમાન છોડયું, તેથી શરીરનું મરણ પણ તેને રહ્યું નહિ.

૬૯. પંચવિષયની આશા તથા ચારે દેહનું અભિમાન, એ સર્વ લક્ષણવાળું મન જ છે. તે લક્ષણો ગયાં એટલે મન રહ્યું નહિ એટલે મન પણ અર્પણ થઇ ગયું, અને શુદ્ધ નિરાકાર સ્વરૂપમાં જ શિષ્ય રહ્યો, તે તેના મૌનથી ગુરુ સમજી ગયા.

૭૦. પછી સદ્‌ગુરુ શિષ્યને કહેવા લાગ્યા કે, તને દૃઢ નિશ્ચય થઇ ગયો છે કે મારું સ્વરૂપ હું–પણાથી તથા દેહોથી જુદું છે, તો હવે તારા દેહનું વર્તન મારા જેવું હોવું જોઈએ, એટલે હું જેમ તારી સાથે બોલું છું તેમ તું પણ બોલ.

૭૧. કેમકે ઇન્દ્રિયોની ક્રિયાઓ છોડીને તું છાનોમાનો બેસીશ, તો પણ તું નિરાકાર સ્વરૂપ છે અને ઇન્દ્રિયો વડે વ્યાપાર કરીશ ને બોલીશ, તો પણ તું નિરાકાર પરબ્રહ્મ સ્વરૂપ જ છે.

૭૨. કોઈ મૌન રહીને બેસે, તો આ અમુક માણસ મૌન રાખી બેઠો છે, એમ એનું નામ લઇને કહેવામાં આવે છે, અને તે જ જયારે મૌન છોડી વ્યવહાર કરતો હોય તો પણ તે અમુક માણસ મૌન રાખીને બેઠો હતો, તેમ ઓળખવામાં આવે છે. એટલે એ ગમે તે સ્થિતિમાં હોય, તો પણ તે તેનો તે જ રહે છે ને રૂપ બદલાતું નથી. એવી રીતે વિચાર કરીને જો.

૭૩. તું જો મારી સાથે હું-પણાના સ્વરૂપથી બોલીશ, અથવા મૂંગો બેસી રહીશ તો પણ તું હું-પણા પહેલાં જ હું-પણાથી જુદો, નિરાકાર, સ્વપ્રકાશ, એક સ્થાનક, જેવો ને તેવો છે. પછી મૌન ધારણ કરવાનું અભિમાન વ્યર્થ પકડી રાખવાનું શું કારણ છે, તે મને કહે.

૭૪. કેમકે જ્ઞાની સ્ત્રી પુરુષો મૌન જ સેવે તો આ દુનિયામાં અજ્ઞાનીને જ્ઞાન આપનાર કોઇ રહે નહિ, અને જો જ્ઞાન થયા પછી મૌન રહીએ અને કંઇ વ્યવહાર ધારણ કરીએ નહિ એવી ઇચ્છા શરીરમાં જે હું-હું એવી કલ્પનામાં જ્ઞાનરૂપ જે ઈશ્વર છે તેની હોત, તો હાથ, પગ, વાણી વગેરે ઇન્દ્રિયો ધારણ ન કરત, અને પંચ-વિષયની ખબર ન પડે એવો જો તેને કલ્પનારૂપ માયાનો ભાવ હોત તો કાન આંખ વગેરે જ્ઞાનેન્દ્રિયો ઉત્પન્ન થઇ હોત નહિ.

૭૫. એટલે તું એવું સમજ કે જે સર્વ પ્રાણીમાત્રમાં, એટલે જેમાં પ્રાણવાયુ છે એવા શ્વાસવાળા જીવમાં, હોઠ તથા જીભ ન હલાવતાં, શરીરમાં રહેલા સૂક્ષ્મ પ્રાણવાયુ અને અંતઃકરણ પંચકરૂપ આકાશભૂત વડે ચલિત કરી "હું છું, હું છું" એવું અભિમાન ઊઠે છે, તે અભિમાનને જે જાણે છે, એવો જે અભિમાન પહેલાંનો જ્ઞાન-ભાવ, સર્વ શરીરમાં અહંકારને જાણવા જેટલો છે, તે જ આત્મા તથા તે જ ઈશ્વર છે, અને જે અભિમાનને પણ જાણતો નથી, એવો નિરાકાર, સ્થાનકરૂપ જ સ્વપ્રકાશ છે, કે જેને અભિમાન એક અને તેનો સાક્ષી હું એક, એવો ભાવ જ નથી તે જ પરમેશ્વર ને જ્ઞાનરૂપ છે તે જ ખરો છે ને અખંડ શાન્ત છે. તેના જ્ઞાનમાં દુનિયા મૂળથી જ નથી, ને તેના સ્વરૂપના વિષે પોલાણ નથી, તો દુનિયા ક્યાંથી હોય? એટલે હું-હું એવા માયિક એટલે કલ્પેલા અભિમાન સાથે જે સાક્ષી એટલે જાણનારો, સર્વ શરીર માંહેલા અભિમાનમાં ઈશ્વર છે, તેનો

હું-હુંની કલ્પનાનો અભિપ્રાય એવો છે કે, ઇશ્વરપણાથી પર એવું જે રૂપ છે, તે જ પરબ્રહ્મસ્વરૂપ છે, ને તે જ સાચું છે, અને આપણે હું-પણાથી જુદા, તે જ રૂપ છીએ એવું સમજીને, ઇન્દ્રિયોના વેપાર ચાલે, તેથી ઇન્દ્રિયો પેદા થઈ. હવે અભિમાન પકડીને તે ઇન્દ્રિયો બંધ કરીશ તો તું ધનલોભીઆ જેવો થઈશ, જેમ ધન લોભી અનાજ, લુગડાં, વગેરે પાંચ વિષયરૂપ ધન મળ્યું છતાં તે ભોગવતો નથી, ને કોઇને ભોગવવા દેતો નથી, ને જો કે તે ધન ભોગવવા સારુ જ તે પેદા થયો છે, છતાં તે ધનલોભી ધન એકઠું જ કરી રાખે છે, તેવી જ રીતે લોકો પર ઉપકાર કરવા સારુ ઇન્દ્રિયો છતાં, તું જ્ઞાન થયું એટલે તેનો ઉપયોગ બંધ કરીશ, તો ધનલોભી જેવો તું પણ કહેવાઇશ.

૭૬. એવું ગુરુના મોઢે સાંભળીને શિષ્ય બહુ ઉલ્લાસથી બોલ્યો કે, હે ગુરુ મહારાજ ! હું, હુંપણાથી જુદો સાક્ષીપણા રહિત નિરાકાર છું તેવો જ છું, ને આપે મને જે તન. મન તથા ધન અર્પણ કરવાનો અર્થ કહ્યો, તે સર્વ મારા જાણવામાં આવ્યો.

૭૭. હું જો નિરાકારથી જુદો હોઉં, તો મારે તન, મન, ધન અર્પણ કરવાનું રહે, પણ હું તો જુદો નથી જ, જે છે તે નિરાકારનું જ રૂપ છે. આ દુનિયાનાં તન, મન અને ધન નિરાકાર ગુરુરૂપના વિષે મૂળમાં જ નથી, તો અર્પણ કરીએ શું ને અર્પણ કરનારો પણ કોણ, એવું દ્વૈત જ નથી.

૭૮. નિરાકાર ગુરુરૂપના વિષે, દુનિયાનું મૂળ જે હું-પણું તે છે જ નહિ, ને તે જ ગુરુરૂપ નિરાકાર હું છું, એટલે હું પણ મારા નિરાકાર રૂપમાં જ નથી, તેથી કંઇ જ ન કરતાં, આ મારા સ્વરૂપ બોધે કરી તન, મન, ધન અર્પણ થયું.

૭૯. કેમકે હું-પણાથી જુદો હું નિરાકાર છું એવું જ્ઞાન થયું, એટલે સર્વ નિરાકાર ગુરુ જે પરબ્રહ્મ તેને અર્પણ થયું, એ આપની કૃપાથી નિશ્ચયથી મને ખબર પડી.

૮૦. હું તો, હું-પણા પહેલાં જ, હું-પણાથી જુદો, નિરાકાર પરમેશ્વરનું રૂપ જેમનો તેમ જ છું. તે સ્વરૂપના વિષે એક ગુરુ ને એક શિષ્ય, એક દેવ ને એક ભક્ત એવી ભાવના જ નથી, તો પછી ધ્યાન કોણે કોનું કરવું ? એ કંઇ જ રહ્યું નહિ. જ્ઞાન થયા પછી સાધન-ભક્તિ થાય છે એમ કહે છે, તે કેવી રીતે એ મને કહો.

૮૧. હે શિષ્ય ! હવે ગુરુ અને શિષ્ય એકબીજાથી દૂર નથી, કેમકે જે તારા નિરાકાર સ્વરૂપ વિષે હું-પણું નથી, તે જ તું નિરાકાર ગુરુ છે, ને અંતઃકરણપંચક સૂક્ષ્મ આકાશભૂત જે શરીરમાં "હું નિરાકાર છું, નિરાકાર છું," એવી ભાવના જ્ઞાનમાંથી ઊઠે છે, તે જ રૂપ તું શિષ્ય છે, એવું સમજ.

૮૨. શરીર માંહેલા અંતઃકરણપંચકરૂપ આકાશભૂતને, "હું નિરાકાર છું" એવી ભાવના થવાનું મૂળ કારણ તારું નિરાકારરૂપ છે, કેમકે તું જો નિરાકારરૂપે કરીને અંતઃકરણપંચકના હું-પણાને જાણતો નથી, તો પણ જેમ લોક સૂર્ય જોઈને સૂર્ય છે એમ કહે છે, પણ સૂર્ય છે એવું કહેનારાઓને સૂર્ય જાણતો નથી, તેવી જ રીતે પોતાના નિરાકાર સ્વરૂપનો ભાવ જાણીને અંતઃકરણપંચક આકાશ-ભૂત, એ હું નિરાકાર સ્વરૂપ છું એવી ભાવના પકડે છે. એ સારુ વિચાર કર, કે જો સૂર્ય ન હોત તો તે છે એવો ભાવ લોકોને ક્યાંથી મળત ? તે જ પ્રમાણે તું નિરાકાર સ્વરૂપ, સહજ, શાન્ત, ન હોત, તો હું નિરાકાર છું એવો ભાવ અંતઃકરણને ક્યાંથી મળત ? સૂર્ય છે એવો વિચાર સૂર્ય જ લોકોને પોતે ન જણાવી તથા ન કલ્પવા

છતાં આપ્યો છે, તેમ તું જે નિરાકાર સ્વરૂપ છે, તે અંતઃકરણ-પંચકના હું-પણાને ન જાણીને અંતઃકરણપંચકને હું કોણ છું એ મને ખબર પડતી નથી, એવો ભાવ તથા હું નિરાકાર છું એવો ભાવ એ બન્ને ભાવ આપ્યા. એટલે જે અંતઃકરણને ભાવ આપનારો હંમેશાં રાતદિવસ તું છે, તે તું અંતઃકરણના સાક્ષીપણાથી જુદો છે, ને તે જ અંતઃકરણનો ગુરુ તું છે.

૮૩. જેમ છીપની અંદર, રૂપું ન હોવા છતાં રૂપાનો મિથ્યા ભાસ જોનારને થાય છે, તેમ જ તારા શુદ્ધ નિરાકાર સ્વરૂપના વિષે અંતઃકરણપંચકનો વાસ, એટલે અંતઃકરણ રહેવાનો ભાવ છે. એટલે જેમ છીપમાં જણાતું રૂપું કેવું છે એ અનુભવ લેવા જતાં એ મિથ્યા ઠરે છે, તેમ જ અંતકરણ વડે નિરાકાર સ્થાનકરૂપના વિષે શું છે એ જોવા લાગીએ, તો અંતઃકરણપંચક જ મિથ્યા ઠરે છે.

૮૪. પોતાના નિરાકાર સ્વરૂપની જે પ્રીતિ, એટલે આપણને આપણું પોતાપણું વહાલું લાગે છે, તે જ નિરાકાર સ્વરૂપની પ્રીતિ, તથા તેને જ ખરી ભક્તિ કહીએ, અને તે ભક્તિ પોતાના નિરાકાર સ્વરૂપના અંગે એવી છે કે, જેમ સાકરના અંગે મીઠાશ છે, તેમ પોતાના નિરાકાર સ્વરૂપના અંગે પોતપોતાની પ્રીતિ ભક્તિ સર્વ-કાળ છે; અને છે જ.

૮૫. એટલે તું હું-પણાથી જુદો નિરાકાર સ્વરૂપ છે તે જાણીને, તે પોતાના સ્વરૂપની પ્રીતિએ કરીને તદ્દાકાર છતાં, જે જે શરીરથી કર્મ કરીશ, તે જ નિરાકાર પરમેશ્વરનું સહજ ભજન થશે. હવે સાધનભક્તિ વિષે કહું છું તે સાંભળ.

૮૬. તારા સ્વસ્વરૂપમાં જ્ઞાન અખંડ છે, એટલે સ્વરૂપની અખંડ ભક્તિ છે, પણ અંતઃકરણપંચકને એવું જણાય છે કે મને પોતાના નિરાકાર સ્વરૂપનો વિયોગ થયો છે.

૮૭. તારા અંતઃકરણપંચકને હું-હુંપણાથી જુદું, નિરાકાર સ્વરૂપ છું એવું જ્ઞાન થતાં જ, તેનો હું-પણારૂપ ચારે દેહનો સંગ છૂટી ગયો છે. અને પોતાના નિરાકાર સ્વરૂપનું પોતાપણાએ કરી, પોતાનું પોતાને મળવું થયું. એવો જે તારા અંતઃકરણનો ભાવ હમણાં થયો છે, તેનું જ નામ યોગ છે. વિયોગ એટલે પોતાના સ્વરૂપનું મળવું મને નથી, એવી જે ભાવના તેનું નામ વિયોગ. એ ભાવનાને લીધે યોગ, વિયોગ કહીએ નહિ, તો પોતાના સ્વરૂપના વિષે યોગ કે વિયોગ કંઇ જ નથી.

૮૮. પણ જ્યાં સુધી અજ્ઞાન મટીને નિરાકારનું એકત્વપણું એટલે યોગ મને છે, એવી ભાવના થયેલી નથી હોતી, ત્યાં સુધી તેવું એકત્વપણું થાય એવી પ્રીતિ જીવને ઉત્પન્ન થઇ, અને જે હઠયોગ એટલે ઇન્દ્રયદમનના નિયમો જીવો આચરે છે, તે સર્વ પોતીકા સ્વરૂપના એકત્વપણાની પ્રીતિને લીધે કરે છે, તે જ નિરાકારની સાધનભક્તિ થઈ એમ સમજવું.

૮૯. નિરાકારના એકત્વપણાનું જ્ઞાન અંતઃકરણપંચકને થાય, એટલા માટે ફળ મૂળાદિ શુદ્ધ સાત્વિક ભોજન કરવું, અને પ્રાણના રક્ષણ પૂરતું જ ખાવું, એ જ મિતાહાર કહેવાય છે. એવો આહાર કરવો, તથા ઈન્દ્રિયો ચંચળ થાય નહિ એ પ્રમાણે હરવું, ફરવું, જાગવું, સૂવું, એ પ્રમાણે શરીરરક્ષણ કરવું, અને વિચાર સૂક્ષ્મ બુદ્ધિથી કરવો. આ પ્રમાણે સર્વ સાધન કરવાનું કારણ એ જ કે, હું-પણાથી જુદું પોતાનું નિરાકાર સ્વરૂપ છે, તેનું એકત્વ જોઇએ, એવી પ્રીતિ મૂળમાં જ રહેલી છે. સર્વ કર્મો નિરાકારની પ્રીતિને લીધે જ કરીએ તે જ સાધનભક્તિ થઇ.

૯૦. સદાચાર, એટલે ઈન્દ્રિયો તથા મન વડે શુદ્ધ કર્મોનું

આચરણ. તેવું આચરણ ઈંદ્રિયોને ત્રાસ ન થાય તેમ અંતઃકરણની શુદ્ધિ સારુ થાય છે, અને આત્મજ્ઞાન ઈચ્છનારા, નિદ્રા તથા જાગ્રતમાં પણ અંતઃકરણને ત્રાસ થાય નહિ અને ભગવાનના ઉત્તમ વિચાર તરફ દોરાય એમ કરે છે, તે જ નિરાકારની સાધનભકિત થાય છે. કેમકે સર્વ જીવ. નિરાકારના પોતાના સ્વરૂપના વિષે, હું–પણાથી જુદા, એકત્વપણાની ખબર પડે એવી ઈચ્છાથી, ક્રિયા કરે છે, એટલે નિરાકારની પ્રીતિ સારુ જે કર્યું, તે જ નિરાકારની સાધનભકિત થઈ.

૯૧. પદ્માસન વગેરે આસનો કરી, શરીરપિંજરના પોલાણ માંહેલા પંચ પ્રાણવાયુની અંદરનો હું જ્ઞાનરૂપ આકાશ છું, તે જ હું નિરાકાર, એક, અનંત, અપાર, સ્વપ્રકાશ સ્થાનક છું, એવી ભાવના આસન ઉપર અગર સર્વ ક્રિયાઓ કરતાં છતાં રાખવી, એનું નામ ધારણા. સર્વ શરીર માંહેલા, સૂક્ષ્મ વાયુભૂત વગેરે સૂક્ષ્મ પદાર્થોની, આંખની માંહેલી બાજુએ, માથાની અંદર, સગુણ હાથ, પગ વગેરે અવયવો સહિત મૂર્તિ કલ્પીને તે ઠેકાણે મન સ્થિર કરી, તે મૂર્તિનો સાક્ષી હું નિરાકાર સ્થાનક જેવો છું, એવું ચિંતન કરવું એનું જ નામ ધ્યાન. તથા પંચ પ્રાણવાયુ મારા નિરાકાર સ્વરૂપ ઉપર જ રહે છે ને ફરે છે, એવું કલ્પીને પંચપ્રાણની રૂંધારૂંધી ન કરતાં પંચપ્રાણને સ્થિર રાખવા એનું નામ પ્રાણાયામ છે. આ સાધન પોતાના સ્વરૂપની પ્રીતિ માટે કરવું, તથા સર્વ મુદ્રાઓ કરવાનું કારણ પણ તે જ કે જ્ઞાન વડે નિરાકાર સ્વરૂપની એકતા પ્રાપ્ત થાય. આવાં સાધનો વડે અંતઃકરણ શુદ્ધ થયા પછી મુખ્ય સાધન વેદાંતશાસ્ત્ર, એટલે ભાવાર્થસિન્ધુમાં નિરાકારની એકતા કેવી દૃષ્ટિથી અનુભવવી તે સર્વ જગ્યાએ દેખાડી છે તે જ વેદાંતશાસ્ત્ર. તેનું અધ્યયન કરવું ને વિચાર કરવો એ પરમેશ્વરની પ્રાપ્તિનું મુખ્ય સાધન છે, ને તે સાધનમાં નિરાકારની પ્રીતિ એટલે ભક્તિ પકડે છે, તેથી તે સર્વ સાધનો નિરાકાર ગુરુની સાધનભકિતનાં છે.

૯૨. બીજું એક સાધન એવું છે કે જપાકુસુમ જેવા શ્યામ રંગનો અથવા આકાશના રંગ જેવી, મનુષ્ય આકારની, મનમાં શીતલ, સ્વચ્છ પ્રકાશ આપનારી મૂર્તિ કલ્પીને તેમાં મન સ્થિર કરવું. એનાં નેત્ર કમળ જેવાં હર્ષ આપનારાં, મસ્તક ઉપર હીરા-જડિત મુકુટ, કાનમાં મકરાકાર કુંડળ, કપાળમાં કેસર કસ્તુરીનું તિલક, એવી સુંદર મૂર્તિની કલ્પના કરીને હર્ષથી તેની જોડે મન જોડવું તે જ વિષ્ણુયોગ. તે જ પીળા, રાતા, સફેદ અગર શ્યામ વગેરે સર્વ રંગનો મસુરની દાળ જેવડો બિંદુ કલ્પવો, અને મનને એમાં સ્થિર કરવું એ જ શિવયોગ છે. જ્ઞાનવાન પુરુષોએ, મન સ્થિર કરવા માટે એ બન્ને યોગ કલ્પેલા છે, એનો અનુભવ જે કોઇ કરશે, તો તેનું મન સ્થિર થશે, ને ઘણું કરીને તેને સ્વપ્ન વગેરે આવશે. તેમાં આગળ બનવાની વાતોની કંઇ સૂચના પણ જણાશે. તે સિવાય કંઈક બીજા અનુભવ પણ મળશે. એ બન્ને યોગ મન સ્થિર કરવા માટેના છે; એ દેખાડવા માટે બિંદુરૂપ મહાદેવનું લિંગ એટલે ચિહ્ન કરવાનો રિવાજ છે. તેવું જ પત્થરનું વગેરે લિંગ એટલે ચિહ્ન જોઇને મનમાં ને મનમાં બિંદુ કલ્પવો, એ જ એનો મુખ્ય અર્થ છે. શિવ અગર વિષ્ણુ મૂર્તિ કરવાની પ્રથા પડવાનું કારણ એ જ કે, એવી મૂર્તિ જોઇને તેના સરખી મનોમય મૂર્તિ મનમાં કલ્પીને, ખડી કરવી અને મન સ્થિર કરવું. એ વિષ્ણુયોગ દેખાડવા સારુ મૂર્તિનો ઉપયોગ કર્યો છે, તે ન જાણતાં, કેટલાક લોકો તે વેદપ્રતિપાદ્ય ધર્મને અનુસરનારાઓની નિંદા કરે છે, ને કહે છે કે વેદમાર્ગીઓ પથરાની મૂર્તિને દેવ માને છે. મૂર્તિપુજા સ્થાપિત કરનારાઓના અભિપ્રાયને ન જાણીને, અન્ય મતાવલંબીઓએ નિંદા કરી. તેવા મતવાદીઓ થોડા વખતથી આ દુનિઆમાં થયા, જેથી સર્વ દેશમાં સાધનમાર્ગ ડૂબેલો છે, ને જેઓ મૂર્તિનો દ્વેષ કરતા નથી તે પણ શિવયોગ અને વિષ્ણુયોગ બન્ને સાધનમાર્ગ છે એમ સમજતા નથી,

એટલે મને બહુ હસવું આવે છે, કે મૂર્તિનો દ્વેષ કરનાર મૂર્તિની મતલબજ સમજતા નથી, તેમ જ મૂર્તિનો દ્વેષ ન કરનાર પણ તે સમજતા નથી એ આશ્ચર્ય છે! પણ દ્વેષ ન કરનારામાંના કેટલાક સમજે છે, કે શાસ્ત્રપુરાણમાં મૂર્તિપૂજા એ મન સ્થિર કરવાનું ઘણા સાધનોમાંનું એક સાધન છે. એ સાધન ન કરતાં બીજાં સાધન વડે મન સ્થિર કરીએ, તો તેથી વેદપ્રતિપાદ્ય ધર્મમાંથી કંઇ ભ્રષ્ટ થવાતું નથી. મૂર્તિ તરફ જોઈને મનમાં ધ્યાન કરવું ને મનની અંદરની મૂર્તિ પત્થરની નથી, તે તો મનોમય સૂક્ષ્મમૂર્તિ છે. બીજી એક હસવાની વાત એ છે કે આ શિવ અને વિષ્ણુયોગનો મર્મ ન સમજીને લોકો અનેક પ્રકારની મૂર્તિઓ કરવા લાગ્યા એ એક ચમત્કારિક મજા છે. સારાંશ એ કે નિરાકાર સ્વરૂપ હું જુદો છું, એવો ભાવ થવા સારુ પ્રથમ મન સ્થિર કરવું પડે છે. તે મનને સ્થિર કરવાનાં ઘણાં સાધનો છે, તેમાંનું એક મૂર્તિ સ્થાપીને તેવી મનોમય મૂર્તિનું ધ્યાન કરવું એ છે, ને મન સ્થિર કરવાનું એ સાધન છે એમ સમજવું. તે પોતાના નિરાકાર સ્વરૂપની એકતાની ખબર પડે તે માટે, ભક્તિપૂર્વક તેમ કરવાથી નિરાકાર ગુરુની સાધનભક્તિ થઇ.

૯૩. એ પ્રમાણે અંતઃકરણની વિષયવાસનાઓનો કચરો સાફ કરીને હું પણાથી જુદા નિરાકાર, પોતાના સ્વરૂપની જ્ઞાન વડે પ્રાપ્તિ થાય એવી ઇચ્છાથી લોકો અનેક પ્રકારના ઇંદ્રિયોના નિરોધ કરે છે, ને આખરે વેદાંત સાંભળવું એ આત્મપ્રાપ્તિનું મુખ્ય સાધન છે તે હૈયે બેસે છે ત્યારે તેનું ચિંતન કરે છે; તે વડે નિશ્ચય થાય છે એટલે નિજસ્વરૂપનું અખંડ સ્મરણ થાય છે, તેથી તેઓ તરે છે. એ પ્રમાણે પોતાના સ્વરૂપની પ્રીતિએ કરીને જે સાધનનો માર્ગ ચાલે છે, તે સર્વ નિરાકાર સદ્ગુરુની સાધનભક્તિ જ થઇ એમ સમજવું.

૯૪. સદ્ગુરુના મુખથી વેદાંત સાંભળી તેનું ચિંતન કરવાથી

જેને પોતાના નિરાકાર સ્વરૂપનું જ્ઞાન થયું છે, તેને સાધનભક્તિ વિનાપ્રયાસે સહજ થાય છે; જયારે અજ્ઞાનીને તથા જેને જ્ઞાન મેળવવાની ઈચ્છા છે તે જિજ્ઞાસુને અનેક સાધનો વડે પ્રયાસો કરવા પડે છે; પણ તેઓ જો ગુરુને મુખે વેદાંત સાંભળશે ને તેનું ચિંતવન કરશે, તો તેમને પણ એવી જ સહજ સાધનભક્તિ પ્રાપ્ત થઇ જશે.

૯૫. તને તો સાધનભક્તિ સહજ છે, કારણ કે પંચકોષથી જુદાપણું તેં અનુભવ્યું. તેમજ ચારે દેહથી જુદાપણું પણ અનુભવ્યું; તેમજ પંચભૂતથી તું અલગ છે તે પણ જાણ્યું ને તારા નિરાકાર સ્વરૂપની પ્રીતિ તને હંમેશાં છે, અને તારી ઇંદ્રિયો વડે જે ક્રિયાઓ થાય છે, તે જ સાધન ભકિત થાય છે. નવધા ભકિત એટલે વેદાંત સાંભળવું, તથા નિરાકારનું સ્મરણ વગેરે કરવું એવી રીતે આઠ, તથા પોતે પોતાને હુંપણાથી જુદો, નિરાકાર સ્વરૂપ છું એવું અનુભવવું, ને તે સ્વરૂપ વિષે ભકિત રાખવી, એ આત્મનિવેદન જ્ઞાનભકિત છેલ્લી નવમી છે, તે પણ તને કહી.

૯૬. એવી ઉત્તમમાં ઉત્તમ આત્મનિવેદન ભકિત એટલે પોતાના સ્વરૂપની પ્રીતિ, તે આત્મજ્ઞાન થયા પછી સહજ બને છે. ને તને જ્ઞાન થયું છે તેથી તને સહજ થઇ છે, એટલે તે જાણવાનો તારો પ્રશ્ન ત્રીજા ભાગમાં સત્તાણુંમા શ્લોકમાં હતો તેના જ ઉત્તરનો વિસ્તાર આ ચોથા ભાગમાં કર્યો છે.

૯૭. શિષ્ય બે હાથ જોડી અતિ નમ્રતાથી કહે છે કે, હે ગુરુ મહારાજ ! આપે જે કહ્યું તે સર્વ સાંભળ્યા પછી મારે કંઇ કરવું બાકી રહ્યું નથી, એટલે હું સફળ થયો. હવે મને કંઈ જ આગ્રહ રહ્યો નહિ. ભોગ તથા ત્યાગ મને સરખાં જ ભાસે છે અને ચારે દેહ તથા સઘળો સંસાર ભ્રાંતિ રૂપ જ જણાય છે.

૯૮. પણ હે ગુરુ મહારાજ ! મારી એક વિનતિ છે, જે નિરાકારના મોટા મોટા ભકતો થયા, ને તેઓએ લોકોને ચમત્કાર દેખાડયા તેવું અજ્ઞાની માણસો કહે છે, તો એ તેઓનું બોલવું સાચું છે કે ખોટું, એ મને કૃપા કરીને કહો.

૯૯. એ ઉપરથી ગુરુ કહે છે કે, હે શિષ્ય ! અજ્ઞાની માણસો બોલે છે તે સાંભળવાનો કાંઇ અર્થ નથી, કેમકે કોઈ પણ સાચા જ્ઞાની ભકતે, ચમત્કાર દેખાડયો નથી ને દેખાડતા પણ નથી, તેમ દેખાડશે પણ નહિ. અજ્ઞાની લોકો એવી વાતો ઊપજાવી કહાડીને કહે છે. સર્વના હૃદયમાં રહેનારો અંતર્યામી ઈશ્વર છે, તેની સત્તા વડે થનાર હોય છે તે જ થાય છે, ઓછું વધતું કંઈક જ થઈ શકતું નથી. કેવલ લોકોનો ભાવ લોકોને કર્મફળ દેનારો થાય છે. સાધુ કંઈ જ કરતા નથી પણ સાધુની દયા, ક્ષમા કે વિચાર જોયા વગર અજ્ઞાનીઓ તેની નિંદા અગર સ્તુતિ કરે છે. તેમાં સાધુઓની સ્તુતિ કરવી, એટલે કંઇક અદ્દભુત ચમત્કાર તેણે કર્યો એવું વર્ણન કરીને કહે છે. તે સર્વ અજ્ઞાનીનું કામ છે કેમકે સાધુએ કંઈ ખોટું ન કર્યું હોય છતાં તેની નિંદા કરે છે, તેમ સાધુએ કંઇપણ ચમત્કાર ન કર્યો હોય, છતાં પણ લોકો તેને નમે છે ! માટે લોકોના બોલવાનો પ્રકાર સર્વ સાચો સમજવો નહિ. કેમકે અનુમાનથી પોતપોતાની બુધ્ધિ અનુસાર સર્વ બોલે છે અને તેમાં સત્ય બહુ જ થોડું હોય છે.

૧૦૦. પોતાના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરીને જે ભકત થયા તે જ જીવન્મુકત એટલે દેહ જીવતો છતાં જન્મમરણથી મુકત રહ્યા, તેની રહેણી કરણી તને હવે પછીના પાંચમા ભાગમાં કહીશ, તે ધ્યાનમાં રાખી તું પણ જીવન્મુકત સ્થિતિએ કરી સંસારમાં કે વનમાં સુખેથી યથાપ્રારબ્ધ વિચરજે.

૧૦૧. એ પ્રમાણે જીવન્મુક્ત સ્થિતિએ કરી, શ્રી ગુરુ દત્તાત્રેયની કૃપાથી **નારાયણ બાવા** નામે કરીને **સાધુ ગ્વાલીઅર** પાસે **ધુમારણ્યમાં રહે** છે, તે સહજ નિર્વાણ શાન્તિ પામીને ફરે છે, તેની કૃપા વડે **સખારામ** બાવા **કાલીઆ નામે સાધુ** છે, તે પણ પૂર્ણ જ્ઞાન પામીને શાન્તિ પકડીને રહ્યા.

૧૦૨. તે સખારામ ગુરુની કૃપા વડે આ **ભાવાર્થસિન્ધુના ગ્રંથના બનાવનારા જેને વિષ્ણુ અથવા બ્રહ્મચારી** બાવા કહે છે, તેની હું-પણાથી જુદા નિરાકાર પોતાના સ્વરૂપનું એકતાપણું મળવાથી સર્વ કામનાઓ દૂર થઇ.

૧૦૩. તેથી આ **ગ્રંથ કરનાર** વિષ્ણુ બાવા **બ્રહ્મચારી** તે નિરાકાર પોતાના સ્વરૂપના એકપણાનું જ્ઞાન શિષ્યના બહાને કરી, સર્વ દુનિયાને આપે છે, જે વિચારસહ ગ્રહણ કરશે, તે કંઇ પણ મહેનત વગર નિરાકાર સ્વરૂપનું સુખ પામશે.

૧૦૪. આ ભાવાર્થસિન્ધુ ગ્રંથના ચોથા ભાગમાં એક સો ચાર શ્લોક છે, તેમાં જ્ઞાન થયા પછી ભક્તિ કેવી રીતે કરવી તેનો, તથા બીજા અનેક બોધો ભરેલા છે. તેને માટે સર્વ લોકોને પ્રિય છે એવા સર્વના હૃદયમાં રહેનાર ઇશ્વર પાસે વિષ્ણુએ શરીર માંહેલી વૃત્તિ વડે વિનંતી કરી છે, તેથી ઇશ્વરની પૂર્ણ કૃપા ઊતરી છે.

# પાંચમો ભાગ

૧. ચોથા ભાગમાં આત્મસ્વરૂપની પ્રીતિને જ નિરાકારની ભકિતનું રહસ્ય કહ્યું; હવે આ ભાગમાં જેઓ જ્ઞાની, પૂર્ણભકત પોતાનું નિરાકાર સ્વરૂપ જાણીને તેના પર જ પ્રીતિ રાખનારા છે, તેઓ આ દુનિયામાં કેવી રીતે રહે છે તે કહું છું. આ ગ્રંથનો આ છેલ્લો ભાગ છે. આ ગ્રંથમાં ઘણી સૂક્ષ્મ વાતો સ્પષ્ટતાથી અને સમજ પડે એવી રીતે બતાવી છે. આ ભાગમાં જીવન્મુકત કેમ વર્તે છે તે બતાવ્યું છે. એ સાંભળીને તું પણ બહારના સર્વ વ્યવહાર કરતો જા અને સ્વસ્થ રહે.

૨. જેને અજ્ઞાનનું બંધન ગયું છે, અને જેને આકાશનું પોલાણ જ નથી પછી જેમ કાગળ પર અક્ષરો દેખાય છે પણ કાગળ જ ન હોય તો અક્ષર દેખાય જ નહિ, તેમ મૂલમાં પોલાણ જ નથી તો પૃથ્વી જ નથી, એવો નિરાકારનો જેને દઢ ભાવ બંધાયો છે, તેને જ્ઞાન થયું છે, એટલે "મારી મને ખબર નથી" એ અજ્ઞાનરૂપી પાતક તેઓનું નાશ થયું; આ સ્થિતિ જ જીવન્મુકિત છે ને તે મેળવનાર જીવન્મુકત અગર સ્વચ્છંદ કહેવાય છે. સ્વ એટલે હું-પણાથી જુદું જે નિરાકાર આપણું સ્વરૂપ, અને તેનો છંદ એટલે અંતઃકરણ પંચકને નિરાકાર સ્વરૂપનો જ વિચાર વહાલો લાગીને તે જ હમેશાં કરવાનો "છંદ" લાગે છે, તે જ સ્વચ્છંદ. શિષ્ટ પુરુષો પરસ્પર

મળે ત્યારે સાધારણ રીતે એમ પૂછવાનો રિવાજ હોય છે કે "ચિત્ત સ્વસ્થ છે ને?" તો જવાબ આપનાર કહે કે "હા સ્વસ્થ છે." બન્ને જ્ઞાની હોય તો ચિત્ત સ્વસ્થ હોવું એટલે કે નિરાકાર રૂપને વિષે ચિત્તને રાખવાનું ને સ્થિર રહેવાનું, એવો અર્થ થાય છે.

૩. જીવન્મુકત જ્યાં જ્યાં જાય છે, ત્યાં ચારે તરફ નિરાકારને ભરેલો જુએ છે, અને પોતાના સ્વરૂપના અસ્તિત્વમાં અવકાશ એટલે પોલાણ નથી–છે જ નહિ–એવો નિશ્ચય હોય છે, જેથી દુનિયાનું તેમના ચિત્તમાં અસ્તિત્વ રહેતું જ નથી. સ્વરૂપનો બોધ તેને નિરંતર રહે છે, અને વ્યવહાર કર્યા છતાં એ અનુભવ તૂટતો નથી. પાછળ કહી ગયા તે પ્રમાણે એક વાર પાક્કો સ્વરૂપનો અનુભવ થઇ નિશ્ચય થયો, પછી જેમ માણસને પોતાનું નામ સતત ગોખવું પડતું નથી તેમ સર્વ વ્યવહાર ચાલુ છતાં તે નિશ્ચય ખસતો નથી. આ બોધ મૃત્યુ વખતે પણ એમને એમ જ કાયમ રહે છે.

૪. કર્મ વડે શરીરને પ્રાપ્ત થતાં સુખદુઃખ તથા રોગ ભોગ જીવન્મુકતને અસર કરતાં નથી, કારણકે આત્મજ્ઞાને કરીને તેને હર્ષ શોક નથી.

૫. જીવન્મુકતને સહજ ભક્તિ હોય છે, તેથી લોકરીત પ્રમાણે તે કામો કરે છે, પણ તેમાં તેને અભિમાન હોતું નથી. તે સર્વ ઉત્તમ કર્મો કરે છે, પણ લોકો તે સમજી શકતા નથી, એથી જ આ દુનિયામાં જ્ઞાની માણસોની કેટલાક લોક નિંદા કરે છે, કેટલાક અપમાન કરે છે, કેટલાક લોક સ્તુતિ કરે છે ને સાચું સન્માન પણ આપે છે, પણ જ્ઞાની પુરુષ અપમાનથી ત્રાસતો નથી કે સ્તુતિથી હરખાતો નથી, કારણ કે તે જાણે છે કે પોતે નિરાકાર સ્વરૂપ છે, તેમ જ સર્વ જીવોનું પણ મૂળ સ્વરૂપ તે જ છે, એટલે કોણ કોની નિંદા કે

સ્તુતિ કરે ? લોક સાધુના શરીરને ઓળખે છે પણ તેના ખરા સ્વરૂપને ઓળખતા નથી;–ઓળખતા થાય તો તે પણ સાધુ જ થઈ જાય.

૬. કોઇ લોક જ્ઞાની ભકતને આચારશીલ છે એમ કહે છે, તો કોઈ તેને ભ્રષ્ટ આચરણવાળો પણ કહે છે; પણ તેથી તેને હર્ષ કે શોક થતાં નથી. તે જાણે છે સર્વ લોક શરીરને તથા તેનાં કર્મને સારું ખોટું કહે છે, તેના સ્વરૂપને તેથી કંઇ લાગતું વળગતું નથી.

૭. આત્મજ્ઞાની જાણે છે કે મનુષ્ય, તથા પશુ પક્ષી વગેરે જીવના શરીરમાં જે હું–હું એવી સ્ફુરણાનો ઉભરો છે. તેની પહેલાં જ જે સર્વ જીવનું સહજ જ્ઞાનસ્વરૂપ છે, તે સર્વ જીવોનું એક જ રૂપ છે, અને તે રૂપમાં હું–પણું જ નથી, એટલે કહેનાર લોક અને સાંભળનાર બીજો, એવું વાસ્તવિકમાં છે જ નહિ. સર્વના હું–પણા પહેલાં જે નિરાકાર જ્ઞાન છે તે જ પરબ્રહ્મ પરમાત્મા હું છું.

૮. આ સાંભળી શિષ્ય બોલ્યો કે, જો જગતના સર્વ જીવોની તેમજ મુકત થયેલા જ્ઞાની ભકતોની એકતા હોય, તો પણ લોકોના મનની જ્ઞાની ભકતોને ખબર કેમ પડતી નથી ?

૯. ગુરુ કહે છે કે, હે શિષ્ય ! સર્વના મનને જાણનારો જે છે, તે તો સર્વના મનને જાણે જ છે. તેનું રૂપ એવું છે કે, સર્વ લોકોનું મન જે જુદું જુદું; દરેક શરીર માંહેલા સૂક્ષ્મ પ્રાણવાયુ જેટલું જ 'આકાશરૂપ છે, તેમ જ મનની કલ્પનાઓને જાણનારાનું રૂપ પણ સૂક્ષ્મ આકાશરૂપ જ છે. તે દરેકના શરીરના સૂક્ષ્મ પ્રાણવાયુની અંદર સૂક્ષ્મ આકાશરૂપ છે. તે સાક્ષી કરનારું, સૂક્ષ્મથી સુક્ષ્મ વાયુ-રૂપના જુદા જુદા શરીરના કદ પ્રમાણે તેમાં વ્યાપક છે, પણ દરેકનું વ્યાપકરૂપ જુદું જુદું છે. તું જ વિચાર કર કે તારા મનમાં જે વાત આવે છે, તે તરત જ તારા મનથી જુદા. મનને જાણનારા, સાક્ષીરૂપને

ખબર પડે છે. એ મનને જાણનારું રૂપ તારું શુધ્ધ નિરાકાર રૂપ નથી. તેમાં જે જ્ઞાન છે, તે જ્ઞાનમાં દુનિયા જ મૂળમાં નથી, અને મન પણ નથી તેથી તેજ અભેદ નિરાકાર પરમાત્મા છે; તથા તે સર્વ તો એક છે, અને તેના સ્વરૂપ વિષે મનનું જાણવું જ નથી; તેના જ્ઞાનરૂપને વિષે 'હું' એવી સ્ફુરણા કે ઉભરો જ નથી. જ્ઞાની ભક્ત સર્વના જ્ઞાનરૂપે, એક નિરાકાર પરમાત્મા, જે તદ્રૂપ જ આપણને જુએ છે. તે હરેકના જુદા જુદા હું-પણાને તથા જુદા જુદા મનને જે જાણે છે, તે જુદા જુદા હું-પણાંના તથા મનના તત્ત્વના સૂક્ષ્મરૂપ જેવડા જ સાક્ષી, જુદા જુદા હું-પણા સાથે તથા મનની સાથે છે, તેને તો અંતરાત્મા અથવા ઈશ્વર એવું કહે છે; પરમેશ્વર કે પરમાત્મા કહેતા નથી. કેમકે સાક્ષી ઇશ્વર જે અંતરાત્મા, તે કેવળ, નિરાકાર, એક અભેદ નથી–મનનું સાક્ષીપણું હોવાથી દરેકના અંતરાત્મા જુદો જુદો છે.

૧૦. જેને મિથ્યા જગતનું તથા મિથ્યા મનનું સાક્ષીપણું નથી, એવો જે એક, તે જ નિરાકાર દેવ છે. તે નથી પરમાણુરૂપ, નથી અનંત ગોલરૂપ કે નથી પોલાણરૂપ. તે તો અનંત પોલાણની અંદર સ્વપ્રકાશ, જ્ઞાનઘન, અદ્વૈત, પરમાત્મા, પરિપૂર્ણ, જ્યાં ત્યાં બધે શાન્ત છે. તેના રૂપને જ, જેઓએ હું-પણાથી જુદું, તથા સાક્ષીપણાથી જુદું પોતાનું સ્વરૂપ તે જ પરમાત્મા એવું ઠરાવ્યું છે, તે જ વેદાંતી; તે જ જ્ઞાની. તે જ ભકત, તે જ જીવન્મુકત, તે જ સાધુ, તે જ ગુરુ, તે જ દેવોના અવતાર, તે જ બ્રહ્મ જાણનાર, ને તે જ સર્વથી મહાન. તેઓને અજ્ઞાન અને જ્ઞાન, સાપેક્ષ રહેલાં હોતાં નથી. તેઓ જ યોગેશ્વર, તે જ સ્વચ્છંદ, સ્વસ્થ ચિત્તવાળા છે. વેદ-પ્રતિપાદ્ય ધર્મનું મૂળ તત્ત્વ આ છે, અને તે તત્ત્વ સિધ્ધ કરવા માટે અનેક સાધન, ઇંદ્રિયોનું દમન, મનને સ્થિર તથા શુધ્ધ કરવા માટે

છે. સાધન ભાગને કર્મકાંડ કે ઉપાસનાકાંડ કહે છે, અને તે જ એ મુખ્ય સાધનો છે. મુકતને તેમાંનું કંઇ કરવાનું રહેતું નથી. "સાક્ષી હું છું" એવું મુકત સમજતા નથી. મનનું સાક્ષીપણું કરનારો સર્વનો અંતરાત્મા જુદો છે એવું મુકત જાણે છે, ને પોતે તેનાથી જુદો નિરાકાર સ્વરૂપ છે એવું તે સમજે છે. એટલે તેવા અનુભવમાં પોતાના શરીરની અંદરના મનનું જ જાણવું (જ્ઞાન) નથી, તો પછી બીજાના શરીરની અંદરના મનનું જાણવું (જ્ઞાન) કયાંથી હોય ? એટલે અભેદ સ્વરૂપના વિષે પોતાના તથા પારકાના મનનું જાણવું જ નથી એમ જાણ.

૧૧. વિષય, ઇંદ્રિયો, પ્રાણ, મન, પોતાનું નિરાકાર સ્વરૂપ જાણતો નથી તે કલ્પના, હું નિરાકાર પરબ્રહ્મ છું એવી કલ્પના, એવી બધી કલ્પનાઓના સ્વરૂપને જાણે છે, તે જ સર્વ સાક્ષી સર્વેશ્વર છે. જયારે સાક્ષીભાવ પોતે પોતાનું સાક્ષીપણું કરવા માંડે છે, ત્યારે પોતાની કલ્પના વગેરેનું સાક્ષીપણું કરવાનું રહેતું નથી, તો પછી લોકોના મનનું સાક્ષીપણું કયાંથી હોય ? અને ત્યારે જ તે સાક્ષીપણાથી મુકત થયો જાણવો, કેમકે સાક્ષી જે છે, તે પોતાના સૂક્ષ્મરૂપનો અનુભવ લેવા જાય, એટલે નિરાકાર એક જ સ્વરૂપનો ભાવ તેના જ્ઞાનમાં પ્રગટ થઈને, પ્રકૃતિનો એટલે સર્વ તત્ત્વોનો અભાવ થાય છે, તે સાથે તેના સાક્ષીપણાનો પણ અભાવ થાય છે, અને અતિ સુખસ્વરૂપ નિરાકાર, જે અનેક ગોલના અસ્તિત્વની ભાવનાને લીધે ભાસતું નથી, તે અનંત ગોલનો અભાવ થઇને, અનંત અપરિમેય નિરકાર જ રહે છે. એ જ મુકત સ્થિતિ છે.

૧૨. જે મનની કલ્પનાઓનો તથા અંતઃકરણની અંદરના હું-પણાનો સાક્ષી છે, તેણે પોતાના સ્વરૂપનું સાક્ષીપણું કર્યું, એટલે તે જ જ્ઞાની. અને તે દુનિયાના હું-પણાથી જુદો, મૂલસ્વરૂપના વિષે

અભેદ સ્વરૂપ છે એમ સમજવું; તે જ મુક્ત છે હું એવી કલ્પનાનું સાક્ષીપણું કરવામાં, દુનિયાના સાક્ષીપણા કરતાં પરસ્પર સાક્ષીરૂપનો ભેદ છે, તે જ બંધનભાવ છે, એવો અનુભવ વિચાર કરનારા જ્ઞાનીઓ લે છે. અને બીજા લોક જેને અનુભવ નથી તેઓ અનેક સંશયરૂપી જાળમાં ગુંચવાઇ જાય છે, અને તે જ તેઓને બંધન છે.

૧૩. માટે હે શિષ્ય ! તું એમ સમજ કે ચારે દેહની અંદરનો જે સાક્ષી એટલે ચારે દેહને જે જાણનારો છે, તે સાક્ષી આત્મા સર્વનો જુદો જુદો છે, તે પોતે પોતાને જોવા લાગે એટલે, તેનો જે જુદાપણાના સાક્ષીપણાનો ભાવ, તે રહેતો નથી; એથી એક તથા નિરાકાર, એવા અભેદપણાની સ્થિતિને પકડીને મુક્ત રહે છે.

૧૪. તે સ્વરૂપ તને કહું છું કે જેને સાક્ષીપણું નથી, એવો જે એક નિરાકાર, તે જ અભેદ પરમાત્મા છે, એવું મેં કહ્યું; પણ તું એવો વિચાર કરીને પછી વિશ્વાસ રાખીશ, તો તારો વિશ્વાસ રહેશે, ને જે સાક્ષી આત્મા છે, તે દરેક શરીરમાં જુદો જુદો છે એવું પણ મેં કહ્યું, તે વિચારે કરીને જ તારા જાણવામાં આવશે.

૧૫. કારણ કે ચાર શરીરના સાક્ષીપણાનો ભાવ જે આત્માને છે, તે આત્મા સૂક્ષ્મ આકાશભૂત છે; અને ચારે દેહ તથા ચાર ભૂત (પૃથ્વી, જલ, તેજ, વાયુ) તેમાં એકતા પામેલ છે. નિરાકારને અંગે સાક્ષીપણાનો ભાવ અગર પાંચ ભૂતોના ગુણ, એમાંનું કાંઇ જ નથી. તે જ રૂપ, હું–પણું પકડનાર જ્ઞાનથી પહેલાં, સર્વ દુનિયાનું મૂલ સ્વરૂપ છે, એવું મુક્ત જુએ છે, તેથી તેને પોતાનામાં ને દુનિયામાં ભેદ નથી.

૧૬. હવે સાક્ષીપણાના પેટામાં ચારે દેહ છે તે, તથા પાંચ ભૂતોનો જ આ સર્વ ખેલ છે. શરીરપિંજરમાં રહેલ સાક્ષી, સૂક્ષ્મ આકાશભૂત

છે. એ શરીર જ્યારે વાયુ, અગ્નિ, જલ અને પૃથ્વી, એ ચારેભૂતોનું સાક્ષીપણું કરે છે, ત્યારે તેને સ્થૂલ દેહ એવું કહીએ છીએ.

૧૭. તે સૂક્ષ્મ આકાશભૂત જ્યારે શરીરરૂપ પૃથ્વીનું સાક્ષીપણું છોડીને, જલ. તેજ, વાયુ એ શરીરપિંજરરૂપ ભૂતોનું સાક્ષીપણું કરે છે. તે સ્થિતિને સૂક્ષ્મ દેહ સમજવો, અને તેની અવસ્થા સ્વપ્ન છે.

૧૮. જ્યારે અગ્નિ અગર તેજ, તથા વાયુ એ ૨ તોનું સાક્ષીપણું આકાશભૂતને રહે છે, તે કારણ દેહનો ભાવ સમજવો; જેની ગાઢ નિદ્રા અગર સુષુપ્તિ એવી અવસ્થા છે.

૧૯. જ્યારે અંતઃકરણપંચકરૂપ આકાશભૂત ફકત વાયુનું સાક્ષીપણું કરે છે, ત્યારે મહાકારણ દેહ કહેવાય છે, અને તેની અવસ્થા તુરીય છે, ને તેને જ સમાધિ કહે છે. પંચવિષય અને દસ ઇંદ્રિયોનું વિસરવું, અને આકાશભૂતે કરી, "હું નિરાકાર સ્વરૂપ છું" એવું અનુભવવું, તથા અત્યંત સુખી થવું તે જ સમાધિ, જેને એવો અનુભવ થયો તે જ સમાધિ; સમાધિના વ્યુત્થાન થતાં ફરી પંચવિષય વગેરે જાણવામાં આવે છે, પણ પછી તેમાં સ્વરૂપનો અનુભવ નિત્ય રહે છે.

૨૦. એક નિરાકાર સ્થાનકરૂપના અસ્તિત્વના ભાવ વડે વાયુનો, અભાવ થયો, એટલે અંતઃકરણપંચકરૂપ આકાશનો પણ અભાવ થઇ જાય છે, ને પછી જે રહ્યું તે નિરાકાર હોય છે. તે ચારે દેહ નથી તેમ તેઓનો સાક્ષી પણ નથી. જગત્ જુદું (દૃશ્ય) છે, અને તેનો સાક્ષી હું જુદો (દ્રષ્ટા) છું એવો ભાવ, નિરાકાર શાન્ત સ્વરૂપના વિષે નથી. તે જ નિરાકાર, અભેદ્ય પરમેશ્વર, પરમાત્મા, પરબ્રહ્મ છે.

૨૧. એવા નિરાકાર પરમાત્માને મનનું સાક્ષીપણું નથી; કારણ કે તેના રૂપમાં ભ્રાન્તિરૂપ મન મૂળમાં જ નથી, તો પછી સાક્ષીપણું

ક્યાંથી હોય ? જે મનનું સાક્ષીપણું કરે છે, તે અભેદ નથી, એટલે કેટલાક એમ કહે છે કે નિરાકાર પરમેશ્વરને જગત્ વગેરેનું મૂળમાં જ જ્ઞાન નથી, એટલે એવા અસંગ નિરાકાર સ્વરૂપની ભક્તિ કરવાથી શું ફળ મળે ? તેના સમાધાનમાં એક દ્દષ્ટાંત એવું છે કે કોઇ એક ચિત્તભ્રમ માણસ છે, તેની પાસે કોઈ ઊભેલું ન હોય છતાં તેને ભાસ થાય છે કે કોઇ ઊભું છે, ને તેની સાથે તે વાતચીત કે તકરાર કરે છે, ને આસપાસના લોકોને પણ કહે છે કે એને પકડો. લોકોને તો કોઇ બીજું માણસ દેખાતું નથી, તેથી પેલો ગાંડો માણસ જેમ લોકોને અજ્ઞાની કહે છે, પણ ખરો અજ્ઞાની તો તે ગાંડો માણસ છે, લોકો નહિ. તે પ્રમાણે હું જુદો અને જગત્ જુદું એવો ભાસ અજ્ઞા-નીને થાય છે, પણ નિરાકારને થતો નથી, પણ તેથી નિરાકાર અજ્ઞાની નથી, અજ્ઞાની તો હે લોક તમે છો.

૨૨. માટે એવું સમજ કે દરેક શરીરમાં જે હું-હુંની કલ્પનાને જાણનારો છે, તે ભેદરૂપ આત્મા છે; તેવો પોતે પોતાને જોઇએ, એટલે તેનું રૂપ જ રહેતું નથી, પણ એક જ નિરાકાર પરમેશ્વર સાક્ષીપણાથી અલગ રહે છે. બાકીનું જે છે તે સર્વ પ્રકૃતિ છે, સર્વ પ્રકૃતિનું સાક્ષીપણું કરનારા જે પોતે સાક્ષીસ્વરૂપ, તે પોતાના સ્વ-રૂપનું પણ સાક્ષીપણું કરે છે, અને એવું બન્ને સાક્ષીપણું કરનારા જ્ઞાનીઓ સ્વસ્થપણે આ દુનિયામાં વિચરે છે.

૨૩. જેમ વૃક્ષ એ નામ એક છે, પણ તેના ભેદ ઘણા છે, તે પ્રમાણે સાક્ષી આત્મા ઇશ્વર એ નામ એક છે પણ દરેક શરીરનો સાક્ષી, આત્મા ઇશ્વર જુદો છે.

૨૪. તે દરેક શરીરનો સાક્ષી ઇશ્વરભાવ, જ્યારે પોતે પોતાનું સ્વરૂપ જાણવા માંડે છે ત્યારે સાક્ષીપણું કરવાનું રહેતું નથી, ને

અભેદ મુક્તપણું જણાય છે; પણ એક શરીરના સાક્ષી આત્માને અભેદ મુક્તપણું મળ્યું, તો પણ બીજાં શરીરોના સાક્ષી આત્માઓ જે બંધન ભાવ પકડીને બેઠા છે, મુક્ત થતા નથી, કારણ કે દરેક શરીરની અંદરના મનના સાક્ષી જુદા જુદા છે.

૨૫. જેમ પાણીથી ભરેલા એક લાખ ઘડાઓમાં સૂર્યનાં પ્રતિબિંબ જુદાં જુદાં એક લાખ જોવામાં આવે, તેમાં કોઈ પાણી હાલતું હોય તો પ્રતિબંબ હાલતું દેખાય, અને સ્થિર હોય તો પ્રતિબિંબ સ્થિર દેખાય, અને કોઈક ઘડામાં પાણી ન હોય તો પ્રતિબિંબ દેખાય જ નહિ, અને કોઇક ઘડાનું મોઢું ઢાંકી દઈએ તો પ્રતિબિંબ પડતું નથી, એમ હરેક ઘડાની અંદરના પ્રતિબંબની સ્થિતિ ઉપાધિ ભેદે કરી જુદી જુદી થાય છે, પણ એક પ્રતિબિંબની ઉપાધિ બીજા પ્રતિબિંબને હોતી નથી; તેવી જ રીતે મનનો સાક્ષી આત્મા જે ઇશ્વર છે, તે દરેક શરીરમાં જુદો છે, તેથી એકમેકના મનની અરસપરસ ખબર પડતી નથી. જેમ એક ઘડાનું પ્રતિબિંબ બીજા ઘડામાં લઇ જવાની મહેનત કરવી વ્યર્થ છે, તેમ બીજાના મનનું સાક્ષીપણું કરવું તદ્દન અશકય છે.

૨૬. પણ જેમ કાગને બેસવું ને તાડને પડવું એ બનવું બહુ જ મુશ્કેલ છે, તેમ છતાં કોઇવાર આકસ્મિક બની ગયું, તેથી કાંઈ એમ સિદ્ધાંત ન કરાય કે જ્યારે જ્યારે કાગડો બેસે છે ત્યારે તાડ પડી પડી જ જાય છે, તેવી રીતે કોઇ વાર બીજાના મનની અકસ્માત ખબર પડી, અને તે કહ્યું તેથી ગમે તેમ અર્થ કાઢી, લોક તેને ભવિષ્ય જાણનારો કહે, તે ઉપરના જેવું અજ્ઞાન છે. આવી ખોટી વાતો ઉપર અજ્ઞાનીઓને વિશ્વાસ ઘણો હોય છે, એટલે કોઈ દેવ દેવતા અથવા અવતારી પુરુષનીમૂર્તિઓ એટલે રામકૃષ્ણની પ્રતિમાની આગળ ઊભા રહી લોક કલ્પે છે કે, જો મારાં સંસારમાં અમુક કામ પાર પડે એમ

હોય તો મૂર્તિ ઉપરનું ડાબું ફૂલ પડજો કે કાંઈ એવું કરી બતાવજો. કોઈ વખત પવનથી અગર એવા કંઇ કારણથી કાકતાલીય ન્યાયે ફૂલનું પડવું થયું ને કામ પણ ધાર્યા પ્રમાણે થયું તો ભવિષ્ય એ જ રીતે જણાય છે, એવો સિદ્ધાંત અજ્ઞાનીઓ કરી બેસે છે. પછી તેવું ફરીથી થતું નથી, એટલે એ મૂર્તિમાંથી સત્ ગયું એમ કહે છે! પણ ઘેલા લોકો સમજતા નથી, કે રામ અને કૃષ્ણ એ ઉત્તમ અવતાર થયા, તેઓએ જગતને નીતિ ને આત્મજ્ઞાન કહ્યાં, અને તેમનું સ્મરણ રાખવા તેમની છબીઓ, મૂર્તિઓ અને તેમની કથાઓ પ્રચલિત થઇ, જેથી તે પ્રમાણે લોકો દુરાચારથી વળીને સદાચાર પાળે. પણ તેમ ન કરતાં અજ્ઞાનીઓ સદાચારીની નિંદા કરતા જણાય છે, ને અજ્ઞાનીઓ, ઢોંગીઓ તથા ભૂત વર્તમાન કે ભવિષ્ય જાણવાના ઢોંગ કરનારાઓ પાછળ ખુવાર થઈ ફસાય છે. કીમિયા, ભૂતના ઈલાજ, માદળિયાં વગેરે ઠગબાજી કરનારાઓમાં કંઇક અજ્ઞાનીઓ ખુવાર થાય છે. શક્તિમાર્ગ ઉત્તમ છે, છતાં દારૂ અને અનીતિના માર્ગે તેના નામે પ્રચાર કરનારા ઘણા છે, અને કંઈકને ખુવાર કરી મૂકે છે. તરવાનો ઉપાય આત્મજ્ઞાન સિવાય બીજો કોઇ છે જ નહિ, માટે ઢોંગીઓની સિધ્ધાઈ કોઇ માનશો નહિ. ખરો આત્મજ્ઞાનનો જ માર્ગ છે માટે તેને જ અનુસરજો.

૨૭. કોઇને કોઇના મનની ખબર પડતી નથી, એનું કારણ એ જ છે કે સૂક્ષ્મ જંતુથી લઇને દરેક શ્વાસોચ્છવાસ લેતાં મોટાં પ્રાણીઓમાં જે પ્રાણવાયુ સંચરે છે, તેમાં જ્ઞાનરૂપ સૂક્ષ્મ આકાશ છે, જે પંચપ્રાણો કરી આખા દેહમાં વ્યાપ્ત છે, ને તે આકાશરૂપને જ અંતઃકરણપંચક કહે છે; આત્મા પણ તેને જ કહેવાય છે ને ઇશ્વર પણ તેનું જ નામ છે. તેને જ સાક્ષીપણાનો ભાવ છે, અને તે પણ દરેક પ્રાણીનો જુદો જુદો છે, દરેક ઘડાનાં પ્રતિબિંબ જેમ જુદાં જુદાં હોય છે તેમ.

૨૮. હવે કોઈવાર બીજાના મનની વાતો, ભૂતકાળની, વર્ત-માનની અથવા ભવિષ્યમાં થનારી હકીકત જાણવામાં આવે છે, એવી સિધ્ધિઓનું વર્ણન કરેલું જોવામાં આવે છે, તો તેનું કારણ એવું છે કે એકાગ્રચિત્ત કરી, આંખો બંધ કરી, શરીરની અંદરના સૂક્ષ્મ પ્રાણવાયુને ભૃકુટિ મધ્યે સ્થિર કરવામાં આવે, તો તે ઠેકાણે કાળું, પીળું, ધોળું, રાતું અગર મિશ્ર રંગનું એક બિંદુ દેખાય છે. તે બિંદુધ્યાન તથા એકાગ્રતા કોઈ પણ જાતના કષ્ટ વિના જયારે સ્થિર થાય છે, ત્યારે જેમ ઊંઘમાં શરીરની વિસ્મૃતિ થાય છે, તેમ મન સર્વ કલ્પના કરવાનું છોડી દઇને શરીરને ભૂલી જાય છે, પણ ઊંઘમાં જે સ્વપ્ન આવે છે, તે સ્વપ્ન જોનારને અધીન હોતું નથી, પણ બિંદુ તો જ્ઞાનને અધીન હોવાથી, સર્વ જ્ઞાન બિંદુ ઉપર રહી જાય છે, તેમાં કોઇવાર બીજાના મનના સંકલ્પ જોવામાં આવે છે, તેમ જ સર્વ ભૂમંડળના પદાર્થો જેવા છે તેવા જ જોવામાં આવે છે. વળી તેમાં કોઇવાર દેવદેવીઓ, ભૂતપ્રેતો, અપ્સરાઓ જેવી સુંદર સ્ત્રીઓ, વગેરે લોક પરલોકનાં દશ્યો દેખાય છે; જેને લોકો સિદ્ધિઓ કહે છે. જેમ દૂરબીનથી દૂરની વસ્તુઓ દેખાય છે, તેમ કોઈવાર એ બધું દેખાય છે, ને આપણે આકાશના પોલાણ ઉપર બિંદુમાં બેઠા છીએ એવું લાગે છે. આવા પ્રકારની ધારણામાં અનેક પ્રકારની સિદ્ધિઓ કોઇ વખત અનુભવમાં આવી જાય છે, પણ તે પાણીના પ્રવાહ જેવી ચંચલ છે. મૂલની જે સિદ્ધ વસ્તુ ( આત્મા ) છે, તેનું દર્શન થવું એ જ મહાસિધ્ધિ છે. એ સ્વર્ગની અપ્સરાઓ કે નર-કનાં ભયાનક દશ્યો સ્વપ્ન જેવાંજ છે. પણ સૂર્યમંડળ જેવું સ્વપ્રકાશ લોક એ જ સ્વર્ગ; અને અંધકાર જેવું લોક તે નરક. સ્વર્ગ તથા સિદ્ધિની પ્રાપ્તિ માટે પરસ્પર વિરૂદ્ધ સાધનો શાસ્ત્રોમાં કાંઇ બતાવેલાં નથી. કર્મ તથા ઉપાસના અંતઃકરણ શુદ્ધ થાય તે માટે છે. અહિંસા વગેરે નિયમોથી ઇન્દ્રિયોને વશ રાખવી, કોઇ જીવને ઇજા ન કરવી,

શરીર પવિત્ર રાખવું, શુદ્ધ અને સત્ય વ્યવહાર કરવો એવા નિયમો ને એવાં સાધનો બતાવ્યાં છે, તે જ કર્મ છે. એ બધામાં મુખ્ય વાત અંતઃકરણમાંથી લોકપરલોકના ભોગની વાસના કાઢી નાખવી અને મનને સ્થિર કરવું એ છે. એ બિન્દુને હાથ, પગ વગેરે અવયવો કલ્પીને એમાં મન સ્થિર કરવું એ ઉપાસના છે. એ નિયમોનું પાલન તથા ઉપાસના વડે અંતઃકરણ શુદ્ધ થાય છે, ને તેમ થયા પછી વેદાંત-શાસ્ત્રના શ્રવણથી હું-પણાથી જુદો હું નિરાકાર સ્વરૂપ છું, એવું જ્ઞાન હૃદયમાં બેસે છે, નિરાકાર સ્વરૂપ વિષે સિદ્ધિ કે સ્વર્ગ છે જ નહિ. જ્ઞાન થયા પહેલાં જે કોઇ નિષ્કામ વૃત્તિથી કર્મ અને ઉપાસના કરે છે, તો મૃત્યું થતાં તેને ફરી ઉત્તમ દેહ પ્રાપ્ત થાય છે. બીજા જન્મમાં પૂર્વનો અભ્યાસ કામ લાગે છે, ને પછી તે પ્રમાણે ચાલતાં આત્મજ્ઞાન અને મુકિત પ્રાપ્ત થાય છે. માટે નિષ્કામ કર્મો તથા નિષ્કામ ઉપાસના કરવાં. સાધુમુખે વેદાંતશાસ્ત્ર શ્રવણ કરવું ને સ્વરૂપ અનુભવવું એ જ સાધુનું લક્ષણ છે.

૨૯. સાધુનું બીજું લક્ષણ એ છે કે તે પંચ વિષયની દુનિઆ, પોતાનું શરીર, પ્રાણ, અંતઃકરણ, તેની અંદરની હું-પણાની ભાવના, એ સર્વને તે જાણનારો આત્મારૂપે પોતે પોતાને જાણીને જે રહે છે તે છે. સાક્ષીપણાથી પર એટલે નિરાકાર એવી સ્થિતિ પામે છે, એવું, હે શિષ્ય ! તું પણ જાણીને સ્વસ્થપણે જગત્‌માં વર્તતો રહે.

૩૦. મન સહિત સર્વ વિષયનું સાક્ષીપણું આત્માવડે કરતા રહીએ, એટલે આપણા મનમાં તે જગત્‌નો ભેદભાવ રહે છે, પણ આત્મસ્વરૂપ વડે પોતાનું સાક્ષીપણું જોઇએ, તો નિરાકાર જ્ઞાન-સ્વરૂપ આપણે છીએ એમ અનુસવીને અભેદ થાય છે. એવો અનુભવ લઇ શાન્ત પુરુષો આ દુનિયામાં સ્વસ્થતાથી વિચરે છે.

૩૧. અભેદપણું અગર એકત્વપણું અનુભવવાના માર્ગને જાણ-

નારા, દુનિયાના ચારે દેહોને કલ્પીને તેમાં કોઇપણ ઉપાધિમાં પોતે સામેલ નથી, એવું સમજનારાં જે સ્ત્રી તથા પુરુષો છે, તે જ સંત અને તે જ મુક્ત છે, તે જ સાધ્વી અને તે જ પતિવ્રતા; જડ દેહ વાળો પતિ મૃત્યુ પામે, પણ હું-પણા પહેલાંનો જ્ઞાનસ્વરૂપ વિષેનો પોતાના ખરા શુદ્ધ સ્વરૂપનો ભાવ, એ "પતિ" હું-પણાને કદી છોડનાર નથી. એટલે હું-પણામાં હમેશ રહીને, હું-પણાને તથા કલ્પનાઓને જે જાણે છે, તે ઇશ્વર-પતિ કદી મૃત્યુ પામવાનો નથી. સર્વને પોતપોતાના વિષયભોગમાં, અથવા વિષયત્યાગમાં અગર હું નિરાકાર છું એવી ભાવનામાં જે પ્રેમ છે, તે જ, હું-પણાના પહેલાં ઈશ્વરનો પોતાનો પોતા ઉપર એટલે શુદ્ધ સ્વરૂપ ઉપર પ્રેમ છે. તે જ સાચો પ્રેમ છે. તે જ ઇશ્વરસ્વરૂપ પતિની ભકિત, એટલે પોતાના નિરાકાર સ્વરૂપની અખંડ પ્રીતિ; તે સાક્ષી ઈશ્વરને છોડીને હું -પણાને જુદું રહેતાં જ આવડતું નથી. તેથી, તે ઈશ્વર જ સાચો પતિ છે. તેના એકપણામાં જ્ઞાનીને અને અજ્ઞાનીને, જાણીને અને અજાણતાં, જે પ્રેમ હમેશાં લાગેલો છે, તે જ ઈશ્વર-પતિ પ્રત્યેનો પ્રેમ છે. સર્વનું જે હું-પણાનું 'વ્રત" તેવા વ્રતવાળા એટલે "વ્રતીને" નિરાકાર પતિનું એકતાનું ધ્યાન સતત લાગેલું છે, તે જ ખરો પતિવ્રતા ભાવ. ઘણાંએ પશુ પંખીઓમાં પણ નરમાદામાં એકના મૃત્યુ પાછળ બીજું મરે છે, એવું જોવામાં આવે છે, પણ તેથી કંઇ મોક્ષ મળતો નથી. સ્ત્રી પુરુષમાં પરસ્પર પ્રેમની તીવ્રતા હોવાથી, બીજા માટે પ્રાણ પાડવાથી તરી જવાશે એ કલ્પના જુઠી છે, પણ હું-પણાનો સાક્ષી તે ઇશ્વર સ્વરૂપ પતિ, તેના વ્રતે કરી પતિવ્રતા કહે-વાય છે, કેવલ નરદેહને જ પતિ, માની જેઓ ભજે છે, પણ હું-પણા પહેલાંનાં જ્ઞાનસ્વરૂપ સાક્ષી ઇશ્વર "પતિ"ને જે ભજતાં નથી, તેઓનું પતિવ્રત પક્ષીના પતિવ્રત કરતાં જરા પણ ચઢીઆતું ગણાય નહિ. મૃત નરદેહ સાથે ચિતા પર ચઢી બળી મરવાથી સદ્‌ગતિ નંહિ,

પણ અધોગતિ જ છે. વસિષ્ઠ ઋષિએ કૌશલ્યાને તે જ જ્ઞાન કહ્યું હતું. હું-પણાનો સાક્ષી, હું-પણાની અંદર જે નિરાકાર સ્થાનકની ભાવના જેવો ઇશ્વર છે, તેનું અનન્ય શરણ પુરુષ અગર સ્ત્રીઓ લેશે. એટલે કે સાક્ષી ઇશ્વરથી હું જુદો એવો ભાવ રાખશે નહિ, એવા વ્રતથી બધાં તરશે. સ્ત્રી પુરુષોના લગ્ન માટે જ્યોતિષની રીત એવી છે કે બન્નેની સમાનતા રહે. તે માટે ગુણ, નાડી, ગણ, જાતિ વગેરે મેળવીને પછી લગ્ન કરવામાં આવે છે. બહારના વ્યવહારમાં વિષય-વાસનાનું જોર મનને બાધા કરે નહિ, અને ઇન્દ્રિયોનું દમન કરવાનું સુલભ થાય, તે માટે સત્વગુણવાળી સ્ત્રીનું તેવા જ ગુણવાળા પતિ સાથે લગ્ન કરવા માટે ગુણો તપાસવામાં આવે છે, જેથી એકના મૃત્યુ પછી બીજાના વિષયોનું જોર તોડવા માટે ઇન્દ્રિયોનું દમન સરળ થાય છે. તે જ રીતે મનુષ્યગણ એટલે રજોગુણી સ્ત્રી પુરુષનો સંબંધ કરવો ઇષ્ટ રહે છે; તે જ પ્રમાણે રાક્ષસગણ એટલે તમોગુણી જોડાને પણ અનુકૂળ પડે છે; જાતિ પણ સ્વભાવ પરત્વે જ મેળવવામાં આવે છે, જેથી નોળીઓ, ઉંદર વગેરે સંજ્ઞાથી એને જાતક શાસ્ત્રમાં બતાવી છે, ને નાડી એટલે શરીરનો બાંધો અગર ઘાટ, એ પણ બન્નેના તપાસવામાં ને મેળવવામાં આવે છે. આ પ્રમાણે ઉભયની એકતા કરીને પછી પાણિગ્રહણ કરાય છે, ને સર્વનાં દેખતાં, બન્ને જણાંએ હું પણા પહેલાં સાક્ષી ઇશ્વરનું સ્મરણ એકતાની ભાવના વડે કરવું, તે જ ભાવનાથી સાચું બોલવું, બન્ને પરસ્પરના શરીરના ધણી છીએ, ને પરસ્પરના સર્વ અપરાધ એકમેકને માફ કરીને, અમે એક બીજાની પ્રાણની અંદરની વાત પણ ચોરીશું નહિ; અને હું-પણાનો સાક્ષી જે ઇશ્વર તે હું-પણામાં જ જે છે, તેના સ્વરૂપના વિષે અભેદ સ્થિતિએ રહી, નિરાકાર પરમેશ્વરનું એકપણું મનમાં લાવીશું. એવું જ વેદમાં "લગ્ન એટલે એકતા કરવી" એવું કહ્યું છે; તો પણ જે લોકો તે પ્રમાણે વર્તતા નથી, તે ખરે જ અજ્ઞાનીઓ છે, ને તેમને જોઇને ખેદ થાય છે.

૩૨. મુકતોનો વિચાર એવો હોય છે કે, સૂક્ષ્મ પરમાણુ અગર તેનાથી થયેલા ભૂગોળ, ચંદ્રગોળ, સૂર્યગોળ, તારાદિ અનેક ગોલ, એ સર્વ એક પોલાણમાં એટલે આકાશમાં, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ વિષયરૂપે કરીને પાંચ જ્ઞાનેન્દ્રિયોના આધારથી પંચ-પ્રાણની અંદરના અંતઃકરણપંચકરૂપ આકાશને ભાસે છે. તે અંતઃ-કરણપંચકરૂપ આકાશભૂતમાંથી જે મુક્ત હોય છે, તે હું શરીરપિંજર કે પ્રાણવાયુ નથી, હું નિરાકાર, અનંત, અપાર, એકઘન, સર્વસ્થળે ભરપૂર છું, તે સિવાય કાંઈ જ નહિ, એવું જ્ઞાનઘન ભરેલું છે તે જ હું છું, હું-પણાથી જુદું, શાન્ત અને અવિનાશ, અવિચળ, નિરાકાર સ્થાનક જ, ઉપર નીચેના ભાવ વગરનું જે છે તે જ હું છું. તે મારા પોતાના સ્વરૂપવિષે અનંત પરમાણુઓ, ને તેનાથી બનેલા અનંત ગોળ જે જોવામાં આવે છે, તે મૂળમાં છે જ નહિ, કારણ કે અનેક પોલાણ ( આકાશ ) એક જ છે, ને અનેક ગોલ ભાસે છે, પણ નિરા-કાર, સર્વ ઠેકાણે ભરેલા પોતાના સ્વરૂપ વિષે આકાશનો જ અભાવ થાય છે, જેથી અનંત ગોળનો અભાવ પણ સહજ છે. જો કારણરૂપી કાગળ બળી ગયો તો તે ઉપરના અક્ષરનું અસ્તિત્વ જ કયાં રહ્યું ? તો જો નિરાકાર સર્વ ઠેકાણે ભરેલું છે, એ શુદ્ધ ભાવનામાં આકાશ-રૂપી પોલાણ જ રહ્યું નહિ, તો પછી અક્ષરસ્વરૂપ અનેક ગોળોનું અસ્તિત્વજ કયાં રહ્યું ? નિરાકાર, અપાર, પરબ્રહ્મ જ છે, પણ તે ઉપર ઈંદ્રિયોદ્વારા જે દુનિયા પોતાના સ્વરૂપજ્ઞાનમાં ખોટી છતાં, ઇંદ્રિયજ્ઞાનમાં ભાસે છે, તે દુનિયા ચાર દેહને લીધે છે એવું જ્ઞાનીઓ કલ્પે છે, ને જેમ સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ એ ચાર દેહ કલ્પે છે, તે જ પ્રમાણે વિરાટ, હિરણ્યગર્ભ, અવિદ્યા ને મૂળમાયા, એ ચાર દેહ કલ્પીને તેમાં જ સર્વ વિષય જુએ છે; કલ્પનાની યુકિત એવી છે કે નિરાકાર સ્થાનક એ જ કોઈ એક દેવ છે એવું પ્રથમ કલ્પે છે.

૩૩. ને તેના અંગ ઉપર જે વાયુનું આવરણ ( પવનનો પડદો ) ભાસે છે, તે સર્વ તેનાં કલ્પેલા આકાશરૂપી પોલાણ જેવા દેવની ત્વચા-ચામડી છે; તેમ જ સર્વ જીવના શરીર માંહેલા પંચપ્રાણ છે તે પણ નિરાકાર સ્થાનકરૂપ સ્વપ્રકાશ ઇશ્વરની ચામડી છે એવું કલ્પે છે. સૂક્ષ્મ વાયુનો જે મલિન અંશ નિરાકાર સ્થાનક ઉપર અમસ્તોજ ભાસે છે, તે સર્વ નિરાકાર સ્થાનકરૂપ દેવની જ ત્વચા કલ્પેલી છે. તે કલ્પનામાં, પોતાનાં શરીરમાં પણ નિરાકાર સ્થાનક છે જ; તે ઉપરના જે પંચપ્રાણ તે પણ તે જ સ્થાનકરૂપ દેવની ચામડીની કલ્પનામાં નાખે છે, એ રીતે સર્વ જીવના પંચ પ્રાણોની તથા બીજી સર્વ પવનના પડદાની કલ્પના એક સ્થાનકરૂપ દેવની ચામડી છે, એમ જે કહે છે, તે જ વિરાટ દેહની ચામડી થઇ. એ કલ્પનાનો પ્રકાર એવો છે કે જેમ સ્થૂલ દેહમાં પૃથ્વીભૂતનો ભાગ ચામડી છે, તેવી જ રીતે વિરાટ દેહની કલ્પનામાં સર્વ વાયુનો ભાગ ચામડી છે એવું છે.

૩૪. અને સર્વ ગોલોના પેટામાં જે પોલાણ છે, તેની અંદરનો પવન પડદો તથા બહારનો પવન પડદો, એ સર્વ નિરાકાર સ્થાનક રૂપ પરમેશ્વરની ચામડી છે, એવી કલ્પના કરે છે.

૩૫. અનેક બ્રહ્માંડોની અંદરનો તથા બહારનો પવન પડદો તે નિરાકાર સ્થાનકરૂપ એક કલ્પેલા દેવની ચામડી છે, એવું કલ્પીને એક ભાવ સમજે છે.

૩૬. નિરાકારની ત્વચા તે જ પવન છે, ને પવનના પેટમાં અનેક ભાવના છે, તે પણ નિરાકાર સ્થાનકરૂપ કલ્પેલા દેવની બીજી ઇંદ્રિયો છે, એવી કલ્પના કરે છે.

૩૭. અનંત ગોળ, અનંત પરમાણુ, તેમ જ અનંત

સ્થૂળ, સૂક્ષ્મ જીવોનાં શરીરો છે, તે નિરાકારના પવન પડદા પરનો મેલ છે, તેમ પોતાનું શરીર પણ તે નિરાકારના પંચપ્રાણરૂપ વાયુને ત્વચા કલ્પીને તેના પરનો મેલ છે એવી કલ્પના કરે છે.

૩૮. એ પ્રમાણે મુક્ત પુરુષો બહારની ભાવનાએ કરી સર્વ શરીરના આકારોનો એકત્વભાવ યુકિતથી લાવે છે; એટલા માટે તું પણ પોતાની ભાવનામાં એ જ યુકિત ધારણ કર, એવી આપણે જુદા છીએ એ ભાન મિથ્યા થશે.

૩૯. વળી જ્ઞાની મુકતો એવી ભાવના કરે છે કે જેમ આપણા શરીરમાં પંચપ્રાણ છે તેમાં અંતઃકરણપંચકરૂપ જ્ઞાન છે, તે જ્ઞાન-વડે મનની કલ્પિત આકૃતિઓ ઊઠે છે, તેવી જ રીતે અનંતગોળની અંદરના પોલાણમાં વાયુ છે, તે વાયુમાં મનની કલ્પનારૂપી આકૃતિ છે, તે જ નિરાકાર સ્થાનકરૂપ દેવની વાયુરૂપ ચામડી ઉપરના વાળ છે, ને સર્વ ગોલ ઉપર જે જીવો છે, તેનાં મન પણ તેવી જ રીતે સમજી લેવાનાં છે.

૪૦. એ પ્રમાણે સર્વ પવનપડદો, તથા પંચ પ્રાણરૂપ વાયુ મળીને ચામડી કલ્પે છે, ને સર્વ ગોળ તથા તેના પરનાં શરીરો તે વાયુરૂપ ચામડી પરનો મેલ છે, ને પ્રાણવાયુની અંદર જે મનની કલ્પનાઓ ઊઠે છે, તે પણ મોટા નાના વાળ છે.

૪૧. પરસ્પર ગોલનું જે આકર્ષણ, તે જ નિરાકારની ત્વચાની નાડીઓ તથા માંસ કલ્પે છે.

૪૨. ગોળ ઉપરના જીવોનો પરસ્પર ભાવ જે છે તે નિરાકારનાં હાડકાં છે અને એ પૃથ્વીરૂપ વિરાટનો ભાગ છે.

૪૩. પવન પડદો એટલે ચામડી, સર્વ ગોલ માંહેલાં જીવનાં

મન તે કેશ; ગોળનું પરસ્પર આકર્ષણુ તે નાડી; જગતના અસ્તિત્વનો ભાવ તે હાડકાં, તથા પવનનું જાડાપણું તે માંસ, એ પાંચે ભાગોનું જે નિયમે કરી પોષણ થાય છે, તે વિરાટ શરીરનો પાણીનો ભાગ છે.

૪૪. પોષણ થવાનો જે નિયમ તથા તેની જે શકિત છે, તે જ વિરાટ દેહનું તેજભૂત કલ્પે છે; ને એવી કલ્પેલી શકિતનું નિવાસસ્થાન તે વિરાટનું વાયુભૂત છે.

૪૫. એટલા વિરાટના જમાવને જે જાણે છે, તે સ્થાનકરૂપ નિરાકાર ઉપર કલ્પેલા વિરાટ દેહ માંહેલું આકાશભૂત છે એવું કલ્પે છે, એ પ્રમાણે પોતાના શરીર સુધ્ધાંતની દુનિયાની સાથે એકતા કલ્પે છે, તે જ દુનિયામાં અદ્વૈતભાવે વર્તે છે.

૪૬. બધા જીવોના શરીરમાં તથા સર્વગોળોના પોલાણમાં દરેકને જે હું-પણાની જુદી જુદી ભાવના છે તેને, "હું કોણ છું એની મને ખબર પડતી નથી" એવો ભાવ હોય છે તે કારણદેહ; ને તે જ વિરાટદેહનો હિરણ્યગર્ભ દેહ છે, ને તે ખબર ન પડવાનો ભાવ મેં પકડ્યો, તેથી તે ભાવ ધરનારો હું છું, તેમ જ મને મારી ખબર પડે છે, ને હું શાન્ત, નિરાકાર સ્વરૂપ છું એ સર્વ દુનિયાનો મહાકારણ ભાવ તે જ અવિદ્યા દેહ; એટલે વિરાટ દેહ, તેની અંદર હિરણ્યગર્ભ દેહ ને એની અંદર અવિદ્યાદેહ એટલે કારણદેહ જેવો જ સમજવો.

૪૭. સર્વ દુનિયામાં હું નિરાકાર, હું નિરાકાર એવી જે ભાવના છે, તે ભાવનાને જાણનારો સર્વની ભાવનામાં જ જે છે, તે જ મૂળ મયાદેહ એટલે મહાકારણ દેહ જેવો મુકત લોકો કલ્પે છે. નિરાકાર શાન્ત સ્વરૂપના વિષે જે સાક્ષીપણું કરવું, એવી જે કલ્પના તે પણ કલ્પના નથી એવા અલક્ષ્યના વિષે લક્ષ્ય રાખીને, હે શિષ્ય ! તું સુખી

થા. હું નિરાકાર એ ભાવનાનો જે સાક્ષી ભાવ છે, તે પહેલાં જ આપણે સહજ જ્ઞાનઘન એટલે જ્ઞાનથી ભરેલા છીએ, તેમાં વિરાટ, હિરણ્યગર્ભ, અવિદ્યા કે મૂળ માયાદેહ, તેમ જ સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ એનું નામનિશાન પણ તે નિરાકાર શાન્ત સ્વરૂપમાં નથી, એવું જ્ઞાની સમજે છે. ને હું એવી કલ્પના ઊઠે છે તે પહેલાં જ જે આપણે જ્ઞાનઘન છીએ, તે આપણે હું–હું એવી કલ્પના છતાં પણ છીએ, ને કલ્પના ગયા પછી પણ છીએ, એવું જાણીને સ્વસ્થ રહે છે. એવી સ્થિતિમાં જ્ઞાની પુરુષોના વ્યવહાર બંધ પડતા નથી, પણ વ્યવહારમાં તેમનાં મન લંપટ થઇ રહેતાં નથી, ને હું–પણાથી અલગ પોતે છે એમ સમજે છે.

૪૮. એવી જેની સ્થિતિ છે, તેના મનમાં હમેશ અભેદ ભાવના જ રહે છે, ને લોકોનો પોતાને કંટાળો છે, એવું બતાવવાનો ત્યાગ કરી વર્તે છે.

૪૯. મુક્ત કહે છે કે શરીરપિંજરના પોલાણમાં પાંચ પ્રાણવાયુ છે, ને તેની અંદર હું અંતઃકરણપંચક રૂપ આકાશભૂત છું, તે હું નિરાકાર સ્થાનકરૂપ છું, એવી ભાવના ધારણ કરવાથી, તે આકાશ એટલે પોલાણ જેવો ભાવ, જેમાં સર્વ સાક્ષીપણું છે, તે સ્થિતિને છોડી દઇને હું,–હુંપણાથી જુદો નિરાકાર સ્થાનક જ છું, તે હું શરીરના પોલાણમાં, તથા શરીર બહારના પોલાણમાં અનંત ભરેલો છું, તે મારા નિરાકાર, અનંત તથા અપાર સ્વરૂપમાં જ્યાં પોલાણ જ નથી; ત્યાં પછી તે પોલાણમાં ભાસમાન થતી દુનિયા ક્યાંથી નજરે પડે ?

૫૦. મુક્ત કહે છે કે જો શરીર જ હું છું એવો ભાવ મારો હોત, તો દરેક શરીર જુદાં જુદાં છે, તેવો જ ભેદ મારા અનુભવમાં આ દુનિયામાં આવત; પણ નિરાકાર સ્થાનક જે એક તથા અદ્વિતીય

છે, તે હું, "હું" એવી કલ્પના ન કરતાં સહજ છું, ને તે સ્વરૂપના વિષે ભેદ તેમ જ બીજું કંઇ જ નથી.

૫૧. આ પંચવિષયોથી, શરીરરૂપ ઈંદ્રિયોથી તથા પ્રાણુપંચકો વડે હું જે નિરાકાર સ્થાનકરૂપ છું, તે પકડી શકાય એમ નથી; "હું" તો તેનો સાક્ષી જ છે, તે સાક્ષીએ પોતે પોતાને અનુભવ્યા પછી, જે સાક્ષીપણાનો ભાવ જતો રહ્યા પછી રહે છે તે, હું-પણાથી જુદો, સહજ નિરાકાર છું.

૫૨. જ્ઞાની કલ્પે છે કે પંચવિષય એટલે દુનિયા, દસ ઈંદ્રિયો, પંચપ્રાણુ, ને મનમાં સાક્ષીપણામાં રહેનારનું નામ અંતઃકરણપંચક-રૂપ આકાશ છે; પણ તે જ આકાશરૂપે કરી પોતપોતાને જોઈએ, તો આકાશપણું રહેતું નથી, ને **નિરાભાસ**, નિર્ગુણ, નિરાકાર, તે જેવો છે તેવો જ. ભેદ વિના રહેશે. તેવી ભેદ વિનાની સ્થિતિનો અનુભવ પામીને, આત્મજ્ઞાની સંશયથી મુકત થઇ વિચરે છે.

૫૩. જ્ઞાની એવું કલ્પે છે કે જે સાક્ષી છે, તે હું–પણાનાં સંશ-યમાં બંધનપણુ માને છે, તેથી પોતે પોતાને અનુભવથી તે સંશય-માંથી મુકત થયેલો નિરાકાર માને છે, હું એવી કલ્પનાનો સાક્ષી છું એ બંધનમુકતપણું જે હું, તેનું માનવું છે કે કેવળ નિરાકાર જ્ઞાન-ઘન હોઈ, પોતાના સ્વરૂપ વિષે હું–પણું જ નથી, તથા હું–પણાનું સાક્ષીપણું પણ નથી, તેથી નિરાકારના વિષે બંધન તથા મુકિતની મૂલમાં જ ખટપટ નથી.

૫૪. આત્મજ્ઞાની અનુભવે છે કે, મારું હું-પણું ઊઠતાં પહેલાંના, નિરાકાર પોતાના સ્વરૂપના વિષે, બાંધેલો કે મુકત એવો સંબંધ મૂલમાં જ નથી, કેમકે પોતાના નિરાકાર સ્વરૂપના જ્ઞાનને મારા કરતાં બીજી જુદી એ દુનિયા છે એવું સાક્ષીપણું જ નથી, તેથી

"હું બંધ કે મુક્ત" એવી નિરાકારને ખબર જ નથી. બંધ અને મુકતપણું જેને દુનિયાનું સાક્ષીપણું છે, તે સાક્ષીને જ છે.

૫૫. એવું જાણીને, આ જગતમાં, મુક્ત થયેલા પુરુષો શબ્દ તથા અર્થનો બોધ કરીને લોકના શંશય ટાળતા ફરે છે. એ એનો સ્વભાવ જ છે ને કોઇ તેને ન પૂછે તો પણ તે લોકોને બાળક પ્રમાણે સમજીને, તેના પણ સંશયો છેદે છે, તથા તેમને જે કોઇ શરણે જાય છે તેને પોતાના સરખા જ જ્ઞાની કરે છે; તેમ જ તેઓને જ્ઞાન આપનારા બનાવી, વ્યવહારમાં વર્તવાનું કહી દુનિયામાં લંપટ ન થવાની જ્ઞાનગતિ આપી મૂકે છે.

૫૬. આ સાંભળીને શિષ્ય કહે છે કે, હે ગુરુ મહારાજ ! એવા જે મુકત હોય તેને શરણે જઇએ, તો તે મુકત કેવો સાક્ષાત્કાર કરાવી આપે છે, તે મને કૃપા કરીને કહો.

૫૭ શિષ્ય કહે છે કે શરણાગતને મુકત કેવો ઉપદેશ આપે છે એ મને ખબર પડવી જ જોઇએ. ગુરુ કહે છે કે જે મેં તને આ ભાવાર્થસિન્ધુના પાંચમા પ્રકરણ સુધી બોધ કર્યો, તે જ બોધ મુકત કરે છે ને તે દૃઢ થાય એટલા માટે ફરીથી કહું છું તે સાંભળ.

૫૮. ઊંચ કે નીચ, વર્ણ કે વર્ગ, ત્યાગી કે ભોગી, વગેરે વ્યવહારમાં ભેદ કલ્પેલા છે, તે તરફ વ્યવહારની નજરે જોઇને તે વર્ણાશ્રમને જાણે છે, પણ પરમાર્થ નજરે જ્ઞાનીઓ એવું સમજે છે કે, વિચાર વડે પરમેશ્વરની પ્રાપ્તિ કરવા માટે જેને મનુષ્યનો દેહ મળેલો છે તે બધાં દેહધારી સ્ત્રીપુરુષો નિરાકાર પરમેશ્વરના વિચાર કરવાનાં અધિકારી છે. આ ભાવ મુકતોને પૂર્ણપણે રહે છે.

૫૯. તો પણ જેવો જે શરીરમાં વિચાર કરવાનો અધિકાર છે, તે જ રીતથી તેણે કેવું સાધન કરવું, એનો ઉપદેશ મુક્તો કરે છે.

પણ એમના સંબંધમાં આવનારાં પ્રાણીમાત્રને આત્મજ્ઞાનના સંસ્કાર કરાવી આપ્યા વગર છોડતા નથી.

૬૦. કોઈની જાત અમુક છે એવી વહેવારી કલ્પના; કે આ સ્ત્રી કે આ પુરૂષ છે, એવો વિચાર પણ મનમાં ન લાવતાં, મનુષ્યમાત્રને નિરાકાર પરમેશ્વરના સ્વરૂપનું જ્ઞાન કહીને તારે છે. પંચવિષયની વાસનારૂપ દોરી વડે હું પણાના અભિમાનનો ચિંતારૂપ પથરો ગળે બાંધી, પંચભૂતાત્મક દુનિયારૂપ સમુદ્રમાં મનુષ્ય વારંવાર જન્મ-મરણરૂપ ડબકાં ખાય છે, તેવાઓને મનુષ્યમાત્રના પોતાના જ શરીરમાં રહેલા આત્મજ્ઞાન વડે, મુક્ત લોકો તારે છે. પ્રાણીમાત્રને જ્ઞાનીઓ કહે છે કે દેહપિંજર અને પંચપ્રાણ તું નથી. તું તો એક, જે અનંત પોલાણનો ભાવ ભૂલાવનારો, તથા તે પોલાણ ઉપર નજર ચલાવનારા પૃથ્વી વગેરે અનંત ગોલોના ભાવને વિસરાવનાર જે હું-પણું છે, અને તેના ઉપસ્થિત થયા પહેલાનું પોતાનું સંપૂર્ણ ભરપૂર સ્વપ્રકાશ સ્વરૂપ જ છે, તે જ છે. તે તારા સ્વરૂપ વડે " હું નિરાકાર છું " એવું હું-પણું ન રાખતાં સહજ સ્વભાવે રહેવું જોઇએ પણ એનો અર્થ મૌન રહેવું જોઇએ એમ નથી. પોતાના નિરાકાર સ્વરૂપમાં હું-પણું નથી, તેનો જેવો અર્થ સમજવો જોઇએ તે તું પ્રથમ સમજ. આવી રીતે કહીને જ્ઞાનીઓ તેના અહંકારરૂપ હું-પણાનો પથરો છોડાવે છે, તેમ થતાં નિરાકાર સ્વરૂપનું પોતાને ભાન થાય છે તેથી વિષયવાસનાની દોરી, વિષયચિંતનના ગળામાંથી છૂટી જાય છે, ને પોતાના સ્વરૂપજ્ઞાને કરી હું-પણા સુદ્ધાંત પંચભૂતોનું પ્રાણી જ નથી એમ સમજાય છે; તો પછી બુડવાનું તો રહ્યું જ કયાં ? આ પ્રમાણે જ્ઞાન આપી જ્ઞાનીઓ બીજાને તારે છે. એટલે આ જગતમાં ખરેખરું પાતક તો એ જ છે કે આપણે કોણ છીએ તેની આપણને ખબર પડતી નથી, એ જ પાતક એટલે ભવસિંધુમાં પાડનારું અજ્ઞાન છે.

૬૧. હું અંતઃકરણપંચકરૂપ આકાશ છું, એટલે કે હું શરીર-પિંજર છું, એમ માનવું ખોટું છે, એવું જેના ધ્યાનમાં બેસે છે, એના અંતઃકરણને નિરાકાર સ્વસ્વરૂપ હું-પણું પકડવાવાળા જ્ઞ નથી પહેલે જ જે છે, તે જ તું છે; અને અનેક પોલાણની ભાવનામાં, જે પોતે પોલાણ ન છતાં અનંત અપાર ભરેલો છે, તે જ તું નિરાકાર તથા અવિચળ છે, એવું જ્ઞાની કહે છે.

૬૨. આ પુસ્તકના ત્રીજા પ્રકરણમાં કહ્યા પ્રમાણે સ્પષ્ટ કહે છે કે, તું સ્થૂલ દેહ નથી, સૂક્ષ્મ દેહ નથી, કારણ કે મહાકારણ દેહ પણ નથી, તું તો દેહ–ભાવના ઉપસ્થિત થયા પહેલાંનો મૂળ જ્ઞાન સ્વરૂપ છે.

૬૩. માંસ તથા હાડકાં વગેરે પચીસ ભાગનો સ્થૂલ દેહ અને અંતઃકરણ, મન, બુદ્ધિ વગેરે પચીસ ભાગનો લિંગ દેહ, એ બન્નેનો સાક્ષી તે જ તું, હું-પણાની કલ્પના કરનારો સાક્ષી બ્રહ્મ છે, તે પ્રમાણે તું પોતે પોતાને જો, એટલે સાક્ષીપણાથી જુદું પરબ્રહ્મ, હું-પણાથી જુદું, પોતે પોતાને અનુભવીને રહીશ.

૬૪. હું કોણ છું એ મારા સ્વરૂપની મને ખબર પડતી નથી, એવું જે અભિમાન તારા શરીરમાં ઉછળે છે, તે અજ્ઞાનરૂપ છે; તેને જાણનાર જે તું છે તે, તું તેનો સાક્ષી તેનાથી જુદો છે, તે પ્રમાણે તું પોતાને જોઈશ, તો સાક્ષીપણું જઈને જ્ઞાનઘન રહીશ, એમ શીખવે છે.

૬૫. હું કોણ છું, એ મને ખબર પડતી નથી એવા પ્રકારના, ઉપર કહેલા અભિમાનને કારણદેહ કહીએ છીએ. તે કારણદેહથી તું જુદો, પરબ્રહ્મ, સાક્ષીપણાથી પણ જુદો છે. હું બ્રહ્મ છું, એવી ભાવના જે મિથ્યા જ્ઞાન પકડે છે તે ભાવના મહાકારણ દેહ છે અને તે પણ તું

નથી. ચારે દેહનો જે સાક્ષી તે જ ઇશ્વર, સર્વ દેહમાં સાક્ષીરૂપે કરીને જુદો છે. તે આપણું સાક્ષીરૂપ કેવું છે. એમ જે જોવા માંડે છે, તે ઇશ્વરરૂપ જ આપણને જોવા માંડે છે, તેથી તેને નિરાકાર સાક્ષીપણાથી જુદો, પોતાના સ્વરૂપનો ભાવ પ્રગટ થઇને, તે ચારે દેહને તથા તેના સાક્ષીપણાને ઓળખતો નથી. કારણ કે નિરાકાર સ્થાનક જેવા સ્વપ્રકાશ સ્વરૂપના વિષે બીજું કાંઈ જ રહી શકતું નથી

૬૬. હું બ્રહ્મ છું. એવી ભાવના તું કરે છે તેની તને ખબર પડે છે, એટલે તું તે ભાવનાનો સાક્ષી છે. તે તું પોતાના સાક્ષીરૂપે કરી, પોતે પોતાને અનુભવવા જઇશ, એટલે ચારે દેહની ભાવના તને રહેશે નહિ. એટલા માટે તને સાક્ષીપણું કહેવું તે પણ દોરીના સર્પ જેવું મિથ્યા થાય છે; ને સાક્ષીપણાથી જુદો નિરાકાર જેવો ને તેવો જ તું રહે છે.

૬૭. તે તું સગુણ નિર્ગુણ કહેવાથી જુદો છે. તને દેહચતુષ્ટયની કલ્પના અથવા બંધમોક્ષની ભાવના નથી. પણ તું જે ચાર દેહના ગુણોનો સાક્ષી નિર્ગુણ છે, તે જ તારા સાક્ષીરૂપ નિર્ગુણને બંધમોક્ષની ભાવના છે, ને હું બ્રહ્મ વગેરે ચારે દેહની કલ્પના, તે સાક્ષીરૂપને લીધે છે.

૬૮. તેથી હું જ બ્રહ્મ વગેરે ભાવનારૂપ દેહચતુષ્ટય છતાં પણ તું સાક્ષી જે છે, તે રજસ્, સત્ત્વ, ને તમસ્ એ ત્રણે ગુણો થકી જુદો સાક્ષી છે. તેથી સાક્ષી બ્રહ્મને નિર્ગુણ રહીએ, ને પંચકોષ છે ત્યાં સુધી તેનો સાક્ષી જે છે, તે પણ તેના ગુણોથી જુદો નિર્ગુણ છે. વળી એ શુદ્ધ નિરાકારને નિર્ગુણ કહેવું એ પણ શોભતું નથી, એ તો ગુણની અપેક્ષાએ નિર્ગુણ કહેવાનું છે એટલે તું પંચકોષથી જુદો, તથા સાક્ષીથી જુદો સહજ વસ્તુ છે, એવું જ્ઞાનીઓ શીખવે છે.

૬૯. આગળ વર્ણન કરેલા છે તે પાંચે કોષોને જે જાણે છે, તેને જાણનાર એટલે તેનો સાક્ષી તે પણ તું નથી; પંચકોષ ઉપસ્થિત થયા પહેલાં, સહજ, જ્ઞાનઘન, નિરાકાર વસ્તુ જે હોય છે તે જ તું છે, એવું જ્ઞાની શીખવે છે.

૭. પંચમહાભૂતો તથા તેના વડે થયેલાં શરીરો તું નથી, પણ કેવલ, નિરાકાર, જ્ઞાનઘન વસ્તુ તું છે.

૭૧. દેહપિંજર એ તમોગુણ, શ્વાસોચ્છવાસ મળીને પ્રાણપંચક તે રજોગુણ અને અંતઃકરણપંચક જે વિષયોનું સાક્ષીજ્ઞાન છે તે સત્વગુણ;—એ ત્રણેથી જે જુદો સાક્ષી તેને નિર્ગુણ કહેવાય. પણ તું તો તે પહેલાંનો સાક્ષીપણાથી જુદો નિરાકાર સ્વપ્રકાશ વસ્તુ છે, આવો જ્ઞાનીનો બોધ હોય છે.

૬૨. પાંચ જ્ઞાનેન્દ્રિયોથી પાંચ વિષય જાણનાર, તથા પાંચ કર્મેન્દ્રિયોની ક્રિયા કરનાર જે છે, તેનું સ્વરૂપ શરીરના પ્રાણપંચકરૂપે વ્યાપક છે, તે જ્ઞાનરૂપ વડે તું સર્વ દુનિયાની અંદર તથા બહાર ભરેલો છે, ને તે જ અવિચળ સત્વ વસ્તુ હું છું એવી ભાવના કરવાની ભક્ત—જ્ઞાની ભલામણ કરે છે.

૭૩. પોતાનું અપાર, અનંત, નિરાકાર સ્વરૂપ દેખીએ, એટલે અપાર પોલાણમાં હું સ્વપ્રકાશ જ્ઞાનઘન ભરેલો છું, ને તેમાં અનંત તથા અપાર પોલાણનો જ અભાવ છે, તો અનંત ગોલનો ભાસ જ ક્યાંથી હોય, તથા હું પણ ક્યાં રહેવાનું, એવું જ જણાશે. એ સારુ નિરાકાર સ્વરૂપના વિષે, પોતે પોતાને એકતાથી જોવું એવો ઉપદેશ જેઓ વિચાર કરી શકે એવા હોય છે, તેઓને મુક્તો કરે છે.

૭૪. આ પ્રમાણે વિચાર કરવાનું કહેતાં પણ લોકો સમજતાં

નથી, ને સંસારના પ્રપંચમાં સર્વ ગરકાવ થયાં છે, ને સાધુ સમાગમની ઇચ્છા કરવાની પણ જેમને ફુરસદ નથી, તેવાઓને કયા માર્ગ બતાવવા તે કહું છું તે સાંભળ.

૭૫. જે કદી કોઇ સાધુ સંત પાસે જતા નથી, તેવાને ઘેર જઇને પણ સગુણ રામાવતાર જે દુનિયાને જ્ઞાન આપી તારનાર થયા તેનું સ્વરૂપ વર્ણન કરવું. રામ અવતાર પ્રમાણે જ બીજા અવતારોનું સમજવું, ને શિવનું પણ વર્ણન કરવું; કેવળ મત કે વાદ પકડવા નહિ. અનેક અવતારની કથાઓ મનને એકાગ્ર કરવાનાં કલ્પિત સાધન છે. તે સાધન વડે મન શુદ્ધ થઇને નિરાકારની તરફ લાગે છે, ને આત્મજ્ઞાની થઇ તરે છે, એ સારુ ઉપાસના માર્ગ એટલે મનની સ્થિરતા કરવાના માર્ગ જ્ઞાનીએ બતાવવા જોઇએ.

૭૬. અને કહેવું કે હે લોકો ! તમારો સંસારવ્યવહાર સુખેથી કરો, પણ તે સર્વમાં આત્મજ્ઞાન આપીને તારનારો જે રામ, તેનું સ્મરણ કરો; કારણ કે મનુષ્યદેહ દુર્લભ છે; અને એનું સાચું કર્તવ્ય ઇશ્વરસ્મરણ છે.

૭૭. એ સારુ, જેના શરીરનો રંગ આકાશના પોલાણમાં ઊંચે નજર લગાડયા પછી, નજરે દેખાતા શ્યામ જપાકુસુમના રંગ જેવો પ્રકાશે ભરેલો છે, તથા ઘણું જ સુંદર સ્વરૂપ જેનું છે, કમળ જેવાં જેનાં નેત્ર છે, વચમાં સુંદર કાળી કીકી છે, માથા ઉપર સુંદર મુગટ છે, કાનમા મકરાકાર કુંડલો છે, ને કપાળમાં શુદ્ધ ચંદનનું ઊભું ટીલું છે, એવા પ્રાણપ્રિય રાજાધિરાજ બાર વર્ષની ઉમરના રામની મૂર્તિનું પ્રીતિથી સ્મરણ કરો.

૭૮. તે મૂર્તિની છાતી ઉપર દિવ્ય રત્નજડિત કૌસ્તુભમણિ છે, તેની નીચેના મોતીના હારમાં હીરાનાં પદકો, પીળાં પીતાંબર, પ્રકાશ-

માન જાનકીજીના પતિ કે જેની પાસે સીતાજી ઊભાં છે, એવી સુંદર-જોડીનું સ્મરણ કરો, જેથી મન એકાગ્ર થશે, એમ બધા મનુષ્યોને બોધ કરવો.

૭૯. કેડે પીતાંબર, ઉપર રત્નજડિત અને ઘુઘરીઓ બાંધેલી કટિમેખલા છે; પગમાં નૂપુર છે, આંગળીઓમાં વીંટીઓ છે, ને પોંચામાં વીર કંકણો છે એવા આજાનબાહુ રામ છે, તેવા રામનું સ્મરણ કરો એટલે ચિત્ત એકાગ્ર થશે.

૮૦. રામની શ્યામસુંદર તેજસ્વી કાંતિ છે, તેની આગળ કરોડ સૂર્યનો પ્રકાશ પણ ઓછો છે, કારણ એ સ્વપ્રકાશ છે; એવા દર્શનીય રામને સ્મરો; તે મૂર્તિ તમારા શરીર પિંજરમાં સૂક્ષ્મ પ્રાણવાયુની છે તેવું સમજો, ને મનમાં લાવેલી મનોમય મૂર્તિને જાણનારો હું તેનાથી જુદો નિરાકાર છું એવી ભાવના કરો એટલે તરશો. આ જગતમાં તરવાનો મુખ્ય ઉપાય એ જ છે કે હું-પણાથી જુદો, નિરાકાર, જ્ઞાનસ્વરૂપ હું છું એ સ્થિતિ સિદ્ધ કરવી. સાકાર રામનું સ્મરણ કરવું એ સાધન છે. કોઇ એક દેવ, નિરાકાર તથા અનંત અને અપાર છે, ને અનંત ગોલોના સ્થાનકરૂપ પોલાણની અંદર, સર્વ પોલાણને નહિ જેવું કરનારું તે દેવનું રૂપ છે; ને રામ એ સાક્ષી ઈશ્વરે, ઈચ્છામાત્રે કરીને ધારણ કરેલો અવતારદેહ છે. તે દેહ ઇચ્છામાત્રથી ધારણ કર્યો તે જ ઇચ્છામાત્રે લીન કર્યો, ને પોતે દુનિયાના હૃદયમાં હું-પણાના સાક્ષીરૂપે કરી રહેલ છે, તે જ સાક્ષી ભકતના શરીરમાં મનોમય પ્રાણવાયુથી ચિંતવેલો કલ્પિત દેહ ધારણ કરીને, ભકતોને સાક્ષાત્કાર આપે છે એવી ભાવના તમે કરો.

૮૧. તેમજ સર્વ લોકોને કહેવું કે તમારા મનની મનોમય રામમૂર્તિ તમારા ધ્યાનમાં આવતી નથી, કારણ કે તમારો અભ્યાસ કમી છે, માટે પ્રાર્થના કરો કે, હે રામ ! એ ભકતવત્સલ ! હે દીન-

બંધુ ! હે પતિતપાવન ! હે આત્મજ્ઞાનદાયક ! હે તારક જ્ઞાનને દેનાર રામ ! હું તારે શરણુ આવ્યો છું, તું કેવળ, નિરાકાર, પોતાના સ્વરૂપનું જ્ઞાન આપીને તારનારો છે; તારા વગર હું અનાથ છું, એ સારુ મારું મન જ, હે રામ ! તું થઇને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપીને મને તાર, એવી પ્રાર્થના કરવાનું જીવન્મુકતોએ શીખવવું

૮૨. શ્રી રામની એવી પ્રાર્થના કરો કે હે રામ ! તું ભકતોની ઇચ્છાથી સગુણ સાકાર મૂર્તિઓ ધારણ કરે છે, પણ જે તારી મૂર્તિ સાકાર છે તે મૂર્તિને જ તું પોતે હું છું એવું કહેતો નથી. તું શુદ્ધ ભાવના ધારણ કરવાનું લોકોને કહે છે, કે નિરાકાર જે અપાર, અનંત, સ્થાનક જેવો છે, તે જ મારું રૂપ છે. તે મારા હું-પણું પકડવાવાળા જ્ઞાનથી જુદું, પોતાના સ્વરૂપને તમે પોતપોતાના હું- હું એવી કલ્પનાના પહેલાં, પોતે પોતાને દેખો, એવો ઉપદેશ હે રામ ! તું કરે છે. તારા સાકાર શરીરમાં તેમ જ કોઇ પણ માણુસના સાકાર શરીરમાં એ જ તફાવત છે કે, માણુસનું શરીર યોનિથી ઉત્પન્ન થયું છે ને તારું શરીર તો, સર્વ શરીર અંદરનું જ્ઞાન, જે સૂક્ષ્મ વાયુ-ભૂતમાં રહે છે, તે વાયુભૂતનો જ શ્યામસુંદર તારો દેહ છે, એથી જેમ અંતઃકરણ પંચક સાથે શરીર માંહેલો પવન જોઇએ તેમ, કલ્પનાથી ચલાયમાન થાય છે, તેવી રીતે હે રામ ! તારા સૂક્ષ્મ વાયુભૂત રૂપના વિષેનો દેહ સર્વ શકિતવાળો છે, તથા ઇચ્છામાત્રે કરી ફરનારો, તેમજ પોતાનું સ્વરૂપ નિરાકાર છે એવી ભાવના સાથે જ, શરીર જ નથી એવું થનારો એવો હે રામ ! તારો સાકાર દેહ છે, એ સારુ મારા સૂક્ષ્મ પ્રાણુવાયુની તું મૂર્તિ થા. તે મૂર્તિમાં અંતઃકરણ, આ સ્થૂલ દેહમાં છે તેમ જ રહો, ને તે મનોમય વાયુરૂપ રામના શરીરમાં રહીને મારું અંતઃકરણ હું નિરાકાર છું એવી ભાવના કરીને તે રામરૂપ દેહ સુધ્ધાંત, નિરાકારમાં લીન થઇને, હું-પણાથી જુદું, નિરાકારપણાએ કરીને છું તે જ છું, એવી સ્થિતિ અખંડ રહો, એવી

પ્રાર્થના કરતાં લોકોને શીખવવું. હે રામ ! એ પ્રમાણે તારા ચિંતને કરી અમારી સ્થિતિ થશે, એવો અમને ભરોસો છે, એવી પ્રાર્થના કરવી. એવું મુકતોએ શીખવવું ને પ્રાર્થના નીચે પ્રમાણે શીખવવી.

૮૩. હે રામ ! હું તારે શરણે છું. જગતને પાળવાવાળા હે રામ ! હું તારે શરણે છું; હે જગન્નિયંતા રામ ! તારે શરણે છું; સર્વ અંતઃ-કરણમાં વાસ કરવાવાળા હે રામ ! તારે હું શરણે છું. હે અનંત અવતાર ધારણ કરનારા ! મારા હું-પણામાં સાક્ષીરૂપે કરીને રહેનારા મારા આત્મારૂપ રામ ! હું તારે શરણ છું, શરણ છું ! એટલે હું-પણા સહિત સર્વ દેહ તથા સર્વ વ્યાપાર, હે આત્મારૂપી રામ ! તારા છે. હું પણ કંઇ જ નથી ને તું સર્વનું પોતાનું સ્વરૂપ આત્મા છે. તને રામ કહેવાનું કારણ એ જ કે સર્વ પોતપોતાના આત્મસ્વરૂપના વિષે સર્વ વ્યાપારની ક્રીડા કરે છે એટલે રમે છે, તેથી જ આત્માનું નામ જ રામ છે, ને તું જે સગુણ અવતાર છે તેને રામ કહેવાનું કારણ એ છે કે તું આત્મરૂપે કરી જગતનો ઉદ્ધાર કરવા સારુ, ઇચ્છામાત્રે કરી અયોનિસંભવ હોઇ, શરીરનો આકાર ધારણ કરે છે ને રમે છે, ને અવતાર સંકેલી લઇ ફરી આત્મરૂપે કરી રહે છે. એવા અનંત અવ-તાર ધારણ કરનારા હે રામ ! હું તારે આત્મરૂપે કરી અનન્ય શરણ છું, એટલે કે હું તારાથી જુદા સ્વરૂપે નથી, એ જ અનન્યનો અર્થ છે. શરણ એટલે જન્મમરણના ફેરામાં પડીએ નહિ તેટલા માટે શરીરનું અને ચારે દેહનું અભિમાન છોડીને, નિરાકાર પોતાના સ્વ-રૂપની જે સહજ મુક્ત સ્થિતિ, તે જ સ્થિતિ, મજબૂત ધારણ કરવી એનું નામ નિરાકાર પરમેશ્વર રૂપ રામને શરણ જવું એમ સમજવું. જેમ પવનના ઝપાટાથી ઊડી જવા લાગ્યા તો જમીનને મજબૂત પકડવી એટલે ઊડી જવાશે નહિ, તેમ અનન્ય શરણ એટલે અન્ય જે જુદું જુદું હું-હું એવી કલ્પના તે મિથ્યા છે એવું સમ-જીને, હું-પણા પહેલાંનું જે પોતાનું જ્ઞાનરૂપ સહજ તથા નિરાકાર

સર્વનું એક છે, તે રૂપના એકત્ત્વપણાનો ભાવ પકડવો, એટલે જન્મ-મરણના ફેરામાં વિષયવાસનાના પવને ઊડી જવાનું થનાર નથી. એટલા માટે મુક્તોએ એવું શીખવવું કે હે લોકો ! એવી પ્રાર્થના કરો કે હે રામ ! હું તારે શરણ છું. પ્રેમથી ભરેલા મધુર ભક્તિના ઉભરાથી સ્વર ચલાવવો ને દેહનું ગાવાનું અભિમાન વગેરે છોડીને, લોકલાજ બાજુ પર મૂકીને, લોકો સારો ખોટો કહે તેની પરવા કર્યા વગર, સગુણ સાકાર રામની મૂર્તિ પોતાની આંખની અંદર પ્રાણવાયુ છે તેમાં કલ્પો, અગર કલ્પના કરો કે નિરાકાર જ્યાં ત્યાં પરિપૂર્ણ ભરેલો છે, એવો ભાવ પકડીને "હે રામશરણ !" એવી પ્રાર્થના કરવી.

૮૪. એ પ્રકારે દરરોજ જે પ્રાર્થના કરશે, ને પોતે પોતાના વ્યા-પારમાં સુખી રહેશે, તેને આત્મજ્ઞાન રામ, સંતપુરુષોના સહવાસથી તથા વિચાર કરવાના અભ્યાસથી જ્ઞાન આપશે, એવો તું સર્વ લોકોને ઉપદેશ કર.

૮૫. ને હું હું–પણું પકડવાવાળા જ્ઞાનથી જુદો શુદ્ધ છું, તથા સાક્ષીથી જુદો હું નિરાકાર શુદ્ધ છું, એવું મારા પોતાના સ્વરૂપનું જ્ઞાન રામકૃપાએ કરી વિચારરૂપે જાણવામાં આવશે, ને તેથી જ્ઞાન દૃઢ થશે, એટલે હું કોણ છું એ મારું સ્વરૂપ મને જણાતું નથી, એવું પાતક એટલે પાડનારું અજ્ઞાન રહેશે જ નહિ. તેથી રામની પ્રાર્થના એકાગ્ર અંતઃકરણ થવાનું સાધન જ છે તે ક્રમ તમે છોડશો નહિ એમ કહેવું.

૮૬. વળી તે લોકોને બીજું એવું કહેવું કે આ જગતમાં લોક પાપપુણ્ય કરે છે, તેનો મર્મ શું છે તે સાંભળો. સર્વ પ્રાણીમાત્ર પોતપોતાના નિરાકાર સ્વરૂપને અમે જાણતા નથી એવી કલ્પના કરે છે, તેથી તેઓને વારંવાર જન્મમરણમાં પડવું પડે છે. કારણદેહ જે

કલ્પનારૂપ અજ્ઞાન શરીર છે, એ જ આ જગતમાં પાતક છે, ને તે અજ્ઞાનસ્વરૂપ કારણશરીરે કરી સ્થૂલશરીર, તથા સૂક્ષ્મશરીર એટલે મનોમય કલ્પનારૂપ નેત્ર ઈંદ્રિયોના અંતર ભાગમાં કલ્પિત દુનિયાની સૂક્ષ્મ પદાર્થોની રચના જોવામાં આવે છે. તે સર્વ છબીઓ મળીને સૂક્ષ્મ શરીર અગર લિંગ શરીર સમજવું; તથા સ્વપ્નનું શરીર તે પણ સૂક્ષ્મ પદાર્થની છબી છે, તેથી તે પણ સૂક્ષ્મ શરીર જ છે. એ બન્ને શરીરનું અભિમાન એ જ પાતક અજ્ઞાનનો વિસ્તાર છે. જ્યાં સુધી પાતક અજ્ઞાન ગયું નથી, ત્યાં સુધી એ વિસ્તાર જશે ને આવશે. પાતક એટલે પોતાના સ્વરૂપનું અજ્ઞાન ગયું, એટલે ફરી જન્મમરણ નથી.

૮૭. જેને હું, હું-પણાથી જુદો, શુદ્ધ, નિરાકાર પોતાનું સ્વરૂપ છું એવું વિચાર સહિત અનુભવે કરી જણાય છે, એટલે તે અનુભવજ્ઞાન વડે, પાતક અજ્ઞાન જાય છે, ને પ્રાણી જન્મમરણથી મુકત થાય છે, માટે આ જગતમાં તારનાર કેવલ આત્મજ્ઞાન જ છે.

૮૮. અજ્ઞાનરૂપ અભિમાન પાતક છે તેથી તે નિંદ્ય છે, ને આત્મજ્ઞાન તારક છે તેથી તે જ શુદ્ધ વિધિ છે, એવો સર્વ લોકોને બોધ કરવો, ને વિધિ શું ને નિષેધ શું, તે ઉપર પ્રમાણે સમજાવી આપવું. પાતક એટલે અજ્ઞાન અને તારક એટલે જ્ઞાન એ પણ બોધ આપવો. શુદ્ધ નિરાકાર વિષે તારક તથા પાતક, વિધિ તથા નિષેધ એવી કશી પણ કલ્પના નથી.

૮૯. એ સારુ હે લોકો ! હું કોણ છું એ મારા જાણવામાં આવતું નથી, એવી જે તમે કલ્પના કરો છો ને અભિમાન પકડો છો, એ જ નિષેધ તથા એ જ પાતક છે, ને હું નિરાકાર સ્થાનક જેવો એક છું, તથા સ્વપ્રકાશ નિરાકાર છું એવું જે અભિમાન ધરો છો, તે જ તારક તથા તે જ વિધિ છે એવું સમજો. ઇન્દ્રિયો વડે સારાં તથા ખરાબ

કર્મો થાય છે, તે કર્મો જ પાતક અજ્ઞાનથી પેદા થયેલી ક્રિયા, તથા તારક એટલે આત્મજ્ઞાનથી પેદા થયેલી ક્રિયા સમજવી એવો ઉપદેશ સર્વ લોકોને કરવો.

૯૦. અરે સર્વ લોકો! રામના સગુણ સ્વરૂપનું સ્મરણ કરો. ને તે વડે અંતઃકરણ શુદ્ધ થયા પછી પોતાના નિરાકાર સ્વરૂપનું જે તારકજ્ઞાન તે મનમાં ધરો; ને પાતક જે અજ્ઞાન તે થકી પેદા થયેલા સ્થૂલ તથા સૂક્ષ્મ એવા દેહનું અભિમાન, એના ફેરામાંથી તરો એવો ઉપદેશ કરવો.

૯૧. મુક્ત જ્ઞાની પુરુષને, વેદપ્રતિપાદિત જે ધર્મ છે તે જ જગત્માં એક સત્ય ધર્મ છે એવો બોધ હોય છે; તેઓએ તેનો ઉપદેશ સર્વ જગત્માં સર્વ લોકને કરવો, તથા વેદપ્રતિપાદ્ય ધર્મથી ભ્રષ્ટ થયેલા લોકોને, તેમ જ મનુષ્ય માત્રને તારનારું આત્મજ્ઞાન છે એવો ઉપદેશ કરવો એવો મારો હુકમ છે. રામની પ્રાર્થના અંતઃકરણ પવિત્ર થવા માટે કરવી. કોઇ ઉપર જુલમ કરવો નહિ ને રાજાએ નીતિ રાખવી ને નીતિનો માર્ગ લોકોને બતાવવો ને માંસાહાર તથા મદ્યપાન વગેરે બંધ કરવાં તથા કરાવવાં.

૯૨. માણસની જાત એક છે એવું જાણીને સર્વ લોકોને, મુકતોએ ઉપદેશ કરવો, કારણ કે સંત પુરુષનું એ જ કામ છે. સર્વ માણસ સરખાં છે એવું મુકતે જોવું. માણસની ક્રિયા તથા ગુણ જોઈને ચાર વર્ણ હમેશાં રાજાએ રાખવા. જ્ઞાન અને ક્રિયા ઉપરથી વર્ણ ઓળખવા. જે નિરાકાર પરમેશ્વરના વિચારવાળા, ડાહ્યા તથા ઇંદ્રિયોને દમન કરવામાં ચતુર, મન જીતવામાં કુશળ, ધર્મનો માર્ગ ન તોડનારા, સ્વાભાવિક કામ ક્રોધ વગેરે છ દુશ્મનો જેના જ્ઞાનને બાળતા નથી, તથા શાન્ત શૌચ આચાર વિચારવાળા છે, જેનું અંતઃકરણનું અશુદ્ધપણું ગયું છે, ને જે પૂર્ણ બ્રહ્મજ્ઞાની છે, એવા લક્ષણ-

વાળાને બ્રાહ્મણની પદવી આપવી, ને તેવા ગુણોવાળી સ્ત્રી હોય તે બ્રાહ્મણી જાણવી.

૯૩. એ પ્રકારનો ઉપદેશ કરતાં કરતાં આ ભૂગોલ ઉપરના સર્વ દ્વીપો તથા સર્વ ખંડો મુકતોથી ફરાય ત્યાં સુધી ફરીને, પોતપોતાની કલ્પના વડે જે અનેક મતો લોકોએ ફેલાવ્યા હોય, તેનું ઉપદેશે કરી ખંડન કરવું ને શુધ્ધ નિરાકારનું જ્ઞાન તારક છે એવો સર્વને ઉપદેશ કરવો.

૯૪. ફરવાનો કંટાળો આવે તો સુખે એક સ્થળે પડી રહેવું, પણ અન્ન વસ્ત્ર ખાતર ખોટી વાતો કહીને લોકોને ફસાવવા નહિ. શરીરનું રક્ષણ કરવા પૂરતો અન્ન વસ્ત્ર માટે ઉદ્યોગ કરવો, તેમ ન થાય તો લોકો દયા કરશે એમ ધારીને ઉદ્યોગ વગર રહેવું એ નીતિથી ઉલટું છે. પ્રારબ્ધને લીધે મળશે એવું કહેવાનો પણ અર્થ સમજવો જોઇએ, માત્ર અમસ્તું બોલવાથી કંઈ ઉપયોગ નથી.

૯૫. કેમકે જન્માંતરમાં એટલે પૂર્વના જન્મોમાં કરેલાં કર્મો જે ભોગવવાનાં બાકી હોય છે તે સંચિત; ને તેમાંથી હાલના દેહમાં પ્રાપ્ત થયેલ ઉદ્યોગથી કે ઉદ્યોગ વગર પ્રિય અગર અપ્રિય ભોગ પ્રાપ્ત થાય છે તે પ્રારબ્ધ. આનું વિવેચન પહેલાં થઈ ગયું છે.

૯૬. શિષ્ય કહે છે કે હે ગુરુ મહારાજ ! જે પ્રાણી પૂર્વજન્મનું કરેલું આ જન્મમાં ભોગવે છે, તો તેને પૂર્વજન્મની યાદ કેમ રહેતી નથી ? ઊંઘમાંથી જાગ્યા પછી પહેલાના જાગવાપણાની યાદ રહે છે, તેવી રીતે પૂર્વજન્મની આ જન્મમાં યાદ રહેવી જોઇએ.

૯૭. ગુરુ ઉત્તર આપે છે કે હે શિષ્ય ! માણસની જે બુદ્ધિ છે તે પૂર્ણપણાએ કરી જેવી જોઈએ તેવી એકાગ્ર નથી એટલે પૂર્વજન્મની સ્મૃતિ રહેતી નથી. આ જન્મની આ જન્મમાં જ સ્મૃતિ નથી રહેતી.

દાખલા તરીકે નાનપણની ક્રીડા પણ યાદ આવતી નથી, જો કે નાનપણની ક્રીડા કરેલી તો નિર્વિવાદ છે. તેમ જન્માંતરની સ્મૃતિ હોય કે નહીં તો પણ અજ્ઞાનપાતક જે વૃત્તિ, તે કર્માનુસાર વાસનાત્મક સૂક્ષ્મ દેહ ધારણ કરીને, તે જ વાસનાત્મક ધારણ કરેલા શરીરને આકારે દરેક જીવનો વીર્ય રક્ત વગેરેથી સ્થૂલ દેહ બંધાય છે. મરનારનું સ્થૂલ દેહ બળે છે, પણ સૂક્ષ્મ દેહ એમનો એમ જ રહે છે.

૯૮. હે શિષ્ય ! આ જન્મમાં તારા બાળપણના પ્રસંગો તને યાદ નથી, તો પછી જન્માંતરના પ્રસંગો ન સાંભરે એમાં શું નવાઈ ? આ સાંભળીને શિષ્ય હસવા લાગ્યો ને બોલ્યો કે:—

૯૯. હે ગુરુ મહારાજ ! બાળપણની રમતો કરેલી તે સંભારીએ છતાં યાદ આવતી નથી તેમ જન્માંતરનાં અનેક કર્મો કર્યાં છતાં યાદ આવતાં નથી. કારણ કે ચિત્તની એકાગ્રતા નથી, તેથી તેમ થાય છે એ જાણીને મારો સંશય ગયો. મને ખબર તો પડી જ છે કે. જયાં સુધી હું કોણ છું એ મને ખબર પડતી નથી એવું અજ્ઞાન ગાઢ છે, ત્યાં સુધી નાસ્તિકપણામાં કે ઊંઘમાં મૃત્યુ થાય, તો પણ તેની તે મૂઢ અવસ્થામાં, કલ્પના સાક્ષીપણાના વિષયને ધરીને લીન થયેલી છે, તેને લીધે જન્મ આવે જ. ઇશ્વર સર્વનો સાક્ષી, સર્વના હું–પણામાં હું–પણાને જાણનારો જ્ઞાનસ્વરૂપ છે, તેણે હું નિરાકાર એવી ભાવના કરી, એટલે સર્વ હરાઇ ગયું, ને જન્મમરણના કારણરૂપ પાતક એટલે પોતાના સ્વરૂપનું અજ્ઞાન તે ગયું. તે અજ્ઞાન નિરાકારની ભાવના વડે બાળી નાંખવું, એટલે તે દગ્ધબીજ થઈ જાય, એટલે જીવન્મુકત થવાય, એ મને સમજ પડી.

૧૦૦. મને મારી ખબર નથી એવું મારું કલ્પેલું અજ્ઞાન તો ગયું જ છે, ને મારી નિરાકારની ભાવના તે પણ તે જ નિરાકાર સ્વરૂપ વિષે મિથ્યા થઈ છે, એવી મને ખબર પડી છે, તેથી આ નરદેહ

ધારણ કરવાનું સાર્થક થયું, કારણ કે અનંત પોલાણ અને અનેક ગોલના અસ્તિત્વનો ભાવ નષ્ટ કરનારું જ્ઞાનસ્વરૂપ, પોલાણની અંદર અનંત તથા અગણિત પ્રકાશમય છે તે જ હું છું એવી કલ્પના ન કરતાં, દુનિયાના સાક્ષીપણાથી જુદો સહજ હું છું, એવી મને ખબર પડી ને હું કૃતકૃત્ય થયો, તે હે ગુરુ મહારાજ! કેવલ આપની કૃપા તથા ઉપદેશ વડે.

૧૦૧. હે શિષ્ય! તારા જેવું જેને જ્ઞાન થાય, તો પણ તેણે વેદાંત સાંભળવાનું તથા મનન કરવાનું, ઈંદ્રિયોને સાવધાન રાખવા સારુ ચાલુ રાખવું જોઇએ ને મૃત્યુપર્યંત મૂકવું જોઇએ નહિ. તે વડે અવિદ્યા નષ્ટ થાય છે, તે જ અધ્યાત્મવિદ્યા છે, તે જ વિદ્યા સર્વમાં શ્રેષ્ઠ છે. ઋષિપ્રણીત તેમ જ સાધુ સંતોના રચેલા ગ્રંથો જોવા ને વિચાર કરવો એ સર્વને માટે તરવાનો ઉત્તમ માર્ગ છે. એ માર્ગે આત્મજ્ઞાન થાય છે ને અજ્ઞાનપાતક નાશ પામી જન્મમરણથી મુકત થવાય છે.

૧૦૨. શ્રવણ મનન કરવા માટે તથા વિચારધારા અખંડ રહે એ માટે માણસે સદ્‌શાસ્ત્રની આજ્ઞાઓ પાળવી, જેવી કે કેફ કરવો નહિ હિંસા કરવી નહિ, કપટ કરવું નહિ, ખોટી સાક્ષી ચોરી વગેરે કરવાં નહિ. અને ચારે વેદના કહ્યા મુજબ આત્માનું સ્મરણ છોડવું નહિ. પૃથ્વી પર, પરમેશ્વરને યાદ કરવાની રીત વેદપ્રતિપાદ્ય જ સર્વત્ર હતી. તે રીત હિન્દુસ્તાન સિવાય બીજા દેશોમાં નષ્ટ થઈ, ઈરાન દેશમાં ત્યાંના વેદપ્રતિપાદ્ય ધર્મ પ્રમાણે ચાલનારા પારસી લોકો ઉપર અરબસ્તાનના મુસલમાન લોકોએ જુલમ કર્યો, તે વખતે દુષ્ટની સોબત મૂકી દઇ હિન્દુસ્તાનનાં દયાળુ લોકો વચ્ચે આવીને તેઓ વસ્યા, ને કસ્તી એટલે જનોઇનું તથા ઉપાસના માર્ગ અને જ્ઞાન માર્ગનું રક્ષણ કર્યું. તેમના ધર્મનો મુખ્ય વિચાર એવો છે કે, નિરાકાર પરમેશ્વર શુદ્ધ તથા શાન્ત છે, તથા તે અનેક પોલાણમાં સ્વપ્રકાશ

ભરેલો છે. તેનો બોધ અજ્ઞાની લોકોને કરવાનો માર્ગ વેદાંત શાસ્ત્ર પ્રમાણે એવો છે કે, પ્રથમ સર્વ ભૂગોલનો વિચાર કરવો, ને એ ભૂગોલ નિરાકાર પરમેશ્વર નથી, એવી ખાત્રી કરી લેવી. પછી સર્વ સમુદ્ર વગેરે જલસમુદાય પણ પરમેશ્વર નથી એ વિચારવું; પછી સૂર્ય અગ્નિનો વિચાર કરવો કે આ પણ પરમેશ્વર નથી. તેવી જ રીતે પવન અને અનંત પોલાણ આકાશનો વિચાર કરવો કે તે પરમેશ્વર નથી. પછી પોલાણ એવી જે આપણી ભાવના તેમાં જ, સ્થિર, અખંડ ને સહજ જ્ઞાનઘન ભરેલું રૂપ છે તથા તેની એકતા સાથે હું-પણું તથા હું-પણાનું સાક્ષીપણું છોડીને એકતાની ભાવનાએ કરી જડેલું છતાં પોલાણ જ મિથ્યા થઇ જાય છે. પછી ગોલ જેવા ભાસવાળા પદાર્થ ઉપર હું કોણ એવો અનુભવ લેવા જતાં હું-પણું જ રહેતું નથી. નિરાકાર એક જ છે, તેના સ્વરૂપના વિષે અનન્ય શરણ રહેવું, એટલે કે તેનાથી જુદાપણું પકડી હું-હું એવી કલ્પનાથી રહેવું નહિ. નિરાકાર જ્ઞાનનો આ જ માર્ગ છે, પણ જો વિચાર ન કરો તો તે માર્ગ જડવાનો નહિ ને અજ્ઞાન નાશ થવાનું નહિ. દરેક પ્રાણીને તેનું પોતાનું અજ્ઞાન જ સ્વર્ગ તથા નરકમાં કર્મ પ્રમાણે ફેરવે છે, એવી ભાવના તે લોકોના માર્ગની છે એટલે તે કેવલ વેદપ્રતિપાદિત ધર્મની જ શાખા છે. તેવું જ જાણીને તે સમયના ક્ષત્રિય રાજાઓએ તે પારસીઓને રક્ષણ આપ્યું હતું. તેમના ઘણા ખરા ગ્રંથો મહમદી લોકોએ ઇરાનમાં બાળી મૂકયા. બાકી રહ્યા તેમાં પરશુરામ તથા વ્યાસ વગેરેનાં નામો છે, ભાષા સંસ્કૃતને જ મળતી છે, ને દારૂ માંસનો નિષેધ તેમાં છે, પણ જેવી દશા હિન્દુસ્તાનની થઇ છે, તેવી જ તેઓની થઇ છે.

૧૦૩. આ ભાવાર્થસિંધુ ગ્રંથ જગતના કલ્યાણ માટે છે, તેથી સર્વ સ્ત્રી-પુરુષોએ પાસે રાખવો, ને અધ્યયન મનન કરવું, એટલે સાચો બોધ થશે.

૧૦૪. તેમ જ આ ગ્રંથનું ભાષાન્તર સર્વ ભાષામાં કરવું, ને દરેક દેશોમાં લઈ જવું.

૧૦૫. આ ગ્રંથનો આ પાંચમો ભાગ પૂરો થયો ને તેની સાથે આ ગ્રંથ પણ પૂરો થયો; તેમાં ગુરુ-શિષ્યના સંવાદ પ્રમાણે અનુભવ લઈને, શિષ્ય ભવસિન્ધુ એટલે પંચવિષયરૂપ સમુદ્રથી પાર થઇ નિરકાર સ્વરૂપ સ્થિતિએ પહોંચ્યો.

૧૦૬. આત્મજ્ઞાનનો વેદપ્રતિપાદ્ય આ ખરો માર્ગ છે, ને જ્ઞાનમાર્ગની ભલામણ મારી પાસે આવી, તે મેં સર્વ જગત સારુ ગ્રંથરૂપે વિસ્તારી.

૧૦૭. ગ્રંથ કરનાર વિષે માહિતી માગો તે માટે આપું છું.

૧૦૮. ગ્રંથકર્તાના દેહનો ચિત્તપાવન બ્રાહ્મણ વર્ણ છે, તે કુળનું નામ ગોખલે છે. શરીરને સર્વ લોક વિષ્ણુ અથવા બ્રહ્મચારી બાવા નામ આપે છે. એ જ નામના દેહયંત્રમાંથી ભાવાર્થસિંધુ ગ્રંથ રચવા આત્મા જે સાક્ષી તે જ કર્તા થયો. તેજ સર્વ દેવતારૂપ છે.

૧૦૯. આ ગ્રંથ વિક્રમ સંવત ૧૯૧૨, શાલિવાહન શક ૧૭૭૭ મહા સુદ ૧૦ શુક્રવાર દિને શ્રી પંઢરપુર ક્ષેત્રમાં સમાપ્ત થયો ને વીસ દિવસમાં રચવામાં આવ્યો છે.

**૧૧૦. આ જ્ઞાન શ્રી રામે મહાન્ ઋષિ બ્રહ્માને અર્પણ કર્યું, બ્રહ્મદેવે અત્રિ ઋષિને આપ્યું ને તેમણે શ્રી દત્તાત્રેયને સર્વ લોકોને તારવા વાસ્તે આપ્યું.**

૧૧૧. તે જ જ્ઞાન શ્રી દત્તાત્રેયની કૃપાથી **નારાયણ બાવા અગર ત્રિવિક્રમાચાર્યને પ્રાપ્ત થતાં** સહજ નિરાકાર પોતાના સ્વરૂપની નિર્વાણ શાંતિ પ્રાપ્ત થઈ ને તે જ નારાયણ બાવા થકી ઘણા લોકોને આત્મજ્ઞાન પ્રાપ્ત થયું.

૧૧૨. તે જ **ભાવાર્થસિંધુ** ગ્રંથકર્તા **વિષ્ણુબાવાના ગુરુ નારાયણ બાવા છે.** તેમની કૃપા વડે મારું પૂર્ણપણું મને અનુભવમાં આવ્યું.

૧૧૩. તે જ જ્ઞાન, આ વિષ્ણુ નામક શરીરને ધારણ કરનારો આત્મા, તેણે શિષ્યના બહાને સકલ જગતને ગ્રંથરૂપે આપ્યું છે, તેને જે વિચાર વડે ગ્રહણ કરશે તે પોતાના નિરાકાર સ્વરૂપનું શાંત સુખ મેળવશે.

૧૧૪. આ ભાવાર્થસિંધુ ગ્રંથના પાંચ ભાગ છે. પહેલા ભાગમાં એકસો શ્લોક છે, બીજામાં એકસો એક, ત્રીજામાં એકસો બે, ચોથામાં એકસો ચાર ને પાંચમાં ભાગમાં એકસો ચૌદ શ્લોક છે. એકંદર પાંચે ભાગ મળી પાંચસો એકવીસ શ્લોક છે. પાંચમાં ભાગમાં મુકતોએ તથા સાધુઓએ કેમ વર્તવું, સહજ ભક્તિ શી રીતે થાય, તેમ જ એવા બીજા અનેક સિધ્ધાંતો કહેલા છે, તેની વાંચવા સાંભળવા તથા વિચાર કરવાની ટેવ સર્વ જગતને પડે, એવું વિષ્ણુનું, આ શરીરમાં રહેલા આત્માનું, સર્વ હૃદયમાં વાસ કરનાર એવા ઈશ્વર પાસે માગવું છે. તે ઇશ્વર તરફથી આ જ્ઞાનપ્રસાદ આવેલો છે, એ સારુ હે લોકો! તમે જ્ઞાનનો સદુપયોગ કરો ને જન્મમૃત્યુથી તરો.